વર્ષ : 11 ◆ અંક : 6
નવેમ્બર-ડિસેમ્બર 2021
સળંગ અંક : 66

કર ભલા હોગા ભલા
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે



भारत इस समय अपनी आझादी के ७५वें वर्ष में है । यह अमृतकाल हमें नए संकल्पों के साथ ही, उन व्यक्तित्वों को याद करने की भी प्रेरणा देता है, जिन्होंने जनचेतना जागृत करने में बड़ी भूमिका निभाई । आज की पीढ़ी को उनके बारे में जानना बहुत ही आवश्यक है । आज गुजरात जिस उंचाई पर पहुंचा है, उसके पीछे ऐसे अनेकों लोगों का तप-त्याग और तपस्या रही है । विशेषकर शिक्षा के क्षेत्र में ऐसे ऐसे व्यक्तित्व हुए जिन्होंने गुजरात की शिक्षा व्यवस्था को मजबूत करने में बड़ी भूमिका निभाई । हम सब शायद जानते होंगे, उत्तर गुजरात में इनका जन्म हुआ, और आज गुजरात के हर कोने में उनको याद किया जाता है । ऐसे ही एक महापुरुष थे श्री छगनभा । उनका दृढ़ विश्वास था कि शिक्षा ही समाज के सशक्तिकरण का सबसे बड़ा माध्यम है । आप कल्पना कर सकते हैं, आज से १०२ साल पहले १९१९ में उन्होंने 'कडी' में सर्व विद्यालय केलवणी मंडल की स्थापना की थी । यह छगन भ्राता, यह दूरदृष्टि का काम था । यह उनकी दूरदृष्टि थी, उनका विजन था । उनका जीवनमंत्र था – 'कर भला, होगा भला' और इसी प्रेरणा से वो आनेवाली पीढ़ियों के भविष्य को संवारते रहे । जब १९२९ में गांधीजी, छगनभा-जी के मंडल में आए थे तो उन्होंने कहा था कि – छगनभा बहुत बड़ा सेवाकार्य कर रहे हैं । उन्होंने लोगों से ज्यादा से ज्यादा संख्या में अपने बच्चे, छगनभा के ट्रस्ट में पढ़ने के लिए भेजने को कहा था ।

प्रधानमंत्री श्री नरेन्द्र मोदी

आज़ादी का अमृत महोत्सव
के उपलक्ष्यमें विशेषांक





સ્વ. પુરુષોત્તમદાસ પટેલ
(૧૮૯૯-૧૯૮૪)



સ્વ. વકીલ ધનાભાઈ પટેલ
(૧૯૨૧-૨૦૦૬)



પૂજ્ય છગનભા
(૧૮૬૩-૧૯૪૦)



સ્વ. માણેકલાલ પટેલ
(૧૯૨૯-૨૦૧૨)



સ્વ. નરસિંહભાઈ પટેલ
(૧૯૨૬-૨૦૧૦)

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૧, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૧; સળંગ અંક : ૬૬

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ● | સંપાદકીય | | ૨ |
| ● | પ્રાસંગિક | | |
| | – 'सौराष्ट्र पटेल सेवा समाज', सुरत द्वारा आयोजित हॉस्टल भूमि-पूजन समारोह के अवसर पर प्रधानमंत्री श्री नरेन्द्र मोदी का उद्‌बोधन | | ૪ |
| | – સર્વ વિદ્યાલયનું ગૌરવ અને કૃતજ્ઞતાજ્ઞાપન | | ૯ |
| ૧. | પૂ. છગનભા : સર્વ વિદ્યાલયનો પ્રાણ | વલ્લભભાઈ પટેલ | ૧૧ |
| ૨. | સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : વિદ્યાર્થી આશ્રમથી વિશ્વવિદ્યાલય સુધીની વિકાસયાત્રાની એક ઝલક | મણિભાઈ પ્રજાપતિ | ૧૭ |
| ૩. | **રાષ્ટ્રનો સ્વાતંત્ર્યસંગ્રામ અને સર્વ વિદ્યાલય** | મણિભાઈ પ્રજાપતિ | ૩૦ |
| ૪. | મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)ની સર્વ વિદ્યાલયની મુલાકાત | પુરુષોત્તમદાસ પટેલ | ૪૭ |
| ૫. | સંસ્થામાં રાષ્ટ્રપિતાનાં પુનિત પગલાં | પોપટલાલ પટેલ | ૪૯ |
| ૬. | કડીમાં કડવા પાટીદાર આશ્રમમાં તથા જાહેરસભામાં [ગાંધીજીનું] ભાષણ : (ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૧ (૧૯૭૭) : પૃ. ૨૧૨-૨૧૪નો અક્ષશઃ પાઠ) | | ૫૨ |
| ૭. | સર્વ વિદ્યાલયના ચેરમેનશ્રીઓ | મણિભાઈ પ્રજાપતિ | |
| | ૧. સ્વ. પુરુષોત્તમદાસ પટેલ (૧૮૯૯-૧૯૮૪) | | ૫૫ |
| | ૨. સ્વ. ધનાભાઈ પટેલ (૧૯૨૧-૨૦૦૬) | | ૬૧ |
| | ૩. સ્વ. માણેકલાલ પટેલ (૧૯૨૯-૨૦૧૨) | | ૬૮ |
| | ૪. સ્વ. નરસિંહભાઈ પટેલ (૧૯૨૬-૨૦૧૦) | | ૭૩ |
| | ૫. શ્રી વલ્લભભાઈ પટેલ (૧૯૬૯ - ) | | ૭૭ |
| ૭. | ઋષિકુળ પરંપરાને દીપાવનારા સર્વ વિદ્યાલય, કડીના આદ્ય આચાર્યશ્રીઓ | મણિભાઈ પ્રજાપતિ | |
| | ૧. સ્વ. પોપટલાલ પટેલ (૧૮૯૮-૧૯૮૬) | | ૮૦ |
| | ૨. સ્વ. બાપુભાઈ ગામી (૧૮૯૬-૧૯૪૩) | | ૮૪ |
| | ૩. સ્વ. નાથાભાઈ દેસાઈ (૧૯૦૯-૧૯૭૧) | | ૮૬ |
| | ૪. સ્વ. મોહનલાલ પટેલ (૧૯૨૭ - ૨૦૨૦) | | ૮૯ |
| | ૫. શ્રી મનુભાઈ પટેલ (૧૯૩૭-) | | ૯૩ |
| ૮. | મારા મોટા ભાઈ ઈશ્વરભાઈ | વિઠ્ઠલભાઈ અં. પટેલ | ૯૬ |
| ૯. | ગ્રંથસૌરભ – Seven Steps of Success / by Narsinhbhai Patel | મણિભાઈ પ્રજાપતિ | ૧૦૪ |
| ૧૦. | સંસ્થા સમાચાર | - | ૧૦૭ |


**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, **કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬

e-mail : manibhaiprajapati@gmail.com ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

# સંપાદકીય

મણિભાઈ પ્રજાપતિ

આપણે મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ બ્રિટિશ શાસનની ધૂંસરી ફગાવીને આઝાદ થયા હતા. ૧૫ ઑગસ્ટ, ૨૦૨૧ ના રોજથી આપણે આઝાદીના ૭૫મા વર્ષમાં - 'અમૃતપર્વ' વર્ષમાં પ્રવેશ કરી લીધો છે. સમગ્ર રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨નું વર્ષ જનઉત્સવ - **'આઝાદીકા અમૃત મહોત્સવ'** તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે પરદેશી શાસનમાંથી મુક્તિ મેળવવા માટે સમગ્ર રાષ્ટ્રનાં પ્રજાજનો દ્વારા ભારે સંઘર્ષ અને યાતનાઓ વેઠવામાં આવી હતી. હજારો દેશભકતોએ પોતાનાં પ્રાણોની આહુતિ પણ આપી હતી. આ પર્વ દેશભકતોની વંદના કરવાનું તેમજ તેમનાં આદર્શો અને ધ્યેયોની પૂર્તિ કરવા રાષ્ટ્ર કાજે કૃતસંકલ્પ બનવાનું પર્વ છે. અને આ સાથે જ આત્મઝાંખી કરવાનું પણ પર્વ ખરું કે દેશ માટે મેં શું કર્યું ?

આ સાથે જ આપણા સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ઉપલક્ષ્યમાં આપણી પાસે જે અપેક્ષાઓ સેવી છે તે પરિપૂર્ણ કરવા કૃતસંકલ્પ બનીએ. આવો ! તે અપેક્ષાઓ તેમના શબ્દોમાં જ જોઈએ : **मेरा एक आग्रह आप सभी से आजादी के अमृत महोत्सव को लेकर भी है । इस अमृत महोत्सव में आप सभी को भी कुछ संकल्प लेना चाहिए, देश को कुछ देनेवाला मिशन शुरू करना चाहिए । यह मिशन ऐसा हो, जिसका प्रभाव गुजरात के कोने कोने में नजर आना चाहिए । जितना सामर्थ्य आप में हैं, मैं जानता हूँ आप सब मिल करके यह कर सकते हैं । हमारी नई पीढ़ी, देश के लिए, समाज के लिए जीना सीखे, इसकी प्रेरणा भी आपके प्रयासों का अहम हिस्सा होनी चाहिए । 'सेवा से सिद्धि' के मंत्र पर चलते हुए हम गुजरात को देश को नई उंचाई पर पहुचाएंगे ।**

સમગ્ર રાષ્ટ્ર આઝાદીના અમૃત મહોત્સવપર્વની ઉજવણી ભારે ગર્વપૂર્વક કરી રહ્યું છે. સર્વ વિદ્યાલયમાં પણ આ હેતુ અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આ સાથે જ સર્વ વિદ્યાલયના કર્ણધારોના મનમાં વિચાર સ્ફુર્યો કે રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સર્વ વિદ્યાલયના ફાળાને પણ ઉજાગર કરવો જોઈએ.

કારણ કે આ સંસ્થાના પ્રાણ એવા પૂ. છગનભા ગાંધીઆદર્શોથી ભારે પ્રભાવિત હતા. વળી, આપણી સંસ્થાએ તેની સ્થાપનાના ખૂબ જ ટૂંકાસમયગાળામાં એક રાષ્ટ્રીય સંસ્થા તરીકેની ખ્યાતિ મેળવી લેતાં મહાત્મા ગાંધીએ આપણી સંસ્થાની મુલાકાત તા. ૨૩ જુલાઈ, ૧૯૨૯ના રોજ લીધી હતી. પરિણામે સંસ્થાના પર્યાવરણમાં ગાંધીજીનો પ્રભાવ આજદિન સુધી ઝિલાયેલો રહ્યો છે. **સમગ્ર રાષ્ટ્ર આઝાદીની ચળવળમાં જોડાયેલું હોય ત્યારે સર્વ વિદ્યાલય કઈ રીતે અલિપ્ત રહી શકે ? આ સંદર્ભે ખાંખા ખોળાં કરતાં જાણવા મળ્યું કે આ સંસ્થાના સંચાલકો, શિક્ષકો અને અનેક વિદ્યાર્થીઓએ પણ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેતાં ભારે યાતનાઓ વેઠવાની સાથે જેલવાસ પણ ભોગવ્યો હતો, જેની કડીબદ્ધ વિગતો આ અંકમાં ઉજાગર કરવામાં આવી છે.** અને તે પણ પ્રાયઃ આઝાદીના વીરોના શબ્દોમાં કે અન્ય આધારભૂત સ્રોતોના આધારે. આ સાથે જ આ ગૌરવશીલ સંસ્થાની મુલાકાત લેનારા તત્કાલીન વડોદરા રાજ્યના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ-ત્રીજા અને મહાત્મા ગાંધીની મુલાકાતોના પ્રત્યક્ષદર્શીઓના અહેવાલો ઉપરાંત તાજેતરનાં દિવસોમાં આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પૂ. છગનભા અને સદ્‌ગત ચેરમેન શ્રી માણેકલાલ પટેલસાહેબ તથા સર્વ વિદ્યાલય વિશે લીધેલે નોંધ વગેરે આ અંકમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત **આ વર્ષે સંસ્થાના સેવકો/ કર્ણધારો પૈકી સૌથી લાંબા સમયગાળા સુધી સેવાઓ આપનાર પૂર્વ-ચેરમેન વકીલ શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલનું જન્મશતાબ્દી-પર્વ હોઈ - ઋણસ્વીકારનું પર્વ હોઈ તેમને શ્રદ્ધા-સુમન અર્પણ કરવાં એ પણ સંસ્થાનું ઉત્તરદાયિત્વ બની રહે છે.** અહીં તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પવાની સાથે જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિકાસગાથા, પૂ. છગનભા, મંડળના સમર્પિત ચેરમેનશ્રીઓ, ઋષિકુળ પરંપરાને દીપાવનાર શાળાના પ્રારંભકાલીન આચાર્યશ્રીઓ વગેરેના પ્રદાનની એક ઝલક પણ દર્શાવવામાં આવી છે.


આ સાથે જ સર્વ વિદ્યાલયના ઇતિહાસની અને આપણા સન્માનનીય ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલની અંગત ઉપલબ્ધિ એવી ગૌરવપૂર્ણ ઘટના એ છે કે તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા શ્રી વલ્લભભાઈ એમ. પટેલની નિયુક્તિ રેલવે મંત્રાલય અંતર્ગત કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમ **'ઇન્ડિઅન રેલવે ફાઈનાન્સ કૉર્પોરેશન'**, નવી દિલ્હીમાં નોન-ઓફિશિયલ ઇન્ડિપેન્ડન્ટ ડાયરેકટર તરીકે તા. ૯ નવેમ્બર, ૨૦૨૧ થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે. આ નિમણૂક ઉપરાંત આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે તેમણે આપણી સંસ્થાને એન્જિનિયરિંગ કૉલેજ માટે જમીન ફાળવી આપી હતી, તેમજ ખાસ તો નર્સિંગ કૉલેજ શરૂ કરવા માટે ફકત રૂ. એકના ટોકન ભાડાથી સિવિલ હૉસ્પિટલ કૅમ્પસમાં વિશાળ જગ્યા ફાળવી આપી હતી. આ ઉપરાંત પ્રસંગોપાત્તની જરૂરિયાતોની પૂર્તિમાં તેમનું હકારાત્મક વલણ તેમજ ત્યારબાદથી ગુજરાત સરકાર તરફથી આપણને સતત ભારે સહયોગ મળતો રહે છે, જેની ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લેતાં સર્વ વિદ્યાલય પરિવાર ગર્વની લાગણી અનુભવે છે. પ્રસ્તુત નિમણૂક સંદર્ભે કડીની વિવિધ સંસ્થાઓએ કડીમાં તથા ગાંધીનગરની ૫૧ સમાજસેવી સંસ્થાઓએ ગાંધીનગરમાં એક મંચ ઉપર આવીને નાગરિક અભિવાદન સમારોહ યોજીને, રોટરી કલબ - કડી, વિવિધ સમાજોનાં ગોળ/ સંગઠનો, કેળવણી મંડળો વગેરે બહુવિધ સંસ્થાઓએ અને અનેકાનેક સન્માનનીય વિચારશીલ વ્યક્તિઓ દ્વારા ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલનું અભિવાદન કરવામાં આવ્યું/આવી રહ્યું છે તે માટે સર્વ વિદ્યાલય પરિવાર ગર્વની લાગણી અનુભવવા સાથે આ સૌ પ્રતિ સાદર આભારની લાગણી વ્યકત કરે છે.

સમગ્રતયા **'આઝાદી કા અમૃત મહોત્સવ'** ના ઉપલક્ષ્યમાં તૈયાર કરવામાં આવેલો **સર્વ વિદ્યાલય** વિશેનો આ **વિશેષાંક** આપ સૌને ગમશે.

‘सौराष्ट्र पटेल सेवा समाज’, सुरत द्वारा आयोजित
हॉस्टल भूमि-पूजन समारोह के अवसर पर

# प्रधानमंत्री श्री नरेन्द्र मोदी का उद्‌बोधन

दिनांक : १५ अक्तूबर, २०२१



नमस्कार !

कार्यक्रम में उपस्थित गुजरात के मुख्यमंत्री श्रीमान भूपेन्द्रभाई पटेलजी, केंद्र सरकार में मेरे सहयोगी श्री मनसुख मांडविया, श्री पुरुषोत्तमभाई रुपाला, दर्शनाबेन, लोकसभा के मेरे सांसद साथी और गुजरात भारतीय जनता पार्टी के अध्यक्ष श्रीमान सी. आर. पाटीलजी, सौराष्ट्र पटेल सेवा समाज के अध्यक्ष श्री कानजीभाई, सेवा समाज के सभी सम्मानित सदस्यगण, और विशाल संख्या में उपस्थित मेरे प्यारे भाईयों और बहनों ! ‘सौराष्ट्र पटेल सेवा समाज’ द्वारा आज विजयादशमी के अवसर पर अेक पुण्य कार्य का शुभारंभ हो रहा है । मैं आप सभी को और पूरे देश को विजयादशमी की हार्दिक बधाई देता हूँ ।

साथियों,

रामचरितमानस में प्रभु श्रीराम के भक्तों के बारे में, उनके अनुयायीयों के बारे में बहुत ही सटीक बात कही गई है । रामचरितमानस में कहा गया है –

**“प्रबल अबिद्या तम मिटि जाई ।**
**हारहिं सकल सलभ समुदाई ।”**

अर्थात्, भगवान राम के आशीर्वाद से, उनके अनुसरण से अविद्या, अज्ञान और अंधकार मिट जाते हैं । जो भी नकारात्मक शक्तियाँ हैं, वो हार जाती हैं । और भगवान राम के अनुसरण का अर्थ है – मानवता का अनुसरण, ज्ञान का अनुसरण ! इसीलिए गुजरात की धरती से बापू ने रामराज्य के आदर्शों पर चलने वाले समाज की कल्पना की थी । मुझे खुशी है कि गुजरात के लोग उन मूल्यों को मजबूती से आगे बढ़ा रहे हैं, उन्हें मजबूत कर रहे है् । ‘सौराष्ट्र पटेल सेवा समाज द्वारा शिक्षा के क्षेत्र में आज की गई ये पहल भी ईसी कड़ी का अेक हिस्सा है । आज फेज-वन हॉस्टल का भूमि पूजन हुआ है ।

मुझे बताया गया है कि साल २०२४ तक दोनों फेज का काम पूरा कर दिया जाएगा ! कितने ही युवाओं को, बेटे-बेटियों को आपके इन प्रयासों से

एक नई दिशा मिलेगी, उन्हें अपने सपनों को साकार करने का अवसर मिलेगा। मैं इन प्रयासों के लिए सौराष्ट्र पटेल सेवा समाज को, और विशेषरुप से अध्यक्ष श्री कानजीभाई को भी और उनकी सारी टीम को बहुत बहुत बधाई देता हूँ। मुझे इस बात से भी बहुत संतोष है कि सेवा के इन कार्यों में, समाज के हर वर्ग को साथ लेकर चलने की चेष्टा है, प्रयास है ।

साथियों,

जब मैं अलग अलग क्षेत्रों में सेवा के ऐसे कार्यों को देखता हूँ, तो मुझे गर्व होता है कि गुजरात किस तरह सरदार पटेल की विरासत को आगे बढ़ा रहा है। सरदार साहबने कहा था और सरदार साहब के वाक्य हमने अपने जीवन में बांधकर रखना है। सरदार साहबने कहा था - जाति और पंथ को हमें रुकावट नहीं बनने देना है। हम सभी भारत के बेटे और बेटियाँ हैं। हम सभी को अपने देश से प्रेम करना चाहिए, परस्पर स्नेह और सहयोग से अपना भाग्य बनाना चाहिए। हम खुद इसके साक्षी हैं कि सरदार साहब की इन भावनाओं को गुजरात ने किस तरह हमेशा मजबूती दी है। राष्ट्र प्रथम, ये सरदार साहब की संतानों का जीवनमंत्र है । आप देश दुनिया में कहीं भी चले जाइए, गुजरात के लोगों में यह जीवनमंत्र आपको हर जगह दिखेगा ।

भाईयों और बहनों,

भारत इस समय अपनी आझादी के ७५वें वर्ष में है । यह अमृतकाल हमें नए संकल्पों के साथ ही, उन व्यक्तित्वों को याद करने की भी प्रेरणा देता है, जिन्होंने जनचेतना जागृत करने में बड़ी भूमिका निभाई। आज की पीढ़ी को उनके बारे में जानना बहुत ही आवश्यक है । **आज गुजरात जिस उंचाई पर पहुंचा है, उसके पीछे ऐसे अनेकों लोगों का तप-त्याग और तपस्या रही है । विशेषकर शिक्षा के क्षेत्र में ऐसे ऐसे व्यक्तित्व हुओ जिन्होंने गुजरात की शिक्षा व्यवस्था को मजबूत करने में बड़ी भूमिका निभाई । हम सब शायद जानते होंगे, उत्तर गुजरात में इनका जन्म हुआ, और आज गुजरात के हर कोने में उनको याद किया जाता है । ऐसे ही एक महापुरुष थे श्री छगनभा । उनका दृढ़ विश्वास था कि शिक्षा ही समाज के सशक्तिकरण का सबसे बड़ा माध्यम है । आप कल्पना कर सकते हैं, आज से १०२ साल पहले १९१९ में उन्होंने 'कडी' में सर्व विद्यालय केलवणी मंडल की स्थापना की थी । यह छगन भ्राता, यह दूरदृष्टि का काम था । यह उनकी दूरदृष्टि थी, उनका विजन था । उनका जीवनमंत्र था – 'कर भला, होगा भला' और इसी प्रेरणा से वो आनेवाली पीढ़ियों के भविष्य को संवारते रहे । जब १९२९ में गांधीजी, छगनभा-जी के मंडल में आए थे तो उन्होंने कहा था कि – छगनभा बहुत बड़ा सेवाकार्य कर रहे हैं । उन्होंने लोगों से ज्यादा से ज्यादा संख्या में अपने बच्चे, छगनभा के ट्रस्ट में पढ़ने के लिए भेजने को कहा था ।**

साथियों,

देश की आनेवाली पीढ़ियों के भविष्य के लिए अपना वर्तमान खपा देने वाले, ऐसे ही एक और व्यक्ति का जिक्र मैं जरूर करना चाहूँगा – वो थे भाईकाका। भाईकाका ने आणंद और खेड़ा के आसपास के इलाके में शिक्षा व्यवस्था को मजबूत करने के लिए बहुत काम किया था । भाईकाका स्वयं तो इंजीनियर थे, करियर अच्छा चल रहा था लेकिन सरदार साहब के एक बार कहने पर उन्होंने नौकरी छोड़ दी और अहमदावाद म्युनिसिपालिटी में काम करने आ गए थे । कुछ समय बाद वे चरोतर चले गए थे जहाँ उन्होंने आणंद में चरोतर में एज्युकेशन सोसायटी का काम संभाला । बाद में वो चरोतर विद्या मंडल से भी जूड़ गए थे । भाईकाका ने उस दौर में एक रुरल युनिवर्सिटी का सपना भी देखा था। एक ऐसी युनिवर्सिटी जो गाँव में हो और जिसके केंद्र में ग्रामीण व्यवस्था के विषय हों । इसी प्रेरणा से अन्होंने सरदार वल्लभभाई विद्यापीठ के निर्माण में अहम भूमिका निभाई थी । ऐसे ही भीखाभाई पटेल भी थे जिन्होंने भाईकाका और सरदार पटेल के साथ काम किया था । जो लोग गुजरात के बारे में कम जातने हैं, उन्हें मैं आज वल्लभविद्यानगर के बारे में भी बताना चाहता

हूँ। आप में से काफी लोगों को पता होगा, ये स्थान करमसद–बाकरोल और आणंद के बीच में पड़ता है। इस स्थान को इसलिए विकसित किया गया था ताकि शिक्षा का प्रसार किया जा सके, गाँव के विकास से जुड़े कामों में तेजी लाई जा सके। वल्लभविद्यानगर के साथ सिविल सेवा के दिग्गज अधिकारी एच एम पटेलजी भी जुड़े थे। सरदार सारहब जब देश के गृहमंत्री थे, तो एच एम पटेलजी उनके काफी करीब लोगों में गिने जाते थे। बाद में वो जनता पार्टी की सरकार में वित्त मंत्री भी बने।

साथियों,

ऐसे कितने ही नाम है जो आज मुझे याद आ रहे हैं। सौराष्ट्र की अगर बात करें हमारे मोहनलाल लालजीभाई पटेल जिनको हम मोला पटेल के नाम से जानते थे। मोला पटेल ने एक विशाल शैक्षिक परिसर का निर्माण करवाया था। एक और मोहनभाई विरजीभाई पटेलजी ने सौ साल से भी पहले पटेल आश्रम के नाम से एक छात्रावास की स्थापना कर अमरेली में शिक्षा व्यवस्था को मजबूत करने का काम किया था। जामनगर में केशवजीभाई हरजीभाई विराणी और करशनभाई बेचरभाई पटेल, सांकलचंद पटेल, गणपतभाई पटेल ऐसे लोगों द्वारा किए गए प्रयासों का विस्तार हमें गुजरात के उलग अलग विश्वविद्यालयों के रूप में दिखता है। आज का ये सुअवसर, इन्हें याद करने का भी बहेतरीन दिन है। हम ऐसे सभी व्यक्तियों की जीवन गाथा को देखें, तो पाऐंगे कि किस तरह छोटे छोटे प्रयासों से उन्होंने बड़े बड़े लक्ष्यों को प्राप्त करके दिखाया। प्रयासों की यही सामूहिकता, बड़ से बड़े नतीजे लाकर दिखाती है।

साथियों,

आप सब के आशीर्वाद से मुझ जैसे अत्यंत सामान्य व्यक्ति को, जिसका कोई पारिवारिक या राजनैतिक background नहीं था, जिसके पास जातिवादी राजनीति का कोई आधार नहीं था, ऐसे मुज जैसे सामान्य व्यक्ति को आपने आशीर्वाद देकर गुजरात की सेवा का मौका २००१ में दिया था। आप के आशीर्वाद की ताकात, इतनी बड़ी है कि आज बीस साल से अधिक समय हो गया, फिर भी अखंड रूप से, पहले गुजरात की और आज पूरे देश की सेवा करने का सौभाग्य मिल रहा है।

साथियों,

'सब का साथ सब का विकास' का सामर्थ्य क्या होता है, यह भी मैंने गुजरात से ही सीखा है। एक समय गुजरात में अच्छे स्कूलों की कमी थी, अच्छी शिक्षा के लिए शिक्षकों की कमी थी। उमिया माता का आशीर्वाद लेकर, खोड़लधाम के दर्शन करके, मैंने इस समस्या के समाधान के लिए लोगों का साथ मांगा, लोगों को अपने साथ जोड़ा। आप को याद होगा, गुजरात ने इस परिस्थिति को बदलने के लिए प्रवेशोत्सव की शुरूआत की थी। स्कूलों में शिक्षा की गुणवत्ता बढ़े, इसके लिए साक्षरदीप और गुणोत्सव शुरू किया गया था।

तब गुजरात में बेटियों के ड्रोपआउट की भी एक बडी चुनौती थी। अभी हमारे मुख्यमंत्री भूपेन्द्रभाईने इसका वर्णन भी किया। इसके कई सामाजिक कारण तो थे ही, कई व्यवहारिक कारण भी थे। जैसे कितनी ही बेटियाँ चाहकर भी इसलिए स्कूल नहीं जा पाती थीं क्योंकि स्कूलों में बेटियों के लिए शौचालय नहीं होते थे। इन समस्याओं के समाधान के लिए गुजरात ने पंचशक्तियों से प्रेरणा फाई। पंचामृत, पंचशक्ति यानी – ज्ञानशक्ति, जनशक्ति, जलशक्ति, उर्जाशक्ति, और रक्षाशक्ति ! स्कूलों में बालिकाओं के लिए शौचालय बनवाए गए। विद्यालक्ष्मी बॉन्ड, सरस्वती साधना योजना, कस्तूरबा गांधी बालिका विद्यालय ऐसे अनेक प्रयासों का परिणाम ये हुआ के गुजरात में न केवल पढ़ाई का स्तर बहेतर हुआ, बल्कि स्कूल ड्रॉपआउट रेट भी तेजी से कम हुआ। मुझे खुशी है कि आज बेटियों की पढ़ाई के लिए, उनके भविष्य के लिए प्रयास लगातार बढ़ रहा हैं। मुझे याद है, ये आप ही लोग थे जिन्होंने सुरत से पूरे गुजरात में बेटी बचाओ अभियान चलाया था,

और मुझे याद है उस समय मैं आपके समाज के लोगों के बीच में आता था तो ये कड़वी बात बताए बिना कभी चूकता नहीं था। आप सब राजी हो जाएं, नाराज हो जाएं, इसका खयाल किए बिना मैंने हमेशा कड़वी बात बताई थी बेटियों को बचाने की। और मुझे आज संतोष से कहना है कि आप सबने मेरी बात को उठा लिया। और आपने सूरत से जो यात्रा निकाली थी, पूरे गुजरात में जा करके, समाज के हर कोने में जा करके, गुजरात के हर कोने में जा करके बेटी बचाने के लिए लोगों को शपथ दिलाई थी। और मुझे भी आपके उस महाप्रयास में आपके साथ जुड़ने का मौका मिला था। बहुत बड़ा प्रयास किया था आप लोगों ने। गुजरात ने रक्षाशक्ति युनिवर्सिटी, अभी हमारे भूपेन्द्रभाई बड़ा विस्तार से युनिवर्सिटी का वर्णन कर रहे थे लेकिन मैं भी इसको दौहराना चाहता हूँ, ताकि आज हमारे देश के लोग इस कार्यक्रम को देख रहे हैं तो उनको भी पता चले। गुजरात ने इतने कम समय में रक्षाशक्ति युनिवर्सिटी, दुनिया की पहली फॉरेन्सिक साइन्स युनिवर्सिटी, लॉ युनिवर्सिटी, और दीन दयाल एनर्जी युनिवर्सिटी, इसके साथ ही दुनिया की पहली चिल्ड्रन्स युनिवर्सिटी, टीचर्स ट्रेनिंग युनिवर्सिटी, स्पोर्ट्स युनिवर्सिटी, कामधेनु युनिवर्सिटी, जैसी अनेकों innovative शुरूआत करके देश को नया मार्ग दिखाया है। आज इन सारे प्रयासों का लाभ गुजरात की युवा पीढ़ी को मिल रहा है। मैं जानता हूँ, आप में से अधिकतर को इनके बारे में पता है और अभी भूपेन्द्रभाईने बताया भी है, लेकिन आज मैं ये बातें आपके सामने इसलिए दोहरा रहा हूँ •क्योंकि जिन प्रयासों में आपने मेरा साथ दिया, आप मेरे साथ कंधे से कंधा मिला करके चले, आपने कभी पीछे मूड़ करके देखा नहीं। उससे मिले अनुभव आज देश में बड़े बदलाव ला रहे हैं।

साथियों,

आज नई राष्ट्रीय शिक्षा नीति के जरिए देश की शिक्षा व्यवस्था को भी आधुनिक बनाया जा रहा है। नई राष्ट्रीय शिक्षा नीति में प्रोफेशनल कोर्सिस की पढ़ाई स्थानीय भाषा में मातृभाषा में कराए जाने का विकल्प भी दिया गया है। बहुत कम लोगों के समझ आ रहा है कि इसका कितना बड़ा प्रभाव पैदा होने वाला है। गाँव का, गरीब का बच्चा भी अब अपने सपने साकार कर सकता है। भाषा के कारण उसकी जिंदगी में अब रुकावट नहीं आनेवाली। अब पढ़ाई को स्किल के साथ जोड़ा जा रहा है। देश अपने पारंपरिक स्किल्स को भी अब आधुनिक संभावनाओं से जोड़ रहा है।

साथियों,

स्किल का क्या महत्त्व होता है, इसे आपसे ज्याजा और कौन समज सकता है। एक समय आप में से अधिकांश लोग, सौराष्ट्र में अपना घर छोड़कर, खेत-खलिहान, अपने दोस्त-रिश्तेदार छोड़कर हीरा घिसने सूरत आए थे, एक छोटे से कमरे में ८-८, १०-१० लोग रहा करते थे। लेकिन यह आपकी स्किल ही थी, आपका कौशल ही था जिसकी वजह से आज आप लोग इतनी उँचाई पर पहुंचे हैं। और पांडुरंग शास्त्रीजी ने तभी तो आपके लिये कहा था – रत्न कलाकार। हमारे कानजीभाई तो स्वयं में एक उदाहरण हैं। अपनी आयु की परवाह न करते हुए, वो पढ़ते ही गए, नया-नया कौशल अपने साथ जोड़ते ही चले गए थे और शायद आज भी पूछोगे कि कानजीभाई कोई पढ़ाई-वढ़ाई चल रही है क्या तो हो सकता है कुछ न कुछ तो पढ़ते ही होंगे। यह बहुत बड़ी बात है जी।

साथियों,

स्किल और eco-system.ये मिलकर आज नए भारत की नींव रख रहे हैं। स्टार्ट अप इंडिया की सफलता हमारे सामने है। आज भारत के स्टार्टअप्स पूरी दुनिया में पहचान बना रहे हैं, हमारे युनिकॉर्न्स की संख्या रिकॉर्ड बना रही है। कोरोना के कठिन समय के बाद हमारी अर्थव्यवस्था ने जितनी तेजी से वापसी की है, उससे पूरा विश्व भारत को लेकर आशा से भरा हुआ है। अभी हाल में एक विश्व संस्थाने भी कहा है कि भारत फिर दुनिया की सबसे तेजी से आगे बढ़ने वाली अर्थव्यवस्था बनने जा रहा है। मुझे विश्वास है,

गुजरात राष्ट्र निर्माण के अपने प्रयासों में हमेशा की तरह सर्वश्रेष्ठ रहेगा, सर्वश्रेष्ठ करेगा । अब तो भूपेन्द्रभाई पटेलजी और उनकी पूरी टीम एक नई उर्जा के साथ गुजरात की प्रगति के इस मिशन में जुट गए हैं ।

साथियों,

वैसे भूपेन्द्रभाई के नेतृत्व में नई सरकार बनने के बाद आज पहली बार मुझे इतने विस्तार से गुजरात के लोगों को संबोधित करने का अवसर मिला है । एक साथी कार्यकर्ता के रूप में भूपेन्द्रभाई से मेरा परिचय २५ वर्ष से भी ज्यादा का है । यह हम सभी के लिए बहुत गौरव की बात है कि भूपेन्द्रभाई, एक ऐसे मुख्यमंत्री है जो टेक्नोलोजी के भी जानकार हैं, और जमीन से भी उतना ही जुड़े हुए हैं । अलग अलग स्तर पर काम करने का उनका अनुभव, गुजरात के विकास में बहुत काम आनेवाला है । कभी एक छोटी सी नगरपालिका के सदस्य, फिर नगरपालिका के अध्यक्ष, फिर अहमदाबाद महानगर के कॉरपोरेटर, फिर अहमदाबाद महानगरपालिका की स्टेन्डिंग कमिटी के चेरमेन, फिर AUDA औडा जैसी प्रतिष्ठित संस्थान के चेरमेन, करीब-करीब २५ वर्षो तक अखंड रूप से उन्होंने ग्रास रूट शासन-प्रशासन को देखा है, परखा है, उसका नेतृत्व किया है । मुझे खुशी है कि आज ऐसे अनुभवी व्यक्ति गुजरात की विकासयात्रा को, तेज गति से आगे बढ़ाने के लिए गुजरात का नेतृत्व कर रहे हैं ।

साथियों,

आज हर गुजराती को इस बात का भी गर्व होता है कि इतने लंबे समय तक सार्वजनिक जीवन में रहने के बावजूद, इतने बडे पदों पर रहने के बाद, २५ साल तक कार्य करने के बाद भी भूपेन्द्रभाई के खाते में कोई विवाद नहीं है । भूपेन्द्रभाई बहुत ही कम बोलते हैं लेकिन कार्य में कभी कोई कमी नहीं आने देते । एक साइलेंस वर्कर की तरह, एक मूकसेवक की तरह काम करना, उनकी कार्यशैली का हिस्सा है । बहुत कम ही लोगों को यह भी पता होगा कि भूपेन्द्रभाई का परिवार हमेशा से अध्यात्म के प्रति समर्पित रहा है । उनके पिताजी, अध्यात्मिक क्षेत्र में जुड़े रहे है । मेरा विश्वास है ऐसे उत्तम संस्कारवाले भूपेन्द्रभाई के नेतृत्व में गुजरात चौतरफा विकास करेगा ।

साथियों,


**मेरा एक आग्रह आप सभी से आजादी के अमृत महोत्सव को लेकर भी है । इस अमृत महोत्सव में आप सभी को भी कुछ संकल्प लेना चाहिए, देश को कुछ देनेवाला मिशन शुरू करना चाहिए । यह मिशन ऐसा हो, जिसका प्रभाव गुजरात के कोने कोने में नजर आना चाहिए । जितना सामर्थ्य आप में हैं, मैं जानता हूँ आप सब मिल करके यह कर सकते हैं । हमारी नई पीढ़ी, देश के लिए, समाज के लिए जीना सीखे, इसकी प्रेरणा भी आपके प्रयासों का अहम हिस्सा होनी चाहिए । 'सेवा से सिद्धि' के मंत्र पर चलते हुए हम गुजरात को देश को नई उंचाई पर पहुचाएंगे** । आप सबके बीच लंबे अर्से के बाद आने का सौभाग्य मिला । यहां वर्चुअली मैं सबके दर्शन कर रहा हूँ । सारे पुराने चेहरे मेरे सामने हैं ।

इसी शुभकामना के साथ, आप सभी का बहुत बहुत धन्यवाद ।

*પૂરી પ્રજા એક છે અને સમાન છે, કોઈ વર્ણભેદ કે જ્ઞાતિભેદ નથી તેવી વ્યવસ્થા જો સ્થાપિત કરી શકાશે નહિ, તો વિભાજિત પ્રજાનું ભવિષ્ય અંધકારમય બની જશે. હવે વિધર્મીઓથી એટલો ભય નથી જેટલો પોતાના જ પીડિતભાઈઓથી થવાનો છે. આ પીડિતો – દલિતો હવે ધીરજ નહિ રાખી શકે. હવે તે વધુ અન્યાયો અને અસમાનતા સહન કરી શકશે નહિ. આવતી કાલે તેઓ જ મોટા દુશ્મનો થવાના છે, જે વિધર્મીઓના કરતાં વધુ ભારે પડશે. હજી પણ ધર્માચાર્યો જાગે અને વર્ણવાદથી પ્રજાને મુક્ત કરવામાં લાગી જાય.*

**– સ્વામી સચ્ચિદાનંદ**


# સર્વ વિદ્યાલયનું ગૌરવ




ભારતના રાષ્ટ્રપતિ દ્વારા શ્રી વલ્લભભાઈ એમ. પટેલ (પ્રેસિડેન્ટ-કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર, ચેરમૅન - સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર અને ચેરમૅન - કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી)ની નિયુક્તિ રેલવે મંત્રાલય અંતર્ગત કેન્દ્રિય જાહેર ક્ષેત્રના ઉપક્રમ **'ઇન્ડિયન રેલવે ફાઈનાન્સ કૉર્પોરેશન', (IRFC)** નવી દિલ્હીમાં નોન-ઑફિશિયલ ઇન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે તા. ૯ નવેમ્બર, ૨૦૨૧થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે **'ઇન્ડિયન રેલવે ફાઇનાન્સ કૉર્પોરેશન'** (IRFC)ની સ્થાપના ભારતીય રેલવેના એક સમર્પિત નાણાકીય સ્રોત તરીકે ભારતીય અને વિદેશી બજારોમાંથી નાણાભંડોળ એકત્ર કરવા માટે વર્ષ ૧૯૮૬માં કરવામાં આવી હતી. **IRFC**નો મૂળભૂત ઉદ્દેશ ભારતીય રેલવેની આવશ્યકતાઓની પૂર્તિ કરવા માટે ફાળવેલ અંદાજપત્રીય સંસાધનો ઉપરાંત કંપની દ્વારા બજારમાંથી સ્પર્ધાત્મક દરે અને શરતે નાણાભંડોળ ઊભું કરવાનો છે. વધુમાં, રાષ્ટ્રની માંગને પહોંચી વળવા માટે **IRFC** અસક્યામતોના સર્જન અને તેને ભારતીય રેલવેને લીઝ આપવામાં મદદરૂપ થાય છે.

શ્રી વલ્લભભાઈ એમ. પટેલ નોન-ઑફિશિયલ ઇન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે કંપનીના બોર્ડનો હિસ્સો હશે અને IRFCને તેના સંસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં મદદરૂપ નીવડી એક માર્ગદર્શક પરિબળ બની રહેતાં કૉર્પોરેશનને ગૌરવ શિખરો સર કરવા માટે સક્ષમ બનાવશે. આમ, તેઓશ્રી બોર્ડના અન્ય સભ્યો સાથે ૨૧મી સદીમાં 'નવા ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે.





પૂજ્ય છગનભા
"કર ભલા, હોગા ભલા"

સ્વ. માણેકલાલ એમ. પટેલ
"શિક્ષણ એ જ સાચી સેવા"

**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર**
**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર**
**દ્વારા**

## સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રતિ સાદર કૃતજ્ઞતાજ્ઞાપન



સન્માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ આયોજિત કુમાર છાત્રાલય ભૂમિ-પૂજન સમારોહ પ્રસંગે તેનું ઓનલાઈન ખાતમુહૂર્ત કરતાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં **શિક્ષણ અને સમાજ-સેવા ક્ષેત્રે ૧૦૨ વર્ષથી યશસ્વી સેવાઓ આપી રહેલા "સર્વ વિદ્યાલય કેળવણી મંડળ" અને તેના આદ્ય પ્રેરણા-પુરુષ પરમ શ્રદ્ધેય ઋષિવર્ય પૂ. છગનભા એ આપેલ દૂરંદેશિતાશીલ સેવાઓની ઋણ સ્વીકારવાની ભાવના સાથે ગર્વભેર સરાહના કરી,** તેની સાદર નોંધ લેતાં સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર ગૌરવ અને ધન્યતાની લાગણી અનુભવવાની સાથે સન્માનનીય વડાપ્રધાનશ્રીનો હૃદયપૂર્વક આભાર માને છે.


ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગર ના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ **શ્રી વલ્લભભાઈ એમ. પટેલ** ની રેલવે મંત્રાલય અંતર્ગત **"ઈન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશન"** નવી દિલ્હીના નોન–ઓફિશિઅલ ઈન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવા બદલ સર્વ વિદ્યાલય પરિવાર કૃતજ્ઞતાપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર પરિવાર**
**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર પરિવાર**

૧

# પૂ. છગનભા : સર્વ વિદ્યાલયનો પ્રાણ

વલ્લભભાઈ એમ. પટેલ



**પ્રસ્તાવના**

૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં બ્રિટિશ શાસનનો પ્રારંભ થતાં સરકાર દ્વારા યુનિવર્સિટી ઑફ લંડનના ધોરણે ભારતમાં કલકત્તા, મદ્રાસ અને મુંબઈમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરીને આધુનિક શિક્ષણપ્રણાલીનો પ્રારંભ કરવામાં આવ્યો. આ સાથે કેટલાક વિચારશીલ ભારતીયો દ્વારા સમાજમાં ઘર કરી ગયેલી બદીઓ ઉદા. તરીકે બાળલગ્ન, ભૂત-પ્રેત ઇત્યાદિમાં અંધશ્રદ્ધા, શિક્ષણ અને સવિશેષતઃ આધુનિક શિક્ષણ ન લેવાનું વલણ, સ્વજનોના મૃત્યુ પાછળ અંધશ્રદ્ધાથી પ્રેરાઈને ભારે ખર્ચ કરી પાયમાલી વહોરવી વગેરેની નાબૂદી માટે આંદોલનો શરૂ કરવામાં આવ્યાં. આ ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત એ કે મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ઈ.સ. ૧૯૧૫ માં સ્વદેશ પરત થતાં ભારતમાં સ્વાતંત્ર્ય ચળવળ, રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રઘડતરની પ્રવૃત્તિઓમાં ભારે ઉત્સાહનું વાતાવરણ પેદા થયું. ભારતીય સ્તરની આ બધી પ્રવૃત્તિઓની સાથે સાથે સ્થાનિક સ્તરે પણ ઘણી ખરી નાની- મોટી જ્ઞાતિઓમાં જાગૃતિનાં એંધાણ શરૂ થયાં. ગુજરાતનો પાટીદાર સમાજ પણ પોતાની આગવી ઓળખ અને પ્રતિષ્ઠા ધરાવતો હોઈ બહુઆયામી સમાજ સુધારાની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં વીરમગામના શ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઈ પરીખના પ્રયાસોથી ‘કડવા પાટીદાર પરિષદ’ની સ્થાપના કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદેશ કેળવણી થકી સમાજ સુધારણા કરવાનો રહ્યો હતો. આ હેતુસર પ્રસંગોપાત્ત ગામેગામ પરિષદો ભરીને લોકોને અજ્ઞાનતાના અંધકારમાંથી બહાર કાઢવા પ્રયાસો કરવામાં આવતા હતા. આવાં આંદોલનો ચલાવવામાં પુરુષોત્તમદાસ પરીખ ઉપરાંત નગીનદાસ વ્રજલાલ પટેલનો ફાળો નોંધપાત્ર હતો. આ પ્રવૃત્તિઓમાં સરઢવના છગનલાલ પીતાંબરદાસ પટેલ પણ સક્રિય રહ્યા હતા.

**જન્મ, શિક્ષણ અને બાલ્યવય**

શ્રી છગનલાલનો જન્મ પોતાના વતન સરઢવ (તા. કલોલ) ગામમાં સંવત ૧૯૧૯ (ઈ.સ.૧૮૬૩) ના આસો વદ અમાસ અર્થાત દીપોત્સવીના પાવન પર્વે ભકિતપરાયણ કૃષક પરિવારમાં થયો હતો. દીપોત્સવી એટલે પ્રકાશનું પર્વ,

અંધકારમાંથી ઉજાશ ફેલાવવાનું પર્વ. આ પાવન પર્વમાં જન્મ થવામાં ભાવિ યુગકાર્યનો ઈશ્વરી સંકેત સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે. તેમના પિતાનું નામ પીતાંબરદાસ પટેલ અને માતાનું નામ કૃષ્ણાબા. સંવત ૧૯૨૫માં પિતાએ ધંધાર્થે અમદાવાદમાં સ્થળાંતર કરતાં શિક્ષણને ઝાઝું મહત્ત્વ ન આપતાં બાળક છગનને પ્રાયઃ ૮ વર્ષની વયે કિનખાબનું વણાટકામ શીખવા મૂકી દીધા હતા. ઘરમાં ભકિત અને સત્સંગના વાતાવરણના કારણે સંતો-ભકતોનું આવાગમન ભારે રહે તેથી શાસ્ત્રોની ચર્ચા પણ જામે, પરિણામે છગનલાલ પણ ભકિતના રંગે રંગાતા ગયા હતા. નિરક્ષર હોવાના કારણે પોતે શાસ્ત્રગ્રંથો વાંચી શકતા ન હોવાનો ક્ષોભ અનુભવતાં ૧૮ વર્ષની વયે અમદાવાદના લુણસાવાડમાં ખૂંધા મહેતાની પાઠશાળામાં ભણવા બેઠા અને અક્ષરજ્ઞાન શીખવા માટેના અંદરના ધખારાના કારણે ૧૦ જ માસમાં ૪ ધોરણ સુધીનો અભ્યાસ પૂર્ણ કરતાં વાંચવા - લખવાની ક્ષમતા કેળવવાની સાથે નામાની કામગીરી પણ શીખી લીધી હતી.

### ગૃહસ્થ જીવન, સમાજસેવા અને સંન્યાસ લેવા કાશી પ્રયાણ

અભ્યાસ બાદ થોડોક સમય પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણના પિતાશ્રી ચિમનલાલ સ્વામિનારાયણની શરાફી પેઢીમાં નોકરી કરવા ઉપરાંત લાટીનો સ્વતંત્ર રીતે ધંધો પણ કર્યો અને ૩૦ વર્ષની વયે પુનઃ વતન સરઢવમાં સ્થાયી થયા. જીવનનિર્વાહ માટે કાલાકપાસનો ધંધો કરવાની સાથે ખેતી પણ સંભાળી. આ પ્રવૃત્તિઓ ઉપરાંત પોતાના સમાજમાં પ્રચલિત કુરૂઢિઓથી વ્યથિત થઈ તેની નાબૂદી અર્થે પાટીદાર સમાજની પરિષદો કે જ્ઞાતિ મેળાવડાઓમાં હાજરી આપી સમાજ સુધારણાની પ્રવૃત્તિઓમાં પણ સક્રિયપણે ભાગ લેતા રહ્યા હતા. એક સમયે પોતાના ગામમાં થઈ રહેલ બારમાનો વિરોધ કરતાં જમવા બેઠેલોઓ ઉપર ગુસ્સે ભરાઈને કહ્યું હતું કે ‘આ તમે લાડવા નથી ખાતા, પણ એક ગરીબ ખેડૂતના માંસ - લોહીના લોચા ખાઓ છો. મનુષ્ય મરી જાય ત્યારે તેની પાછળ પ્રભુભકિત શોભે કે તે ગત પુરુષના કુટુંબનો નાશ ? તમે બધા દુષ્ટ છો, તમારો નાશ થશે !’ તેમની આ તીખી અને ધારદાર વાણીથી પ્રભાવિત થઈને જમવા બેઠેલાઓ પૈકી ૧૨ વ્યકિતઓએ પંગતમાંથી ઊભા થઈને બારમાનું ભોજન ન લેવાની પ્રતિજ્ઞા કરી હતી. અંધવિશ્વાસ અને કુરિવાજોમાં સપડાયેલ સમાજમાંથી આ વ્યકિતઓનો સહકાર મેળવવામાં સાંપડેલ સફળતા એ તેમની મોટી સિદ્ધિ છે. આર્થિક ઉપાર્જન તથા સમાજસેવાની પ્રવૃત્તિઓ કરવાની સાથે સાથે યોગવાસિષ્ઠ, બ્રહ્મસૂત્ર, ઉપનિષદો, પંચીકરણ વગેરે શાસ્ત્રગ્રંથોનું વાંચન ચાલુ રહેતાં તેમનો આતમરામ અધ્યાત્મવિદ્યામાં વિશેષ પ્રવૃત્ત રહેવા લાગતાં સાંસારિક પ્રવૃત્તિઓમાંથી ક્રમશઃ વિરક્ત થતાં સંન્યાસ લેવાનો નિર્ણય લઈને સ્વામી કેશવાનંદ પાસે કાશી પહોંચી ગયા. સ્વામીજીએ છગનલાલની શકિતઓને પારખી જઈને ઉપદેશ આપતાં કહ્યું કે ‘સંન્યાસી થવાની ઇચ્છા જતી કરો. તમારા જ પ્રદેશમાં જઈને તમારા લોકોને ઘોર અંધકારમાંથી બહાર કાઢો’. એક પાત્રમાંથી પાંચ રૂપિયા લઈ છગનલાલને આપતાં કહ્યું : ‘હવે કશો વિલંબ કરવાની જરૂર નથી. બધું સિદ્ધ થશે’. સ્વામીજીની આ વાત હૈયે ધરી છગનલાલ કોઈ અદૃશ્ય દૈવી શકિતના આશીર્વાદ લઈ સમાજ માટે કંઈક કરી છૂટવાના મનોમન સંકલ્પ સાથે માદરે વતન પરત થયા.

### છગનલાલમાંથી છગનભા

અજ્ઞાનમાંથી અંધકારમાં અટવાયેલા પોતાના સમાજને મુક્ત કરવા માટેના સ્વામીજીના આશીર્વાદને સાકાર કરવાના સંકલ્પ અને નવીન ચેતના સાથે છગનલાલ કાશીથી પરત થયા. આ મહાન ઉદ્દેશના કાર્યની શરૂઆત કયાંથી અને કઈ રીતે કરવી તે માટે સતત ચિંતનશીલ રહેતા હતા તેવામાં ઈશ્વરી ચમત્કાર સમાન વીરમગામના નગીનભાઈ પટેલનો પત્ર મળ્યો. આ પત્રમાં નગીનભાઈએ છગનલાલનાં સમાજસુધારણાનાં કાર્યોની સરાહના કરીને કેળવણી ક્ષેત્રે વધુ નક્કર કાર્ય કરવા માટે વિ.સં. ૧૮૭૫ ના વૈશાખ સુદ પૂનમના દિવસે ઊંઝામાં ભરાનાર કડવા પાટીદાર પરિષદમાં પધારવા અને જ્ઞાતિહિતના આ કાર્યમાં ટેકો આપવા અપીલ કરી હતી. આ કાર્ય માટે તો પોતે કૃતસંકલ્પ હતા જ. કહેવાયું છે કે ‘ભાવતું હતું અને વૈદે કહ્યું’ તે ન્યાયે પ્રસન્નવદને અને કંઈક કરી છૂટવાની ભાવના સાથે ઊંઝાના મેળાવડામાં પહોંચી ગયા. આ મેળામાં તેમને નગીનભાઈ જેવા હમસફર મળ્યા. વળી, આ મેળામાં પોતપોતાના વિસ્તારમાં કેળવણી માટે કંઈક કરવાની ભાવનાનું

વાતાવરણ પણ પેદા થયું, જેના પરિણામે કડી પરગણાના પાટીદારોની સભા સરઢવ મુકામે તા. ૮ જૂન, ૧૯૧૯ ના રોજ ભરાઈ. આ સભામાં વીરમગામવાળા સ્વ.પુરુષોતમદાસના વિચારને અનુમોદન આપતાં કડીમાં વિદ્યાર્થી આશ્રમ શરૂ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. અને આ કાર્ય સુચારુ રીતે સંપન્ન થાય તે હેતુસર 'કડવા પાટીદાર કેળવણી મંડળ'ની સ્થાપના કરવામાં આવી, તેમજ આ મંડળના મંત્રી તરીકે નગીનભાઈને નિયુકત કરવામાં આવ્યા. સભાની આ ઔપચારિક વિધિ પૂર્ણ થયા બાદ છગનલાલે સભામાં ઊભા થઈને પ્રતિજ્ઞા લીધી કે 'જ્યાં સુધી વિદ્યાર્થી આશ્રમની સ્થાપના ન થાય ત્યાં સુધી પોતે મિષ્ટાન્ન લેશે નહિ'. આ પ્રતિજ્ઞાથી સૌમાં આશ્ચર્ય ફેલાવાની સાથે ભારે ઉત્સાહ અને ધગશનું વાતાવરણ પ્રસરી ગયું અને આ સાથે જ તેઓશ્રી કેળવણીના પ્રખર હિમાયતી અને સમાજહિતૈષી એકલવીર તરીકે ઊભરી આવ્યા. તેમની આ બાધા સંદર્ભે નગીનભાઈએ આશ્રમના ખાતમુહૂર્ત પ્રસંગેના નિવેદનમાં જણાવેલ શબ્દો : 'એ શરીરે ડોસા પણ મનથી ખરા જુવાન, પ્રયત્નશીલ, લાગણીદાર પુરુષ સાથે મૈત્રી થઈ. બંને ઘણો વખત ગામે ગામે સ્થળે સ્થળે ફર્યા અને કાર્યની સરળતા સારુ ભૂમિ ખેડી, પરિણામે સંવત ૧૯૭૬ના ચૈત્ર સુદ ૨ને સોમવારે કડી મુકામે વિદ્યાર્થી આશ્રમ ખુલ્લું મૂકી વૃદ્ધ છગનલાલની બાધા મુકાવી' - ધ્યાનાર્હ બની રહે છે.

આમ, આશ્રમની સ્થાપનામાં છગનભા પ્રેરક બળ બની રહેતાં કડીમાં ભાડાના મકાનમાં અમીનના ડહેલામાં ૭ વિદ્યાર્થીઓથી આશ્રમ શરૂ થયો. તેમજ તેના નિર્વાહ માટે પોતાનું ધર્મકાર્ય સ્વીકારીને છગનભા સતત પ્રયત્નશીલ રહેવા લાગ્યા. સમયાન્તરે ભાડાના મકાનની અડચણો અને સાથી કાર્યકરોના ઉત્સાહને ધ્યાને લઈ છગનભાએ બીજી પ્રતિજ્ઞા લીધી કે 'જ્યાં સુધી આશ્રમનું પોતાનું મકાન ન થાય ત્યાં સુધી એકટાણાં કરીશ.' આ પ્રતિજ્ઞા સાથે જ છગનભા જરૂરી ફંડ એકઠું કરવા ગામેગામ નીકળી પડતા આખા સમાજનો અને સવિશેષતઃ આદરજના ધનશા ભગત અને માધવજી પટેલનો ભારે મોટો સધિયારો સાંપડ્યો હતો.

છગનભા એક વિચારશીલ પુરુષ હતા. ખરી કેળવણીના હિમાયતી હતા. વળી, સરકારી શાળાઓમાં સાચી કેળવણી મળી શકશે નહિ તેવો દઢ મત ધરાવતા હતા. સૌ કાર્યકર્તાઓ પણ આ વિચાર સાથે સંમત થઈ ગયા પણ જરૂરી નાણાંના અભાવે ચિંતિત પણ થયા હતા. આ સમયે છગનભાએ હિંમતભેર કહ્યું હતું કે 'ખર્ચની ચિંતા તમે શું કામ કરો છો ? આવો મોટો યજ્ઞ આદરીશું અને પૈસા માટે ઊભું રહેશે ? પૈસા હું મેળવી આપીશ. એના વિના અટકી પડવાનું નથી. તમતમારે નિશાળ શરૂ કરવા કેડ બાંધો'. છગનભાની આ ભારે મોટી હૂંફથી વ્યવસ્થાપક મંડળે તા. ૧-૩-૧૯૨૨ ના રોજ વડોદરા રાજ્યના કેળવણી ખાતાની મંજૂરીથી અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનું 'શ્રી કડવા પાટીદાર વિદ્યાલય' ખાખ ચોકના ભાડાના મકાનમાં શરૂ કર્યું, જે સમયાન્તરે 'સર્વ વિદ્યાલય' તરીકે નામાભિધાનિત થયું.

અહીં ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીની સ્થાપના વર્ષ ૧૯૧૯માં થયા પછી ૧૯૨૪ના એપ્રિલમાં તેનું બંધારણ મંજૂર થયા પછી પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી વગેરે હોદ્દાઓ ઉપર સભ્યોએ ચૂંટવાનો પ્રારંભ થયો હતો. આ બધાં વર્ષો દરમિયાન આ મંડળનો વહીવટ શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ અને શ્રી છગનભાએ સંયુકત રીતે સંભાળ્યો હતો. આ કાર્યકાળ બાદ છગનભાએ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના મંત્રી તરીકે વર્ષ ૧૯૩૧-૩૨થી ૧૯૩૨-૩૩, ૧૯૩૪-૩૫થી ૧૯૩૫-૩૬, ૧૯૩૭-૩૮થી ૧૯૩૯-૪૦ સુધી ફરજ બજાવી હતી.

**ગાંધીજીવન - દર્શનથી પ્રભાવિત**

દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ સામે મહાત્મા ગાંધીએ મેળવેલ ભારે મોટી સિદ્ધિ અને ૧૯૧૫ માં સ્વદેશ પરત થયા બાદ અમદાવાદમાં - કોચરબમાં સ્થાપેલ આશ્રમ અને રાષ્ટ્રઘડતરની તેમની પ્રવૃત્તિઓથી છગનભા પ્રભાવિત હતા. તેઓશ્રી પ્રસંગોપાત્ત કોચરબ આશ્રમમાં જઈ ગાંધીજીને પણ મળતા હતા. સાથે સાથે જાણીતા સમાજસેવક ડૉ. હરિપ્રસાદ દેસાઈ સાથે પણ તેઓ અંતરંગ સંબંધો ધરાવતા હતા. તેમણે ગાંધી આદર્શોને આત્મસાત કરીને પોતાના જીવનમાં અમલીકૃત કર્યા હતા. ઉદા. તરીકે કડવા પાટીદાર આશ્રમ અને વિદ્યાલયના પ્રારંભથી જ અન્ય જ્ઞાતિઓના વિદ્યાર્થીઓને પ્રવેશ અર્થાત્ - જ્ઞાતિની સંકુચિત વાડાબંધીથી દૂર રહેવું, અસ્પૃશ્યતા નિવારણના હિમાયતી, ખાદીના આજીવન

ભેખધારી, સામાજિક બદીઓ દૂર કરવા પ્રયત્નશીલ રહેવું, રાષ્ટ્રીયતાને પોષક એવી બહુવિધ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેવું વગેરે તેમનાં જીવનધ્યેયો હતાં. છગનભાની આવી ઉમદા પ્રવૃત્તિઓથી મહાત્મા ગાંધી સુપરિચિત હોવાથી તા. ૨૩ જુલાઈ, ૧૯૨૯ ના રોજ આ વિદ્યાલયની મુલાકાત લીધી ત્યારે તેમણે કહ્યું હતું કે **'આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવા જોગ છે. અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શાંતિ તેમને અહીં મળશે'**. આ ઘટનાના સાક્ષી એવા આ વિદ્યાલયના પ્રથમ આચાર્ય પોપટભાઈએ મહાત્માજીની મુલાકાત વિશે નોંધ્યું છે કે 'આજે જ્યારે હું વિચારું છું ત્યારે મને લાગે છે કે સંસ્થાનું કોઈ વિશિષ્ટ કાર્ય નહોતું કે જે મહાત્માજીને સંસ્થાની મુલાકાત લેવાને પ્રેરે... એક વાત ચોક્કસ કે છગનભાની ત્યાગવૃત્તિ અને કોઠાવિદ્યાથી થતી સમાજસેવાથી મહાત્માજી સંસ્થાની મુલાકાત માટે પ્રેરાયા. અર્થાત્ મહાત્માજીને છગનભાના કાર્યક્ષેત્રને બિરદાવવાનું યોગ્ય લાગ્યું અને પરિણામે સંસ્થાને તેમનાં પગલાંનો લાભ મળ્યો.'

મહાત્મા ગાંધીએ આ સંસ્થાની મુલાકાત લીધી હતી તેના પૂર્વે વડોદરા નરેશ સર સયાજીરાવ ગાયકવાડ દ્વારા તા. ૪ જાન્યુઆરી, ૧૯૨૩ના રોજ મુલાકાત લઈ શાળાની શિક્ષણપ્રણાલીથી પ્રભાવિત થતાં વ્યક્ત કરેલ રાજીપો તેમના જ શબ્દોમાં જોઈએ : **"ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નો સેવ્યાં. પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું." આ બંને અભિપ્રાયોમાં પૂ. છગનભાની આર્ષદૃષ્ટિનાં સહજમાં દર્શન થાય છે.**

### ખેડૂત હિત-ચિંતક

છગનભા સાચી કેળવણી થકી સમાજસુધારણા થઈ શકે તેના હંમેશાં પક્ષધર રહ્યા હતા. અને તેથી આશ્રમ અને વિદ્યાલયમાં સંસ્કાર ઘડતરની બહુઆયામી પ્રવૃત્તિઓ શરૂ કરાવવાની સાથે સાથે વિદ્યાર્થીઓના આરોગ્ય માટે ખોરાકમાં ગાયનું ચોખ્ખું દૂધ મળી રહે તે માટે તેમજ ખેતીમાં ઉપયોગી એવા બળદો મળી રહે તે માટે ગૌશાળા શરૂ કરાવી. આ માટે તેમણે વાછરડાંઓની ખસીની ક્રિયા પણ અમલમાં મૂકતાં  તેમના આ ક્રાન્તિકારી વિચારને ધર્મભીરુ સમાજ પચાવી ન શકતાં એક રાત્રે મોટું ટોળું તેમને મારવા ધસી આવ્યું હતું. આ વીરપુરુષે વિદ્યાર્થીઓને આશ્રમમાં રાખીને દરવાજે એકલા જ અડીખમ ઊભા રહીને ટોળાના ક્રોધાગ્નિને સ્વસ્થચિત્તે પી જઈને સૌને શાંત કર્યા અને પોતાની વાત ગળે ઊતરાવી હતી. આ ઉપરાંત પ્રત્યેક ગામમાં ખેડૂતોની અલગ - અલગ સીમાડાઓમાં વહેંચાયેલી જમીનને એકત્રિત કરી આપવા વડોદરા નરેશ સર સયાજીરાવ ગાયકવાડને રૂબરૂમાં મળીને પોતાની યોજના સમજાવી હતી, પરંતુ મમત્વથી પ્રેરાઈને ખેડૂતોએ તેમની વાત ન સ્વીકારતાં આ યોજના અમલીકૃત થઈ શકી ન હતી.

### કર્મયોગી તપસ્વી

વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાલયની સ્થાપના થતાં જ છગનભાને જીવનનું એક લક્ષ્ય મળી ગયું અને તેના ધ્યેયનિષ્ઠ વિકાસ માટે પોતાની જાતને સંસ્થાને સમર્પિત કરી દીધી હતી. તેમણે મકાનના બાંધકામ ઉપર દેખરેખ રાખવા એક છાપરીમાં રહેવાનું રાખ્યું હતું. આ ઘટનાના સાક્ષી એવા કડીના ઉત્સાહી અને યુવાન વકીલ પુરુષોત્તમદાસ પટેલ (દાસકાકા) કે જેઓ પ્રસંગોપાત્ત આ સ્થળની મુલાકાત લેતા હતા, તેમણે છગનભા સાથેનાં સંસ્મરણો વાગોળતાં નોંધ્યું છે કે 'ભા આજે ખૂબ ટાઢ છે, ઘેર સૂવા ન આવો ?' ત્યારે તેમણે મને કહ્યું કે 'ભાઈ, આ તપ છે, ઇંદ્રાસન તપથી ડોલે છે. હું ધૂણી ધખાવીને પડ્યો છું. મારા દિલમાં છે કે છોકરાંને ભણવાની સગવડ મૂઆ પહેલાં કરું એ કામ કરતાં મરી જઈશ તો શું બગડી જવાનું છે ? મારા તપથી સમાજના સુખી ગૃહસ્થોના દિલમાં અસર થશે. એમનામાં ઉદારતા આવશે અને આ કાર્ય વહેલું પૂરું થશે.' આ સંસ્થાના બંધારણના મુસદ્દા

વિશે મતભેદ થતાં નગીનભાઈ સંસ્થામાંથી છૂટા થયા હતા ત્યારે તેમનાં કાર્યોની સરાહના કરતાં છગનભાએ વાર્ષિક નિવેદનમાં નોંધ્યું કે 'આ સ્થળે જણાવતાં દિલગીરી ઉત્પન્ન થાય છે કે આ સંસ્થાઓની ઉત્પત્તિ જેને આભારી છે તે ભાઈશ્રી નગીનભાઈ અષાઢ વદ ૮ ને રોજથી છૂટા થયા છે.' જેમાં છગનભાની ગરવાઈનાં અને ઋણસ્વીકારની ભાવનાનાં દર્શન થાય છે. નગીનભાઈ છૂટા થયા પછી છગનભાએ સંસ્થાના મંત્રી તરીકેની જવાબદારી ઉપાડી લીધી હતી. આ છે છગનભાનું ખમીર અને વ્યક્તિત્વ.

છગનભાએ આશ્રમ અને વિદ્યાલયના ભૌતિક દેહના ઘડતરની સાથે ગ્રામ્ય પ્રજામાં અને વિદ્યાર્થીઓમાં સંસ્કારસિંચન અને સમાજસુધારણાનાં કાર્યોને વિશેષ અગ્રતા આપી હતી. તેમનું અસરકારક વક્તવ્ય સૌને સ્પર્શી જતું. આ ઉપરાંત 'કડવા પાટીદાર', 'ચેતન', 'કેળવણી' વગેરેમાં શિક્ષણ અને સમાજસુધારણા સંબંધી તેમના પ્રગટ થતા લેખોના માધ્યમથી તેમનાં વિચારશક્તિ અને લેખન સામર્થ્યનાં પણ દર્શન થાય છે. કાકાસાહેબ કાલેલકરે ભાનાં વ્યાખ્યાનો સાંભળીને પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે 'મેં મારી જિંદગીમાં શ્રી છગનભાના જેવાં ઉત્તમ તથા સારી શૈલીનાં વ્યાખ્યાનો ચાર-પાંચ જ સાંભળ્યાં છે. હું તેમની શૈલીથી ખૂબ તૃપ્ત થયો છું'. જ્યારે ફંડ-ફાળો લેવા નીકળે ત્યારે વિદ્યાર્થીઓની ટુકડીને સાથે લઈને જાય. આ વિદ્યાર્થીઓ પાસે ગ્રામજનો માટે સમાજસુધારણા સંબંધી નાટકો, સંવાદો, ગીતો વગેરે અસરકારક રીતે રજૂ કરાવતા, જેની તેઓ ધારી અસર પેદા કરાવી શકતા હતા. વિદ્યાર્થીઓને પણ સ્વાશ્રયી બની રહેવાના પાઠો ચાલતાં ચાલતાં શીખવાડે જતા હતા. રાત્રે શાસ્ત્રગ્રંથોનો આસ્વાદ કરાવવાની સાથે સાથે ચારિત્ર ઘડતરની કથાઓ પણ અચૂક કહેવાનું રાખતા. વિદ્યાર્થીઓ માત્ર ચીલાચાલું કે પુસ્તકિયું જ્ઞાન પ્રાપ્ત ન કરે અને જીવનમાં ઉપયોગી એવું સર્વાંગીણ શિક્ષણ પ્રાપ્ત કરે તે હેતુસર સુથારી, લુહારી, સીવણ, મુદ્રણ, કાંતણ, વણાટ વગેરેના શિક્ષણની પણ તેમણે જોગવાઈ કરાવી હતી. નોંધવું રહ્યું કે છેક ૧૯૬૪-૬૬ માં ભારત સરકાર દ્વારા નિયુક્ત કોઠારી શિક્ષણ પંચે શાળાઓમાં આવા અભ્યાસક્રમો શરૂ કરવા ભલામણ હતી, જે દૂરંદેશી છગનભાએ પ્રાયઃ ૪૦ વર્ષ પૂર્વે સર્વ વિદ્યાલયમાં શરૂ કરાવ્યા હતા. પરિણામસ્વરૂપે આ શાળાએ એક રાષ્ટ્રીયશાળા તરીકેની ખ્યાતિ ટૂંક સમયમાં જ અર્જિત કરી લીધી હતી. આ સંસ્થાનો ઊર્ધ્વગતિએ વિકાસ એ એકમાત્ર છગનભાનો જીવનમંત્ર બની રહ્યો હોવાથી અહર્નિશ સંસ્થા વિશે જ ચિંતન કરતા રહેતા હતા. આ સંદર્ભે શાળાના તત્કાલીન આચાર્યશ્રી બાપુભાઈ ગામીએ નોંધ્યું છે કે 'કેટલાક કહેતા - 'વિદ્યાલયનું પાંચમું ધોરણ બંધ કરો' તો એ કહેતા : 'આગળનું છઠ્ઠું ધોરણ ઉઘાડો અને મૅટ્રિક પણ કાઢો. આપણે તો અહીં કૉલેજ સ્થાપવી છે. કન્યાઓ માટે એક સુંદર વિદ્યાસંસ્થા ખોલવી છે. મોટા ઉદ્યોગોનાં કારખાનાં કાઢવાં છે, ગૌ શાળા અને ખેતીવાડી તો જોઈએ જ, બીજી જ્ઞાતિની બૉર્ડિંગો અહીં સ્થપાય એ ઇચ્છવા યોગ્ય છે'. છગનભા માટેનાં આ વિધાનો અને તેમનાં કાર્યો આ સંસ્થાના એક આર્ષદ્રષ્ટા કર્મયોગી તપસ્વી તરીકેનાં પ્રતીતિકારક બની રહે છે.

**મહાપ્રયાણ**

આ કર્મયોગી તપસ્વી મહાત્મા અથવા ગીતાની પરિભાષામાં કહીશું કે યોગભ્રષ્ટ આત્માએ આત્મસ્ફુર્ણાથી કેળવણી થકી સમાજ સુધારણાના કાર્યને સ્વધર્મ તરીકે સ્વીકાર્યું અને પોતાનું યુગકાર્ય સુપેરે સંપન્ન કરીને અમદાવાદમાં પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રી જેઠાભાઈના નિવાસસ્થાને તા. ૨૨ ડિસેમ્બર, ૧૯૪૦ ના રોજ ઊર્ધ્વલોકની યાત્રાએ ગમન કર્યું હતું.

**સમાપન**

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી દ્વારા વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાલયની સ્થાપના કર્યા બાદ તેને પલ્લવિત - પુષ્પિત કરવામાં પૂ. છગનભા પ્રાણતત્ત્વ હતા. તેઓશ્રી ખરા અર્થમાં તપોનિષ્ઠ ઋષિપુરુષ-જ્યોતિર્ધર હતા. આજનું 'સર્વ વિદ્યાલય' કે 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'એ આ મહાન તપસ્વીના તપની નીપજ છે. સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્ય, સિદ્ધહસ્ત સાહિત્યકાર અને છગનભાના પ્રાણવાન ચરિત્ર 'પ્રજ્ઞાદીપ છગનભા'ના સર્જક શ્રી મોહનલાલ પટેલના શબ્દોમાં 'છગનભા અદના માનવી નહીં પણ એક લોકોત્તર પુરુષ હતા. જેનાં તેજ અને સ્નેહનાં રશ્મિઓ અતૂટ છે... એમણે કેળવણીનું એક અમર કાવ્ય રચ્યું. એમણે એક એવી સંસ્થાનું નિર્માણ કર્યું કે જેણે પોતાના ઉપરાંત પોતાની શાખાઓ, પ્રશાખાઓ અને એનાથી પ્રેરિત અન્ય સંસ્થાઓ દ્વારા

સમગ્ર ઉત્તર ગુજરાતમાં કેળવણીનો ફેલાવો કર્યો અને અજ્ઞાનના અંધકારમાં અટવાતી લોકરુચિનો માર્ગ બદલી આપ્યો.'

'સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ', સુરત દ્વારા તા. ૧૫ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ આયોજિત હૉસ્ટેલ ભૂમિ-પૂજન સમારોહનું ઓનલાઈન ખાતમુહૂર્ત કરતાં આપણા સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂજ્ય છગનભાના શિક્ષણક્ષેત્રના કાર્યની નોંધ લઈ તેમને આપેલ અંજલિ દ્રષ્ટવ્ય બની રહે છે :

**"हम सब शायद जानते होंगे, उत्तर गुजरात में इनका जन्म हुआ, और आज गुजरात के हर कोने में उनको याद किया जाता है। ऐसे ही एक महापुरुष थे श्री छगनभा। उनका दृढ़ विश्वास था कि शिक्षा ही समाज के सशक्तिकरण का सबसे बड़ा माध्यम है। आप कल्पना कर सकते हैं, आज से १०२ साल पहले १९१९ में उन्होंने 'कडी' में सर्व विद्यालय केलवणी मंडल की स्थापना की थी। यह छगन भ्राता, यह दूरदृष्टि का काम था। यह उनकी दूरदृष्टि थी, उनका विजन था। उनका जीवनमंत्र था – 'कर भला, होगा भला' और इसी प्रेरणा से वो आनेवाली पीढ़ियों के भविष्य को संवारते रहे। जब १९२९ में गांधीजी, छगनभाजी के मंडल में आए थे तो उन्होंने कहा था कि – छगनभा बहुत बड़ा सेवाकार्य कर रहे हैं। उन्होंने लोगों से ज्यादा से ज्यादा संख्या में अपने बच्चे, छगनभा के ट्रस्ट में पढ़ने के लिए भेजने को कहा था।"**

પૂ. છગનભાએ આ સંસ્થાને 'કર ભલા હોગા ભલા'નો ધ્યેયમંત્ર આપ્યો, જેને તેમણે પોતાના જીવનમાં ઉદાહરણસ્વરૂપ આચરણ થકી ચરિતાર્થ કરી બતાવ્યો. આજે પણ આ સંસ્થાના કર્ણધારો તેમના દ્વારા પ્રદત્ત આ ધ્યેયમંત્રના યથાર્થ પાલન સાથે પૂ. છગનભાને પોતાની શ્રદ્ધા - ભક્તિનું પ્રતીક સ્વીકારીને ગૌરવ અને ધન્યતાની લાગણી અનુભવીને તેમનાં આદર્યાં - અધૂરાં કાર્યોને પૂર્ણ કરવા તથા આ સંસ્થાનો ઊર્ધ્વગતિએ વિકાસ કરવા કૃતસંકલ્પ છે.

*પ્રતિભા ઈશ્વરપ્રદત્ત હોય છે, પુરુષાર્થપ્રદત્ત નથી હોતી. ગમે તેટલો પુરુષાર્થ કરીને પણ કોઈ મૂરખ માણસને શેક્સપિયર કે કાલિદાસ બનાવી શકાય નહિ. ઈશ્વરપ્રદત્ત પ્રતિભાને જો શિક્ષણ અને અભ્યાસ સાથે જોડવામાં આવે તો તેનો વધુ નિખાર આવે છે. એટલે પ્રજાના બૌદ્ધિક સ્તરને ઊંચો ઉપાડવો હોય તો શિક્ષણનું પ્રમાણ વધારવું જોઈએ. આ રાષ્ટ્રિય અને સામાજિક કર્તવ્ય છે. પણ જો પ્રતિભાના સ્તરને ઊંચો કરવો હોય તો રાષ્ટ્રભરમાંથી પ્રતિભાને શોધી શોધીને તેને મહત્ત્વ આપવું જોઈએ. એવી વ્યવસ્થા ન હોવી જોઈએ કે પ્રતિભાને ઠોકરો વાગે અને જડતા શિખર ઉપર આરૂઢ થઈ જાય. જો જડતા શિખર ઉપર બેસી જશે અને પ્રતિભા પગ નીચે ચગદાશે તો રાષ્ટ્રનો વિનાશ થઈ જશે. પ્રતિભા-પૂજકોનો જ જયજયકાર થતો હોય છે. જડતાપૂજકોનો હ્રાસ અને પછી વિનાશ થતો હોય છે. શિખર ઉપર બેઠેલી જડતા, જડ નિર્ણયો કરશે, જેના કારણે રાષ્ટ્રનો વિનાશ થવા લાગશે. એટલે પૂરી પ્રજાને પ્રતિભાપૂજક બનાવવી જોઈએ.*

**– સ્વામી સચ્ચિદાનંદ**

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર
# વિદ્યાર્થી આશ્રમથી વિશ્વવિદ્યાલય સુધીની
# વિકાસયાત્રાની એક ઝલક

૨

મણિભાઈ પ્રજાપતિ

આજે ઘેઘૂર વડલાની જેમ ફૂલીફાલી રહેલ **'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,** કડી ગુજરાતના એક ગૌરવપ્રદ કેળવણી મંડળ તરીકે સુવિખ્યાત છે. આ મંડળની સ્થાપનાનું બીજ સમાજ સુધારણા અને રાષ્ટ્રભાવનાની ચળવળની ૨૦મી સદીની પ્રથમ પચીસીમાં કડવા પાટીદાર સમાજના સરઢવ માં ભરાયેલ સંમેલનમાં **'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'** નામ હેઠળ તા. ૮/૬/૧૯૧૯ના રોજ કરવામાં આવી હતી. આ સંમેલનના ઠરાવ અનુસાર કડીમાં **'કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ'**ની સ્થાપના તા. ૨૩/૩/૧૯૨૦ ના રોજ કરવામાં આવી. સમાજના અગ્રણીઓ દ્વારા સરકારી સ્કૂલોમાં સાચી કેળવણીનો અભાવ અનુભવીને બે વર્ષ બાદ તા. ૧/૩/૧૯૨૨ના રોજ કડીમાં **'શ્રી પાટીદાર વિદ્યાલય'**ની સ્થાપના કરવામાં આવી હતી. આ સમાજના ગાંધીવિચારથી પ્રભાવિત કેટલાક દીર્ઘદૃષ્ટાઓએ કેળવણી મંડળનું નામ જ્ઞાતિ આધારે રાખવામાં ઔચિત્ય ન જોતાં સમાજના વડીલો સાથે પરામર્શ કરતાં સમાજ દ્વારા **'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'** નામે નવી સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૩૫માં કરવામાં આવી અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' દ્વારા વિદ્યાલયનો વહીવટ નવા મંડળને સોંપવામાં આવ્યો. 'શ્રી પાટીદાર વિદ્યાલય' પણ 'સર્વ વિદ્યાલય' તરીકે ઓળખાયું. આગળ જતાં ટ્રસ્ટ એક્ટ હેઠળ આ મંડળની નોંધણી કરાવવામાં આવી હતી. તેનો નોંધણી નંબર ઈ-૩૨૨, તા. ૨૩-૧-૧૯૫૩, મહેસાણા છે.

આ મંડળ, વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાલયની સ્થાપના, નિભાવ અને સંવર્ધનમાં ઋષિવર્ય પૂજ્ય છગનભા મુખ્ય પ્રેરકબળ અને પ્રાણતત્ત્વ હતા. પૂર્વભવના સંસ્કારવશ ભક્તિના રંગે રંગાયેલા અને વેદાંતના અભ્યાસી છગનલાલ પીતાંબરદાસ પટેલ (૧૮૬૩-૧૯૪૦)સંન્યાસ લેવાની તીવ્ર તાલાવેલી સાથે કાશી ગયા હતા. પરંતુ તેમના ગુરુદેવ સ્વામી શ્રી કેશવાનંદે તેમના સમાજને અંધકારમાંથી બહાર લાવવાની પ્રેરણા પૂરી પાડતાં વતનમાં પરત થઈ કડીને જ પોતાની સાધનાભૂમિ - તીર્થભૂમિ બનાવી. સમાજમાં પ્રચલિત કુરિવાજો જેમ કે બાળલગ્ન, કજોડાં લગ્ન, મરણ બાદ બારમાની પ્રથા તથા અંધવિશ્વાસ વગેરેની નાબૂદી અર્થે પૂજ્ય છગનભા અને તેમના સાથીઓએ ભારે સંઘર્ષ વેઠ્યો હતો.

તેમણે અનુભવ્યું કે આ બધું સભા-સરઘસો, સંમેલનો અને ભાષણોથી શક્ય બનશે નહીં. આ માટે તો કેળવણી જ એક માત્ર ઉપાય છે તેમ સ્વીકારીને વિદ્યાર્થી આશ્રમની સ્થાપનાને સૌ પ્રથમ અગ્રતા આપી. પૂ. છગનભાએ આશ્રમ શરૂ ન થાય ત્યાં સુધી ભોજનમાં મિષ્ટાનનો ત્યાગ કર્યો અને ત્યાર બાદ આશ્રમનું ભવન ન બંધાય ત્યાં સુધી એક ટાણું જમવાનો સંકલ્પ લીધો હતો. ૬ વિદ્યાર્થીઓથી આશ્રમ શરૂ કર્યો. ગામે ગામ ફરીને વાલીઓને તેમનાં બાળકોને શાળાએ મોકલવાની પ્રેરણા આપીને સમાજને શિક્ષણ ક્ષેત્રે જાગૃત કરવા ભારે પુરુષાર્થ કર્યો. પરિણામસ્વરૂપે આશ્રમ સ્થપાયાનાં થોડાંક વર્ષોમાં વિર્દ્યાર્થીઓથી આશ્રમ ઉભરાવા લાગ્યો. આ આશ્રમ અને વિદ્યાલયના બાળકોના સંસ્કાર ઘડતરમાં અને સમાજમાં પ્રચલિત કુરુઢિઓની નાબૂદીમાં તેમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. વિદ્યાલયની સ્થાપના પાછળનું તેમનું ધ્યેય પ્રાચીન ગુરુકુળની પરંપરાનું અણીશુદ્ધ નિર્વહણ કરતી વિશાળ ફલકવાળી કેળવણીની સંસ્થા તરીકે વિકસાવવાનું રહ્યું હતું. અહીં તેમણે ગૌશાળા પણ શરૂ કરી. આ શાળાનો વિદ્યાર્થી સ્વાવલંબી બને તે હેતુસર સુથારી, લુહારી, મુદ્રણ, કાંતણ, વણાટ વગેરેના વ્યવસાયિક શિક્ષણની વ્યવસ્થા પણ કરવામાં આવી. (આ સંસ્થાના વિકાસમાં પૂ. છગનભાનાં પુરુષાર્થ અને આત્મશ્રધ્ધાનાબળની અંતરંગ ઝાંખી મેળવવા માટે આ જ સંસ્થાના સેવાનિવૃત્ત આચાર્ય અને શીલભદ્ર સારસ્વત, સર્જક શ્રી મોહનલાલ પટેલ કૃત **'પ્રજ્ઞાદીપ છગનભા'** (૧૯૮૯, બીજી આવૃત્તિ ૨૦૦૭) વાંચી જવા ભલામણ છે.)

'વિદ્યાર્થી આશ્રમ' અને 'સર્વ વિદ્યાલય'ની સ્થાપનામાં પ્રારંભિક વર્ષોમાં પૂજ્ય છગનભા, પુરુષોત્તમદાસ પટેલ, આચાર્યશ્રી પોપટભાઈ પટેલ અને અન્ય સાથીઓ સંસ્થા માટે ફંડ ઉઘરાવવા વિદ્યાર્થીઓને લઈ જતા અને આ વિદ્યાર્થીઓ પાસે સમાજમાં ઘર કરી ગયેલાં અંધવિશ્વાસ અને સમાજસુધારણા સંબંધી સંવાદો અને નાટિકાઓ તૈયાર કરીને ભજવવામાં આવતી. આ સૌ સમાજસુધારણાંનાં કાર્યો હેતુ ક્વચિત પ્રાપ્ત અપમાનના ઘૂંટણા ગળી જઈને વિચલિત થયા સિવાય આ કાર્ય કરતા રહ્યા હતા. આ ઉપરાંત વહેલી સવારની નિયમિત પ્રાર્થના અને સાંધ્યવેળાના ભોજન સમયે પ્રાર્થના અને મુખ્ય ગૃહપતિશ્રીઓ (આચાર્યશ્રીઓ)નાં તથા ક્વચિત આમંત્રિત મહેમાનશ્રીઓનાં વક્તવ્યોમાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત હતી. આચાર્યશ્રી પ્રસંગોપાત્ત વિદ્યાર્થીઓની ઓરડીઓની રૂબરૂમાં મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠિ કરતા તેમજ વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક અને બૌદ્ધિક ઘડતરની અનેકવિધ પ્રવૃત્તિઓ આશ્રમનિવાસી વિદ્યાર્થીઓ માટે ખાસ કરવામાં આવતી હતી. 'સર્વ વિદ્યાલય'ના ધ્યેયને ઉજાગર કરી આપતું સર્વ વિદ્યાલયના હાયર એજ્યુકેશન પૂર્વ-ચેરમેન સ્વ. નરસિંહભાઈ કે. પટેલનું મંતવ્ય : ''એક પ્રગતિમય અને સમૃદ્ધ સમાજનું નિર્માણ કરવાનું છે. આવતી યુવા પેઢી માત્ર આર્થિક રીતે સમૃદ્ધ થાય એવી જ અમારી એકમાત્ર નેમ નથી, યુવકો આર્થિક રીતે સમૃદ્ધ બને અને રાષ્ટ્રને સમૃદ્ધ બનાવે, ઉમદા ચરિત્રનું નિર્માણ થાય, સદાચાર અને સંસ્કારનું ઘડતર થાય. જીવન સુશિક્ષિત બનાવી, યશસ્વી કારકિર્દી બનાવે. પ્રગતિમય અને સમૃદ્ધ જીવન જીવે. નીતિમૂલ્યોનું જતન કરી, કુટુંબ, સંસ્થા અને રાષ્ટ્રનાં શાન અને ગૌરવ વધારે. ઉત્તમ નાગરિક બની એક ધબકતા, પ્રગતિશીલ અને નિત્યનૂતન સમાજનું નિર્માણ કરે એ જોવાનું પણ અમારું સ્વપ્ન છે'' સુચિંતનીય બની રહે છે.

વડોદરાના મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે આ વિદ્યાલયની મુલાકાત તા. ૪/૧/૧૯૨૬ના રોજ લીધી હતી. કેળવણીપ્રેમી મહારાજાએ અહીંની શિક્ષણપ્રથા રસપૂર્વક નિહાળીને પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, **''ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નો સેવ્યાં. પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું.**

ખૂબ જ ટૂંકા સમયગાળામાં આ શાળાની કીર્તિ એક રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા તરીકે પ્રસરી ગઈ હતી. આ સંસ્થા વિશે જાણ્યા બાદ મહાત્મા ગાંધીજીએ આ

સંસ્થાની મુલાકાત તા. ૨૩ જુલાઈ, ૧૯૨૯ના રોજ લીધી હતી. તેમણે જાહેર સભાને સંબોધતાં જણાવ્યું હતું કે, **'સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યકિતઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. એ સાંભળ્યું ત્યારથી અહીં જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવાજોગ છે. અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.'** આ મંડળ દ્વારા સમયાન્તરે આસપાસના પ્રદેશો જેમ કે, શેરથા, વિસનગર, વડનગર, પિલવાઈ અને બલોલની જરૂરિયાતોને ધ્યાને લેતાં ત્યાં શાળાઓની સ્થાપના કરીને શિક્ષણના પ્રચાર-પ્રસારમાં બહુમૂલ્ય યોગદાન આપ્યું. આટલું જ નહીં આ બધી સંસ્થાઓને પગભર કરીને તેનું સંચાલન કેટલાંક વર્ષો બાદ સ્થાનિક મંડળોને સોંપી દેવામાં આવ્યું હતું. હાલમાં, માત્ર વડનગરની શાળા આ મંડળના સીધા નિયંત્રણ હેઠળ સંચાલિત છે.

આ શાળાનું વાતાવરણ રાષ્ટ્રભાવનાથી ભરેલું રહેતાં રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ શાળાના સંસ્થાના સંચાલકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી રહી હતી અને જેલવાસ પણ વેઠયો હતો. સંચાલકો પૈકી શ્રી દાસકાકા, શ્રી રામચંદ્ર અમીન, પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ, શ્રી નગીનભાઈ પટેલ, શ્રી પ્રાણજીવન દેસાઈ વગેરે, શિક્ષકો પૈકી શ્રી પોપટલાલ પટેલ, શ્રી છગનભાઈ કા. પટેલ અને ચાલુ/ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકી શ્રી સોમાભાઈ લ. પટેલ, ડૉ. રણજિત અનામી, શ્રી જીવણલાલ પટેલ, શ્રી મગનભાઈ પટેલ, શ્રી અશ્વિનભાઈ પટેલ, વકીલ શ્રી ધનાભાઈ પટેલ, શ્રી મણિભાઈ પુ. પટેલ, શ્રી ત્રિભોવનદાસ પટેલ વગેરે ઉલ્લેખનીય છે. આ સંસ્થાની મુલાકાતે વખતોવખત ગણમાન્ય કેળવણીકારો, સાહિત્યકારો, સમાજસેવકો, રાજદ્વારીઓ વગેરે આવ્યા છે, અને તેમણે સૌએ આ સંસ્થા દ્વારા કરવામાં આવતી શૈક્ષણિક અને સંસ્કાર ઘડતરની પ્રવૃત્તિઓની માવજત અંગે હૃદયનો રાજીપો વ્યક્ત કર્યો છે.

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'સૌરાષ્ટ્ર સેવા સમાજ' સુરત દ્વારા નિર્માણ કરવામાં આવનાર બૉય્ઝ હોસ્ટેલનું તા. ૧૫ ઓકટોબરના રોજ ઓનલાઈન ખાતમુર્હૂત કરતાં પ્રાસંગિક ઉદ્બોધનમાં આ સંસ્થાના આદ્ય પ્રેરણાપુરુષ પૂ. છગન ભા અને આ સંસ્થા વિશે વ્યકત કરેલ અભિપ્રાય. **"आज गुजरात जिस उँचाई पर पहुंचा है, उसके पीछे अनेकों लोगों का तप-त्याग और तपस्या रही है. विशेषकर शिक्षा के क्षेत्र में अैसे-अैसे व्यकितत्व हुअे जिन्होंने गुजरात की शिक्षा व्यवस्था को मजबूत करने में बडी भूमिका निभाई. हम सब शायद जानते होंगे, उत्तर गुजरात में उनका जन्म हुआ, और आज गुजरात के हर कोने में उनको याद किया जाता है. अैसे ही अेक महापुरुष थे श्री छगनभा. उनका विश्वास था कि शिक्षा ही समाज के सशक्तिकरण का सबसे बडा माध्यम है. आप कल्पना कर सकते हैं, आज से १०२ साल पहले १९१९ में उन्होंने 'कडी' में सर्व विद्यालय केलवणी मंडल की स्थापना की थी. यह छगनभ्राता, यह दूरदष्टि का काम था. यह उनकी दूरदष्टि थी, उनका विजन था. उनका जीवन मंत्र था- कर भला होगा भला, और ईसी प्रेरणा से वो आने वाली पीढियों के भविष्य को संवारते रहे. जब १९२९ में गांधीजी, छगनभा-जी के मंडल में आये थे तो उन्होंने कहा था कि छगनभा बहुत बडा सेवाकार्य कर रहे हैं. उन्होंने लोगों से जयादा से जयादा संख्या में अपने बच्चे, छगनभा के ट्रस्ट में पढने के लिअे भेजने को कहा था."** આ ઉપરાંત ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન આ મંડળ સ્થાપિત નર્સિંગ કૉલેજના ઉદ્ઘાટન સમયેના પ્રાસંગિક ઉદ્બોધનમાં વ્યકત કરેલા શબ્દો : **"સામાન્ય રીતે સંસ્થાઓ ચલાવનારા લોકો મુખ્યમંત્રી પાસે આવે તો રોદણાં રડતા આવતા હોય કે આ થતું નથી ને પેલું થતું નથીની ફરિયાદો લઈને આવતા હોય છે કે પછી માગણીઓ લઈને આવતા હોય. પરંતુ એક જ અપવાદ જોઈએ તો શ્રી માણેકભાઈ સતત નવાં આયોજનો લઈને આવે છે. માણેકભાઈ સમય માગે ત્યારે સમજી જવાનું કે બે-પાંચ એકર જમીન આપવાની આવી. એ એક માત્ર એવી સંસ્થા છે કે જે નવા વિચારો અને આયોજનો સાથે આવે છે. ખૂબ સારી બાબત છે. તેમનું ટીમવર્ક પણ સારું છે. સારી રીતે તેઓ પ્રબંધન કરી રહ્યા છે'** અમારા ઉત્સાહ અને કાર્યશક્તિમાં પ્રાણફૂંકનાર બની રહ્યા છે.

શાળા પરિસરમાં જ કન્યા છાત્રાલય, ટેકનિકલ વિભાગ-ટેકનિકલ હાઈસ્કૂલ, ઑડિટોરીયમ વૉકેશનલ

ટ્રેનિંગ સેન્ટર, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, અદ્યતન મુદ્રણાલય, અધ્યાપન મંદિર, અંગ્રેજી માધ્યમનું વિદ્યાલય ઉપરાંત ઉચ્ચશિક્ષણ માટે બી.એસસી, એમ.એસસી, બી.એ, બી.બી.એ, બી.સી.એ, બી.એડ્, એમ.એડ્, એમ.બી.એ, એમ.સી.એ, પી.જી.ડી.સી.એ. વગેરે કૉલેજોની સ્થાપના કરવામાં આવી. તેમજ અદ્યતન છાત્રાવાસો તૈયાર કરીને કડીને ખરા અર્થમાં વિદ્યાધામમાં પરિવર્તિત કર્યું. હાલમાં અહીં વિવિધ અભ્યાસક્રમોમાં ૧૪૦૦૦ થી અધિક વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ ગરવી સંસ્થાના વિકાસના પાયામાં તેના આર્ષદ્રષ્ટા પૂજ્ય છગનભાની આત્મશ્રદ્ધા, પુરુષાર્થ અને નિઃસ્વાર્થ સેવા પરાયણવૃત્તિ પ્રેરકબળ રહ્યાં છે. આ પ્રેરકબળને જીવંત રાખવામાં અને મૂર્તિમંત કરવામાં ગાંધીદર્શનથી પ્રભાવિત અને સંસ્થા માટે સમર્પિત એવા ઋષિકુળના આચાર્યો સમા શ્રી પોપટલાલ પટેલ, શ્રી બાપુભાઈ ગામી, શ્રી નાથાલાલ દેસાઈ, શ્રી મોહનલાલ પટેલ અને શ્રી મનુભાઈ પટેલ મળ્યા જે આ સંસ્થાનું મોટું સદ્ભાગ્ય છે. કર્મયોગી આચાર્યશ્રીઓ, શિક્ષકો અને કર્મચારીઓની કાર્યનિષ્ઠાના પરિણામે કડી 'ઉત્તર ગુજરાતના કાશી', 'કડી સોનાની દડી', 'No Study Without Kadi' જેવી લોકોકિતઓથી અલંકૃત થયું.

ગુજરાતની રાજધાનીના શહેર તરીકે ગાંધીનગરની સ્થાપના કરવામાં આવતાં ગુજરાત સરકાર દ્વારા ૧૯૭૭માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું, અને આ હેતુસર મંડળને ૧૩ એકર જમીન ફાળવવામાં આવી. આ કેમ્પસની સ્થાપના અને વિકાસમાં મંડળના તત્કાલીન સમયના ચેરમેન સ્વ. દાસકાકા (પુરુષોત્તમદાસ ર. પટેલ)ની ભૂમિકા સરાહનીય રહી હતી. કાળક્રમાનુસાર મંડળ દ્વારા બાલમંદિરથી હાયર સેકન્ડરી સુધી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ, વિવિધ છાત્રાલયો તથા કન્યાઓ માટે વિનયન અને કૉમર્સ કૉલેજ, ઉપરાંત પી.ટી.સી. બી.એડ્. એમ.એડ્, બી. ફાર્મ, એમ. ફાર્મ, બી.બી.એ, બી.સી.એ, એમ.બી.એ, એમ.સી.એ, એમ.એસસી. (સી.એ. અને આઈ.ટી), પી.જી.ડી.સી.એ, બી.કાળ (અંગ્રેજી માધ્યમ), ડિગ્રી એન્જિનિયરિંગ, પોલિટેકનિક, બી.એસસી. નર્સિંગ, આઈ.એ.એસ. (ટ્રેઈનિંગ સેન્ટર), લલિત કલાઓ વગેરેના શિક્ષણ માટે ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ વિદ્યાસંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. અહીં આશરે કુલ ૩૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અહીં અદ્યતન વ્યવસાયિક ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ શરૂ કરવાનું શ્રેય ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલ અને હાયર એજ્યુકેશન ચેરમેન શ્રી નરસિંહભાઈ કે. પટેલ (એન.કે. પટેલ)ની દૂરંદેશિતાને શિરે રહે છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિકાસકૂચ સતત ઊર્ધ્વગતિએ ચાલુ રહી છે તેનું એક વધુ પ્રમાણ એ કે ગુજરાત વિધાનસભાએ વર્ષ ૨૦૦૭માં એકટ નંબર ૨૧ **'કડી સર્વ વિશ્વવિદ્યાલય'** ગાંધીનગર પસાર કરી પ્રાઈવેટ સ્વનિર્ભર યુનિવર્સિટી સ્થાપવાની અનુમતિ પ્રદાન કરી, જેને યુજીસીની પણ માન્યતા મળી છે. આ યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસની વ્યવસ્થા ઉપરાંત ૨૦ વિષયોમાં પીએચ.ડી.ના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવતાં વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં ૪૬૦ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં શોધપ્રબંધો રજૂ કરીને પીએચ.ડી. ની ડિગ્રી મેળવી છે. સંસ્થાના કર્ણધારો આ યુનિવર્સિટીને 'University of Excellence' તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા કૃતસંકલ્પ છે.

સ્થાપનાના ૧૦૨ વર્ષ પૂર્ણ કરી ચુકેલ આ મંડળ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની એક મહત્ત્વપૂર્ણ કડી છે. ગુજરાતના સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને રાજકીય વિકાસમાં આ મંડળનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. આ મંડળ સંચાલિત વિવિધ શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ અનેકવિધ ક્ષેત્રે ઉચ્ચતમ સિદ્ધિનાં શિખરો હાંસલ કર્યાં છે, જે સંસ્થા માટે ગૌરવરૂપ છે. સંસ્થાના વિકાસ માટે શિક્ષક પરિવાર અને વિદ્યાર્થીઓ ઉપરાંત એક મહત્ત્વપૂર્ણ કડી તે તેના કર્મયોગી અને સેવાપરાયણ કર્ણધારો/સંચાલકો- અને સમાજ છે. આ સંસ્થાને જે કર્ણધારો મળ્યા તે બધાજ કેળવણી પ્રેમી અને સંસ્થાના ભેખધારી સેવકો. આમ, મંડળના આ સભ્યો સમાજસેવા અને સમર્પણની ભાવનાથી પ્રેરાઈને સંસ્થામાંથી કોઈપણ પ્રકારનું માનદવેતન લીધા સિવાય કાર્ય કરે છે, આ મંડળ સાથે સંકળાયેલા સંચાલકો અને સભ્યશ્રીઓની એક આગવી ખાસિયત એ રહી છે કે તેઓ વ્યક્તિગત રીતે અલગ અલગ રાજકીય પક્ષો

સાથે સંકળાયેલા રહ્યા હોવા છતાં સર્વ વિદ્યાલય પરિસરમાં રાજકારણને પ્રવેશવા દીધું નથી. પ્રસંગોપાત્તનાં વક્તવ્યોમાં તેમને કહેતાં સાંભળ્યા છે કે રેલવેના પાટાની પેલી બાજુ રાજકારણ છોડીને સર્વ વિદ્યાલયમાં પ્રવેશ કરીએ છીએ. આ બાબતનું સૌ સાંગોપાંગ પાલન કરતા આવ્યા છે. ઉચ્ચગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવું એ આ સૌનું એક માત્ર ધ્યેય રહ્યું છે. સવિશેષતઃ સર્વ વિદ્યાલય અને કડીનગરનું આ એક મોટું સૌભાગ્ય છે. આ સંચાલકો દ્વારા પાળવામાં આવી રહેલી કેટલીક પ્રણાલિકાઓ જેમકે, કન્યા કેળવણીને ઉત્તેજન, વિદ્યાર્થી સહાયક ફંડ, મેનેજમેન્ટ કવોટાનો ત્યાગ અને મેરિટ આધારિત પ્રવેશ, ૧૦% વિદ્યાર્થીઓને ફી લીધા સિવાય પ્રવેશ આપવો - એ.આઈ.સી.ટી. દ્વારા સૂચિત 'ફી વીવર સ્કીમ'નો અમલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ૫% વિદ્યાર્થીઓને મેરિટ સ્કોલરશિપ આપવાની યોજના અને જરૂરતમંદોને ફીમાં રાહત આપવા પેટે પ્રતિવર્ષ રૂપિયા સવાથી દોઢ કરોડ જેટલી રકમ ફાળવવી, અધ્યાપકોને સંશોધન માટે પ્રોત્સાહન પૂરું પાડવા આર્થિક સહયોગ, શિક્ષકોની સમયાન્તરે 'શિક્ષક સજ્જતા કસોટી' લઈને ઉચ્ચગુણાંક મેળનારા શિક્ષકોને રા. ૭૫૦૦ થી ૩૦૦૦૦ સુધીની રકમનો પુરસ્કાર આપવો - આ અન્વયે કેટલાક શિક્ષકો દ્વારા કુલ રૂ. ૯૦,૦૦૦ સુધીની રકમનો પુરસ્કાર મેળવવો વગેરેનું અણીશુદ્ધ પાલન સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આગવી મુદ્રાને ઉજાગર કરે છે. આ મંડળ પોતાનું ઉત્તરદાયિત્વ પૂર્ણ સભાનતા સાથે નિભાવી રહ્યું છે અને તે પણ શૈક્ષણિક મૂલ્યોના જતન સાથે. એક બોર્ડિંગથી શરૂ કરી સમાજની ભાવિ જરૂરિયાતોને ધ્યાને લઈ અવનવા અભ્યાસક્રમો શરૂ કરતાં કરતાં યુનિવર્સિટી સુધીની હરણફાળ ભરવામાં આ બધા સંચાલકોની દૂરંદેશિતા અભિનંદનની અધિકારી બની રહે છે.

આ મંડળ સંચાલિત બે અનુદાનિત કૉલેજો : (૧) 'પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ' (કડી) અને (૨) 'ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ' (ગાંધીનગર) નેક (યુજીસી) દ્વારા અનુક્રમે સતત ૩ અને ૨ વખત 'એ' ગ્રેડ મેળવવાની સાથે જ 'College with Potential for Excellence Award' મેળવવાની સાથે કેન્દ્ર સરકાર દ્વારા ખાસ અનુદાન મેળવવા યશભાગી નીવડી રહી છે. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા પણ 'એએએ રેન્ક ૧'ના અવૉર્ડથી અલંકૃત છે. સાતત્યપૂર્વકની અસાધારણ સિદ્ધિ મેળવતી આ બંને કૉલેજો આપણા માટે અને સાથે સાથે સંબંધિત યુનિવર્સિટીઓ માટે પણ ગૌરવરૂપ છે.

સદ્‌ગત કર્મઠ ચેરમેન શ્રી માણેકલાલ પટેલના નેતૃત્વ હેઠળ મંડળની અભૂતપૂર્વ વિકાસકૂચ મંડળના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લેખાશે. તેમનું દૃષ્ટિવંત નેતૃત્વ, તરવરતો ઉત્સાહ અને પુરુષાર્થ તેમના ઉત્તરાધિકારીઓ માટે રોલ-મોડેલ બની રહેલ છે. તેમના વ્યક્તિત્વની નોંધપાત્ર વિશેષતા એ હતી કે તત્કાલીન સમયમાં મંડળની ૬૦થી અધિક કાર્યરત સંસ્થાઓની તમામ વિગતો હૈયે અને હોઠે રાખતા હતા. એક શિક્ષણમંત્રી માટે અપેક્ષિત દીર્ઘદૃષ્ટિ અને સજ્જતાથી પણ અધિક ક્ષમતા અને કોઠાસૂઝ તેઓશ્રી ધરાવતા હતા.

ચેરમેનશ્રી માણેકલાલ પટેલસાહેબ વર્ષ ૨૦૧૨માં દિવંગત થતાં 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' દ્વારા શ્રી વલ્લભભાઈ એમ. પટેલને સર્વાનુમતે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગર અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના ચેરમેન તરીકે અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના પ્રેસિડેન્ટ તરીકેની જવાબદારી તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૨થી સોંપવામાં આવતાં તેઓશ્રી આ જવાબદારી ઉત્તરદાયિત્વની સભાનતા સાથે વહન કરી રહ્યા છે. તેમના કર્મઠ અને દૃષ્ટિપૂત નેતૃત્વ હેઠળ મંડળ દ્વારા કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં બાલમંદિરથી ઉચ્ચશિક્ષણ સુધીના અભ્યાસ માટે કેટલીક નવતર સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે, જેમકે કડીમાં 'વિદુષ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ', 'પ્રમુખ સ્વામી સાયન્સ કૉલેજ' અંતર્ગત બેચલર અને માસ્ટર્સ ઑફ વોકેશનલ ટ્રેનિંગ કોર્સિસ શરૂ કરવા, 'ભવકુંજ સીબીએસઈ સ્કૂલ', 'ડૉ. રામભાઈ સ્કૂલ', 'ટૉય હાઉસ', ગાંધીનગરમાં 'સી. એમ. પટેલ ફિઝિયોથેરાપી કૉલેજ' (સ્નાતક અને અનુસ્નાતક), 'એમ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ' (આ અંતર્ગત વિજ્ઞાનના બહુવિધ વિષયોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસની જોગવાઈ), ગ્રીન કેએસવી સીએનસી/વીએમસી સ્કિલ ડેવલપેન્ટ સેન્ટર્સ, યામાહા અને ડાઈકિન વ્યવસાયિક

તાલીમ કેન્દ્ર, 'ટૉય હાઉસ' વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. ખાસ નોંધપાત્ર બાબત એ કે આંગણવાડીઓ કે જેમાં પ્રાયઃ સમાજના નીચલા વર્ગનાં બાળકો પ્રવેશ મેળવે છે તેવી પેથાપુર નગરપાલિકા વિસ્તારની ૧૪ અને ઊંટવા, તા. કડીની ૩ આંગણવાડીઓ મંડળ દ્વારા વર્ષ ૨૦૧૨થી દત્તક લઈને તેનો સુયોગ્ય નિર્વાહ કરવામાં આવી રહ્યો છે. ગુજરાત સરકાર દ્વારા અભૂતપૂર્વ પગલું એ ભરવામાં આવ્યું કે શ્રી વલ્લભભાઈના નેતૃત્વને પારખીને તેમજ તેમાં વિશ્વાસ મૂકીને ગાંધીનગરની ૬ સરકારી માધ્યમિક/ ઉચ્ચમાધ્યમિક શાળાઓના સંચાલનની જવાબદારી વર્ષ ૨૦૧૫થી 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ને સોંપવામાં આવી. આ વિશ્વાસ તેમણે સવાયો સાબિત કરી બતાવ્યો છે. આ સંસ્થાની સ્થાપનાના પાયામાં જ 'કર ભલા હોગા ભલા'ની ભાવના રહી હોવાથી સમયે સમયેના કાર્યવાહકો સમાજ સાથે ભારે નિસબત ધરાવતા આવ્યા છે - પ્રાકૃતિક કે માનવસર્જિત આપત્તિ સમયે સમાજની પડખે ઊભા રહેવામાં સ્વધર્મ સ્વીકારેલ છે.

ધ્યેયનિષ્ઠ અને સેવાપરાયણ કર્ણધારોનાં કાર્યોથી પ્રભાવિત થઈ સમાજ તરફથી કરોડો રૂપિયાનાં દાન મળી રહ્યાં છે. દાન સંદર્ભે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને કુલસચિવ શ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલયના પ્રતિનિધિ મંડળે ઑગસ્ટ ૨૦૧૮માં અમેરિકાની દાનયાત્રા કરતાં રૂપિયા ૩૫ કરોડનું દાન/દાનના પ્રસ્તાવો મેળવી લાવ્યા હતા. આ પૂર્વે વકીલ શ્રી ધનાભાઈ પટેલ અને આચાર્યશ્રી મોહનલાલ પટેલ દ્વારા અને ત્યાર બાદ શ્રી માણેકલાલ એમ. પટેલ, ડૉ. કનુભાઈ પટેલ અને આચાર્ય શ્રી મોહનલાલ પટેલના પ્રતિનિધિ મંડળએ પણ અપેક્ષાથી ઘણું અધિક દાન મેળવ્યું હતું. અહીં દાનગંગા અને જ્ઞાનગંગા વણથંભી સમાન ગતિએ પ્રવાહિત થઈ રહી છે. પ્રાચીન સમયના શ્રી અને સરસ્વતીથી શોભાયમાન પાટણ નગર માટે કવિ બાલચંદ્રએ **'वसंतविलास'** મહાકાવ્યમાં કહ્યું છે, **'कलहायते न सह शारदया कमलात्रवासरसलोभवति'** અર્થાત્ 'અહીં નિવાસ કરવાના રસલોભથી લક્ષ્મી સરસ્વતી સાથે કલહ કરતી નથી.' પ્રવર્તમાન સમયમાં આ ઉક્તિ કડીની આ સંસ્થા માટે પણ યથાર્થ રીતે લાગુ પડે છે.

પ્રો. કવિ અનામીએ સ્વર્ગવાસી પૂ. છગનભાને સંસ્થા જોવા આવવાનું પાઠવેલ આમંત્રણ :

**"જુઓ ભા !**

**વાવ્યાં બી ઊગ્યાં, ફૂલ્યાં, ફળ્યાં**
**ઝૂલે કેવું મહાવૃક્ષ આ !**
**જુઓ ભા !"**

**"એક કળી બહુ રીતે ફળી**
**સોનામાં સુગંધ કેવી મળી**
**એક વાર આવી ફરી**
**જુઓ આ –**
**ફળ્યા કેવા ભા !"**

જે આજના સર્વ વિદ્યાલય વિશે ઘણું બધું કહી જાય છે.

(નોંધ : આ મંડળની સ્થાપના અને તેના વિકાસની વિગતે ઐતિહાસિક રૂપરેખા માટે આચાર્યશ્રી મોહનલાલ પટેલ કૃત 'પ્રજ્ઞાદીપ છગનભા' બીજી આવૃત્તિ ૨૦૦૭) અને 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ)' (૨૦૧૫) જોઈ જવા ભલામણ છે. આ સંક્ષિપ્ત ઇતિહાસને આવકારતાં ડૉ. રણજિત પટેલ 'અનામી'ના શબ્દો : 'આ ઇતિહાસ વાંચતાં મને, ગંગોત્રીમાંથી પ્રગટતી વિશાળ ગંગાનો અને કબીરવડના જટાજૂટમાંથી પ્રસ્ફુટતા અનેક સંકુલ કબીરવડોનો અહેસાસ થયો. વડના એક નાનકડા બીજમાં કેટલી બધી વિરાટ શકિત ભંડારાયેલી છે તેનો આ રોમહર્ષણ ઇતિહાસ છે. એ ઇતિહાસ ભૂતકાળનું તો સ્મરણ તર્પણ કરે છે પણ વર્તમાનને સંસ્કારી-સંકોરી, ઉજ્જ્વલ ભાવિ માટે ઉદ્‌બોધન પણ કરે છે. આ ઇતિહાસ તો છે, સંસ્કૃતિઓના વિશ્વપ્રસિદ્ધ ઇતિહાસકાર ટૉયેન્બીના ચેલેન્જ રિસ્પોન્સની સ-દૃષ્ટાંત કથા અને એનું ભાષ્યવિવરણ' ગ્રંથની મૂલ્યવત્તાના દ્યોતક બની રહે છે. આ ગ્રંથો ઉપરાંત મંડળ દ્વારા તેના સ્થાપનાકાળથી પ્રકાશિત વાર્ષિક અહેવાલો, કેટલાંક વર્ષો સુધી પ્રકાશિત કરવામાં આવેલ 'સર્વપ્રિય' (૧૯૯૩-૨૦૦૮) 'સુવર્ણજયંતી સાપ્તાહિક' (૧૯૬૯-૧૯૭૧) અને દ્વૈમાસિક 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત' (૨૦૧૧ - ) સામયિકોના અંકો કાચી સામગ્રીના ખજાનારૂપ છે.)

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત સંસ્થાઓની યાદી

## સર્વ વિદ્યાલય કેમ્પસ્ : કડી

| | | સંસ્થાનું નામ | સંસ્થાના વડાનું નામ |
|---|---|---|---|
| (૧) | a | પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આર્ટસ્ કૉલેજ.<br>(શેઠશ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સરસ્વતી સદન, મુંબઈ) | ડૉ. અજયભાઈ એસ. ગોર<br>(એમ.એસસી., પીએચ.ડી.) |
| | b | પ્રમુખ સ્વામી અનુસ્નાતક કેન્દ્ર કેમેસ્ટ્રી. | પ્રિન્સિપાલ |
| | c. | પ્રમુખ સ્વામી અનુસ્નાતક કેન્દ્ર (ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી) સૅલ્ફ ફાઈનાન્સ. | |
| | d. | શ્રીમતી હીરાબેન બાબુભાઈ પટેલ બાયોટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ. | |
| | e | શ્રીમતી હીરાબેન વિઠ્ઠલદાસ હેમદાસ પટેલ પી.જી. સેન્ટર એન્ડ રિસર્ચ | ડૉ. મિનલ જે. ત્રિવેદી |
| | f | શ્રીમતી સુશીલાબેન રમણલાલ પટેલ (ડીંગુચાવાળા) લાઇબ્રેરી | (એમ.એસસી., પીએચ.ડી.) |
| | g. | શ્રીમતી મધુબેન ભોળાભાઈ પટેલ (ડીંગુચાવાળા) કૉન્ફરન્સ હૉલ | ઇન્ચાર્જ પ્રિન્સિપાલ |
| | h. | શ્રી શહીદવીર ત્રિભોવનદાસ નથ્થુદાસ પટેલ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર | |
| | i. | શ્રી અંબાલાલ હરજીવનદાસ પટેલ (શેરથા) ઈન્ડોર સ્પોર્ટસ્ કૉમ્પલેક્ષ એન્ડ મલ્ટીપરપઝ હોલ | |
| (૨) | | શ્રીમતી રાઈબેન અમથાલાલ ત્રિભોવનદાસ પટેલ હૉસ્ટેલ કેમ્પસ્ | |
| | a. | રાઈબેન ગોપાલદાસ પટેલ સાયન્સ કૉલેજ હૉસ્ટેલ. | |
| | b. | રેવાબેન વિશ્રામભાઈ શંકરભાઈ પટેલ ભોજનાલય | |
| | c. | સંતોકબા હાયર એજ્યુ. ઉમિયા (MBA/MCA) બૉઈઝ હૉસ્ટેલ | |
| | d. | શંભુભાઈ હરગોવનદાસ પટેલ ઉમિયા (B.Ed./P.T.C.) બૉઈઝ હૉસ્ટેલ | |
| | e. | શ્રીમતી માણેકબેન સી. કે. પટેલ બૉઈઝ હૉસ્ટેલ | |
| (૩) | | વિદૂષ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ | ડૉ. હિરેનકુમાર બી. પટેલ<br>(એમ.ઈ; પીએચ.ડી.) |
| (૪) | a. | નરસિંહભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ<br>મૅનેજમેન્ટ (M.C.A). | ડૉ. સંજયભાઈ એમ. શાહ<br>(એમ.સી.એ., પીએચ.ડી.) |
| | b. | નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ<br>મૅનેજમેન્ટ (B.C.A./B.B.A. કૉલેજ) | ડાયરેકટર |
| | c. | એસ. વી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ (M.B.A.) | ડૉ. ભાવિન પંડ્યા<br>(એમ.બી.એ.; પીએચ.ડી.)<br>ડાયરેકટર |
| | d. | મધુબેન પોપટલાલ પટેલ (સરસાવ) કૉલેજ ઑફ કૉમર્સ | ડૉ. કપિલભાઈ એમ. ત્રિવેદી |
| | e. | હિરેન પોપટલાલ પટેલ (સરસાવ) પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોમર્સ | (એમ.કૉમ; પીએચ.ડી.)<br>પ્રિન્સિપાલ |
| (૫) | a. | શ્રી વનમાળીદાસ ગલશાદાસ પટેલ કૉલેજ ઑફ એજ્યુ.<br>(બી.એડ્. કૉલેજ) | ડૉ. ભાવિકભાઈ શાહ<br>(એમ.એડ્; પીએચ.ડી.) |
| | b. | મેનાબેન આત્મારામ પટેલ (સરસાવ) પ્રાર્થના હોલ | પ્રિન્સિપાલ |
| (૬) | a. | સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન (મહિલા બી.એડ્. કૉલેજ.) | |
| | b. | શકરીબેન કાળીદાસ માધવલાલ પટેલ (સાલડી) સેમિનાર એન્ડ કોન્ફરન્સ હૉલ. | |
| (૭) | | મમતા સ્કૂલ ઑફ ઈન્ફરમેશન ટેક્નોલૉજી.<br>(સરકાર માન્ય કમ્પ્યૂટર અભ્યાસક્રમો) | શ્રી નરેશ યાદવ<br>મેનેજર |

| | | |
|---|---|---|
| (૮) | શ્રી સાંકળચંદ કાળીદાસ પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા<br>(ઉમિયાબેન સાંકળચંદ પટેલ ઔદ્યોગિક તાલીમ ભવન) | શ્રી સંજયભાઈ આર. પ્રજાપતિ<br>(બી.ઈ.-ઈ.સી.)<br>પ્રિન્સિપાલ |
| (૯) | a. રા.ર.શેઠશ્રી પ્રા.મ. વિવિધલક્ષી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ<br>(વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)<br>b. કાલુપુર બેંક ઉમિયા વિદ્યાર્થી આશ્રમ.<br>c. શ્રીમતી સુભદ્રાબેન બંસીભાઈ ખમાર બોઈઝ હોસ્ટેલ<br>હ. જાનકી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ પરિવાર | શ્રી કનુભાઈ એસ. પટેલ<br>(એમ.એસસી; એમ.એડ્.)<br>પ્રિન્સિપાલ |
| (૧૦) | a. શ્રી દશુભાઈ એ. પટેલ ટૅકનિકલ હાઈસ્કૂલ.<br>b. ટૅકનિકલ વિદ્યાર્થી આશ્રમ<br>ધ. મો. ટૅકનિકલ વિદ્યાર્થી આશ્રમ | શ્રી જીતેન્દ્રભાઈ પી. પટેલ<br>(એમ.એ.,એમ.ઍડ્.)<br>પ્રિન્સિપાલ |
| (૧૧) | પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ | ડૉ. ચંદ્રેશભાઈ જી. પટેલ<br>(એમ.એસસી.,<br>એમ.એડ્., પીએચ.ડી.)<br>પ્રિન્સિપાલ |
| (૧૨) | તુલસીદાસ ભગવાનદાસ પટેલ (ખરણા) તથા<br>ગોરધનભાઈ વિઠ્ઠલદાસ પટેલ (ખરણા) સેમિનાર હોલ | |
| (૧૩) | ડૉ. રામભાઈ એમ. પટેલ સ્કૂલ | અલકાબેન પટેલ<br>પ્રિન્સિપાલ |
| (૧૪) | a (૧) શ્રીમતી કમળાબેન અમૃતલાલ પટેલ શિવહરિ સૅકન્ડરી<br>ઍન્ડ હાયર સૅકન્ડરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી.<br>(૨) શ્રીમતી શારદાબેન ધર્માભાઈ પટેલ (ભટાસણ)<br>ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ | શ્રી રાજકુમાર એસ. વર્મા<br>(બી.એસસી., બી.ઍડ્.)<br>પ્રિન્સિપાલ |
| | (૩) શ્રીમતી ગોમતીબેન રામભાઈ પટેલ કિંડરગાર્ટન. | નમ્રતા ચૌહાણ<br>(એમ.એ., બી.એડ.)<br>પ્રિન્સિપાલ |
| | b. શ્રીમતી ડાહીબેન નારણદાસ ગોપાળદાસ પટેલ ઈંગ્લિશ મીડિયમ હૉસ્ટેલ<br>હ. દશરથભાઈ અને રમેશભાઈ નારણદાસ પટેલ. | |
| (૧૫) | ભવકુંજ સ્કૂલ | ડૉ. જીનલ જોષી<br>(એમ.એ. બી.એડ્., પીએચ.ડી.,<br>ડિપ્લોમા ઇન ફ્રેન્ચ)<br>શ્રી અજુ થોમસ -<br>(એમ.એસસી. બી.એડ.)<br>ડાયરેક્ટર |
| (૧૬) | મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર. | પ્રિન્સિપાલ કૈલાશબેન વી. નાયક |
| (૧૭) | શ્રીમતી ઈન્દિરાબેન નારણભાઈ માણેકલાલ પટેલ શિશુ વિદ્યાવિહાર | સંગીતાબેન એમ. પટેલ |
| (૧૮) | માસ્ટર માઈન્ડ પ્લે ગ્રૂપ | વંદનાબેન એસ. ભાટીયા |
| (૧૯) | શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબ કોન્ફરન્સ હોલ | |
| (૨૦) | મંગળાબેન ઈશ્વરભાઈ પટેલ (ઉંટવા) ટૉય હાઉસ | |
| (૨૧) | સર્વ વિદ્યાલય ક્રિએટિવ ઝોન | |
| (૨૨) | કમુબેન વારિગૃહ. | |
| (૨૩) | શેઠશ્રી ગોરધનભાઈ કૃષ્ણલાલ પરીખ ટ્યુબવેલ | |

(૨૪) શ્રીમતી રમીલાબેન શામળભાઈ પટેલના સૌજન્યથી
મેનાબેન મંગળદાસ પટેલ મધ્યસ્થ કાર્યાલય
(૨૫) ડૉ. જ્યંતીભાઈ એમ. પટેલ અતિથિગૃહ.
(૨૬) શ્રીમતી ગોમતીબેન કાળીદાસ પટેલ કમ્પ્યૂટર સેન્ટર

**શ્રીમતી ઉર્મિલાબેન ગોવિંદભાઈ દેસાઈ કન્યા કેળવણી સંકુલ, કડી**

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતી ઊર્મિલાબેન ગોવિંદભાઈ દેસાઈ કન્યા છાત્રાલય. | ડૉ. બાબુભાઈ આર. પટેલ |
| (૨) | શ્રીમતી શકરીબેન ડાહ્યાભાઈ પ્રહ્લાદભાઈ પટેલ, કડી.<br>(રાજા ઈન્ડસ્ટ્રીઝ) હાયર ઍજ્યુકેશન ગર્લ્સ હૉસ્ટેલ. | ડૉ. ચંદ્રેશભાઈ જી. પટેલ |
| (૩) | હરજીવનદાસ અંબાલાલ પટેલ ભોજનાલય. | |
| (૪) | ગૌતમભાઈ હરજીવનદાસ પટેલ ભોજનાલય. | |
| (૫) | બી. એમ. પટેલ છાત્રા નિવાસ. | |

**સર્વ વિદ્યાલય કેમ્પસ્ : સેક્ટર-૨૩, ગાંધીનગર**

**પટેલ સીતાબેન અંબાલાલ ત્રિભુવનદાસ પરિવાર (મોખાસણ) ઉચ્ચ શિક્ષણ સંકુલ, ગાંધીનગર.**

| | | |
|---|---|---|
| (૧) | કાલુપુર બેંક ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ<br>ઍન્ડ<br>ડી.આર. પટેલ સૅન્ટર ફૉર એડવાન્સ્ડ સ્ટડીઝ ઈન ફાર્માસ્યુટિકલ બાયો-ટૅક્નોલૉજી | ડૉ. શ્રીકલ્પ એસ. દેશપાંડે<br>(એમ.ફાર્મ., પીએચ.ડી.)<br>ઈન્ચાર્જ પ્રિન્સિપાલ |
| | એમ.એસસી. બાયોટૅક્નોલૉજી | ડૉ. કે. શશિકાન્ત<br>(એમ.એસસી., પીએચ.ડી.)<br>H.O.D. |
| | એમ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ એન્ડ રિસર્ચ | ડૉ. કેયૂર શાહ<br>(એમ.સી.એ., પીએચ.ડી.)<br>પ્રિન્સિપાલ |
| (૨) | બ્રહ્માણી કૃપા મેમોરિયલ હૉલ (ડીંગુચા). | |
| (૩) | ગં.સ્વ.ઈચ્છાબેન કાંતિલાલ પટેલ ઉમિયા કુમાર હૉસ્ટેલ. | |
| (૪) | શ્રી અંબાલાલ કેશવલાલ પટેલ (નારદીપુર) ઉમિયા કુમાર હૉસ્ટેલ. | |
| (૫) | શ્રીમતી મંગુબેન નારણદાસ પટેલ (ચોકસી) (રાજપુર) ભોજનાલય. | |
| (૬) | શ્રી ગોદડદાસ કસળદાસ પટેલ પરિવાર (ચાણસ્માવાળા) ઉમિયા કુમાર હૉસ્ટેલ. | |
| (૭) | પટેલ અમથીબેન રેવનદાસ શિવદાસ (ડીંગુચાવાળા) ઉમિયા કુમાર હૉસ્ટેલ. | |
| (૮) | સ્વ. પટેલ ડાહીબેન ભોળીદાસ અમથીદાસ (ડીંગુચાવાળા) ઉમિયા કુમાર હૉસ્ટેલ. | |
| (૯) | રેવાબેન મણિલાલ શંકરદાસ પટેલ (સાલડી) કુમાર હૉસ્ટેલ. | |
| (૧૦) | મેનાબેન મંગળદાસ પટેલ (સરસાવ) મધ્યસ્થ કાર્યાલય. | |
| (૧૧) | જોઈતારામ મંગળદાસ પટેલ (સરસાવ) એન.આર.આઈ. ગેસ્ટ હાઉસ. | |

**સર્વ વિદ્યાલય હાયર એજ્યુકેશન ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર શિક્ષણ સંકુલ : ગાંધીનગર**

| | | |
|---|---|---|
| (૧) | એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ.<br>(એમ.બી.એ.) | ડૉ. ભાવિન પંડ્યા<br>(એમ.બી.એ., પીએચ.ડી.)<br>ડાયરેક્ટર |

| | | |
|---|---|---|
| (૨) | એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ. (એમ.સી.એ) | રૂપેશભાઈ વ્યાસ (એમ.એસસી; એમ.ફીલ.) ઈન્ચાર્જ પ્રિન્સિપાલ |
| (૩) | ભોળાભાઈ સી. પટેલ કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.). | ડૉ. રમાકાન્ત પૃષ્ટિ (એમ.એ., પીએચ.ડી.) ડાયરેક્ટર |
| (૪) | ભોળાભાઈ સી. પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન. (બી.સી.એ.) | રૂપેશભાઈ વ્યાસ (એમ.એસસી; એમ.ફીલ.) ઈન્ચાર્જ પ્રિન્સિપાલ |
| (૫) | મમતા કમ્પ્યૂટર ટ્રેનિંગ સૅન્ટર. | ચિરાગભાઈ પટેલ (એમ.સી.એ.) |
| (૬) | અશ્વિનભાઈ અમૃતલાલ પટેલ (પલિયડ) ઈંગ્લિશ-ગુજરાતી મીડિયમ કૉમર્સ કૉલેજ. | ડૉ. વિજ્ઞા ઓઝા (એમ.કૉમ.,પીએચ.ડી.) પ્રિન્સિપાલ |

## માણેકલાલ એમ. પટેલ (કડીવાળા) સહશિક્ષણ સંકુલ : સે. ૨૩, ગાંધીનગર

| | | | |
|---|---|---|---|
| (૧) | | શેઠ સી. એમ. સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ. (વિજ્ઞાન પ્રવાહ) | ડૉ. ચેતના અરૂણભાઈ બુચ (એમ.એડ, પીએચ.ડી) ઈન્ચાર્જ પ્રિન્સિપાલ |
| (૨) | a. | શરદબેન શાંતિભાઈ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુ.(બી.ઍડ્.) | ડૉ. વીણાબેન કે. પટેલ (એમ.ઍડ્.,પીએચ.ડી.) (ડીન- શિક્ષણ વિદ્યા શાખા, કડી સર્વ વિશ્વવિદ્યાલય) ડૉ. જિજ્ઞાસા જોષી (એમ.એ.,એમ.ઍડ્., પીએચ.ડી.) (એચ.ઓ.ડી.) |
| | b. | રાજેન્દ્રકુમાર એચ.પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.ઍડ્.કૉલેજ | ર્ડા. કુસુમ યાદવ |
| | c. | અંબાલાલ વાઘજીભાઈ પટેલ (સિપોરવાળા) ઍજ્યુકેશન કૉલેજ સૅન્ટ્રલ લાઈબ્રેરી. | (એચ.ઓ.ડી.) |
| (૩) | a. | રાઈબેન ચંદુલાલ પટેલ (મોખાસણ) સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ (સૅલ્ફ ફાઈનાન્સ) (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ). | શ્રી વિનોદભાઈ આર. પટેલ (એમ.કૉમ., બી.ઍડ્.) ઈન્ચાર્જ પ્રિન્સિપાલ |
| | b. | શ્રી નરસિંહભાઈ કે. પટેલ વિજ્ઞાન પ્રયોગશાળા. | |
| | c. | રાઈબેન નરસિંહભાઈ પટેલ પ્રાથમિક શાળા. | શ્રી દશરથભાઈ કે. પટેલ (બી.એસસી., બી.ઍડ્.) પ્રિન્સિપાલ |
| (૪) | | જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા. | શ્રીમતી નિવાબેન બી. પટેલ (એમ.એ.,બી.ઍડ્.) પ્રિન્સિપાલ - |
| (૫) | | વી.એમ.પટેલ કુમાર બાલમંદિર અને એચ.વી. પટેલ કન્યા બાલમંદિર | શ્રીમતી હસુમતી રામી (બી.એ., બી.એડ્.), પ્રિન્સિપાલ |

(૬) રાઈબેન નરસિંહભાઈ મહિલા હૉસ્ટેલ.
(૭) હીરાબા ભોજનાલય.
(૮) વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ કુમાર બાલમંદિર.
(૯) શ્રી મહેન્દ્ર મિલ્સ ઉમિયા કુમાર છાત્રાલય.
(૧૦) શ્રી પુરૂષોત્તમભાઈ અને ભીખાભાઈ ઉમિયા કુમાર છાત્રાલય.
(૧૧) શ્રી રમણભાઈ ડી. પટેલ ઉમિયા કુમાર છાત્રાલય.
(૧૨) શ્રી બાબુભાઈ એસ. પટેલ ઉમિયા કુમાર છાત્રાલય.
(૧૩) શ્રીમતી કાશીબેન કેશવલાલ પટેલ (વામજવાળા) ભોજનગૃહ.
(૧૪) પશીબેન કાળીદાસ ઉમેદદાસ પટેલ મધ્યસ્થ વારિગૃહ (રાજપુર).

## જગદીશભાઈ નટવરલાલ પટેલ (ડાંગરવા) ઈંગ્લિશ મીડિયમ કૅમ્પસ્, ગાંધીનગર.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી એમ. બી. પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ | શ્રી અર્પિત ક્રિશ્ચિયન (બી.પી.ઈ.એમ; એમ.એડ્; એમ.ફીલ.) પ્રિન્સિપાલ |
| (૨) | સવિતાબેન ગોવિંદભાઈ પટેલ ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ. | શ્રીમતી સલીના નાયર (એમ.એ., બી.એડ્.) પ્રિન્સિપાલ |
| (૩) | એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ | સુખરામભાઈ ચૌધરી (એમ.એ., બી.એડ્.) પ્રિન્સિપાલ |
| (૪) | શિવકોરબા કાળિદાસ પટેલ કિન્ડરગાર્ટન (અંગ્રેજી માધ્યમ, કે.જી.) | દીપાલી જોષી (એમ.એ., બી.એડ્.) પ્રિન્સિપાલ |
| (૫) | એસ.વી. ઈંગ્લિશ મીડિયમ બાલમંદિર | જીજ્ઞાબેન બુચ (બી.કૉમ.) પ્રિન્સિપાલ |

## કાલુપુર બેંક કન્યા કેળવણી સંકુલ : ગાંધીનગર.

| | | |
|---|---|---|
| (૧) | ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ. (શેઠશ્રી જીવાભાઈ અંબાલાલ પટેલ સરસ્વતી સદન) | ડૉ. હરિતભાઈ એસ. પટેલ (એમ.એ., પીએચ.ડી.) ઈન્ચાર્જ પ્રિન્સિપાલ |
| (૨) | શેઠશ્રી ખીમજી વિસરામ ઍન્ડ સન્સ, મુંબઈ. સંસ્કાર ભવન (ઓડિટોરિયમ) | |
| (૩) | કાલુપુર બેંક કમ્પ્યૂટર સાયન્સ સૅન્ટર. | |
| (૪) | શ્રીમતી સીતાબેન નારણદાસ પટેલ (ડાંગરવા-યુ.એસ.એ.) ગર્લ્સ કૉલેજ લાઈબ્રેરી. | |
| (૫) | રાઈબેન ગોપાલદાસ પટેલ માધ્યમિક ગર્લ્સ ઍન્ડ શ્રીમતી સવિતાબેન બાબુભાઈ પટેલ ઉ.મા. ગર્લ્સ સ્કૂલ. (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ) | શ્રી ગીતેશભાઈ એ. પટેલ (એમ.એસસી., એમ.ઍડ્.) ઈન્ચાર્જ પ્રિન્સિપાલ |

| | | |
|---|---|---|
| (૬) | શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ પ્રાથમિક કન્યા શાળા. | શ્રીમતી નિરૂબેન જે. પટેલ<br>(બી.એ., બી.એડ્.)<br>પ્રિન્સિપાલ |
| (૭) | શ્રી બળદેવભાઈ ગોપાલદાસ પટેલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય. | શ્રીમતી વસંતીબેન પટેલ |
| (૮) | અંબાલાલ ગોપાળદાસ પટેલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય (એનેક્ષી) | (સુપ્રિટેન્ડેન્ટ) |
| (૯) | નારણદાસ ગોપાળદાસ પટેલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય. | |
| (૧૦) | લોદરિયા પરિવાર (સરસાવ) ઉમિયા ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય. | |
| (૧૧) | વર્ષાબેન રમેશભાઈ નરોત્તમદાસ દીવાન (પલિયડ) U.S.A.<br>હાયર એજ્યુકેશન ઉમિયા કન્યા છાત્રાલય. | |
| (૧૨) | રંજનબેન ભીખાભાઈ માધવલાલ પટેલ (કરજીસણ) ક્રિએટીવ ઝોન | કિરણબેન પટેલ |
| (૧૩) | કમળા અમૃત ટૉય હાઉસ | (બી.એસસી., એમ.એડ્.)<br>(એચ.ઓ.ડી) |

## રાઈબેન નરસિંહભાઈ પટેલ લલિતકલા એકેડેમી, ગાંધીનગર

| | | |
|---|---|---|
| (૧) | મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર | શ્રી સચિન સોની<br>(એમ.સી.એ.)<br>ડાયરેક્ટર |
| (૨) | સ્કૂલ ઑફ ક્લાસિકલ આટ્ર્સ એન્ડ હૉબી.<br>(સંગીત, નૃત્ય, ચિત્ર વગેરે) | દીનાબેન ડોડિયા<br>(બી.એ., કથકનૃત્ય વિશારદ)<br>(એચ.ઓ.ડી) |
| (૩) | મમતા સ્પોર્ટ્સ સેન્ટર. | |
| (૪) | શિવાભાઈ વી. પટેલ શિવણ - ભરતગૂંથણ. | |
| (૫) | વ્યક્તિત્વ વિકાસ માટેના વર્ગો. | |
| (૬) | ઈંગ્લિશ સ્પીકીંગના વર્ગો. | |

## સર્વ વિદ્યાલય કેમ્પસ ગાંધીનગર, સેક્ટર-૧૫

| | |
|---|---|
| **એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ** | ડૉ. ગાર્ગી રાજપરા<br>(એમ.ઈ.,પીએચ.ડી.)<br>પ્રિન્સિપાલ |
| વી.પી.એમ.પી. પોલિટેકનિક, સે. ૧૫, ગાંધીનગર | પ્રો. પાવન એમ. ભટ્ટ<br>(એમ.ટેક.)<br>ઈન્ચાર્જ પ્રિન્સિપાલ |
| ● **એમ.સી.એ. - સે. ૧૫** | |
| ● **એમ.એસસી. આઈ.ટી.** | ડૉ. ભદ્રેશ પંડ્યા<br>(એમ.સી.એ.)<br>(એચ.ઓ.ડી) |
| ● **એમ.બી.એ. - સે. ૧૫** | પ્રો. સૂર્યકૃષ્ણન્ મંત્રાલા<br>(એમ.કૉમ.) |

૧. શ્રીમતી દક્ષાબેન વિનોદભાઈ મણિલાલ પટેલ (સરસાવ) એલ.ડી.આર.પી. ઍન્જિનિયરિંગ કૉલેજ ભૂમિ દાતા.

૨. શ્રીમતી કાન્તાબેન જ્યંતીભાઈ પટેલ (U.S.A.) ડીપાર્ટમેન્ટ ઑફ એમ.બી.એ. અને એમ.સી.એ.
૩. શ્રીમતી લક્ષ્મીબહેન અંબાલાલ પટેલ (મોખાસણ) કૉલેજ બિલ્ડીંગ બ્લોક-એ, ફર્સ્ટ ફ્લોર.
૪. સી.કે. ઍન્ડ એ. કે. પટેલ (સરસાવ) ગર્લ્સ હૉસ્ટેલ.
૫. શ્રીમતી જયશ્રીબહેન વિનોદકુમાર પટેલ અને શ્રીમતી શર્મિષ્ઠાબેન હર્ષદકુમાર પટેલ (મોખાસણ) બોઈઝ હૉસ્ટેલ.
૬. શ્રી બળદેવભાઈ શંકરભાઈ પટેલ (રાજપુર) બોઈઝ હૉસ્ટેલ ભોજનાલય.
૭. શ્રી પ્રહ્લાદભાઈ રણછોડભાઈ પટેલ (સાલડી) બોઈઝ હૉસ્ટેલ.

- **શારદાબેન ભગુભાઈ મંગળદાસ પટેલ નર્સિંગ કેમ્પસ્, ગાંધીનગર**

૧. શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ — રાજેશભાઈ રાવલ
૨. શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ નર્સિંગ કૉલેજ હૉસ્ટેલ — (એમ.એસસી. નર્સિંગ) ઈન્ચાર્જ પ્રિન્સિપાલ -
૩. શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ ફિઝીયોથેરાપી — ડૉ. કે. વૈદ્યનાથન્ (એમ.પી.સી., પીએચ.ડી.) પ્રિન્સિપાલ

- કેમ્પસ્ ડાયરેક્ટર, સેક્ટર-૨૩, ગાંધીનગર — ડૉ. સોમભાઈ સી. પટેલ

- **કડી સર્વ વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી) :** ઈશ્વરભાઈ એ. પટેલ (શેરથા) ભવન
  - પ્રેસિડેન્ટ - શ્રી વલ્લભભાઈ એમ. પટેલ.
  - ઈન્ચાર્જ ડાયરેક્ટર - ડૉ. ગાર્ગી રાજપરા
  - રજિસ્ટ્રાર - શ્રી સૂર્યકૃષ્ણન્ મંત્રાલા.

- **નવીન સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, વડનગર** — શ્રી રમેશભાઈ એન. પંડ્યા
  (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ) — ઈન્ચાર્જ આચાર્યશ્રી (એમ.એ; બી.એડ્.)

- **રાજ્ય સરકાર ધ્વારા સોંપવામાં આવેલી શાળાઓ**

**૧. ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય, પાલજ** — કૈલાસબેન પટેલ (એમ.એ; એમ.એડ્.) ઈન્ચાર્જ આચાર્યશ્રી
**૨. સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭** — શ્રી મુકેશભાઈ બી. જાની (એમ.એસસી; એમ.એડ્.) આચાર્યશ્રી
**૩. સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨** — શ્રી ભાવેશકુમાર બી. જાની (એમ.એ; એમ.એડ્.)આચાર્યશ્રી
**૪. મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬** — શ્રી હસમુખભાઈ એસ. પટેલ (બી.એ; બી.એડ્.) ઈન્ચાર્જ આચાર્યશ્રી

(સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત સંસ્થાઓની યાદી મંડળના વાર્ષિક નિવેદન વર્ષ ૨૦૨૦-૨૧, પૃ. ૬થી ૧૧માંથી સાભાર)

# રાષ્ટ્રનો સ્વાતંત્ર્યસંગ્રામ અને સર્વ વિદ્યાલય

3

**('આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીના ઉપલક્ષ્યમાં 'સર્વ વિદ્યાલય'ની અંજલિ)**

**મણિભાઈ પ્રજાપતિ**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ આપણે બ્રિટિશરોના પ્રાયઃ ૨૦૦ વર્ષના શાસનમાંથી તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદી મેળવી હતી. આપણે આઝાદીના ૭૫મા વર્ષમાં – અમૃતપર્વ વર્ષમાં ૧૫ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ પ્રવેશ કરી લીધો છે. આ મહોત્સવની ઉજવણી ભારત સરકાર દ્વારા એક **'જન ઉત્સવ'** તરીકે **'આઝાદી કા અમૃત મહોત્સવ'** નામ હેઠળ ખાસ અભિયાન હાથ ધરીને આઝાદી માટે ખેડેલ સંઘર્ષો, વીર શહીદોની રાષ્ટ્રભકિત વગેરે બહુવિધ આનુષંગિક પ્રવૃત્તિઓની અને ગત ૭૪ વર્ષમાં રાષ્ટ્રે હાંસલ કરેલ ઉપલબ્ધિઓની ખાસ કરીને યુવાપેઢીને માહિતગાર કરાવવાના હેતુસર અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન સમગ્ર રાષ્ટ્રમાં કરવામાં આવી રહ્યું છે. ભારત સરકાર દ્વારા નક્કી કર્યા મુજબ આ ઉજવણી ૧૫ ઑગસ્ટ, ૨૦૨૩ સુધી ચાલુ રહેશે.

રાષ્ટ્રના આ સ્વાતંત્ર્યસંગ્રામમાં આબાલવૃદ્ધ સૌ નાગરિકો અને બહુવિધ સંસ્થાઓની સક્રિય ભાગીદારી રહી હતી. 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડી (૧૯૧૯) દ્વારા કડીમાં 'વિદ્યાર્થી આશ્રમ' (૧૯૨૦) અને 'પાટીદાર વિદ્યાલય' (૧૯૨૨) (હવે - સર્વ વિદ્યાલય)ની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાઓના સ્થાપનાના આદ્ય પ્રેરક-પ્રેરણાદાતાનું તેમજ આ સંસ્થાઓના ધ્યેયનિષ્ઠ સુદૃઢ ઘડતર અને ચણતરનું શ્રેય પૂજ્ય છગનભાના શિરે રહે છે. પૂજ્ય છગનભા, શ્રી નગીનભાઈ પટેલ વગેરે ગાંધીજીવનદર્શનથી પ્રભાવિત હતા. પરિણામે આ શાળા ખૂબ જ ટૂંકા સમયગાળામાં રાષ્ટ્રીય શાળા તરીકેની ઓળખ પામી હતી. રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલી આ શાળાની મુલાકાત ગાંધીજીએ ૨૩ જુલાઈ, ૧૯૨૯ના રોજ લીધી હતી. આ મુલાકાત સમયે તેમની સાથે કસ્તૂરબા, પ્યારેલાલ અને ડૉ. હરિપ્રસાદ દેસાઈ હતા. ગાંધીજીએ સંસ્થાની પ્રવૃત્તિઓ ઝીણવટપૂર્વક જોઈ અને પ્રસન્નતા વ્યકત કરતાં વિદ્યાર્થીઓને 'રેંટિયાને વળગી રહેવા અને પોતાનું કાપડ પોતાની જાતે વણવા' બોધ આપ્યો હતો. વધુમાં, પોતાના જાહેર ભાષણમાં નગરજનોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે 'અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન

કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે... પરદેશી ધાગો પણ કાઢી નાખી ખાદી રાખવી જોઈએ' (૯. પૃ. ૪૬-૪૭ ૧૦. પૃ. ૧૦૦-૧૦૧). આ સંસ્થા પ્રારંભથી જ રાષ્ટ્રીય રંગે રંગાયેલી રહી હતી (૧૦. પૃ. ૧૦૦-૧૦૧) અને તેમાંય ગાંધીજીની મુલાકાતથી આ ભાવના વધુ બળવત્તર બની રહી હતી. જે સંસ્થામાં મહાત્મા ગાંધીનાં પુનિત પગલાં પડ્યાં હોય તે સંસ્થા સ્વાભાવિક રીતે જ આઝાદીની લડતમાં ઓતપ્રોત બની રહે જ. જેની પ્રતીતિ આ સંસ્થાઓના સ્થાપનાકાળથી ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધીના સમયગાળામાં વિદ્યાર્થી રહી ચૂકેલાઓ તેમજ ગૃહપતિ, શિક્ષક, આચાર્ય અને સંચાલક મંડળના સેવક/હોદ્દેદાર તરીકે સેવાઓ આપી ચૂકેલાઓએ પોતાની પ્રત્યક્ષ ભાગીદારીની વિગતો અત્ર-તત્ર શબ્દબદ્ધ કરી છે. આ ઉપરાંત સંશોધકો દ્વારા આ સંબંધી પ્રાપ્ત સાહિત્ય / દસ્તાવેજોના આધારે પણ કેટલીક વિગતો ઉજાગર કરી આપવામાં આવી છે, તેના થકી થાય છે.

સર્વ વિદ્યાલયનાં પરિવારજનો - વિદ્યાર્થીઓ, શિક્ષકો, મંડળના સેવકો/હોદ્દેદારશ્રીઓ – એ સ્વાતંત્ર્યની લડતમાં પ્રાયઃ ૧૯૩૦ થી ૧૯૪૭ (આઝાદીપર્યંત) સુધી ભાગ લીધો હતો તે પૈકીનાં કેટલાંકનાં સંસ્મરણો અને અન્ય આનુષંગિક માહિતી નીચે દર્શાવેલા ગ્રંથોમાં સુલભ છે : **૧.** 'સુવર્ણ જયન્તી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક' – ૧૯૬૯થી ૧૯૭૧ / તંત્રી : પુરુષોત્તમદાસ પટેલ, સંપા. મોહનલાલ બા. પટેલ વગેરે, **૨.** શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (ઉ.ગુ.) : અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ / સંપા. મોહનલાલ બા. પટેલ અને ભાઈલાલભાઈ જી. પટેલ, ૧૯૮૪, **૩.** કર્મયોગી દાસકાકા : પુરુષોત્તમદાસ ર. પટેલ / ડૉ. મંગુભાઈ પટેલ, ૧૯૯૦, **૪.** સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા / ડૉ. મંગુભાઈ પટેલ, ૨૦૦૮, **૫.** બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી : એક અલગારી આચાર્ય (ઈ.સ. ૧૮૯૬ થી ૧૯૪૩) / ડૉ. મંગુભાઈ પટેલ, ૨૦૦૯, **૬.** અનોખા આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈ / ડૉ. મંગુભાઈ પટેલ, અને પ્રા. ત્રિકમભાઈ પટેલ, ૨૦૦૮, **૭.** કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વર્ષ ૧૯૪૭ સુધીનાં વાર્ષિક નિવેદનો. **૮.** કનૈયાલાલ જોશી "બેતાલીસના આંદોલન અંગે શહેર કડીની કડીબદ્ધ કડીઓ." કડીની ગૌરવગાથા. સંપા. યશવંત કડીકર. કડી : સંપાદન કડીકર, ૧૯૭૮. **૯.** પ્રજ્ઞાદીપ છગનભા / મોહનલાલ પટેલ, ૧૯૮૯. **૧૦.** સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી અને ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઈતિહાસ) / મોહનલાલ પટેલ, ૨૦૧૫. **૧૧.** મહેસાણા-પાટણ જિલ્લા સ્વાતંત્ર્ય સૈનિકોનો ટૂંકો જીવન પરિચય / મોહનલાલ પટેલ, ૧૯૯૮. (નોંધ : આ બધા સ્રોતોમાંથી આ લેખમાં કેટલાંક અવતરણો ઉદધૃત કરવામાં આવ્યાં છે. સંબંધિત સ્રોત સંબંધી સંપૂર્ણ વિગતો જે તે અવતરણ સામે પ્રસંગોપાત્ત નોંધવાના વિકલ્પે સ્થળ સંકોચના કારણે સંબંધિત સ્રોતનો અહીં નોંધેલ ક્રમ નંબર અને પૃષ્ઠ નંબર કૌંસમાં દર્શાવવામાં આવ્યાં છે.)

બંને મંડળોનાં ૧૯૪૭ સુધીના વાર્ષિક નિવેદનોમાંથી પસાર થતાં સ્પષ્ટ જણાયું છે કે આઝાદીની ચળવળને પોષક એવી હાથ ધરવામાં આવેલી શાંત ક્રાંતિ સમ કેટલીક પ્રવૃત્તિઓની આ નિવેદનોમાં કાળજીથી નોંધ લેવામાં આવી છે, જેમ કે ટિળક જયંતી, ગાંધી જયંતી અને રેંટિયા બારશની ઉજવણી અને આ અંતર્ગત ગ્રામસફાઈ, સમૂહકાંતણ, ગાંધીકુટીર, ધ્વજવંદન વગેરેનું આયોજન કરવું, વડોદરા રાજ્યના ખાદી નિરીક્ષક શ્રી અભ્યંકર દાદા દ્વારા 'ખાદી રહસ્ય' વિશે વિદ્યાર્થીઓને પ્રવચન આપવું, મંડળ દ્વારા ૪૦ રેંટિયા મંગાવીને શાળામાં રેંટિયાનો એક વર્ગ શરૂ કરવો વગેરે. આ ઉપરાંત મીઠા સત્યાગ્રહમાં જોડાયેલ વિદ્યાર્થીઓ અને હરિપુરા કૉંગ્રેસ (૧૯૩૮)ના અધિવેશનમાં આશ્રમના ૧૭ વિદ્યાર્થીઓનું સ્વયંસેવક તરીકે જોડાવા સંબંધી ઉલ્લેખ છે (ક.પા.કે.ઉ.મં. ૧૯૩૭ -૩૮ વાર્ષિક નિવેદન, પૃ. ૧૪), પરંતુ વિદ્યાર્થી આશ્રમના કયા કયા વિદ્યાર્થીઓ મીઠા સત્યાગ્રહમાં ભાગ લેવા ગયા હતા તે તેમજ હરિપુરા કૉંગ્રેસમાં સ્વયં સેવક તરીકે જોડાયેલા ૧૭ વિદ્યાર્થીઓની યાદી આ નિવદેનોમાં આપવામાં આવી નથી. આ પૈકીના એક વિદ્યાર્થી શ્રી ધનાભાઈ પટેલ હતા કે જેઓશ્રી આ શાળાના વર્ષ ૧૯૩૨-૩૩થી ૧૯૩૮-

૩૯ સુધી વિદ્યાર્થી હતા. અત્રે નોંધવું રહ્યું કે સમયાન્તરે તેમણે (વકીલ ધનાભાઈ હ. પટેલ) આ સંસ્થામાં આજદિન સુધીના સેવકોમાં મંત્રી, ઉપપ્રમુખ અને ચૅરમૅનશ્રીના હોદ્દાઓ ઉપર સૌથી લાંબી અવધિ સુધી અર્થાત્ સતત ૫૧ વર્ષ સુધી સેવાઓ આપી હતી.

આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ઇતિહાસવિદ્ ડૉ. મંગુભાઈ પટેલે તારવ્યું છે કે '૧૯૩૫-૩૬નાં નિવેદનના આધારે કહી શકાય કે, શારીરિક વિકાસ પર ધ્યાન આપવામાં આવતું. મહેસાણા વ્યાયામસંમેલનમાં ૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગાંધીજયંતીને દિવસે વિદ્યાર્થીઓએ ૨૪ કલાક – અખંડ બે રેંટિયા ચલાવ્યા હતા. છાત્રાલય સંમેલનો પણ ભરવામાં આવતાં. દક્ષિણામૂર્તિ સંસ્થાવાળા નાનાભાઈ ભટ્ટ અને વિદ્યાપીઠમાંથી શ્રી વિઠ્ઠલભાઈ કોઠારી, બબલભાઈ મહેતા, રવિશંકર મહારાજ, ડૉ. સુંમત મહેતા, રામનારાયણ પાઠક, નૃસિંહપ્રસાદ ભટ્ટ વગેરે આશ્રમમાં મહેમાન તરીકે આવ્યા હતા'. (૪. પૃ. ૧૬૯)

વર્ષ ૧૯૪૮-૪૯ના ક.પા.ઉ.કે. મંડળના નિવેદનમાં વડોદરા રાજ્યનું મુંબઈ રાજ્ય સાથે થયેલું જોડાણ તેમજ આઝાદીના સંઘર્ષમાં આપેલ ફાળા સંદર્ભે સૂચક નોંધ છે : ''આ ક્રાન્તિકારી પલટાઓ લાવનાર આંદોલનો અને પ્રસંગોમાં આપણી સંસ્થા અને તેના આગેવાન સભાસદો તથા કાર્યકર્તાઓનો નોંધપાત્ર ફાળો છે તે આપણે માટે હર્ષનો વિષય છે અને તેમાંય આપણી સંસ્થાના ઉપપ્રમુખ શ્રીયુત રામચંદ્રભાઈની વડોદરાની પ્રથમ પ્રજાકીય સરકારમાં પ્રધાન તરીકેની નિમણૂક એ આ સંસ્થાને માટે ગૌરવની બાબત છે.''

## ૧. સ્વાતંત્ર્યની લડતમાં સંસ્થાના સેવકો / હોદ્દેદારોનું પ્રદાન :

'રાષ્ટ્રીયતાના રંગથી રંગાયેલા અને ગાંધીવિચારસરણીથી પ્રભાવિત નિષ્ઠાવાન શિક્ષકો સંસ્થાને મળી રહ્યા એ પણ સંસ્થાનું એક સદ્નસીબ હતું. શ્રી કુબેરભાઈ પટેલ કમળાશંકર ત્રિવેદીના વિદ્યાર્થી, સિનિયર થયેલા અને આશ્રમમાં ગૃહપતિ તરીકે સેવાઓ આપવા માટે સરકારી નોકરી છોડી હતી. એમણે શાળામાં પણ સેવા આપવાનું સ્વીકાર્યું. **શ્રી પોપટભાઈ ગુલાબદાસ પટેલ** એમણે ગાંધીજીનાં શાળા-કૉલેજ-શિક્ષણના બહિષ્કારના આદેશને અનુસરીને કૉલેજના છેલ્લા વર્ષની પરીક્ષા નહીં આપેલી. પછીથી ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા હતા. એમને શાળાના આચાર્ય તરીકેનું સુકાન સોંપાયું. અન્ય શિક્ષકોમાં શ્રી છગનભાઈ કાળિદાસ પટેલ કે જેમણે શિક્ષણ બહિષ્કારમાં ઇન્ટરમાંથી અભ્યાસ છોડ્યો હતો અને પછીથી વિદ્યાપીઠના સ્નાતક થયા હતા' (**૧૦.** પૃ. ૧૮-૧૯).

''**શ્રી પોપટલાલ**નો જન્મ તા. ૧-૬-૧૮૯૮ના રોજ એમના વતન લાંઘણજ, તા. મહેસાણામાં થયો હતો. કૉલેજમાં અભ્યાસ કરતા હતા તે વખતે ઈ.સ.૧૯૨૦ની લડત શરૂ થતાં અભ્યાસ છોડી દીધો. અને રાષ્ટ્રીય કેળવણી આપતી સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ માટે જોડાયા. સ્નાતક થયા પછી કડીની રાષ્ટ્રીય કેળવણી આપતી જાણીતી સંસ્થા સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે જોડાયા. ઈ.સ. ૧૯૩૨-૩૩નાં વર્ષો દરમિયાન રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લઈને એમણે એક વર્ષની સજા ભોગવી હતી. ઈ.સ. ૧૯૪૨નાં 'હિન્દ છોડો' આંદોલન વખતે ભાંગફોડના આરોપ હેઠળ એમની ધરપકડ અને જેલ થઈ હતી.' (૧૧. પૃ. ૩) '૧૯૪૨માં 'હિન્દ છોડો' ચળવળમાં કડીના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો. ભાંગફોડ પણ થઈ. તેથી પોપટભાઈને મંત્રી તરીકે જવાબદાર ગણી તેમની ધરપકડ થઈ. ફોજદારી ગુના નીચે વડોદરા રાજ્યના, તે સમયના દીવાન શ્રી ક્રિષ્ણમાચારી કડી સંસ્થાને જાણે. તેમની દરમિયાનગીરીથી પોપટભાઈને જેલમાંથી છોડ્યા. ૧૯૪૨માં સંસ્થા બંધ રહી.'' (૬. પૃ. ૧૩૨) આ જ વાતનો ઉલ્લેખ શ્રી પોપટભાઈ પટેલના પુત્ર શ્રી હર્ષદભાઈએ 'નાથાભાઈ સાહેબ : ધૂળઢાંક્યું રતન' લેખ (૬.૧૩૨)માં કર્યો છે.

•

''શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના સ્થાપનાકાળથી ૧૯૨૪/૨૫ સુધી પૂ. છગનભા સાથે મંત્રીશ્રી તરીકે સેવાઓ આપનાર **શ્રી નગીનભાઈ વૃજલાલ** પટેલે નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો, તેમજ જેલવાસ ભોગવ્યો હતો.'' (૩. પૃ. ૧૧૪)

•

અનામીએ નોંધ્યું છે કે 'ગાંધીજીની ૧૯૩૧-૩૨ની રાષ્ટ્રવ્યાપી અસહકારની ચળવળમાં ભાગ લેવા બદલ **છગનભાઈ કા. પટેલે** જેલનિવાસ પણ સ્વીકારેલો' (**૧.૧.૮,** પૃ. ૫ **૪,** પૃ. ૨૧૬) શ્રી પોપટભાઈએ પણ જેલવાસ ભોગવ્યો હતો.

●

પાટીદાર વિદ્યાલય (સર્વ વિદ્યાલય)ના સ્થાપનાકાળમાં શિક્ષક તરીકે સેવાઓ આપનાર અને સમયાન્તરે સંચાલક મંડળના મંત્રીશ્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે લાંબા સમય સુધી સીમાચિહ્નરૂપ સેવાઓ આપનાર **દાસકાકા**ના હુલામણા નામથી ઓળખાતા સ્વ. **પુરુષોત્તમદાસ ર. પટેલ** કે જેઓશ્રી આઝાદીના લડવૈયા અને ઉત્તર ગુજરાતના એક વગદાર રાજકારણી હતા. ખાસ નોંધપાત્ર બાબત તો એ છે કે વડોદરા નરેશ સર સયાજીરાવ ગાયકવાડ-ત્રીજાએ કડીની મુલાકાત દરમિયાન તા. ૪ જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ શાળાની મુલાકાત લીધી હતી. પરંતુ આ મુલાકાતની આગલી રાત્રીએ સ્કાઉટ કમિશનરશ્રી બી. એસ. દવેએ શાળાની મુલાકાત લઈને વિદ્યાર્થીઓની સ્કાઉટ ગ્રૂપ રચવા અને રાજાના નામે વફાદારીની પ્રતિજ્ઞા લેવા આગ્રહ રાખ્યો હતો. આ પ્રસંગે કમિશનર સાથે વાટાઘાટો કરનારાઓ પૈકી દાસકાકા પણ હતા. કમિશનરનો પ્રસ્તાવ ન સ્વીકારવામાં આવતાં અગાઉથી જાહેર કરવામાં આવેલી મહારાજાની મુલાકાત રાત્રે જ રદ કરવામાં આવી હતી. આમ છતાં મહારાજાએ સવારે આ શાળાની મુલાકાત લઈને ગર્વની લાગણી અનુભવી હતી. આ ઐતિહાસિક ઘટનાના અને સંસ્થાની આગવી અસ્મિતા બરકરાર રાખવા માટેના સહભાગી અને સાક્ષી દાસકાકા રહ્યા હતા. દાસકાકાએ આ વિદ્યાલય અને વિદ્યાલયનું આઝાદીના જંગમાં પ્રદાન તેમજ ઉત્તર ગુજરાત, ગુજરાત અને દેશના રાજકારણ અને અન્ય આનુષંગિક બાબતો વિશે પ્રસંગોપાત્તના સંસ્મરણાત્મક લેખો, જેમ કે 'સુવર્ણજયંતીને સાથ અને સહકાર આપો', 'સર્વ વિદ્યાલય બેકારી નિવારવા માગે છે', 'સંસ્મરણો' વગેરેમાં વાચા આપી છે. આ ઉપરાંત તેમના ચરિત્રકાર અને જાણીતા ઇતિહાસવિદ્ પ્રો. ડૉ. મંગુભાઈ પટેલે તેમના ચરિત્રગ્રંથ 'કર્મયોગી દાસકાકા : પુરુષોત્તમદાસ ર. પટેલ' (૧૯૯૦)માં ઘણી બધી માહિતી અનેકવિધ સ્રોતોમાંથી ફંફોસીને ગ્રંથસ્થ કરી છે. 'મીઠા સત્યાગ્રહ', 'અંગ્રેજો ભારત છોડો' વગેરે આંદોલનો અને આ સંબંધી પ્રસંગોપાત્તની પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ સામેલગીરી વિશે દાસકાકાના શબ્દોમાં જ જોઈએ :

દાસકાકાએ નોંધ્યું છે કે "અઢાર વર્ષની ઉંમરે કાળા કાયદાના વિરોધમાં (રોલેટ એક્ટ) સભાઓમાં પ્રવચનો કરવાની શરૂઆત કરી, રાજકારણમાં ભાગ લેવો શરૂ કર્યો હતો અને પૂ. મહાત્મા ગાંધીજીની કૉલેજ હાઈસ્કૂલના બહિષ્કારની હાકલને માન આપી કૉલેજ બી.એ.. ક્લાસમાંથી છોડી હતી અને ત્યાર પછી મીઠા સત્યાગ્રહ જેવી નાની મોટી આઝાદીની લડતોમાં ભાગ લીધો હતો અને સને ૧૯૩૦ અને ૧૯૩૨ની લડતનું ઉત્તર ગુજરાતનું સુકાન સંભાળ્યું અને ૧૯૪૨ની "અંગ્રેજો હિંદ છોડો"ની લડતમાં મને મહેસાણા જિલ્લામાં સૌ પહેલો પકડવામાં આવ્યો હતો અને સાત મહિના અટક પછી સૌ છેલ્લો છોડવામાં આવ્યો હતો. વડોદરા રાજ્યમાં પ્રજામંડળની નાની મોટી જનતાની લડતોમાં ભાગ લીધો છે." (**૩.** પૃ. ૧૩૩)

'તા. ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઑગસ્ટના દિવસે ધ્વજવંદન સરકારી રાહે આજે દેશભરમાં થાય છે. પણ એક સમય એવો હતો કે ધ્વજવંદન કરવામાં જોખમ હતાં. આમેય આ સંસ્થા રાષ્ટ્રીય લેખાતી. ગાંધીજી જેવા મહાપુરુષ-મહાત્માનાં પગલાં આ સંસ્થામાં થયેલાં. મહાત્માજી વડોદરા રાજ્યમાં અને તે પણ એક શિક્ષણ સંસ્થામાં પધાર્યાનો પ્રસંગ એ સમયના વડોદરા રાજ્યને ચિનગારીભર્યો લાગ્યો હતો. મહાત્માજીએ વિદ્યાર્થી આશ્રમમાં વિદ્યાલય અને આશ્રમના શિક્ષકો, વિદ્યાર્થીઓને સંબોધ્યા. એ ઉપરાંત વિદ્યાર્થી આશ્રમના અંદરના ચોકમાં નાગરિકોની જાહેર સભાને સંબોધી.

મીઠા સત્યાગ્રહની લડતમાં આ સંસ્થાના કેટલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો જ. ૧૯૩૦-૩૨ અને બીજી નાની-મોટી લડતોમાં પણ. આમ આ સંસ્થા રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ અને આઝાદીની નાની-મોટી લડતોમાં ઓતપ્રોત થયેલી હતી. આમ છતાં વડોદરા રાજ્યના શિક્ષણ ખાતાને આ સંસ્થા માટે માન હતું. શિક્ષણખાતા તરફથી આ સંસ્થાને ઘણી છૂટછાટ મળી

હતી. શિક્ષણખાતુ અહીં થતા શિક્ષણના પ્રયોગોની પ્રશંસા કરતું પણ વહીવટી તંત્ર-મુલકી અને પોલીસ ખાતાને આ સંસ્થાની કામગીરી ગમતી નહોતી.

આ સંસ્થામાં એ સમયના કૉંગેસના અગ્રણીઓ - આઝાદીના લડવૈયા આવે અને પ્રવચનો કરે તે સરકારી તંત્રને ગમતું નહોતું. આ સંસ્થાના શિક્ષકો, વિદ્યાર્થીઓ સત્યાગ્રહની લડતોમાં ભાગ લે તે ગમતું નહોતું. એમાં આ સંસ્થાના ચોગાનમાં કૂવા પાસે ખુલ્લી રીતે કૉંગેસના ધ્વજનું વંદન કરવામાં આવ્યું, રાષ્ટ્રગીતો ગવાયાં, વન્દે માતરમ્ ગવાયું. આથી પોલીસ અને મુલકી ખાતું ઊંચુ નીચું થયું. એમને આમાં રાજ્યદ્રોહ દેખાયો. આ સંસ્થાને આ રીતે પ્રવૃત્તિઓ કરવા દેવામાં જોખમ દેખાયું. આ સંસ્થાને જપ્ત કરવાના કાગળના ઘોડા શરૂ થયા. તાલુકામાંથી પ્રાંતમાં, અને પ્રાંતમાંથી જિલ્લામાં એમ છેવટે એ સમયના દીવાન સાહેબ [શ્રી કૃષ્ણમાચારી] સુધી એ ઘોડા પહોંચ્યા. દીવાનસાહેબ પાસે રજૂઆતો થઈ. સંસ્થા તરફથી પણ થઈ. અંતે દીવાનસાહેબે એ કાગળના ઘોડા પાછા ધકેલ્યા. અને સંસ્થા જપ્ત ના થઈ. આમ છતાં ૧૯૩૦-૩૨ અને ૧૯૪૨ માં આ સંસ્થાએ રાષ્ટ્ર પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો અને સહન પણ ઠીક ઠીક કર્યું હતું. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સંચાલકોએ હકાલપટી અને જેલના સ્વાદ ચાખેલા. આ સંસ્થા સહન કરતી ખાડા-ટેકરા વટાવતી આગળ વધ્યા કરી છે, પરંતુ એનામાંથી રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રભક્તિની કમી થઈ નથી. રાષ્ટ્રની આઝાદી માટે સહન કરવામાં આ સંસ્થાએ પોતાની ફરજ માની છે અને તેનું તેને ગૌરવ છે.' (૧.૧.૨૩, પૃ. ૩)

ગાંધીજી દ્વારા શરૂ કરવામાં આવેલાં 'નવજીવન' અને 'યંગઇન્ડિયા'નો સરકારે ૧૯૩૦માં જપ્ત કરતાં તેની સાઈક્લોસ્ટાઈલ નકલો વહેંચવાની કામગીરી દાસકાકાએ કરી હતી, તેમજ ૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલનમાં તેમણે ૮ માસની જેલ ભોગવી હતી. (૩. પૃ. ૧૧૫ અને ૧૧૬)

●

"**દાસકાકાનાં ધર્મપત્ની શ્રીમતી ગંગાબહેન પટેલ** પાટફંડ સમિતિ (વિદ્યાર્થીઓ માટે જરૂરી ૧૫૦ ખાટલાઓની ખોટ બહેનો સારી રીતે પૂરી કરી શકે તે હેતુસર સાધારણ સભાએ બહેનોની આ સમિતિની રચના કરી હતી)નાં પ્રમુખ હતાં, કે જેમણે ૧૯૩૦ અને ૧૯૪૨ની ચળવળ વખતે કડીની ગૌશાળામાં છુપાયેલા કેટલાક ક્રાંતિકારીઓ, સર્વશ્રી શ્રીધરાણી, ખાવડે, મગનભાઈ અને ત્રિકમભાઈને રોટલા ટીપી ખવડાવ્યા છે." (૬. પૃ. ૮૦ અને ૩. પૃ. ૪)

●

"વિદ્યાર્થીઓએ પહેરવાનાં બધાં જ કપડાં ખાદીનાં હોવાં જોઈએ તેવો આગ્રહ રખાતો. સત્યાગ્રહ આશ્રમમાંથી આવેલા વિદ્યામંદિરના અધ્યાપક **શ્રી છગનલાલ જોષી** વિદ્યાર્થીઓને સ્વચ્છતા, ખેતી અને કાંતવાના ધર્મ સંબંધી ઉપદેશ આપતા." (૫. પૃ. ૩૯ અને પૃ. ૪૧)

●

"**આચાર્યશ્રી બાપુભાઈ ગામી**એ નોંધ્યું છે કે 'આપણે બધાય ગરીબો છીએ, એટલે જરૂર આપણે ગરીબોની હાય સમજીએ છીએ. રેંટિયો ફેરવી દિવસના ત્રણ પૈસા કમાઈ પેટનો ખાડો પૂરતા હાડપિંજર માનવી પાસેથી આપણે રોટલાનું બટકું ઝૂંટવી લઈ દેશી અને પરદેશી મિલોના ધનિક માલિકોનાં નિર્દય ખિસ્સામાં હજારો રૂપિયા ફેંકતાં આપણા દિલમાં જરા પણ અરેરાટી કેમ થતી નથી ? ખાદી આપણે છોડતા જઈએ છીએ અને મિલનું કાપડ આપણા આશ્રમમાં ગુસપુસ ઘૂસતું જાય છે. અટકો, થોભો અને વિચારો. મોટાં થોથાંનાં થોથાં વાંચી શું મેળવ્યું ? નહિ સમજો ? સંસ્થામાં ખાદી જ પહેરાય એવો કાયદો કરીએ તો ?" (૫. પૃ. ૭૧-૭૨) "જેમ એક ઘેટાની પાછળ પાછળ બીજાં ઘેટાં ચાલ્યા કરે છે તેવું જ આજે તો આપણું જીવન બની ગયું છે. આખાય દેશની આવી સ્થિતિ છે. નહિ તો, ૬૦૦૦ હજાર માઈલ દૂરથી આવી બાર હજાર ગોરાઓ પાંત્રીસ કરોડ હિન્દીઓને ઘેટાની માફક શી રીતે જાળવી શકે ? ક્યારે આંખો ઉઘાડશો?" (૫. પૃ. ૮૨)

●

"**શ્રી પ્રાણજીવનદાસ દેસાઈ (સંત)** આ સંસ્થાના સ્થાપના કાળના તેઓ એક અગ્રણી હતા અને વર્ષો સુધી – બે દાયકાઓ સુધી તેના સંચાલનમાં વ્યવસ્થાપક મંડળમાં રહી ઉત્સાહ પ્રેરતો ભાગ ભજવ્યો હતો. તેઓએ

સ્વાતંત્ર્ય લડતોમાં ભાગ લીધો હતો અને જેલવાસ પણ ભોગવ્યો હતો. ૧૯૩૦માં સત્યાગ્રહના ખારાઘોડાના અગરો ઉપરની ચઢાઈઓના તેઓ એક અગ્રણી હતા. તે સમયના તેઓ એક જવાંમર્દ અને બહાદુર સેનાની હતા. પ્રજામાં ખમીર પ્રગટે તેવી પ્રવૃત્તિઓ કરતા. પાટડીમાં વ્યાયામશાળા અખાડાની પ્રવૃત્તિ શરૂ કરી વિદ્યાર્થીઓ અને યુવાનોમાં જુસ્સો પ્રગટાવવા સર્વ વિદ્યાલયમાંથી તે વખતના વ્યાયામ પ્રવૃત્તિના એક આગેવાન સંચાલક શ્રી ગોવિંદલાલ દેસાઈને પોતાની જવાબદારી ઉપર બોલાવી પાટડીમાં વ્યાયામ અને અખાડાની રાષ્ટ્રીય પ્રવૃત્તિ શરૂ કરાવેલી.'' (૧. ૨.૧૦, પૃ. ૭)

●

**''શ્રી રામચંદ્ર અમીનસાહેબ** ઈ. સ. ૧૯૨૬, ૧૯૨૯ અને ૧૯૩૬માં વડોદરા રાજ્યની ધારાસભામાં ચૂંટાઈ આવ્યા. ત્યાં રાજ્ય પ્રજામંડળ ધારાસભા-પક્ષના નેતા તરીકે ૪ વર્ષ રહ્યા. તાલુકા પ્રજામંડળ તેમ જ જિલ્લા પ્રજામંડળ પ્રમુખ તરીકે પણ એમણે કામગીરી બજાવી છે. ૧૯૪૨ની સાલમાં 'હિંદ છોડો' ચળવળમાં એમણે જેલયાત્રા કરી.'' (૧. ૧.૨૯, પૃ. ૨ અને ૭)

●

'મંડળના પ્રમુખ તરીકે ૧૯૨૫-૨૬થી ૧૯૪૧-૪૨ સુધી સેવાઓ આપનાર અને ગુજરાત કૉલેજમાં ગણિતશાસ્ત્રના વિદ્વાન પ્રોફેસર તરીકે ખ્યાતિપ્રાપ્ત **પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણે** મહાત્મા ગાંધીની અસહકારની અપીલને આત્મસાત કરીને કૉલેજમાંથી રાજીનામું આપી દીધું હતું.'' (૧. ૧.૧૭, પૃ. ૨)

## ૨. સ્વાતંત્ર્યની લડતમાં વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાલયના વિદ્યાર્થીઓનું પ્રદાન :

'વિદ્યાર્થી આશ્રમ' અને 'વિદ્યાલય'ના વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્યની લડતમાં શિક્ષકો તરફથી ભારે પ્રોત્સાહન સાંપડતું રહ્યું હતું, જેનો ઘણા વિદ્યાર્થીઓએ પોતાનાં સંસ્મરણોમાં ઘટસ્ફોટ કર્યો છે. પરિણામે 'મીઠા સત્યાગ્રહ', 'અસહકારની ચળવળ' 'હરિપુરા કૉંગ્રેસ', '૧૯૪૨ની ભારત છોડો ક્રાંતિ' વગેરેમાં સક્રિય યોગદાન આપ્યું હતું. દેશની આઝાદી માટેના જુવાળને ધ્યાને લઈને કેટલાક વિદ્યાર્થીઓ તો સંસ્થામાં કોઈને જાણ કર્યા સિવાય અમદાવાદ જઈને કૉંગ્રેસ કાર્યાલયમાં પોતાનાં નામ નોંધાવી આવ્યા હતા. આ સંદર્ભે કેટલાક વિદ્યાર્થીઓના 'આશ્રમ' અને 'વિદ્યાલય' સંબંધી સંસ્મરણાત્મક લેખો સુલભ થયા છે, તેમાંથી લડતમાં ભાગીદારી વિશેના કેટલાંક અંશો નીચે નોંધવામાં આવ્યા છે.

●

મજૂર મહાજન, સિદ્ધપુરમાં મંત્રીશ્રી તરીકે સેવાઓ આપનારા **શ્રી સોમાભાઈ લ. પટેલે** આ વિદ્યાલયમાં ૧૯૨૪થી ૧૯૩૦ સુધી અભ્યાસ કર્યો હતો. તેમણે આ સમયગાળાની પ્રવૃત્તિઓ વિશે 'કડીની સંસ્થાનાં છ વર્ષ' (૧. ૧.૨૬, પૃ. ૩-૫) શીર્ષક હેઠળના સંસ્મરણાત્મક લેખમાં નોંધ કરી છે : 'સને ૧૯૨૪ના જૂનમાં હું સંસ્થામાં દાખલ થયેલો. ત્યારે સરકારી કૉલેજનો ત્યાગ કરી ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરી સ્નાતક થયેલા શ્રી પોપટભાઈ ગુ. પટેલ વિદ્યાલયના આચાર્ય હતા. સંસ્થાનું વાતાવરણ સંપૂર્ણ રાષ્ટ્રીય અને નવીન દષ્ટિવાળું હતું. સવારના પાંચ વાગે ઊઠતાં જ આશ્રમમાં સમૂહ પ્રાર્થના થતી. પ્રાર્થનામાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લેતા. પ્રાર્થના પછી સંસ્થાકીય બાબત કે રાષ્ટ્ર અંગે કંઈ મહત્ત્વની વાત હોય તો તે વિશે ટૂંકાં પ્રવચનો શિક્ષકો અને ગૃહપતિ તરફથી થતાં. રાષ્ટ્રીય તહેવારો અને મહત્ત્વના ધાર્મિક તહેવારો ખૂબ જ ઉમંગથી અને ધામધૂમથી અમે ઊજવતા. રેંટિયા બારસ અને લોકમાન્ય ટિળક સંવત્સરી એ બે મોટા રાષ્ટ્રીય ઉત્સવો સારી રીતે ઊજવાતા. તમામ શિક્ષકો શુદ્ધ ખાદી પહેરતા અને દરેક શિક્ષકમાં કંઈ ને કંઈ આગવું વ્યક્તિત્વ અમને વિદ્યાર્થીઓને જોવા મળતું. કાંતણ અને પીંજણ બંને કામો સંસ્થામાં થતાં. ગૂજરાત વિદ્યાપીઠ અને સત્યાગ્રહ આશ્રમમાંથી ગાંધીજીના સાંનિધ્યમાંથી આવેલા નરોડાવાળા શ્રી માધવલાલ છ. પટેલ વણાટ શિક્ષક હતા. વણાટમાં પાટી અને આસનો વણવાનું કામ શીખવાતું. રેંટિયા બારસના દિવસે ચોવીસ કલાક અખંડ કાંતણ ચાલવા ઉપરાંત એક અઠવાડિયા અગાઉથી અખંડ કાંતણ શરૂ થઈ જતું. આ દિવસોમાં રેંટિયા કાંતવા માટે વિદ્યાર્થીઓ પડાપડી કરતા. ખાદી પ્રચાર માટે ખાદી

લઈને ગામમાં ફેરી કરવા અમે વિદ્યાર્થી જતા.

સને ૧૯૨૪થી સને ૧૯૩૦ ના છ વર્ષોના મારા સંસ્થાના વસવાટ દરમિયાન કેટલાક વિશિષ્ટ પ્રસંગો નિહાળવાનો લાભ અમને મળેલો. વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડની સંસ્થાની મુલાકાત વખતે તેઓ રાજવી હોવા છતાં તેમનાં પ્રવચનમાં અમને રાષ્ટ્રના ચાહક એવા નેતાનાં અને રાષ્ટ્રીય શિક્ષક એવા રાજવીના દિલનાં દર્શન થયેલાં. વિદ્યાર્થીઓ સમક્ષ તેઓશ્રીએ કરેલા રાષ્ટ્રીય પ્રેરણાત્મક પ્રવચનની જાણ અંગ્રેજ રાજકર્તાઓ પાસે ન જાય તે માટે તેમના પ્રવચનની નોંધ નહિ લેવા છાપાંના ખબરપત્રીઓને તે વખતે તેમણે સૂચના આપેલી. પૂજ્ય મહાત્મા ગાંધીજીની સંસ્થાની મુલાકાત એ પણ સંસ્થા માટે અતિ મૂલ્યવાન પ્રસંગ હતો. સવારના ગાંધીજી સંસ્થાની મુલાકાતે આવ્યા અને સાંજે પાછા ગયા ત્યાં સુધી આશ્રમમાં આખો દિવસ આજુબાજુનાં ગામડાંની પ્રજાના કારણે મેળા જેવો દેખાવ થયેલો. સંસ્થાના ચોગાનમાં એક વિરાટ સભા થઈ હતી. અને તેમાં ગાંધીજીનું પ્રવચન સાંભળવાનો લાભ અમને સૌને મળ્યો હતો. વળી આ પહેલાં પણ ગાંધીજીનાં દર્શનનો લાભ એક વાર અમને મળેલો. આશ્રમમાંથી અમે પ્રવાસે ગયેલા ત્યારે સત્યાગ્રહ આશ્રમ. સાબરમતીમાં પૂજ્ય ગાંધીજીની મુલાકાતનો લાભ અમને મળેલો. તે વખતે અમારી સાથે ગાંધીજીએ થોડીક વાતચીત કરેલી.... તે વખતના ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપદે વિદ્યાર્થી સ્નેહ સંમેલન પણ સંસ્થામાં યોજાતું હતું.

સંસ્થામાંથી છૂટા થવા માટેનો પ્રસંગ મારે માટે અનેરો હતો. સને ૧૯૩૦ના માર્ચની તા. ૧૨મીએ પૂજ્ય ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમમાંથી દાંડીકૂચની યાત્રા આરંભી મહાભિનિષ્ક્રમણ કરેલું. આથી દેશભરમાં મીઠાનો સત્યાગ્રહ શરૂ થયો. આ વખતે અમે સંસ્થામાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓએ અમારા શિક્ષકોની જાણ બહાર અમદાવાદમાં કૉંગેસ સમિતિની ઑફિસમાં 'સત્યાગ્રહી' તરીકે નામ નોંધાવ્યાં. સંસ્થામાં રાષ્ટ્રીય વાતાવરણ હતું અને બધા શિક્ષકો તો તે રંગે રંગાયેલા હતા. છતાં સંસ્થાને વડોદરા રાજ્યની ગ્રાન્ટ મળતી હતી અને તેથી સંસ્થાને હાનિ ન થાય તે દૃષ્ટિથી શિક્ષકોની સત્યાગ્રહની લડત પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ હોવા છતાં મર્યાદા તરીકે સત્યાગ્રહની લડતની સીધી દોરવણી કે ભાગ લેવામાંથી તેઓ તટસ્થવૃત્તિ રાખતા. અમારાં નામો સત્યાગ્રહીઓ તરીકે છાપામાં પ્રસિદ્ધ થતાં અને સત્યાગ્રહમાં જોડાવા માટે અમને અમદાવાદ કૉંગ્રેસ સમિતિ તરફથી આદેશ મળતાં આશ્રમમાં આ વાત જાહેર થઈ ગઈ. જીવનભર જે આદર્શ સંસ્થાના શિક્ષકોએ સેવ્યો તે મુજબ સંસ્થામાં આચરણ પણ કર્યું અને તેમના આવા જીવનમાંથી જ અમને આ પ્રેરણા મળેલી અને તેથી જ અમે સત્યાગ્રહમાં જોડાવા તત્પર થયેલા. આથી સંસ્થામાંથી વિદાય લેવાના છેલ્લા દિવસે અમને હાર્દિક અને ભવ્ય વિદાયમાન સંસ્થા તરફથી આપવામાં આવ્યું. આ વિદાય-સભામાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ અને શિક્ષકોએ હાજર રહી અમને શુભાશિષ આપેલી. વિદાય વખતે પૂજ્ય છગનભાએ અમને આશિષ આપેલી. અમે વિદ્યાર્થીઓ ઉપરાંત કડી શહેરના મળી કુલ નવ સત્યાગ્રહીઓ સત્યાગ્રહમાં જોડાતા હોવાથી નવનો આંકડો કેવો અખંડ અને શુભ છે તે નવનો ઘડીઓ વિદાય સભામાં બોલીને પૂજય છગનભાએ સમજણ આપેલી. આ વખતે અમારી વાર્ષિક પરીક્ષા નજીક આવી હોવા છતાં તેને તિલાંજલિ આપી જુલ્મનો ડર રાખ્યા સિવાય સત્યાગ્રહમાં અમે નાની ઉંમરે જોડાતા તેનો બધો યશ સંસ્થાના તે વખતના શિક્ષકોના ચારિત્રબળ, સંસ્થાનું અને રાષ્ટ્રનું રાષ્ટ્રીય વાતાવરણ હતું તેને આભારી છે. અમે સત્યાગ્રહીઓ તરીકે આશ્રમમાંથી વિદાય લીધી ત્યારે ગામના બીજા સત્યાગ્રહીઓ હોવાથી ગામમાં પણ મોટો વિદાય સમારંભમાં પણ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ ઉપરાંત સમગ્ર કડી શહેરની પ્રજા હાજર હોય તેવી વિરાટ મેદની સભામાં થઈ હતી. વિદાય સમારંભનો શહેરનો કાર્યક્રમ પતાવતાં અને શહેરમાંથી વિદાય લેતાં જ લગભગ બપોરના અગિયાર વાગી ગયેલા, એટલે શહેરમાંથી વિદાય લઈને અમારો પ્રથમ પડાવ અને પ્રથમ ભોજન પાછું આશ્રમમાં જ ગોઠવાયેલું હતું. આશ્રમમાંથી બપોરનું ભોજન લઈ અમે સંસ્થામાંથી સત્યાગ્રહીઓ તરીકે વિદાય લીધી હતી. અમે વિદ્યાર્થીઓ તરીકે જોડાયા હતા તેમાં મને ખ્યાલ છે ત્યાં સુધી શ્રી નરસિંહભાઈ ચેલદાસ – કોઈન્તિયા,

શ્રી ગોવિંદભાઈ નથુભાઈ-સાણંદ, શ્રી ત્રિભોવનદાસ હીરદાસ-દેણપ (જેઓ હાલ સ્વર્ગવાસી છે) અને હું હતો. આ ઉપરાંત શહેરમાંથી જે સત્યાગ્રહીઓ જોડાયા હતા તેમાં શ્રી અંબાલાલ તુલસીદાસ પટેલ તથા તેમના કુટુંબીભાઈ શ્રી છોટુભાઈ પટેલ, શ્રી કુબેરદાસ નાયક તથા તે વખતની કડીની મિલના માલિકના પુત્ર એવા શ્રી ગમાનભાઈ વગેરે હતા.'

●

**શ્રી મણિભાઈ હ. પરીખે** ૧૯૨૬-૨૭ અને ૧૯૨૯-૩૧ દરમિયાન વિદ્યાર્થી આશ્રમમાં નિવાસ કરીને શાળામાં અભ્યાસ કર્યો હતો. તેમણે પોતાનાં સંસ્મરણોમાં નોંધ્યું છે કે 'આઝાદીની લડત વખતે મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેવા જતી કડીના યુવાનોની ટુકડીને ભવ્ય રીતે સંસ્થાએ વિદાય આપેલી તે સ્મરણપટ પર અખંડ અંકિત છે અને રહેશે. ગાંધી-જયંતી પ્રસંગે શ્રી પોપટલાલ પટેલે લગભગ એક કલાક સતત્ પ્રવચન આપેલું અને તેની આગલી રાત્રિને સુશોભન વગેરે માટે કતલની રાત બનાવેલી તે પણ યાદ છે જ.' (૧. ૧.૩૪, પૃ. ૨ અને ૭).

●

આ શાળામાં ૧૯૨૯ થી ૧૯૩૪ દરમિયાન વિદ્યાર્થી અને ૧૯૩૬-૩૭માં શિક્ષક તેમજ એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડામાં ગુજરાતીના પ્રોફેસર તરીકે સેવા આપનાર ડૉ. **રણજિત પટેલ 'અનામી'** એ નોંધ્યું છે કે : 'સરહદના ગાંધી અબ્દુલગફારખાનના લાલ ખમીસવાળા (Red Shirts) સ્વયં સેવકોની ગુજરાત ખાતે જે સત્યાગ્રહી ટુકડીઓએ અનેકવિધ પ્રવૃત્તિઓ ઉપાડેલી તેમાંની એક ટુકડીના નાયક તરીકે શ્રી પોપટભાઈએ પ્રશસ્ય કામગીરી બજાવેલી. એમની ટુકડીનો હું પણ એક અદનો સૈનિક હતો. દેત્રોજ, ભોયણી, વિરમગામ એ અમારી કર્મભૂમિ હતી. વિરમગામમાંથી અમારી ધરપકડ થયેલી. પંદર-સત્તર દિવસની કાચી જેલમાં પણ એમણે જે શાંતિ ને તિતિક્ષાપૂર્વક અનેકવિધ ત્રાસ ને કષ્ટ સહન કરેલાં એનો હું સાક્ષી છું. એ પછી સાબરમતી જેલમાં પણ અમે સાથે હતા. બે-અઢી માસ પછી એમની વિસાપુર જેલમાં બદલી થયેલી એવું મારું સ્મરણ છે. આ જેલ-નિવાસ દરમિયાન એમણે ઠીકઠીક સહન કર્યું. જેલમુકિત પછી એમની ધૂની અને કર્મઠ પ્રકૃતિમાં 'કેથોલિસિટી' (Catholicity)ની માત્રા વધી એવું મારું નિરીક્ષણ અને અનુમાન છે.' (૧.૧.૮, પૃ. ૬; ૪. પૃ. ૨૧૭-૨૧૮)

●

**'શ્રી જીવણલાલ**નું જન્મસ્થળ મહેસાણા જિલ્લાનું લાંઘણજ, પ્રાથમિક શિક્ષણ વતનમાં લીધું. અને માધ્યમિક શિક્ષણ માટે કડીની જાણીતી રાષ્ટ્રીય સંસ્થા સર્વ વિદ્યાલયમાં દાખલ થયા. ઈ.સ. ૧૯૨૯માં મહાત્મા ગાંધીએ આ સંસ્થાની મુલાકાત વખતે સંસ્થામાં કરેલા પ્રવચનમાં પ્રભાવ હેઠળ જીવણભાઈએ હાથે કાંતેલી ખાદી પહેરવાનો સંકલ્પ કર્યો. રોજ નિયમિતપણે રેંટિયા પર સૂતર કાંતવાનું શરૂ કર્યું. અને રાષ્ટ્રીય તહેવારોને દિવસે ખભા પર ખાદીના તાકા મૂકી કડી શહેરમાં ફેરી કરતા આ ઉપરાંત અભ્યાસના ફાજલ સમયમાં દેશને ઉપયોગી ક્રાંતિકારી સાહિત્ય પણ જનતામાં વેચવા જતા. અને સ્વદેશી વસ્તુઓનો પ્રચાર કરતા. ગાંધીજીની દાંડીકૂચના અરસામાં 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'ની છૂપી રીતે મળતી પ્રતો સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી બાપુભાઈ ગામી દ્વારા ઉત્તર ગુજરાતનાં ગામડાં, કસ્બા, અને શહેરોમાં પહોંચાડવામાં આવતી. જીવણભાઈ આ પ્રવૃત્તિમાં ઊલટપૂર્વક કામ કરતા હતા. ઈ.સ. ૧૯૩૦-૩૧ ની લડત વખતે શ્રી રામનારાયણના ના. પાઠક વીરમગામ સત્યાગ્રહ છાવણીના સંચાલનની કેટલીક જવાબદારી અમદાવાદમાં રહીને સંભાળતા હતા. શ્રી જીવણભાઈની કાર્યનિષ્ઠા એમના જાણવામાં આવી એટલે એમણે જીવણભાઈને બોલાવીને વીરમગામ છાવણીમાં કામ કરવા જવા માટે એમની તૈયારી છે કે કેમ તે જાણવા પૃચ્છા કરી. સાથે સાથે એ છાવણીમાં કામ કરવું એ લોઢાના ચણા ચાવવા જેવું છે એ પણ સમજાવ્યું. વીરમગામના ફોજદારના સત્યાગ્રહીઓ ઉપરના અમાનુષી અત્યાચારો વિશે જાણવા છતાં જીવણભાઈએ ત્યાં કામ કરવા જવાની ખુશી અને તત્પરતા બતાવ્યાં. બીજે દિવસે સારાયે દેશમાં 'જેલ-ભરતી-દિન'ની ઊજવણી હતી. આ નિમિત્તે વહેંચવાની પત્રિકાઓનું એક બંડલ જીવણભાઈને આપવામાં આવ્યું અને જરૂરી સૂચનાઓ આપીને, એ જ રાત્રે વીરમગામ પહોંચી જવાનો આદેશ આપવામાં આવ્યો. જીવણભાઈ શ્રી

રામનારાયણ પાઠકની સૂચના અનુસાર મેલાઘેલા, મજૂર જેવા વેશમાં વીરમગામ સ્ટેશન સુધી ટ્રેનમાં પહોંચ્યા. ગાડી સિગ્નલ બહાર ધીમે પડી એ વખતે પેલી પત્રિકાઓનું બંડલ બારી બહાર ફેંકી દીધું અને સ્ટેશને ઊતર્યાં પછી ચકાસણીમાં બહાર ઊતરીને પેલું બંડલ લઈ આવીને શહેરમાં પ્રવેશ્યા. જીવણભાઈ એમને આપવામાં આવેલા સરનામે એક ગૃહસ્થને ત્યાં પહોંચી ગયા. એ ગૃહસ્થ ભયના માર્યા સત્યાગ્રહીને આશ્રય આપવા તૈયાર નહોતા. કેટલીક વિનંતી પછી વહેલી સવારે નીકળી જવાની શરતે એમણે રાત પૂરતો આશ્રય એ ગૃહસ્થને ત્યાં મેળવ્યો. બીજે દિવસે વહેલી સવારે આ ગૃહસ્થને ત્યાંથી નીકળી જઈને જીવણભાઈ બજારમાં પહોંચી ગયા. બજાર ઊઘડતાં પેલી પત્રિકાઓ એમણે દુકાને દુકાને અને જે મળ્યા તેમને વહેંચી દીધી. અને બજાર વચ્ચે લોકોને ભેગા કરીને પ્રવચન પણ કર્યું. ચાલુ પ્રવચનમાં જ પોલીસે એમની ધરપકડ કરી.

અહીંથી જીવણભાઈ ઉપર અત્યાચારનો સિલસિલો શરૂ થયો. ફોજદાર ધાકધમકી, દંડાબાજી અને અત્યાચારથી જીવણભાઈ પાસે માફી લખાવી લેવાનો પ્રયત્નો કર્યો. પણ જીવણભાઈએ જરા પણ મચક આપી નહીં. ત્રણ દિવસ સુધી સતત શારીરિક ત્રાસ ગુજાર્યો છતાં જીવણભાઈએ મક્કમતા ન છોડી એટલે ફોજદારે મેજિસ્ટ્રેટ શ્રી જી. આર. કોઠમડી આગળ રજૂ કર્યો. મેજિસ્ટ્રેટ આગળ જીવણભાઈએ પત્રિકાઓ વહેંચ્યાનો બજાર વચ્ચે સભા ભર્યાનો અને ક્રાંતિકારી ભાષણ કર્યાનો એમ ત્રણે ગુનાં કબૂલ કરી લીધા. આ ગુનાઓ માટે જીવણભાઈને સાડા સાત મહિનાની સખત કેદની સજા આપવામાં આવી. એ માટે એમને સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યા. એ પછી એમને પાંચસો રાજદ્રોહી કેદીઓ સાથે સાબરમતી જેલમાંથી નાસિકની જેલમાં ટ્રાન્સ્ફર કરવામાં આવ્યા. નાસિક જેલનાં અનુભવ વધારે યાતના ભર્યા હતા. ત્રાસથી જરા પણ ગભરાયા વીના કોઈ પણ સત્યાગ્રહીએ માફીપત્રકમાં સહી ના કરી. નાસિક જેલમાંથી છૂટ્યા પછી જીવણભાઈએ કૉંગ્રેસના રચનાત્મક કાર્યમાં કેટલોક વખત કામ કર્યુ. ત્યારે બાદ ઈ.સ.૧૯૩૯-૪૦માં સાબરમતી આશ્રમમાં ચાલતા હરીજન કન્યા વિદ્યાલયમાં અધ્યાપક તરીકે સેવાઓ આપવાનું શરૂ કર્યું હતું. (**૧૧.** પૃ. ૨૩ થી ૨૫)

●

**શ્રી ત્રિભોવનદાસ**નો જન્મ તા. ૭-૧૦-૧૯૧૮ના રોજ એમના વતન હીરપુરા તા. વિજાપુરમાં થયો હતો. એમણે પ્રાથમિક ધોરણ ૭ સુધીનો અભ્યાસ વતનમાં કર્યો અને માધ્યમિક શાળાના અભ્યાસ માટે કડીની જાણીતી સંસ્થા સર્વ વિદ્યાલયમાં દાખલ થયાં ત્યાં એમણે ઈ.સ.૧૯૩૧થી ૧૯૩૪ સુધી છાત્રાલયમાં રહીને અભ્યાસ કર્યો. ઈ.સ.૧૯૩૦-૩૧ની આઝાદીની લડતમાં એ સક્રિય થયા એ દિવસોમાં આઝાદીની લડવૈયા તરીકે અન્ય મિત્રો સાથે કડી અને કલોલનાં ગામડાંમાં જતા ત્યાં અંગ્રેજ સરકારના વિરુદ્ધ લખાણવાળી પત્રિકાઓ વહેંચતા, રાષ્ટ્રભાવનાનો પ્રચાર કરતા અને જે ગામમાં રાત્રિ રોકાણ કરવાનું થાય ત્યાં રાત્રે સભા ભરતા. તા. ૨૩-૩-૧૯૩૨ના રોજ દેત્રોજ ગામની એક સભા વખતે એમની ધરપકડ થઈ હતી. વીરમગામની કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને એમના અન્ય ૧૬ સાથીદારો સાથે સાબરમતી જેલમાં મોકલવામાં આવ્યા હતા. (૧૧. પૃ. ૫૦)

●

**શ્રી નાથાલાલ પટેલ**નો જન્મ તા. ૨૫-૨-૧૯૧૪ના રોજ એમના વતન મેડા આદરજ, તા. કડીમાં થયો હતો. એમનું પ્રાથમિક શિક્ષણ વતનમાં લીધું અને માધ્યમિક ધોરણ-૪ (હાલનું ૮) સુધીનો અભ્યાસ કડીમાં કર્યો. [સર્વ વિદ્યાલય?] એક પિકેટિંગના કાર્યક્રમમાં એમની ધરપકડ થયેલી. અને ૧૯૩૩માં એમને જેલની સજા થઈ હતી. પ્રથમ એમને સાબરમતી જેલમાં રાખવામાં આવેલા અને પછી વિસાપુર જેલમાં ખસેડવામાં આવ્યા હતા. ૧૯૪૨ની ચળવળ વખતે એ વધારે સક્રિય બન્યા હતા. માણેકચોકમાં સત્યાગ્રહીઓની એક ટુકડીનું નેતૃત્વ કર્યું. એ વખતે એમની ધરપકડ થઈ હતી અને એમાં એમને ચાર માસની સજા થઈ હતી. જેલમુકિત બાદ એમણે ભૂગર્ભમાં રહીને એક સ્વાતંત્ર્ય સૈનિક તરીકે ઘણું કામ કર્યું હતું. (**૧૧.** પૃ. ૩૦)

●

**શ્રી અંબાલાલભાઈ**નો જન્મ એમના વતન કડીમાં થયો હતો. એમણે પ્રાથમિક શિક્ષણ કડીમાં લીધું. [સર્વ

વિદ્યાલય?] વ્યાયામ એ એમની રુચિનો વિષય હોઈ એમણે અખાડામાં તાલીમ લીધી હતી. ઈ.સ.૧૯૩૦માં ગાંધીજીએ દાંડીકૂચ કરીને મીઠાના કાયદાનો ભંગ કરવાની હાકલ કરી ત્યારે અંબાલાલભાઈ મીઠાના કાયદાનો ભંગ કરવાના હેતુથી વીરમગામ છાવણીમાં પહોંચી ગયા અને લીલાપુરથી મીઠું લાવતાં પોલીસના હાથે પકડાયા. એમને વીરમગામની કોર્ટે છ માસની સજા કરી. પહેલાં એમને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા અને ત્યાર પછી યરવડા જેલમાં ખસેડવામાં આવ્યા. ૧૯૪૨નું આંદોલન શરૂ થતાં ભૂગર્ભ પ્રવૃત્તિમાં સક્રિય બન્યા. (**૧૧.** પૃ. ૩૬)

●

**શ્રી મગનભાઈ**નો જન્મ તા. ૧૩-૨-૧૯૧૪ના રોજ એમના વતન મેડા આદરજ તા. કડીમાં થયો હતો. એમણે ત્રણ વર્ષની વયે માતાની છાયા ગુમાવી અને પિતાએ અનન્ય વાત્સલ્યથી એમનો ઉછેર કર્યો. એમણે પ્રાથમિક શિક્ષણ વતનમાં લીધું અને માધ્યમિક શિક્ષણ માટે કડીની સર્વ વિદ્યાલયમાં દાખલ થયા. સંસ્થામાં સુથારી, વણાટ, સિવણ વગેરે ઉદ્યોગોનું આયોજન હતું. ઉદ્યોગોમાં એમણે રસ હતો એટલે સંસ્થામાં ચાલતા બધા જ ઉદ્યોગોની તાલીમ લીધી. એ સંસ્થાના છાત્રાલયમાં રહેતા હતા. એટલે ત્યાં એમને વ્યાયામની પણ તાલીમ મળી.

ઈ.સ. ૧૯૨૯માં ગાંધીજી સર્વ વિદ્યાલયની લભગભ સાડા ચાર કલાકની મુલાકાતે આવ્યા હતા. ગાંધીજીને અહીં સાંભાળ્યા પછી એમણે આઝાદીની લડતમાં ભાગ લેવાનો દઢ નિશ્ચય કર્યો. ૧૯૩૦-૩૧ની લડત વખતે વીરમગામ છાવણીમાં રહીને નેતાઓએ તૈયાર કરેલી પત્રિકાઓની સાઈકલોસ્ટાઈલ નકલો એ કાઢતા, પોસ્ટ કરવા અમદાવાદ જતા, રાત્રિના સમયે કડી વિસ્તારનાં ગામડાંઓમાં પગપાળા પત્રિકાઓ વહેંચવા જતા. નેતાઓ જે ગામ સૂચવે તે ગામે સભાનું આયોજન કરતા, સભાસરઘસમાં ભાગ લેતા, વિદેશી કાપડની હોળી કરવામાં અને દુકાનો પર પિકેટિંગ કરવામાં આગળ પડતો ભાગ લેતા. આ બધી પ્રવૃત્તિઓમાં ઘણીવાર પોલીસની લાઠીના ઘા કે એની મારઝૂડ સહન કરવી પડતી. બે વખત તો એ સી.આઈ.ડી.ના સકંજામાંથી આબાદ રીતે છટકી ગયેલા. ત્રીજી વખતે સરકાર વિરુદ્ધ લખાણવાળી પત્રિકા વહેંચતાં પત્રિકાઓના જથ્થા સાથે ઝડપાઈ ગયા હતા. અને છ માસની સખત કેદની સજા થઈ હતી જે અમદાવાદની સાબરમતી જેલમાં ભોગવી હતી. (**૧૧.** પૃ. ૪૪)

●

મહાત્મા ગાંધીએ સર્વ વિદ્યાલયની મુલાકાત (૧૯૨૯)માં લીધી હતી તે સમયે **શ્રી કલ્યાણભાઈ પટેલ** (નૂતન સર્વ વિદ્યાલય, વિસનગરના પૂર્વ-આચાર્ય અને જાણીતા કેળવણીવિદ્) સર્વ વિદ્યાલય, કડીના વિદ્યાર્થી હતા. આ સમયગાળામાં સર્વ વિદ્યાલયમાં લુહારી, સુથારી, મુદ્રણકળા વગેરેનું વ્યવસાયિક શિક્ષણ આપવામાં આવતું હતું. શ્રી કલ્યાણભાઈએ વર્ગકામ તરીકે એક આરામ ખુરશી બનાવી હતી. આ ખુરશી તેમણે શાળા-વતી ગાંધીજીને ભેટમાં આપી હતી. આ ખુરશી સાબરમતી આશ્રમમાં હમણાં સુધી સચવાયેલી રહી હતી. આ વાત સ્વયં કલ્યાણભાઈ (૧૫-૯-૧૯૧૪–૧૯-૧૨-૧૯૯૮)એ સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલને જણાવી હતી. શ્રી કલ્યાણભાઈએ જેલવાસ પણ વેઠ્યો હતો. આ સંદર્ભે તેમણે આ સંસ્થા વિશેનાં સંસ્મરણો 'દિવ્ય અમૃતકુંજ' શીર્ષક હેઠળના લેખમાં નોંધ્યું છે કે : ''પૂ. ગાંધીજી જ્યારે પૂ. છગનભાના આગ્રહને વશ થઈ આપણી સંસ્થામાં પધાર્યા ત્યારે એમની પાસે રહેવાનું મને સદ્ભાગ્ય સાંપડેલું. સુથારી વર્ગમાં તૈયાર કરેલી ઢળતી આરામ ખુરશી જ્યારે મેં પૂ. ગાંધીજીને અર્પણ કરી ત્યારે ગરીબોના ઉદ્ધારક પૂ. બાપુની આંખોમાં શ્રમના મહત્ત્વનું ઝરણું નીતરતું હતું. ભયંકર ગીરદીમાં એ ખુરશી એઓ સાબરમતી આશ્રમમાં લઈ ગયા અને મને અને પૂ. છગનભાને એક દિવસ અને એક રાત સાબરમતી આશ્રમમાં એમની ઝૂંપડીની બાજુની ઝૂંપડીમાં રહેવાનું ઈજન મળ્યું. પૂ. છગનભા સાથે આટલો ટૂંકો સમય રહીને ગરીબોના ઉદ્ધારની, વિશ્વકુટુંબની ભાવનાની જે પ્રેરણા મેળવી તેને શબ્દોમાં કેવી રીતે વર્ણવું ? દલિતોના ઉદ્ધારની પ્રકાશ અને પ્રેરણા આપનારી એમની વાણી હજુ પણ કર્ણપ્રિય બની અંતરાત્માને જગાડે છે. દલિતોના ચહેરાઓમાં પ્રભુદર્શન કરાવે છે.'' (**૨.**૮૧)

●

ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષણ મહાવિદ્યાલયમાં અધ્યાપક તરીકે સેવાઓ આપનાર **અશ્વિનભાઈ ડી. પટેલ** આશ્રમમાં ને વિદ્યાલયમાં ૧૯૩૨-૩૩ના એક જ વર્ષ માટે રહ્યા હતા. તેમનું વતન, લાડોલ, તા. વિજાપુર. તેમણે 'મને સાંભરે રે' લેખમાં વર્ણવ્યું છે કે : 'આશ્રમને શાળા તથા તેના વહીવટકર્તાને શિક્ષકો ઉપર ગાયકવાડ સરકારની ભીંસ આવી તેવા કસોટીના સમયમાં પણ માતૃસંસ્થાનું નામ ન આવે તે રીતે અમે કેટલાક વિદ્યાર્થીઓ મીઠાના સત્યાગ્રહના દિવસો દરમિયાન ગામડે ગામડે પ્રચાર-સાહિત્ય વહેંચવા અને સભાઓ ભરી રાષ્ટ્રગીતો ને ભાષણો દ્વારા પ્રચાર કરવા દિવસોના દિવસો ભમતા... છેવટે અમારામાંના ચારેક જણ ભોયણીથી પકડાઈ ગયેલા અને સ્વ. જુગલભાઈના ભાઈ મહીપતભાઈ તથા હું વીરમગામથી હોળીને દિવસે પડાયેલા. બધાને વીરમગામ કચેરીની કાચી જેલમાં ભેગા કરેલા. મને યાદ છે સ્ટેશન પરની લોક-અપમાં સર્વ પ્રથમ અમને બંનેને પૂરેલા ત્યારે અમારો જવાબ લેવા હોળીને દિવસે રાત્રે એક વાગે અમને છૂટક છૂટક પોલીસ ઇન્સ્પેકટરની આગળ બેયોનેટસજ્જ બંદૂકવાળા પોલીસ લઈ ગયેલા. સૌથી પહેલો મને બહાર કાઢેલો. ઇન્સ્પેકટર જે કમરામાં હતા તેની બહાર દરવાજે બંને બાજુએ થોડે થોડે અંતરે ગોઠવેલ બંદૂરધારી દસ દસ પોલીસની હાર વચ્ચે થઈને મને ઇન્સ્પેકટર પાસે લઈ ગયેલ. ધાકધમકીને પૂરતો માનસિક ત્રાસ આપી સંસ્થાનું નામ કઢાવવા તેઓએ પ્રશ્ન કર્યો. એક બે વાર તો બેયોનેટ છાતીએ અડાડી મારી નાખવાની પ્રયત્નપૂર્વકની બીક પણ બતાવી.... એ દિવસોથી હાથે કાંતી તેમાંથી વણાયેલી ખાદી પહેરવાનો નેડો લાગેલો તે હજી પણ અંશતઃ ચાલુ છે.

પોલીસના અનેક પ્રયત્ન છતાં અમારા બેમાંથી કોઈએ સંસ્થાનું નામ નહિ દીધેલ... છેવટે અમને વીરમગામ કચેરીની કાચી જેલમાં લઈ જવામાં આવ્યા જ્યાં **શ્રી કલ્યાણભાઈ** વગેરે બીજા ચારેક જણનો ભેટો થયો. એ પછી અમારો કેસ ત્યાંની કચેરીમાં ચાલ્યો. કોઠમડી કે ગોઠમડી કરીને મેજિસ્ટ્રેટ હતા. અમે બધા સગીર ઉંમરના હતા છતાં છ છ માસની કેદ – સખ્ત કેદ ફટકારી અમને સાબરમતી જેલમાં એક વહેલી સવારની ગાડીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા... સાબરમતી જેલમાં ગયા પછી એક દિવસે મારા મોટાભાઈ દંડ ભરવા આવ્યા. એમ કે દંડ ભરીને છોડાવી દઉં. જેલરની રૂબરૂ મને બોલાવવામાં આવ્યો. મેં દંડ ભરીને છૂટવાની ચોખ્ખી ના પાડી દીધી અને આનંદપૂર્વક વાર્ષિક પરીક્ષાના આગલા દિવસ સુધી જેલમાં રહ્યો. સગીર ઉંમરના છોકરાઓને લાંબી સજા કરી શકાય નહિ એવા કોઈ મુદ્દા ઉપર અમદાવાદના કોઈ રાષ્ટ્રીય વકીલ મંડળના અને કડીની સંસ્થાના સહિયારા પ્રયત્નથી અમે છૂટેલા. (**૧**,૧.૨૦, પૃ. ૫) વધુમાં, ઈ.સ.૧૯૪૨ના 'હિન્દ છોડો' આંદોલન વખતે ઊંઝા કાવતરા કેસમાં પકડાયા હતા. ત્રણ માસ સુધી અંડર ટ્રાયલ રખાયા પછી પુરાવાના અભાવે છોડી મૂકવામાં આવ્યા. (**૧૧.** પૃ. ૧૦૨)

●

શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ, વડોદરાના પૂર્વ પ્રમુખ **શ્રી ગોરધનભાઈ બેચરભાઈ પટેલ** જણાવે છે કે 'આ સંસ્થામાં સને ૧૯૨૭થી ૩૩ સુધી છાત્ર તરીકે રહીને અભ્યાસ કરવાની તક મને મળેલી છે. ભારતની ગુલામીની બેડી તોડવાના સંગ્રામનાં પીયૂષ મને આ સંસ્થામાંથી મળેલાં છે. રાષ્ટ્રીય સેવકો આચાર્યશ્રી બાપુભાઈ ગામી, શ્રી છગનભાઈ કા. પટેલ, શ્રી પોપટભાઈ ગુ. પટેલ, શ્રી રતિભાઈ અમીન વગેરેની દોરવણીથી તેમજ સંસ્થામાં મહાત્મા ગાંધીજી ના આગમનની પ્રેરણાથી મને તેમજ મારા જેવા અનેક છાત્રોને રાષ્ટ્રીય તાલીમ મળી છે. સ્વદેશીની હિલચાલમાં છાત્રાલયમાંથી જ આંદોલનમાં ભાગ લઈને સને ૧૯૩૨ માં જેલવાસ પણ ભોગવ્યો હતો તેનું ગૌરવ છે.' (**૨.** પૃ. ૭૮).

●

'**શ્રી રઘુવીર દેસાઈ** સર્વ વિદ્યાલયના એક તેજસ્વી વિદ્યાર્થી હતા. સર્વ વિદ્યાલયમાંથી મૅટ્રિક પાસ થયેલા. તેઓ રાષ્ટ્રભકત હતા. ૧૯૪૨ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધેલો અને એક વરસ કરતાં વધુ જેલવાસ ભોગવેલો. તેમનું મૃત્યુ ૫૪ વર્ષની વયે તા. ૨૧ ડિસેમ્બર, ૧૯૭૦ના રોજ અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં થયું હતું.' (૧. ૨.૮, પૃ. ૭)

●

**શ્રી પ્રહ્‌લાદભાઈ એ. પટેલે** જણાવ્યું છે કે '૧૯૪૨-૪૩નાં સંસ્મરણો અમને યાદ આવે છે. સરકારનો સંસ્થા ઉપર કડક અમલ છતાં આડકતરી રીતે આઝાદી જંગને પ્રેરણા આપતા સંસ્થાના અધ્યાપકો આ ટાણે યાદ આવે છે.' (૧.૧.૨૪, પૃ. ૪).

●

શ્રી કનૈયાલાલ જોશીએ "બેતાલીસના આંદોલન અંગે શહેર કડીની કડીબદ્ધ કડીઓ" શીર્ષક હેઠળના લેખમાં (યશવંત કડીકર સંપાદિત 'કડીની ગૌરવગાથા. કડી : યશવંત કડીકર (તંબોળી વાડો, કડી), ૧૯૭૮ : પૃ. ૪૭-૬૪) બેતાલીસના આંદોલનમાં કડીની ભૂમિકા વિશે નોંધ્યું છે. આ પૈકી સર્વ વિદ્યાલય સંબંધી નીચેની વિગતો તેમના જ શબ્દોમાં જોઈએ :

"સને ઓગણીસો બેતાલીસના વર્ષના ઑગસ્ટ માસની આઠમી તારીખ. ત્યારે હું કડીમાં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં 'સ્ટાન્ડર્ડ થર્ડ'માં અભ્યાસ કરતો હતો. મારા પિતાશ્રી કડીમાં વહીવટદાર કચેરીમાં રેકર્ડ કારકુન તરીકે સેવાઓ આપી રહ્યા હતા. તંબોળીવાડામાં અમે રહેતા. (પૃ. ૪૮-૪૯). વાદળી ચડ્ડી અને સફેદ શર્ટ – આ યુનિફૉર્મમાં સજ્જ થઈ કડીમાં ધૂળિયા રસ્તામાં પગને ધૂળખર સભર બનાવતો હું ટહેલતો – આંખોને આજુબાજુ ઘૂમાવતો ચાલતો જતો હતો. હનુમાનનું મંદિર, અમદાવાદી દરવાજો, સિનેમા, રેલવે રોડ પર ઝળૂંબતી લીમડીઓની હારમાળા, મણિલાલ મેન્શન, ઓઇલ મિલ, રેલવેનું જકાતનાકું... અને આખરે રેલવેના પાટા ઓળંગીને હું સર્વ વિદ્યાલયના સીમાડામાં આવ્યો. આજે જે 'આશ્રમ' તરીકે ઓળખાય છે તેના દરવાજા આગળ કેટલાક વિદ્યાર્થીઓ ટોળે વળીને ઊભા હતા.

ત્યાં સૂકલકડી શરીરબાંધાવાળા એક વિદ્યાર્થી ( શ્રી રતિલાલ સાંકળચંદ નાયક, જેઓ આજે અમદાવાદ ભવન્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક છે. કડી સર્વ વિદ્યાલયમાં હસ્તલેખન સામયિકોની પ્રવૃત્તિમાં તેઓ સારો ભાગ લેતા) એ જણાવ્યું : "આપણે બધા પાછળના ખેતરમાં ભેગા થઈએ છીએ...." બસ, લીલી ઝંડી મળી ગઈ. હુડુડુડુ હૂડ કરતું ટોળુ ઊપડ્યું. લગભગ બધા જ વિદ્યાર્થીઓ ખેતરમાં એકત્રિત થયા. ત્યાં **પ્રહલાદભાઈ (પરીખ), મણિલાલ (પટેલ), પ્રેમાનંદ (સાધુ)** ઇત્યાદિ વિદ્યાર્થીઓએ ભાષણો આપ્યાં. આ ભાષણો ત્યારે મારી સમજની ભેંસ આગળ ભાગવત જેવાં હતાં, પણ 'કંઈક થઈ રહ્યું છે' એ પણ શિક્ષકોની ગેરહાજરીમાં એનું કુતૂહલ જેવું તેવું ન હતું. (પૃ. ૫૧-૫૨)

... બીજે દિવસે સવારે પુસ્તકાલયમાંથી મારા પિતાશ્રી ઘરે આવ્યા ત્યારે વટહુકમ પ્રસિદ્ધ થયો ! "આજે કનુને નિશાળે નથી મોકલવાનો." (પૃ. ૫૩)... પરંતુ એ દિવસે મારા પિતાશ્રી વગર પ્રશ્ન પૂછે બોલે જતા હતા !

"આમ સ્વરાજ મળતાં હશે ! રેલવે સ્ટેશન પર રાતે પડી રહેલી પેલી બે ગાડીઓ – બહુચરાજી જતી ગાડી અને વિજાપુર જતી ગાડી તેના ફર્સ્ટ ક્લાસ (અને) સેકન્ડ ક્લાસની ગાડીઓ [ડબ્બા] બાળી નાખી. બારીના કાચ ભાંગી નાખ્યા..."

'કોણે આમ કર્યું ?'

'બીજું કોણ કરે ?' સર્વ વિદ્યાલયની બોર્ડિંગના વિદ્યાર્થીઓ... (પૃ. ૫૪)

બરાબર બપોરનો એક વાગ્યો હશે.... ને..... ને ત્યાં રેલવે જતા રસ્તાની ડાબી બાજુએ – મલાવરાવના કોટની અડોઅડ આવેલી પોલીસ ચોકી સામે કંઈક થયું..... નાનું સરખું ટોળું... આંગળીને વેઢે ગણી શકાય એટલા માણસોનું ટોળું... ને તે પર તૂટી પડ્યું પોલીસોનું ધાડું ! (પૃ. ૫૫). પેલા ટોળામાં રહેલા માણસો ઓળખાઈ ગયા ! અમારી શાળાના જ શિક્ષકો (શિક્ષક શ્રી સોમેશ્વર રાવલને **'નાના રાવલ'** અને શિક્ષક શ્રી માણેકલાલ રાવલને 'મોટા રાવલ' તરીકે ઓળખતા)..... **નાના રાવલસાહેબ... રામજીભાઈસાહેબ...** અને **મેટ્રિકમાં ભણાવતા કેટલાક વિદ્યાર્થીઓ....** (પૃ. ૫૬)

કડી સર્વ વિદ્યાલયના કંપાઉન્ડમાં રહેતા સર્વ શિક્ષકોને, શ્રી છગનભાઈ પટેલ, શ્રી પોપટભાઈ પટેલ, શ્રી ભાઈલાલભાઈ પટેલ – આચાર્ય શ્રી બાપુભાઈ ગામી સિવાય આમ **સર્વ શિક્ષકોને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા.** સર્વ વિદ્યાલયનો **નોકર સોમાભાઈ** – જે જેલવાસીઓને દૂધ તથા પૂરીઓ જમવા આપવા ગયા ત્યારે પોલીસે એ સઘળું ઝૂંટવી લીધું, દૂધ ઢોળી નાખ્યું, પૂરીઓ કૂતરાંને ખવડાવી દીધી, ને સોમભાઈને માર

માર્યો વધારાનો !'' (૮)

સમગ્ર ભારતમાં મહેરામણની માફક પ્રસરેલા બેતાલીસના આંદોલનની અસરથી શહેર કડી કેવી રીતે વિમુખ રહી શકે ? શાળાઓ ફરી શરૂ થઈ, અમે સૌ નિશાળે જતા થયા. ત્યારે સર્વ વિદ્યાલયના વ્યાયામ શાળાના વિશાળ ખંડમાં સર્વ વિદ્યાર્થીઓને શિક્ષકો એકત્રિત થયા. એ પ્રસંગે સ્વ. ઉમેદભાઈ પટેલની રાહબરી નીચે અમારી સાથે અભ્યાસ કરતી ઉપાચાર્ય શ્રી છગનભાઈ પટેલની દીકરી હીરાબહેન, આચાર્ય શ્રી બાપુભાઈ ગમીની દીકરી પ્રભાબહેન, ડૉ. માણેકલાલ પટેલની દીકરી નિર્મળાબહેન – અને બીજી બાલિકાઓએ સમૂહમાં ગાયું હતું, એ પ્રેરક ગીતની ધ્રુવ પંક્તિઓ હજુ પણ સંસ્મૃતિને તારે ઝંકાર જગાવી રહી છે :

**"તારી હાક સુણી જો કોઈ ના આવે તો**
**એકલો જાને! એકલો જાને ! એકલો જાને રે...!"**

(પૃ. ૬૩-૬૪)

●

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં 'હાયર એજ્યુકેશન ચેરમેન' તરીકે વર્ષ ૧૯૯૭-૨૦૦૪ દરમિયાન સેવાઓ આપનાર એવા સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી નરસિંહભાઈ કે. પટેલે ૧૯૪૨ની ચળવળમાં ભાગ લેતાં થોડોક સમય જેલવાસ વેઠ્યો હતો. આ વિશેનો ઉલ્લેખ તેમના પુત્ર શ્રી મહેન્દ્રભાઈ પટેલે પોતાના પિતા સ્વ. નરસિંહભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા તા. ૨૮ માર્ચ, ૨૦૧૦ના લેખ 'Celebrating Life'માં કર્યો છે.

●

પૂ. છગનભાના પૌત્ર **શ્રી જયન્તીલાલ જેઠાલાલ પટેલે** "૧૯૪૧ મૅટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ કૉલેજના પહેલા વર્ષે ૧૯૪૨ની સ્વાતંત્ર્ય સંગ્રામની લડત શરૂ થતાં તેમાં ઝંપલાવ્યું હતું. અને આગળ વધુ અભ્યાસ કરવાની પ્રવૃત્તિ અટકી પડી હતી.... 'છગનભા'ના મૃત્યુ કાળે છેલ્લા ચોવીસ કલાક સુધી તેમની પથારી ઉપર બેસી રહી તેમના છેલ્લા શ્વાસ સુધી તેમની સેવા કરવાનો અને છેલ્લે તેમના મૃતદેહને અગ્નિદાહ દેવાનો લાભ તેમને મળેલો." (૧.૧.૨૪, પૃ. ૮).

## વિદ્યાલયમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સમયાન્તરે સ્વાતંત્ર્યની લડતમાં પ્રદાન કરનારા વિદ્યાર્થીઓ

### શ્રી ત્રિભોવનદાસ નથ્થુદાસ પટેલ (૧૮૯૭-૧૯૫૫)

'**શ્રી ત્રિભોવનદાસ**નો જન્મ તા. ૧૮-૯-૧૮૯૭ના રોજ એમના વતન લણવા, તા. ચાણસ્મામાં થયો હતો. પ્રાથમિક ધોરણનો અભ્યાસ એમણે વતનમાં કર્યો અને માધ્યમિક શાળાનો અભ્યાસ માટે એ કડીની જાણીતી સંસ્થા સર્વ વિદ્યાલયમાં દાખલ થયા. સંસ્થાની બોર્ડિંગમાં નિવાસ દરમિયાન એમણે એમની તેજસ્વિતા, સાહસિકતા અને રાષ્ટ્રપ્રેમનાં કેટલાંક ઉદાહરણો પૂરાં પાડ્યાં હતાં. એમ.એ.નો અભ્યાસ ચાલુ હતો એ વખતે 'હિન્દ છોડો' આંદોલન શરૂ થયું અભ્યાસ છોડીને એ ચળવળમાં જોડાયા. ભાંગફોડ માટે એમણે એક ટુકડી તૈયાર કરી અને શેરથા જઈને રેલવે લાઈનના ભંગાણમાં ભાગ લીધો એ પછી ગોડાઉન તોડ્યું. આ પ્રવૃત્તિમાં એ પકડાયા અને જેલ થઈ. એ સાબરમતી જેલમાં હતા એ વખતે એમને જેલમાં શ્રી રવિશંકર મહારાજ અને શ્રી બબલભાઈ મહેતા સાથે પરિચય થયો. (**૧૧.** પૃ. ૪૦)

●

### સ્વ. શ્રી નટવરલાલ ડુંગરદાસ પટેલ, લાડોલ, તા. વિજાપુર

'શ્રી નટવરભાઈ પટેલનો જન્મ વિજાપુર તાલુકાના લાડોલ ગામમાં થયો હતો. તેમની છેલ્લી ત્રણ ચાર પેઢીઓથી કૃષિ ઉપરાંત વેપાર ક્ષેત્રે કામગીરી કરેલ. તે વખતના બ્રહ્મદેશ (બરમા) માં રંગૂનમાં તેમના બાપ-દાદાએ [ લગભગ અર્ધો સૈકો] વેપાર અર્થે ગાળેલો. બ્રહ્મદેશ સ્વતંત્ર થયા પછી વતનમાં પરત આવેલા. તેમનું પ્રાથમિક શિક્ષણ લાડોલમાં થયું અને માધ્યમિક શિક્ષણ કડી સર્વ વિદ્યાલયમાં લીધું અને મૅટ્રિક થયા. કડી સર્વ વિદ્યાલયના રહેઠાણ દરમિયાન દેશપ્રેમ, સ્વાશ્રય, વગેરે ગુણોનું સંવર્ધન થયેલું અને જીવનનું ઘડતર થયેલું.

૧૯૪૨માં ગામડે જઈ આઝાદીની લડત અંગે, ખાદી અંગે પ્રચાર કાર્ય કરતા હતા. તેઓ મૅટ્રિક પછી અમદાવાદમાં કૉલેજમાં જોડાયા હતા. ત્યારે શાળાના

અને કૉલેજના વિદ્યાર્થીઓએ મોટું સરઘસ કાઢેલું. ગુજરાત કૉલેજ આગળ પોલીસે સરઘસને અટકાવ્યું અને ગોળીબારમાં વિનોદ કિનારીવાળાનું મૃત્યુ થયું. અને બીજા નાસવા લાગ્યા. નાસીને શાહપુર દરવાજે આવી બીજું સરઘસ કાઢ્યું. પોલીસે અટકાવ્યું અને પોલીસે ધોકાબાજી શરૂ કરી તે વખતે તેમને મૂઢ માર પડેલો. અર્ધો કલાક બેભાન અવસ્થામાં તેઓ પડી રહેલા. કળ વળતાં બીજા મિત્રો તેમને લઈ ગયા. પછી વતનમાં આવી ગામડે ગામડે જઈ પ્રભાતફેરી સરઘસો કાઢતા અને પત્રિકાઓ વહેંચતા અને પ્રજાના જુસ્સાને પ્રજ્વલિત રાખતા.' (૧૧. પૃ. ૧૨૦)

●

## સ્વ. વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (૧૯૨૧-૨૦૦૬)

વકીલ ધનાભાઈ હ. પટેલે 'સર્વ વિદ્યાલય'માં વર્ષ ૧૯૩૨-૩૩ માં પ્રવેશ મેળવેલ તે સમયનાં 'સંભારણાં'માં નોંધ્યું છે કે 'સને ૧૯૩૩માં હું ને મારા નાનાભાઈ શિવાભાઈ ગુજરાતી પાંચ ધોરણનો અભ્યાસ પૂર્ણ કરી આગળ અભ્યાસાર્થે સર્વ વિદ્યાલય-કડીમાં દાખલ થયા અને વિદ્યાર્થી આશ્રમમાં છાત્ર તરીકે પ્રવેશ મળ્યો. મારું ગામ ગણેશપુરા, કડી તાલુકા અને મહેસાણા તાલુકાની હદને અડીને હાલના નેશનલ હાઈવે ઉપર આવેલું માંડ સો ઘરોની વસ્તીવાળું ગામડું છે. તે વેળા ગામેગામ ફેરીઓ નીકળતી. પૂ. મહાત્મા ગાંધીજીની આઝાદીની લડતનું વાતાવરણ ગામેગામ હતું. અમે ગાતા-

**'નહીં નમશે, નહીં નમશે' નિશાન ભૂમિ ભારતનું.'**

વળી શિક્ષકો ગવડાવતા –

**'ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે,**
**શૂરા જાગજો રે, કાયર ભાગજો રે... ડંકો.'**

લાકડીમાં ત્રિરંગો ઝંડો ભેરવી, નીકળે એટલા ઊંચા સ્વરે આ લડાયક કૂચગીતો ગાતા. તે વખતે આ બધું શા માટે કરીએ છીએ તે ઓછું સમજાતું પણ અંગ્રેજોને કાઢવા પૂ. મહાત્માજીએ લડત ઉપાડી છે, તેવું થોડુંક સમજાતું. (૧.૧.૩ પૃ.૪)

આ ઉપરાંત તેમણે આત્મકથન (અપ્રગટ)માં સર્વ વિદ્યાલયમાંથી મૅટ્રિકની પરીક્ષા પૂર્ણ કર્યા બાદ કૉલેજ શિક્ષણ દરમિયાન આઝાદીની ચળવળમાં પોતાની ભાગીદારી સંદર્ભે નોંધ્યું છે કે સને ૧૯૩૩થી ૧૯૪૦ સુધી આ રાષ્ટ્રીય સંસ્થામાં રહી તે વખતની મૅટ્રિક પરીક્ષા બંને ભાઈઓએ સાથે પાસ કરેલી. મૅટ્રિક પાસ કર્યા પછી હું અમદાવાદની નવરંગપુરામાં આવેલી H. L. College of Commerce મારા બીજા સાથીદાર મિત્ર વિદ્યાર્થીઓ શ્રી ગોપાળભાઈ ત્રિભોવનદાસ પટેલ, રહેવાસી ભટાસણ, તાલુકે કડીના તથા હરગોવિંદભાઈ ધનાભાઈ, રહેવાસી બલોલ, તાલુકે મહેસાણા મારી સાથે આ જ કૉમર્સ કૉલેજમાં દાખલ થયેલા અને ચોથા છગનલાલ કાળિદાસ પટેલ રહેવાસી મોખાસણ, તાલુકે કલોલના એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં દાખલ થયેલા. અમે ચારે કડીની સંસ્થામાં અને છાત્રાલયમાં સાથે રહી અભ્યાસ કરેલો. થોડો સમય ભાડાના મકાનમાં સાથે રહેલા પછી અનુકૂળતા ન પડવાથી 'શ્રી પુરુષોત્તમદાસ જમનાદાસ અમીન કડવા પાટીદાર વિદ્યાર્થી ભવન' એલિસબ્રિજ, અમદાવાદ (K. P. Bhavan)માં સાથે રહેવા ગયેલા. ગોપાળભાઈએ કોમર્સનું એક વર્ષ કરીને આગળ અભ્યાસ કરવાનુ છોડી દીધેલું. છગનભાઈ, હરગોવિંદભાઈ અને મેં આગળ અભ્યાસ ચાલુ રાખેલો. તે વખતના ઇન્ટર કૉમર્સમાંથી હું લૉ કૉલેજમાં દાખલ થયેલો. સને ૧૯૪૨ના ઑગસ્ટની આઠમી તારીખે પૂ. મહાત્મા ગાંધીજીએ ક્વિટ ઇંડિયાની હાકલ કરી અંગ્રેજી શાસન સામે લડત ઉપાડી અને સરદાર વલ્લભભાઈએ આ લડતને ટેકો આપવા તે પહેલાં હાકલ કરેલી એટલે અમે કૉલેજ છોડી દીધેલી અને થોડો વખત છાત્રાલયમાં રહી તે વખતના કૉંગ્રેસના આગેવાનો ગુલામ રસુલ કુરેશી, પુરાતન બૂચ, બાબુભાઈ વગેરેની દોરવણી નીચે પત્રિકાઓ વગેરે વહેંચવાનું કામ કરતા હતા. પરંતુ છાત્રાલયને હરકત ન થાય તે કારણે છાત્રાલય બંધ થવાથી અમે પોતપોતાના ગામ ગયેલા અને ત્યાંથી શકય તેવો આઝાદીની લડતનો પ્રચાર ગામડે કરતા હતા. કડી તાલુકાના ડાંગરવા ગામે અંગ્રેજી રાજ્ય અને વડોદરા રાજ્યને વફાદાર રહેવા માટેની સભા પોલીસ પટેલો, મતાદારો અને ગામ-આગેવાનોની તે વખતના કડી તાલુકાના વહીવટદારે બોલાવેલી. આવી વફાદારી સામે વિરોધ કરતું અને ભારતમાતાને વફાદાર રહેવાનું પહેલ વહેલું જાહેર પ્રવચન મેં કરેલું. મને પકડવામાં આવશે

તેવી દહેશત મારા પિતાશ્રી અને અન્યને હતી. પરંતુ તે વખતના વડોદરા રાજ્યની નીતિના કારણે મને લાગે છે કે મારી ધરપકડ કરાઈ નહીં હોય. અમદાવાદ વિદ્યાર્થી ભવનમાં રહેતા મારા સાથીદારો સાથે રેલવે ગાડી થોભાવવા (ફીશ પ્લેટ કાઢીને) પ્રયત્ન કરવા ગયેલા પરંતુ રેલવેના ચોકીદારોને ખ્યાલ આવવાથી અમારી પાછળ પડેલા. અમે નાસીને ખેતરોમાં થઈ દોડતા છાત્રાલય તરફનો રસ્તો પૂછતા. પાછળના ચોકીદારો ચોર છે ચોર છે એવી બૂમો પાડતા, દોડતા અમારી પાછળ લાકડી, ધારિયાં લઈ પડેલા. ખેતરોમાંથી ખેડૂતો અમારાં ખાદીનાં કપડાં જોઈ ગાંધીવાળા છો ? એવું પૂછતાં અમે હા કહેતાં જેથી અમને છીંડાં બતાવી દોડી જવાની સગવડ આપતા અને પાછળ પડેલાઓને બીજે રસ્તે ચડાવી દીધેલા અને એમ અમે પાંજરાપોળને લક્ષમાં રાખી ત્યાંથી વિદ્યાર્થીભવન પહોંચી ગયેલા. આ મારી ટુકડીમાં સાણંદના અમરસિંહ અને દોલતસિંહ તથા કડીના અમીનના બે દીકરા હતા. આ રીતે દોઢેક વર્ષ કૉલેજનો અભ્યાસ છોડી ગામડે રહી શકય પ્રચાર કરતા હતા. તેવામાં મોટી દેઉ, તાલુકે મહેસાણાના મારા મિત્ર શંકરભાઈ શિવાભાઈ પટેલ ગણેશપુરા આવેલા અને મને જણાવ્યું કે ૩૨ દિવસ કૉલેજમાં ભરેલા હોય તેની ટર્મ ગ્રાંટ થઈ છે અને મિલો વગેરે ચાલુ થઈ ગયું છે તો પછી આપણે પણ કૉલેજનો અભ્યાસ જઈને ચાલુ કરીએ અને ત્યાં રહી આઝાદીની લડતની પ્રવૃત્તિમાં સહકાર કરી શકાશે અને એમ હું પણ સાથે અમદાવાદ ગયો અને એમ LL.B.ની ડિગ્રી મેળવી.

મારા નાનાભાઈ શિવાભાઈ આગળ અભ્યાસ માટે વડોદરા સાયન્સ કૉલેજમાં દાખલ થયેલા. તેમણે આઝાદીની લડતની હાકલના કારણે કૉલેજ છોડી દીધેલી અને પછી આગળ કૉલેજ ચાલુ નહીં કરેલી. બીજા બે ભાઈઓ વિઠ્ઠલભાઈ અને રમણભાઈ એ પણ અભ્યાસ કરવાનું છોડી દીધેલું.

આઝાદીની ચળવળની અને ગાંધીજીનાં પ્રવચનોની અસરથી સંસ્થા રંગાયેલી એટલે હરિપુરા કૉંગ્રેસ જે સુરતના મઢી સ્ટેશન નજીક ભરાયેલી તેમાં રસોડામાં સેવા આપવા સ્વયંસેવક તરીકે મને જવાની તક મળેલી. ત્યાં પૂ. મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, પંડિત જવાહરલાલ નહેરુ વગેરે નેતાઓને નજીકથી જોવાનો તથા સાંભળવાનો લાભ મળેલો. પૂ. રવિશંકર મહારાજના હાથ નીચે રસોડામાં પીરસવાનું કામ અમે કરતા.

•

## સ્વ. મણિભાઈ પુરુષોત્તમદાસ પટેલ, ચાણસ્મા

'શ્રી મણિભાઈનો જન્મ તા. ૯-૨-૧૯૨૨ના રોજ એમના વતન ચાણસ્મામાં થયો હતો. એમણે પ્રાથમિક અને શરૂઆતનું માધ્યમિક શિક્ષણ કડીની સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં ત્યાંના છાત્રાલયમાં રહીને લીધું. ઉચ્ચ શિક્ષણ માટે એ વડોદરાની જાણીતી સંસ્થા કલાભવનમાં જોડાયા. ઈ.સ.૧૯૪૨માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ અંગ્રેજોને 'હિન્દ છોડો'ની હાકલ કરીને દેશવાસીઓને 'કરેંગે યા મરેંગ'નો મંત્ર આપ્યો, એ વખતે જનજાગૃતિ ફેલાવવા માટે વિદ્યાર્થીઓએ શાળા-કૉલેજોનો બહિષ્કાર કર્યો અને ગામડે ગામડે ગાંધીજીનો સંદેશો ફેલાવવા માટે સૌ નીકળી પડ્યા. મણિભાઈ પણ એમાંના એક હતા. ૧૮ ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ મણિભાઈ અન્ય ૩૩ વિદ્યાર્થીઓ સાથે આણંદ અને આસપાસનાં ગામોમાં મહાત્મા ગાંધીએ પ્રેરેલા કાર્યક્રમનો પ્રચાર કરવા નીકળી પડ્યા. ટુકડીના આગેવાન શ્રી તુલસીદાસ મોદી હતા. આ વિદ્યાર્થીઓ બાજવાથી ટ્રેનમાં બેઠા અને નાવલી સ્ટેશને ઊતરી ગયા. તેમની પાસે પ્રચાર-પત્રિકાઓ હતી. પોલીસ પાર્ટી વિદ્યાર્થીઓને શોધતી હતી.

આ યુવાનો સાંજે વડોદરા પાછા ફરવાના હતા. પોલીસોને જોઈને કેટલાક દેશપ્રેમી નાગરિકોએ તેમને નાવલીથી ગાડીમાં ન બેસવાની સલાહ આપી. પોલીસ એમની શોધમાં છે એમ જણાવી એમને અડાસથી ગાડી પકડવાની સલાહ આપી. સાંજે સાત વાગ્યે વિદ્યાર્થીઓ અડાસ સ્ટેશનની નજીક પહોંચ્યા. ત્યારે વડોદરા જનાર ટ્રેન આવી ગઈ હતી. આણંદથી ટ્રેનમાં આવતા પાંચ શસ્ત્રસજ્જ પોલીસોએ ખેતરમાં જઈને વિદ્યાર્થીઓને સ્ટેશન તરફ આવતા જોયા. આ પોલીસો ટ્રેનમાંથી કૂદીને બહાર આવ્યા. વિદ્યાર્થી નેતા તુલસીદાસે બધા વિદ્યાર્થીઓને બેસી જવાનો આદેશ આપ્યો. પોલીસોએ તેમને કંઈ કહ્યા વગર કે ચેતવણી આપ્યા વગર એકાએક

ગોળીબાર શરૂ કર્યો. તેમણે કુલ સાત રાઉન્ડ છોડ્યા. પરિણામે ત્રણ વિદ્યાર્થીઓ ત્યાં જ મરણ પામ્યા અને છ જણને ગંભીર ઈજાઓ થઈ. મણિભાઈને વધારે સારી સારવાર માટે વડોદરાની સયાજી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. એમની તબિયતમાં સુધારો દેખાયો ખરો છતાં બંદૂકની ગોળી તેમના માટે જીવલેણ નીવડી અને શહાદતને વર્યા. એ વખતે મણિભાઈની ઉંમર ૨૧ વર્ષની હતી. આ શહીદ મણિભાઈનું બાવલું અડાસ રેલવે સ્ટેશન ઉપર આજે પણ છે.

મણિભાઈનાં ધર્મપત્ની પાર્વતીબહેને સમગ્ર જીવન આધ્યાત્મિક અને માનવતાનાં કાર્યોમાં પસાર કર્યું હતું.' (૧૧. પૃ. ૬૬-૬૭)

અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે સ્વ. મણિભાઈ પટેલ, સર્વ વિદ્યાલય, કડીના સેવા નિવૃત્ત પ્રાચાર્ય અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ શ્રી મનુભાઈ જે. પટેલના પિતરાઈ ભાઈ થાય.

**સમાપન :**

'વિદ્યાર્થી આશ્રમ' (૧૯૨૦) અને 'પાટીદાર વિદ્યાલય' – હવે, 'સર્વ વિદ્યાલય' (૧૯૨૨)ની સ્થાપનાનો મૂળભૂત ઉદ્દેશ સામાજિક કુરિવાજો અને અંધવિશ્વાસથી ગ્રસ્ત સમાજને કેળવણીની જ્ઞાનજ્યોત થકી પ્રકાશમાં આણવાનો રહ્યો હતો/છે. અહીં નિયત પાઠ્યક્રમના શિક્ષણ ઉપરાંત સુથારી, લુહારી, મુદ્રણકળા, કાંતણ, વણાટ, વગેરેનું વ્યવસાયિક પ્રશિક્ષણ પણ આપવામાં આવતું હતું. આ હેતુસર પ્રારંભથી જ કેળવાયેલા, અભ્યાસપૂત અને શિક્ષણને સમર્પિત શિક્ષકોની પસંદગી કરીને તેમના થકી શીલ અને સંસ્કારને પોષક તેમજ ઉચ્ચગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. આ સંસ્થાની સ્થાપનાનો સમય રાષ્ટ્રજાગૃતિનો હતો. સમગ્ર દેશ મહાત્મા ગાંધીની આગેવાની હેઠળ અંગ્રેજોની ચુંગાલમાંથી આઝાદ થવા કૃતસંકલ્પ બની સંઘર્ષરત બની રહ્યો હતો. આ સાથે જ ખાસ ધ્યાનપાત્ર બાબત તો એ છે કે આ સંસ્થાના પ્રેરકબળ-પ્રેરણાદાતા અને પ્રમુખ આધારસ્તંભ એવા પૂ. છગનભા ગાંધીજીથી ભારે પ્રભાવિત હતા. પરિણામે અહીં રાષ્ટ્રીય શાળાને પોષક એવી બહુવિધ પ્રવૃત્તિઓ, જેમ કે વ્યક્તિત્વઘડતર, વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ખાદીનાં કપડાં પહેરવાં, ખાદી પ્રચાર, અસ્પૃશ્યતાનિવારણ, ગ્રામોદ્ધાર, કોમી એકતા, નિરક્ષરતા નાબૂદી, છાત્રાલય અને છાત્ર સંમેલન વગેરે હાથ ધરવામાં આવતી હતી. છાત્ર સંમેલન અને વિશેષ વ્યાખ્યાનો માટે કેળવણીવિદો, સાહિત્યકારો વગેરેને નિમંત્રિત કરવામાં આવતા, જેમકે, દક્ષિણામૂર્તિવાળા નાનાભાઈ ભટ્ટ, હરભાઈ, આણંદથી ભાઈકાકા, ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિઠ્ઠલદાસ, કોઠારી, કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોશી, રમણલાલ દેસાઈ, જુગતરામ દવે, બબલભાઈ મહેતા, વગેરે, જેના પરિણામે આ સંસ્થાનું વાતાવરણ સાચા અર્થમાં શિક્ષણધામ અને રાષ્ટ્રીયભાવનાથી હર્યુંભર્યું રહેતું આવ્યું છે. આ શાળાના બે શિક્ષકો શ્રી પોપટલાલ પટેલ અને શ્રી છગનભાઈ કા. પટેલ જેમણે મહાત્મા ગાંધીની અસહકારની હાકલ સાંભળીને સરકારી કૉલેજોનો અભ્યાસ છોડી દઈ આ શાળામાં શિક્ષક તરીકે જોડાયા હતા. પાછળથી તેમણે વિદ્યાપીઠમાંથી અભ્યાસ પૂર્ણ કર્યો હતો. આ શિક્ષકોએ શાળામાં નોકરી દરમિયાન સ્વાતંત્ર્યની ચળવળમાં ભાગ લેતાં જેલવાસ પણ વેઠ્યો હતો. સંચાલક મંડળના પ્રમુખ તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપનારા પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ ગુજરાત કૉલેજમાં ગણિતશાત્રના વિદ્વાન પ્રોફેસર તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. તેમણે પણ સરકારી નોકરી ઉપરથી રાજીનામું આપી દીધું હતું. આ શાળાના પ્રારંભમાં શિક્ષક અને સમયાન્તરે સંચાલન સમિતિના સભ્ય/હોદ્દેદાર શ્રી પુરુષોત્તમદાસ પટેલ ઉપરાંત નગીનદાસ પટેલ, રામચંદ્ર અમીન, પ્રાણજીવન દેસાઈ વગેરેએ સ્વાતંત્ર્યસંગ્રામમાં યત્કિંચિત ફાળો આપ્યો હતો અને સાથે સાથે જેલની સજા પણ ભોગવી હતી.

આ રાષ્ટ્રીય શાળાના શિક્ષકોનો પ્રભાવ વિદ્યાર્થીઓએ પણ ઝીલ્યો હતો અને તે પણ રાષ્ટ્ર માટે ફના થવાની ખુમારી સાથે. અને તે એટલી હદ સુધી કે પોતાના અધ્યાપકોને જાણ કર્યા સિવાય મીઠા સત્યાગ્રહમાં ભાગ લેવા અમદાવાદ જઈને કૉંગ્રેસ કાર્યાલયમાં પોતાનાં નામ નોંધાવી આવ્યા હતા. કૉંગ્રેસ દ્વારા આ બધાં નામો જાહેર કરવામાં આવ્યાં ત્યારે જ આ વિશે શાળામાં સમાચાર પહોંચ્યા હતા. આ

વિદ્યાર્થીઓએ તો પોલીસનો ભારે ત્રાસ વેઠીને પણ શાળાનું નામ આપ્યું ન હતું કે જામીન ઉપર છૂટવાનું પણ મુનાસિબ ન માનીને જેલમાં રહેવાનું પસંદ કર્યું હતું. આ શાળામાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ કે વ્યવસાયિક કારકિર્દીમાં જોડાયેલા કેટલાક વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્યની લડતમાં યોગદાન આપ્યું હતું. આ સંસ્કાર/રાષ્ટ્રભકિતના પાયામાં સર્વ વિદ્યાલયની અસ્મિતા/ખમીર દશ્યમાન થાય છે, જેના અભિનંદનનાં અધિકારી શાળાના ઋષિકુળ પરંપરાનો નિર્વાહ કરતા આચાર્યો, શિક્ષકો અને સંચાલક મંડળ છે. આ એ સંચાલક મંડળ છે કે જેણે સ્વાતંત્ર્યની ચળવળ દરમિયાન તા. ૩ જાન્યુઆરી, ૧૯૨૬ની રાત્રીએ રાજાની વફાદારીની પ્રતિજ્ઞા લેવાનો પ્રસ્તાવ ધરાર ફગાવી દીધો હતો. 'સર્વ વિદ્યાલય'ની અનોખી ઓળખની આ પરંપરા આજે પણ અક્ષુણ્ણ વહી રહી છે. મૂલ્યનિષ્ઠાને વરેલા સંચાલક મંડળના સૌ સેવકો આ સંસ્થા માટે કૃતસંકલ્પ બની રહી પ્રપત્તિભાવપૂર્વક પોતાની ફરજો અદા કરી રહ્યા છે. આ માટે સર્વ વિદ્યાલયના પરિવારજનો શત્ શત્ વંદન અને અભિનંદનના અધિકારી બની રહે છે. અંતમાં, સર્વ વિદ્યાલયના વ્યક્તિત્વને વાસ્તવના ધરાતલ ઉપર રહીને ઉજાગર કરતા શબ્દો ધ્યેયમંત્ર બની રહે છેઃ 'સર્વ એટલે બધું તો ખરું જ પણ તેનો અર્થ 'સંપૂર્ણ' પણ છે. બધા જ લોકોની કેળવણી તો ખરી પણ સર્વાંગી કેળવણી એ આ સંસ્થાનો આદર્શ રહ્યો છે. ચાલુ ચીલાની બૌદ્ધિક કેળવણી ઉપરાંત સ્વાશ્રયી જીવનની તાલીમ, હાથપગની કેળવણી ઉદ્યોગ અને ટેક્નિકલ કેળવણી અને હૃદયની કેળવણી તેની ભૂમિ ઉપર સારી રીતે વિકાસ પામી છે... સર્વ વિદ્યાલય ધરતીનું છોરું છે તેનામાં ધરતીનું ખરબચડાપણું છે. પણ કઠોરતા નથી. તેનામાં નાગરિકતાને આંજી નાંખે તેવો ભપકો નથી તો નગરનો ઊતરી જાય તેવો રંગ નથી. તેનામાં ઘાટઘૂટ ઓછાં આર્કષક હશે તો નગરની મર્યાદિત સીમાઓ પણ નથી. તેનામાં આકર્ષણવૃત્તિ અને પ્રદર્શનવૃત્તિ નથી તો અતડાપણું પણ નથી. ખુલ્લા હૃદયની આત્મીયતા તેનું આકર્ષણ છે. 'સર્વ વિદ્યાલયનાં મૂળ ધરતીમાં છે, તેના દેહમાંથી ધરતીની ફોરમ આવે છે, શિવ અને વિષ્ણુ (કલ્યાણ અને પોષણ) તેના ઉપાસ્ય દેવ છે, સર્વને માટે સર્વાંગીણ વિકાસના ધ્યેયને તે વરેલી છે. રાજતી અને સોહતી સર્વ વિદ્યાલયનું આ વ્યક્તિત્વ છે.' (૧. ૧.૧૭, પૃ. ૨, ૩ અને ૮). **આજે આ સંસ્થાનો પ્રત્યેક વિદ્યાર્થી અને કર્મચારી (આચાર્યથી સેવક સુધીના સંવર્ગના તમામ) હું સર્વ વિદ્યાલયનો છું તેવી સાહજિક સભાનતા સાથે સ્વધર્મનું પાલન કરીને – તેના સ્વઘોષિત એલચી બનીને તેની આગવી ઓળખ અપાવી રહ્યો છે, જે તેના સંસ્કારવારસાનું દ્યોતક બની રહે છે.**

(નોંધ : સર્વ વિદ્યાલય, કડીના સેવકો / હોદ્દેદારશ્રીઓ, શિક્ષકો / આચાર્યશ્રીઓ / કર્મચારીઓ, અને વિદ્યાર્થીઓએ રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલા પ્રદાન સંદર્ભે ઉપર્યુક્ત પૈકી અહીં કોઈ વિશે નોંધ લેવાનું ચૂકી જવાયું હોય તો તે માટે ક્ષમાયાચના સાથે વિનંતી છે કે તેમના વિશેની વિગતવાર માહિતી આધારભૂત સ્રોત સાથે આ વૃત્તપત્રના સંપાદક મણિભાઈ પ્રજાપતિ, મો. ૯૬૦૧૨૭૩૮૩૬ ને મોકલી આપી આભારી કરશોજી. પ્રાપ્ત માહિતી પૈકી યોગ્ય તે માહિતી અનુકૂળતાએ પ્રકાશિત કરવામાં આવશે).

**સંકલન : મણિભાઈ પ્રજાપતિ**

*હિન્દુપ્રજાના પતનમાં અહિંસાવાદે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ચુસ્ત અહિંસાવાદ અને વીરતા સાથે રહ્યાં દેખાતાં નથી. પ્રજા શસ્ત્ર વિનાની અને નમાલી થાય તો ગુલામીનાં ફળ ભોગવવાં જ પડે. મ. ગાંધીજીની જે અહિંસા, અંગ્રેજોની સામે સફળ થઈ તે જૂનાગઢ, નિઝામ હૈદરાબાદ કે ગોવાની સામે કેમ સફળ ન થઈ ? અંગ્રેજોની સૈન્યશક્તિ આગળ આ રાજ્યો તો સાવ તુચ્છ હતાં, તો પણ અહીં અહિંસા ચાલી નહિ, સત્ય તો એ છે કે અહિંસાની સફળતામાં અંગ્રેજો પણ તેટલા જ કારણભૂત છે, જેટલા ગાંધીજી. પ્રજાને વીરતાધર્મ આપવો જોઈએ. અહિંસાથી પ્રશ્નો ઉકેલાતા ન હોય તો તેને ચુસ્ત રીતે વળગી રહેવાનો શો અર્થ છે ?*

***– સ્વામી સચ્ચિદાનંદ***

# મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)ની સર્વ વિદ્યાલયની મુલાકાત

૪

પુરુષોત્તમદાસ ર. પટેલ



(મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)એ તા. ૪ જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ વિદ્યાલયની મુલાકાત લીધી હતી. આ ઘટનાના પ્રત્યક્ષ સાક્ષી શ્રી પુરુષોત્તમદાસ પટેલ (દાસકાકા)નો અહેવાલ)

વડોદરા નરેશ મહર્ષિ સયાજીરાવ તા. ૩-૧-૧૯૨૬ના દિવસે કડીમાં પધાર્યા. વડોદરા રાજ્યની પ્રણાલિકા કે મહારાજા સાહેબ જ્યાં જાય ત્યાં તેની આગળ પડતી સંસ્થાઓની મુલાકાત લે. તેમની મુલાકાતનો પ્રોગ્રામ તે પધારે તે પહેલાં સંસ્થાઓને જણાવવામાં આવે. મહારાજા સાહેબ તા. ૪-૧-૧૯૨૬ના દિવસે સવારે આઠ વાગે કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત લેશે તેવું જણાવવામાં આવ્યું. સંસ્થાના પ્રાણસમા શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી અને પ્રો. સ્વામિનારાયણ અમદાવાદથી આવી ગયા. મહારાજા સાહેબની સ્વાગતની તૈયારી થવા લાગી.

તા. ૪-૧-૨૬ આગલી રાત્રે વડોદરા રાજ્યના સ્કાઉટ કમિશનર બૉર્ડિંગમાં આવ્યા અને આશ્રમના વિદ્યાર્થીઓની સ્કાઉટ ટ્રુપ રચવા આગ્રહ કર્યો. અને મહારાજા સાહેબના શુભહસ્તે સ્કાઉટનો વાવટો ટ્રુપને આપવાનું કહ્યું તે વખતે સ્કાઉટનો For God, King and County (ઈશ્વર, રાજા અને દેશ)ને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવાનું હતું. કમિશનર સાથે વાટાઘાટ કરવામાં શ્રી પોપટભાઈ, કુબેરભાઈ, છગનભાઈ વગેરે તેમજ હું હતો. ચર્ચા બે કલાક ચાલી. ઉગ્ર ચર્ચા થઈ. અમારું કહેવું હતું કે ભારતમાં રાજાઓ આવ્યા અને ગયા. વડોદરાની ગાદી ઉપર પણ રાજાઓ આવ્યા અને ગયા. આથી રાજાની વફાદારીના સોગન લેવામાં અમે માનતા નથી. સ્કાઉટની પ્રતિજ્ઞામાં રાજા શબ્દ એ ઇંગ્લૅન્ડના રાજાને માટે છે. ભારત ઉપર અંગ્રેજો તેમના નામથી રાજ્ય કરે છે. ભારત આઝાદ થવા માગે છે. રાજા પ્રત્યે વફાદારીના સોગન એટલે ભારતને કાયમ અંગ્રેજોના હાથ નીચે આપવાનું, ભારતની આઝાદીનો દ્રોહ કરવાનું, આ અમારાથી કે અમારા વિદ્યાર્થીઓથી નહિ થાય. અમે તો માત્ર દેશને વફાદાર રહેવા સોગન લઈએ.

કમિશનર નારાજ થઈ કડી રેસ્ટ હાઉસ ગયા. દીવાનસાહેબને વાત કરી.

આ સંસ્થા તો બંડખોર છે. દીવાનસાહેબે મહારાજાસાહેબને વાત કરી તેમની સંમતિ લઈ મહારાજાસાહેબની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત રદ કરતો ફતવો અમને રાત્રે એક વાગે પહોંચાડવામાં આવ્યો.

રાત્રે છગનભા, પ્રો. સ્વામિનારાયણ તેમજ શેઠ શ્રી લશ્કરીને મહારાજાસાહેબે મુલાકાત રદ થયાની ખબર આપવામાં આવી. સૌ નારાજ થયા. પ્રો. સ્વામિનારાયણ દેત્રોજ સવારના પાંચની ગાડીમાં ગયા અને શેઠ શ્રી લશ્કરી એમની મોટરમાં અમદાવાદ ગયા. વિદ્યાર્થીઓને ખબર આપવામાં આવેલ નહિ અને તેમણે તો સવારના બૅન્ડ તૈયાર કર્યું અને એમની ડ્રીલ-કવાયતનો પોશાક પહેરી તૈયાર થયા.

મહારાજાસાહેબ સવારના આઠ વાગે એમની સાથે તેમના એ.ડી.સી.ને રાખી સ્ટેશન ઉપર આંટા મારવા નીકળ્યા. સામે વિદ્યાર્થી આશ્રમ. એમના મનમાં થયું કે આ બંડખોર સંસ્થાને મારે જોવી. તેમનું બંડનું જે કાંઈ જોવા મળે તે જોવું અને રેલવેના પાટા ઓળંગી આશ્રમ તરફ વધ્યા. તેમને જોતાં જ સંસ્થાના પ્રવેશે તેમનું સ્વાગત કરવા સૌ તૈયાર થઈ ગયા. બૅન્ડે સ્વાગત ગીત શરૂ કર્યું. મહારાજાસાહેબ આશ્રમમાં બૅન્ડની પાછળ પાછળ પ્રવેશ્યા. વિદ્યાર્થીઓની તથા શિક્ષકોની પલટણ પાછળ.

રેસ્ટહાઉસ સ્ટેશનની નજીક છે, દીવાનસાહેબ વગેરે મહારાજાસાહેબ પાટીદાર આશ્રમમાં ગયા છે તે ખબર પડી એટલે બધા દોડતા આવ્યા.

મહારાજાસાહેબ વિદ્યાર્થીઓની રૂમોમાં ગયા. વિદ્યાર્થીઓનાં દફતરો જોયાં. એમનાં પુસ્તકો જોયાં, ચક્કર ચક્કર ફરતી તકલીઓ વિદ્યાર્થી પાસે જોઈ. બધા વિદ્યાર્થીને શુદ્ધ ખાદીમાં જોયા. સ્કૂલના શિક્ષણ કાર્યક્રમમાં રેંટિયા અને શાળો જોઈ. વણાયેલી ખાદી અને પાટી જોઈ. કાંતેલું સૂતર જોયું. લાઇબ્રેરીમાં ગયા તો ઘણાં પુસ્તકો ઊંચાંનીચાં કરી જોયાં. પ્રિન્ટિંગ પ્રેસમાં છપાતું અને છપાયેલું સાહિત્ય જોયું અને અંતે રસોડાની દક્ષિણ તરફની પડાળીમાં ગાદી બિછાવેલી ત્યાં આવીને બેઠા.

છગનભાએ સ્વાગત પ્રવચન કર્યું. મહરાજાસાહેબ તેમના તરફ જોઈ રહ્યા. અંતે મહારાજાસાહેબે પ્રવચન કરતાં જણાવ્યું કે ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી, પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં, પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું અને સંસ્થાની પ્રવૃત્તિઓથી સંતોષ પામી પરત રેસ્ટહાઉસમાં ગયા.

ત્રણ વાગે તેમનું ફરમાન આવ્યું. વિદ્યાર્થીઓ વગેરેને તેમના તરફથી સાત વાગ્યા પહેલાં જમાડવા, મૅનુ એમણે નક્કી કર્યું, રજવાડી શાકાહારી ભોજન વિદ્યાર્થી જમવા બેસે તેની ખબર આપવાની, પછી મહારાજાસાહેબ જમવા બેસે.

મહારાજા સર સયાજીરાવની આ મુલાકાત સંદર્ભે દાસકાકાએ તા. ૨૬ નવેમ્બર, ૧૯૬૯ના રોજ નોંધેલ સંસ્મરણોમાં નીચેની માહિતી પણ નોંધી હતી :

તથા ખર્ચની રકમ મંગાવી લેવા જણાવ્યું.

વળી પાછા ખબર આવ્યા મહારાજા સાહેબ, સ્વામિનારાયણ સાહેબને મળવા માગે છે. રાત્રે નવ વાગ્યાનો સમય.

સ્વામિનારાયણ સાહેબને બોલાવ્યા.

રાત્રે મહરાજા સાહેબને અમે મળવા ગયા. સંસ્થાનો ઇતિહાસ પૂછ્યો. મુ. છગનભાને ધન્યવાદ આપ્યા.

આ વડોદરાના રાજવીને આ સંસ્થા કેમ ભૂલે ! વડોદરા રાજ્યની પ્રજા કેમ વિસારી શકે ?


એવા રાજવીઓનો આદર્શ આપણા આજના રાજકર્તાઓ રાખે તો ?'' (સુવર્ણજયંતી સાપ્તાહિક વર્ષ-૧, અંક ૧૦ તા. ૨૭-૧૧-૬૯, પૃ. ૮)

**(સૌજન્ય :** શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (ઉ. ગુ.) ) અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ સંપા. મોહનલાલ બા. પટેલ અને ભાઈલાલભાઈ જી. પટેલ (૧૯૮૫ : ૫૮-૫૯)

૫

# સંસ્થામાં રાષ્ટ્રપિતાનાં પુનિત પગલાં :

પોપટલાલ ગુ. પટેલ



(આ ઘટનાના પ્રત્યક્ષ સાક્ષી પોપટલાલ ગુ. પટેલ, આચાર્યશ્રીનો અહેવાલ)

સારો દેશ રાષ્ટ્રીય પ્રવૃત્તિથી ધમધમી રહ્યો હતો. સ્વદેશીની ચળવળ પૂર જોશમાં ચાલતી હતી અને રાષ્ટ્રીય શાળાઓ ઠેરઠેર શરૂ કરવામાં આવતી હતી. કિંચિત્ રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા યુવકો તે વખતે આ સંસ્થામાં કામે લાગ્યા હતા. છગનભા સંસ્થાના મંત્રી અને કર્ણધાર હતા. પાકટ ઉંમરે થોડુંક લખી. વાંચી જાણવા જેટલું અક્ષરજ્ઞાન મેળવી સાધુસંતો અને સંન્યાસીઓનાં પાસાં સેવી હૈયા ઉકેલથી વેદાંતનું જ્ઞાન મેળવી પંચાવન વર્ષની ઉંમરે તેમણે સમાજસેવાનો ભેખ ધારણ કર્યો. અમદાવાદના સુપ્રસિદ્ધ સામાજિક કાર્યકર ડૉક્ટર હરિપ્રસાદ વૃજરાય દેસાઈને સંસ્થામાં અને કડી-કસ્બામાં કેટલાક ઉત્સવો-કાર્યક્રમો પ્રસંગોએ આવવા-જવાનું થતાં છગનભા સાથે પરિચય થયેલો ત્યારે છગનભાનું વ્યક્તિત્વ તેમને ખૂબ જ અસર કરી ગયું. તે વખતની તેમજ આજની પેઢીને પણ નિરક્ષર અને અભણ જેવી લાગે તેવી વ્યક્તિમાં સાચા જ્ઞાનનું કેટલું ઊંડાણ છે અને તે સમાજની કેટલી સુંદર સેવા કરી શકે છે એનું આ દશ્ય-દષ્ટાંત છે, એમ એમને લાગ્યું; અને એ ઉપરથી એમણે પૂજ્ય મહાત્માજી સમક્ષ વાતવાતમાં કડીની સંસ્થા અને છગનભાનો પરિચય આપ્યો અને પાછળથી છગનભાને લઈ મહાત્માજી સાથે મુલાકાત કરાવી. મહાત્માજીએ અનુકૂળતાએ સંસ્થામાં આવવાનું જણાવ્યું. તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૨૯ના રોજ રાષ્ટ્રપિતાનાં સંસ્થામાં પુનિત પગલાં થયાં. તેની આ ભૂમિકા.

આજે જ્યારે હું વિચારું છું ત્યારે મને લાગે છે કે સંસ્થાનું કોઈ વિશિષ્ટ કાર્ય નહોતું કે જે મહાત્માજીને સંસ્થાની મુલાકાત લેવાનું પ્રેરે. પરંતુ હિમાલય જેવા મહાન, સૂર્ય જેવા તેજસ્વી અને મહાસાગર જેવા ગંભીર એવા મહાત્માજીની ગણતરીઓ કંઈક જુદી જ હશે. એક વાત ચોક્કસ કે છગનભાની ત્યાગવૃત્તિ અને કોઠાવિદ્યાથી થતી સમાજસેવાથી મહાત્માજી સંસ્થાની મુલાકાત માટે પ્રેરાય. અર્થાત્ મહાત્માજીને છગનભાનાં કાર્યક્ષેત્રને બિરદાવવાનું યોગ્ય લાગ્યું અને પરિણામે સંસ્થાને તેમનાં પગલાંનો લાભ મળ્યો.

સંસ્થાની તેમની મુલાકાત તદ્દન સાદી અને સરળ હતી. બૉર્ડિંગના મકાનના વચ્ચેના ચોકમાં પ્લીન્થ સુધી ચણેલા ભાગ ઉપર મહાત્માજીની બેઠક રાખી હતી. છાયા માટે થોડાક ભાગ પૂરતો મંડપ બાંધ્યો હતો. વિદ્યાર્થીઓ કાર્યકર્તાઓ, કડી કસ્બાનો અને કડી તાલુકાનો જન સમુદાય તડકામાં ખુલ્લામાં બેસી મહાત્માજીનાં શાંતિથી દર્શન કરી શક્યા હતા અને તેમનું ટૂંકું પ્રવચન ખૂબ જ શાંતિથી સાંભળ્યું હતું તે વખતે માઇકની કોઈ વ્યવસ્થા નહોતી.

સંસ્થાના મંત્રીએ પોતાના ટૂંકા નિવેદનમાં સંસ્થાની પ્રવૃત્તિઓ વર્ણવતાં સંસ્થાની ત્રુટિઓનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો. મૅટ્રિકના અભ્યાસનું ધ્યેય છે. હરિજનોને શાળામાં દાખલ કરવામાં આવે છે. અભ્યાસક્રમમાં ઉદ્યોગોને સ્થાન આપવામાં આવે છે. જેમાં કાંતણ અને વણાટ પણ છે; પરંતુ સંસ્થાનો દરેક વિદ્યાર્થી દરરોજ અમુક સમય આપે એવી યોજના હજુ થઈ શકી નથી. સંસ્થાએ કોઈ ધનિકો પાસેથી મોટી રકમો મેળવી નથી; પરંતુ ગામેગામ અને ઘેરેઘેરથી નાનકડી રૂપિયા જેવડી રકમ કે બશેર-પાંચશેર અનાજ ઉઘરાવી સંસ્થાનો નિભાવ થાય છે અને બની શકે તે વિકાસ કરવામાં આવે છે. (નાણાં વિભાગ ભાગ-૧લો જેમાં સંસ્થાને છેવટ સુધીમાં રૂપિયા સુધીની રકમ કયા ગામથી, કઈ વ્યક્તિ તરફથી મળી તેની નોંધ તુરત જ જડી શકે તેવી રીતે ગોઠવી બહાર પાડવામાં આવ્યો હતો તે મહાત્માજી સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો). હાલમાં કોઈ સિલક નથી. વિદ્યાર્થીઓ સ્વાશ્રયી જીવન જીવે છે. પ્રસંગોપાત્ત આજુબાજુના ગામડાંઓમાં જઈ ફંડ પ્રવૃત્તિ કરે છે અને બાળલગ્ન, કારજ જેવાં રિવાજો સંબંધમાં સંવાદોથી સામાજિક પ્રચાર કરે છે, વગેરે હકીકતો નિવેદનમાં જણાવી હતી.

મહાત્માજીએ છગનભાના આ કાર્યને બિરદાવતાં એકત્ર થયેલી જનતાને કહ્યું હતું કે આ સંસ્થામાં તમારાં બાળકોને દાખલ કરી સારું શિક્ષણ અપાવી શકો છો. સંસ્થા પાસે સિલક નથી એ એક સારી વસ્તુ છે. હરિજનોને તમારા ભાઈ-બહેન જ ગણો અને એમને અપનાવો. સંસ્થાના મંત્રીએ નિખાલસતાથી ત્રુટિઓ દર્શાવી છે એ નિખાલસતા માટે એમને અભિનંદન ઘટે છે. છગનભાએ જે આ કાર્ય કર્યું છે તે સુંદર કાર્ય છે. તેમની પાસેથી સેવાના પાઠ શીખજો અને એમના જેવા થવા પ્રયત્ન કરજો. આવી સંસ્થાને સમાજ જરૂર પોષશે.

મહાત્માજી બપોરની સાડા અગિયારની ગાડીથી ઊતર્યા અને પાછા ચારની ગાડીએ વિદાય થયા હતા ત્યાં સુધીનો તેમનો કાર્યક્રમ ભરચક હતો. ઉપરનો મુખ્ય કાર્યક્રમ શરૂ થવાને વીસેક મિનિટની વાર હતી, તે વીસ મિનિટમાં નિદ્રા ખેંચી કાઢવાનું તેમણે જણાવ્યું. એ વીસ મિનિટ ઘસઘસાટ ઊંઘી ગયા અને બરાબર વીસમી મિનિટે પોતાની મેળે જ જાગી ગયા. જાહેરસભા, કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ, વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એકાદ કલાક સંસ્થાની પ્રવૃત્તિઓ નજરે જોવાનો કાર્યક્રમ હતો. આપણી સામાન્ય સંસ્થાની મુલાકાતે જગતના શ્રેષ્ઠ પુરુષ આવે અને બાળકો તથા જન સમુદાય તેમનાં દર્શનનો લાભ મેળવી શકે એ બીના આજે મને સ્વપ્નવત્ લાગે છે.

મહાત્માજીની પધરામણી સાદી, સરળ અને પ્રેરણાદાયી હતી. કડી ગામ, કડી તાલુકાનાં પ્રજાજનો મહાત્માજીની એક મુલાકાતને પોતાના જીવનના એક ધન્ય પ્રસંગ તરીકે આજે પણ યાદ કરે છે.

**( સૌજન્ય :** શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (ઉ. ગુ.) ) અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ સંપા. મોહનલાલ બા. પટેલ અને ભાઈલાલભાઈ જી. પટેલ (૧૯૮૫) : ૬૩-૬૪)

**મહાત્મા ગાંધીની સંસ્થાની મુલાકાત સંદર્ભે આચાર્યશ્રી મોહનલાલ પટેલનું અવલોકન :** મહાત્માજીની સંસ્થાની મુલાકાત આ સંસ્થા માટે મોટી ઘટના હતી. ગાંધીજી જેવી એક મહાન વિભૂતિ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની પ્રવૃત્તિઓ જોવા પ્રેરાય એ એક અસાધારણ બાબત ગણાય. આ સંસ્થાની મુલાકાત લેવા માટે ગાંધીજીએ ઓછામાં ઓછા છ કલાક ફાજલ પાડવા પડે. ૧૯૨૦ પછીનો ગાંધીજીનો સમય પળેપળની ગણતરી કરવી પડે એટલો મહત્ત્વનો હતો. ગાંધીજીએ આ છ કલાક આ સંસ્થા માટે કેમ ફાજલ પાડ્યા ? સંસ્થા હજુ તો એની બાલ્યાવસ્થામાં હતી. એને સ્થપાયે પૂરો દાયકો પણ થયો નહોતો. હજુ એ એક જ મકાન બાંધી શકી હતી. એમાં કેળવણી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા

પૂરી દોઢસો પણ નહોતી. શિક્ષકોની સંખ્યા બે આંકડામાં ગણી શકાય એટલી પણ નહોતી અને છતાં ગાંધીજીએ આ સંસ્થાની મુલાકાત કેમ લીધી ? મહાપુરુષોની આ જ તો ખૂબી છે. ઊગતા વૃક્ષના અંકુરને એ બરાબર પામી જાય છે. માણસને આરપાર પામી જાય છે. માત્ર ચાર ચોપડી જેટલું શિક્ષણ પામેલા એક માણસે જે દૃષ્ટિ (vision) અને ભાવના (mission)થી કામ ઉપાડ્યું હતું એનું અનન્યત્વ ગાંધીજીએ પારખી લીધું હતું અને એ માણસે રોપેલા બીના અંકુર વિશે માત્ર સાંભળીને જ ગાંધીને એના ફાલ અને પ્રસ્તાર વિશે સમજાઈ ગયું હતું. એ વૃક્ષના બીને રોપનાર વિશે ડૉ. હરિપ્રસાદ પાસેથી જાણ્યા પછી એનું કામ નજરોનજર ગાંધીજીને જોવું હતું. દેશને જેની તાતી જરૂર હતી એ કામ અહીં થઈ રહ્યું હતું. દેશનું આ કાર્ય ગાંધીજીની ગણતરીએ, ભલે નાના એકમમાં, પણ વિરાટ હતું. અહીં આવવા માટે છ કલાકનો સમય યોગ્ય દિશામાં અને યોગ્ય રીતે વપરાતો હતો. મુલાકાતમાં કશી ઔપચારિકતા નહોતી, પણ એક જબરદસ્ત ગણતરી હતી અને એ બધું માત્ર છગનભાના કાર્યને લીધે હતું. મહાત્મા ગાંધીની સંસ્થાની મુલાકાત એ જ છગનભાના કાર્યની સો સો પ્રબંધ જેટલી એક અલિખિત પણ મૂલ્યવાન પ્રશસ્તિ હતી.

**(સૌજન્ય :** 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૭) પૃ. ૧૧૪-૧૧૫)

*સોમનાથનું મંદિર તૂટતું હોય કે અક્ષરધામ ઉપર હુમલો થતો હોય, હિટલરના ગૅસ ચૅમ્બરમાં લાખ્ખો યહૂદીઓ તડપી તડપીને મરતા હોય કે બામિયાનમાં બુદ્ધની પ્રતિમાઓ તૂટતી હોય – ક્યાંય કોઈ અવતાર લેતું દેખાતું નથી. અવતારવાદીઓ ગળું ફાડીફાડીને ગમેતેટલા બૂમબરાડા પાડે, કોઈ અવતાર થતો નથી. સદીઓથી પ્રજાના મસ્તિષ્કમાં અવતારવાદની રંગીન કલ્પનાઓ ઠાંસીઠાંસીને ભરી છે. એટલે પ્રજા સંઘર્ષવિમુખ અર્થાત્ કર્તવ્યવિમુખ થઈને બેસી ગઈ છે. બસ આક્રાન્તાઓ અને અત્યાચારીઓને આવું જ જોઈએ છે. તે બહુ સરળતાથી પ્રજાને ગુલામ બનાવે છે અને રાજ કરે છે. ગુલામ દશામાં પણ લોકો કહે છે કે ધીરજ રાખો, જરૂર અવતાર ધારણ કરશે. આ થિયરીથી પ્રજા કર્તવ્યહીન, સંઘર્ષહીન અને શૌર્યહીન બની. ખરેખર તો અવતારવાદ એ ડાર્વિનની થિયરી પ્રમાણેનો ઉત્ક્રાંતિવાદ છે. પહેલાં એકકોષીય અમીબા, તેમાંથી માછલી (મત્સ્યાવતાર), તેમાંથી જળસ્થળ બન્નેમાં રહેનારો કાચબો (કચ્છપ), તેમાંથી ભૂંડ (વરાહાવતાર), તેમાંથી નૃસિંહ (અર્ધમાનવ), તેમાંથી વામન, તેમાંથી રામ પછી કૃષ્ણ અને પછી બુદ્ધ આ જીવનવિકાસની ઉત્ક્રાંતિ છે (વાંચો "શું ઈશ્વર અવતાર લે છે ?") પુરાણકારોએ તેને સાહિત્યિક ભાષામાં પાત્રો બનાવી બનાવીને કથાઓ લખી અને આપણે આ માઇથોલૉજીને સત્ય માની લીધી પણ પ્રજા બળવાન ન બની પણ કમજોર બની, કારણ કે તેને કાલ્પનિક આશ્વાસન આપવામાં આવ્યું કે ચિંતા ન કરો, હવે અવતાર આવી રહ્યો છે. ખરેખર તો એકેશ્વરવાદી વેદો-ઉપનિષદો કે બ્રહ્મસૂત્ર જેવા ગ્રંથોમાં આવો અવતારવાદ જોવા નથી મળતો. પ્રજાને બળવાન બનાવવી હોય તો આવી કાલ્પનિક આશાઓથી મુક્ત કરીને પુરુષાર્થવાદી બનાવવી જોઈએ.*


**– સ્વામી સચ્ચિદાનંદ**


## [સર્વ વિદ્યાલયની મુલાકાતે મહાત્મા ગાંધી]

# ૬

## કડીમાં કડવા પાટીદાર આશ્રમમાં તથા જાહેરસભામાં ભાષણ :

**ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૧ (૧૯૭૭) : પૃ. ૨૧૨-૨૧૪નો અક્ષશ : પાઠ**







મંગળવાર, જુલાઈ ૨૩, ૧૯૨૯

ગયા મંગળવારે સવારે મહાત્મા ગાંધી અને કસ્તૂરબા કડીના પાટીદાર આશ્રમની મુલાકાતે ગયાં. આશ્રમના જુદા જુદા ભાગોનું નિરીક્ષણ કરીને તેઓ વિદ્યાર્થીઓની સભામાં ગયાં હતાં. સભામાં વિદ્યાર્થીઓએ આશ્રમને લગતો ટૂંકો અહેવાલ રજૂ કર્યા બાદ મહાત્માજીએ વિદ્યાર્થીઓને બોધ આપ્યો હતો.

### સાચો ઉદ્યોગ કયો ?

તેમણે જણાવ્યું હતું કે આ આશ્રમમાં વિદ્યાર્થીઓ ઉદ્યોગ શીખે છે તે આવશ્યક છે, પણ દેશમાં ઉદ્યોગ પર પ્રેમ જાગ્યો નથી. અહીં ૧૦૦માંથી ૮૫ ખેતી કરતા હોય છે તેથી બાકીના ૧૫ ટકાઓ ખેડૂતોને મદદ મળે એવા ધંધામાં રોકાવું જોઈએ. આમાંના ૫ ટકાની મારફત અંગ્રેજ સરકાર આપણા ઉપર રાજ્ય ચલાવે છે તે વિચિત્ર અને શરમભરેલું છે. તમારે અંગ્રેજોની ઑફિસ જોઈ લઈ તાળો કાઢવો જોઈએ કે તે ન હોત તોયે કેવી રીતે રાજ્ય ચલાવી શકત ? અદાલતમાં છેક પોલીસથી તે ન્યાયાધીશ સુધી આપણા માણસો ન હોય ને દુભાષિયા કે વકીલો ન મળે તો સરકાર શું કરે ? અલમોડામાં વેઠ કરનાર ગળિયા બળદ જેવા બનીને બેસી ગયા તેથી વેઠ ચાલી ગઈ. તેવી રીતે જો પાંચ ટકા બેસી જાય તો રાજ્ય ન ચાલી શકે. આ પાંચ ટકામાં ઉદ્યોગ નથી, તેઓ ફક્ત લહિયા છે, તેઓ જીભ કે કલમ ચલાવે છે, પણ અંગ કે પગ ચલાવતા નથી. હળને બદલે આપણા હાથમાં કલમ આવી જાય તો સારું એ એક ભ્રમણા છે. એ ભ્રમણાથી જ તમે ઉદ્યોગ છોડી બેઠા છો.

બાદ તેમણે વિદ્યાર્થીઓને અસ્પૃશ્યતા છોડવા, સુથારી કામ માટે ચીવટ રાખવા, રેંટિયાને વળગી રહેવા અને પોતાનું કાપડ પોતાની મેળે વણવા બોધ આપ્યો હતો. તેમજ આશ્રમની સુંદર વ્યવસ્થા જાળવવા માટે છગનભાઈને ધન્યવાદ આપ્યો હતો.

વિદ્યાર્થીસભાનું કામ પૂરું થતાં મહાત્માજી ગામના લોકોની જાહેરસભામાં ગયા હતા. પોતાના જાહેર પ્રવચનમાં તેમણે જણાવ્યું હતું કે – [1]

૧. અહીં સુધીનો ભાગ અંગ્રેજી પુસ્તકમા આપવામાં આવ્યો નથી.

### કડીની જાહેરસભામાં

આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થાની પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે, એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવાજોગ છે. અહીં તમારાં છોકરાં મોકલવાને તૈયાર થાઓ તો તે સાચી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તમને અહીં મળશે.

### અસ્પૃશ્યતાનો કોયડો

આ સંસ્થાના નિવેદનની સરળતા ને શુદ્ધતાને સારુ હું મંત્રીને, સંચાલકોને ધન્યવાદ આપવા ઇચ્છું તેની સાથે મારું દુઃખ પણ જાહેર કરવું જોઈએ કે તેઓ હજી અસ્પૃશ્યતાનો કોયડો ઉકેલી શક્યા નથી તે બરોબર નથી. અસ્પૃશ્યતાનિવારણ વિના હિંદુ ધર્મ કલ્પી શકાતો નથી. જો તેનો નાશ થાય તો આ જ્ઞાનયુગના અવસરે અહીં જ્યારે એકબીજાના ધર્મનું ઘર્ષણ ને મુકાબલા થાય છે તેવે સમયે કોઈ પણ ધર્મ કે જેમાં મહાદૂષણ હોય કે મૂળ ખરાબ હોય તે ટકી શકતો નથી. હિંદુ ધર્મનું મૂળ ખરાબ હોય તો તેનો મેં ત્યાગ કર્યો હોત. હિંદુ કુળમાં જન્મેલો છું તેથી સંતોષ નથી. બાપના કૂવામાં તરી શકવામાં પુરુષાર્થ હોય પણ ડૂબી જવામાં નથી. હિંદુ ધર્મ સારો છે, પણ તેની સાથે અસ્પૃશ્યતા કલંકરૂપ છે. હિંદુ ધર્મમાં જો અસ્પૃશ્યતાની જડતા હોત તો તેનો જરૂર નાશ થયો હોત. હિંદુ ધર્મમાં જડતા હોય તો તેનું નિવારણ કરવા બલિદાન આપવું જોઈએ. આ સંસ્થાની સાથે છગનભાઈનો સંબંધ હોય છતાં તેમાં સમાજના દાબને લીધે અસ્પૃશ્યતાને સહન કરવું પડતું હોય. કડવા પાટીદાર કોમનું શ્રેય છે તેની મારફતે હિંદુ ધર્મ અને બધાયનુંયે શ્રેય છે. એક કોમના ભલામાં બધાનું ભલું છે એમ સમજી તે અભિમાનનું અંગ છે એમ પણ માનવું જોઈએ. કોઈ પણ મનુષ્ય અસ્પૃશ્ય છે એમ માની કડવા પાટીદાર કોમની સેવા નથી કરી શકવાના. બાળલગ્ન અને અસ્પૃશ્યતાનો મુકાબલો કરું તો બાળલગ્નની વાત છોડી દઉં. બાળલગ્ન તો મોટા કહેવાઈ ગયેલા પાટીદારોમાં ચાલે. આખા હિન્દુસ્તાનમાં બાળલગ્ન નથી. જો તેમ હોત તો સમાજનો નાશ થઈ ગયો હોત. તેના માટે ધીરજ રાખી શકાય, પણ અસ્પૃશ્યતા તો એક ક્ષણને સારુ પણ સહન ન જ કરી શકાય. લોકોએ પોતાનો નિર્ણય જાહેર કરવો જોઈએ કે લાયક અંત્યજ લીધા વિના ચાલે તેમ નથી. સાથે સાથે કાંતવાની પણ સલાહ આપવી જોઈએ. કાંતવામાં પ્રોત્સાહન આપવું એટલું જ નહીં પણ ચાંપ મૂકવી જોઈએ. અમારા છોકરાઓ પાસેથી ઘરેણાં શણગાર કઢાવી લ્યો અને કાંતવાનું શીખવો. બાળકોને સંસ્કાર પાડવામાં જોર કરો.

### મહાસભાનો હળવો ને સુંદર કાર્યક્રમ

રાષ્ટ્રીય ભાવના પોષવા ઇચ્છો તો તમારે હિંદીને સ્થાન આપવું જોઈએ. તે ભાષા શીખી શકાય એવી છે. તે ભાષા કામ નભાવી શકે છે ને ચલાવી શકે પણ છે. મહાસભાનો કાર્યક્રમ હળવો અને સુંદર પણ વ્યાપક છે. દેશમાં રહેનારને આવકારદાયક વધાવી લેવા જેવો તે હિસ્સો આપી શકે તેવો છે. તેનો કાર્યક્રમ તે ખાદીપ્રચાર અને વિદેશીનો બહિષ્કાર, પરદેશીનો ધાગો પણ કાઢી નાખી ખાદી રાખવી જોઈએ. અહીં ખાદી વેચાય છે, પણ તે પૂરી પાડી શકાય નહીં. ખાદીનું શાસ્ત્ર નથી કે એક જ ઠેકાણે પેદા થઈ બધાને મળી શકે. તમે તૈયાર કરો, કાંતો અને પહેરો. સહેજે સહેજે તમારાં કાર્યોમાં પણ કાંતો તો હિંદુસ્તાનનું દ્રવ્ય ઉત્પન્ન કર્યું કહેવાય. ઝીણાં કપડાં પહેરવાં હોય તો ઝીણું કાંતો, પણ તમારે વિદેશીના બહિષ્કારમાં પૂરેપૂરો ભોગ આપવો જોઈએ.

### વડોદરા રાજ્યમાં મદ્યપાન

આ સ્ટેટમાં શરાબ – મદ્યપાનની ઊપજ મોટી છે. એ ઊપજમાંથી સુખી નથી થવું. ગમે તે કારણ હોય પણ પીઠાવાળા, પીનાર ને સરકાર પાસે પહોંચી તેનું આંદોલન કરવું જોઈએ. પ્રેમપૂર્વક તમે પણ છોડી દેવાને કહી શકો છો. પીઠું ચલાવનારને સમજાવી શકો છો. પીનારા જીવનને બરબાદ કરે છે. તે સ્ત્રી અને બહેન વચ્ચેનો ભેદ ભૂલી જાય છે. તે ભેદ બાળક પણ સમજી શકે છે.

### સાચું ગોપાલન

આજકાલ આપણે ગાયનું રક્ષણ કરવાને બદલે

ભક્ષણ કરી રહ્યા છીએ. હિંદુસ્તાનમાંથી આપણા હિંદુને પ્રતાપે ઘણી ગાયો ઑસ્ટ્રેલિયા જાય છે તેનું કારણ એ છે કે ત્યાં કરોડો રૂપિયાનું ગોમાંસ પેદા થાય છે. તેમાંથી તેનું સત્ત્વ કાઢે છે. જો તે વર્ણન હું કરું તો તમને રડાવી શકું એમ છું. ત્યાં તો ગાયોનો સંહાર થયા કરે છે. તેટલો સંહાર મુસલમાન ભાઈઓ બકરીઈદને દહાડે પણ નથી કરતા. ગુજરાતમાંથી ને કાઠિયાવાડમાંથી ગાયોનો મોટો ભાગ જાય છે. તે પાપ સીધી રીતે કરીએ છીએ. પૂજવાને ઘર આગળ ગાય બાંધી તેનું નામ ગોપાલન નહીં. ભેંસમાતાને જિવાડવી હોય તો ગાયનો વધ કરવો પડશે. જો ગાય જિવાડવી હોય તો ભેંસનો ત્યાગ કરવો જોઈએ. તેનો ઉપયોગ કોઈ કરતું નથી. જેણે ભેંસને દૂધ માટે શોધી કાઢી તેણે ગાયોનો વધ કરાવ્યો છે. કોઈ કહે છે કે ઊંટડીનું દૂધ કામનું છે ને તે ઘણી ઉપયોગી છે તો બંનેનો વધ કરીએ. ભેંસથી હળ નથી ચલાવવાના. પાડાનો ઉપયોગ કોંકણમાં થઈ શકે છે. ગાયનો ને તેનાં વાછરડાંનો ઉપયોગ થઈ શકે છે. ગાયનાં બધાં તત્ત્વોનો ઉપયોગ થાય છે તેટલો ભેંસનો થતો નથી, એ વૈદકશાસ્ત્ર પણ બતાવી શકે છે. હું એટલું જ કહેવા ઇચ્છું છું કે ગોરક્ષા કરવી એ પરમધર્મ છે. આપણે પોતે ગોરક્ષા કરીએ તો રક્ષા તેની મેળે થઈ જશે. હિંદુ આખા જગતમાં ગાયનો ઉદ્ધાર કરી શકે. આપણે સ્વાર્થમાં ડૂબેલા છીએ તેથી આંખ આડા કાન કરીએ છીએ. આખલાને ખસી ન કરીએ ત્યાં સુધી ગાયને બચાવી શકવાના નથી. તેનો પૂરો ઉપયોગ કરીએ તો તેને બચાવીએ. ચામડાને અસ્પૃશ્ય ગણીને અંત્યજોને ગોમાંસ ખાતા કરીએ છીએ. હાડકાંનું ખાતર ખોઈ બેઠા. મફત આપે તો બધાય ખેડૂતો વાપરે. હિંદમાં ક્યાંય એક પણ ચર્માલય ચાલતું નથી કે જ્યાં કેવળ મૃત ગાયનું જ ચામડું વપરાતું હોય. તે તો હું જ ચલાવી રહ્યો છું. આ ધંધાને હાથ કરવામાં હું આશ્રમમાં ખાસ એક માણસ રોકી તે ધંધો હાથ કરી રહ્યો છું. ગાયને બચાવવી હોય તો ખસી કરી તેનો વંશ વધારવો જોઈએ. ગાયની પાસેથી આપણે જો ઓલાદ સારી હોય તો ઓછામાં ઓછું ૨૦ શેર દૂધ મેળવી શકીએ. બેંગલોરમાં ૮૦ રતલ દૂધ આપે એવી ગાય મેં જોઈ છે, પણ તેને ખાણ પૂરતું મળે છે. ૮૦ રતલ દૂધ તો કોઈ ભેંસ નહીં આપતી હોય. અહીંયાં ગાય પાસેથી ૨૦ રતલ દૂધ લેવાને પહેલાં પાંચ-છ વર્ષ તો ચાલ્યાં જાય. આખલા આણી તેનો પ્રચાર કરવો જોઈએ. તે તો સ્ટેટનું પણ કાર્ય છે.

[મૂળ ગુજરાતી], પ્રજાબંધુ, ૨૮-૭-૧૯૨૯
(સૌજન્ય : ગાંધીજીનો અક્ષરદેહ,
ભાગ-૪૧ (૧૯૭૭) : પૃ. ૨૧૨-૨૧૪)

*વીરતા વિનાની અહિંસા અને તે પણ પેઢી દર પેઢીની અહિંસા પ્રજાને નમાલી જ બનાવી દે તેમાં જરાય શંકા હોવી જોઈએ નહિ.*

*પ્રજાને વીર બનાવવી હોય તો તેને શૌર્ય અને સાહસના ક્ષેત્રમાં પળોટવી જોઈએ. તેને શસ્ત્રધારી બનાવવી જોઈએ. શસ્ત્રો પ્રત્યે ઘૃણા કરી–કરાવીને જે અહિંસા ફેલાવવામાં આવે છે તે પ્રજાને નમાલી બનાવવાનું જ કામ કરે છે. જો તમારે હિંસક લોકો વચ્ચે જીવન જીવવું હોય તો તમારે શસ્ત્રધારી વીર થવું જ જોઈએ. નહિ તો હિંસક લોકો તમને શાંતિથી જીવવા નહિ દે. જે લોકો શૌર્ય – સાહસ અને શસ્ત્રોનો વિરોધ કરે છે તે વીરતાનો વિરોધ કરે છે. અને જે ગમે તેવા રૂપાળા નામ હેઠળ વીરતાને મંદ પાડે છે તે પોતાના જ પગ ઉપર કુહાડો મારીને પોતાની ગુલામી કે વિનાશને આમંત્રણ આપે છે. હિન્દુપ્રજાનો મોટો ભાગ શસ્ત્રધારી નથી. એટલે વીરતાથી મંદ પડેલો છે. પરાક્રમ બતાવવાના સમયે તે ભાગી છૂટે છે અથવા શરણાગત થઈને ગુલામી સ્વીકારી લે છે. બહુ થોડો વર્ગ જ વીર અને શસ્ત્રધારી છે. તેના આધારે વિશાળ મોટો વર્ગ પોતાનું રક્ષણ થવાની ખેવના રાખે છે, જે સફળ થતી નથી.*


*જેમ અતિરેકભરી હિંસા પણ આવકાર્ય નથી તેવી જ રીતે અતિરેકભરી અહિંસા પણ આવકાર્ય ન હોવી જોઈએ.*

**– સ્વામી સચ્ચિદાનંદ**

૭

# સર્વ વિદ્યાલયના ચેરમેનશ્રીઓ

મણિભાઈ પ્રજાપતિ



## ૧. પુરુષોત્તમદાસ ર. પટેલ `દાસકાકા'

**(૧૮૯૯-૧૯૮૪)**

સર્વ વિદ્યાલય કેમ્પસ (કડી-ગાંધીનગર)માં જ નહીં, પરંતુ સારાય ગુજરાતમાં અને સવિશેષતઃ ઉત્તર ગુજરાતમાં દાસકાકાના હુલામણા નામથી ઓળખાતા સ્વ. પુરુષોત્તમદાસ પટેલ ઉત્તર ગુજરાતના એક વગદાર મૂલ્યનિષ્ઠ રાજકારણી હોવા ઉપરાંત ખેડૂતોનાં હિતો, સમાજસુધારણા અને શિક્ષણ થકી સામાજિક ક્રાંતિ ક્ષેત્રોના **CRUSADER** હતા. અને આ સાથે જ સર્વ વિદ્યાલય પ્રતિ પૂર્ણતઃ સમર્પિત અને પ્રતિબદ્ધ હતા. આ બધી બાબતોની પ્રતીતિ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રકાશિત 'સુવર્ણજયંતી સાપ્તાહિક' (૧૯૬૯-૭૧)ના દાસકાકા કૃત તંત્રીલેખો, તેમના દ્વારા સંપાદિત - પ્રકાશિત સામયિકો, જેમ કે 'ખેડૂત' (૧૯૪૮), 'રાષ્ટ્રધર્મ' (૧૯૫૧), 'સહકાર' અને સમયાન્તરે 'લોકોદય' (૧૯૩૫) અને 'કડવા વિજય' (પુરુષોત્તમદાસ પરીખના અવસાન બાદ) તેમજ અન્ય સામયિકો, જેમ કે 'ચેતન', 'ધરતી', વગેરે સામયિકોમાં પ્રગટ થયેલાં તેમનાં લખાણો અને તેમના સમકાલીનો, સાથીઓ, સ્નેહીજનો, જેમ કે વકીલ શ્રી ધનાભાઈ પટેલ, શ્રી ભાઈલાલભાઈ પટેલ, વિસનગરના શ્રી શિવાભાઈ પટેલ, પ્રો. અનામી, શ્રી પોપટભાઈ પટેલ, શ્રી રતિભાઈ અમીન, શ્રી પ્રભાતકુમાર દેસાઈ, વગેરે અનેકાનેકો સાથેનો પત્રવ્યવહાર તથા સંસ્મરણોના આધારે થાય છે. આ ઉપરાંત ડૉ. મંગુભાઈ પટેલ કૃત **'કર્મયોગી દાસકાકા'** (૧૯૯૦) અને **'દાસકાકા સન્માનગ્રંથ'** દાસકાકા માટેની માહિતી માટેના ખજાનાના - પર્યાયરૂપ ગ્રંથો છે.

'સર્વ વિદ્યાલય' અને દાસકાકા સંદર્ભે સર્વ વિદ્યાલયના પ્રાચાર્ય પ્રવર અને શિક્ષણવિદ સ્વ. મોહનલાલ પટેલે તેમના કૃત સર્વ વિદ્યાલયનો સંક્ષિપ્ત ઇતિહાસ ગ્રંથ (૨૦૧૫)માં દાસકાકાના સર્વ વિદ્યાલયમાં પ્રદાન વિશે રજૂ કરેલ મંતવ્ય : 'કડવા પાટીદાર કેળવણી મંડળના લગભગ છેક ઉગમકાળથી દાસકાકા સંસ્થા સાથે જોડાયેલા હતા... દાસકાકા ૧૯૮૪ સુધી સમગ્ર સર્વ વિદ્યાલય કેળવણી

મંડળના અધિનાયક તો ખરા જ, પણ ગાંધીનગર શાખાના એ એકલ અને અલગ કર્ણધાર. એમનું ભગીરથ અને સંસ્થાને ઉજ્જ્વળ યશ અપનાવનારું કાર્ય ગાંધીનગરમાં સેકટર-૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખા સંચાલિત કેટલીક શિક્ષણસંસ્થાઓના નિર્માણનું હતું. ઈ.સ. ૧૯૭૯નાં વર્ષોમાં ગાંધીનગર શહેરમાં ભૌતિક સગવડો જૂજ હોવા છતાં, વેરાન અને ઝાડવાં-ઝાંખરાંવાળી જમીનમાં અને મર્યાદિત આર્થિક જોગવાઈ વચ્ચે નવેસરથી સંસ્થાઓ ઊભી કરવાનું કામ કપરું અને સામે પૂર તરવા જેવું હતું. કેમ્પસમાં કોઈ નિવાસસ્થાન તો હતું નહીં. આવી પરિસ્થિતિમાં દાસકાકાએ ભારે ભીડવાળી પાલનપુર-ગાંધીનગરવાળી બસમાં (મહેસાણા) આવજા કરીને જાતદેખરેખ નીચે શેઠ સી. એમ. હાઈસ્કૂલ, જુનિયર અને સિનિયર કે. જી. સાથેનું બાલમંદિર તેમ જ વિદ્યાર્થીઓના નિવાસ માટે બે હોસ્ટેલોનું નિર્માણ યુદ્ધના ધોરણે કરીને એમની લગભગ ૮૦ વર્ષની જઈફ ઉંમરે અપાર ઉત્સાહ અને શારીરિક ક્ષમતાનો પરિચય સૌને આપ્યો, ધ્યાનાર્હ બની રહે છે.

આવા ગરવા રાજપુરુષ અને સમાજહિતચિંતક દાસકાકાનો જન્મ તેમના વતન કડી (જિ.મહેસાણા)માં ખેડૂત પરિવારમાં તા. ૬ સપ્ટેમ્બર, ૧૮૯૯ના રોજ થયો હતો. માતા કાશીબા અને પિતા રણછોડદાસ પટેલ. તેઓ ત્રણ ભાઈ-બહેનો હતાં - મોટાભાઈ વિઠ્ઠલભાઈ, બહેન સમુબહેન અને પોતે. તેમની પ્રાયઃ ૯ વર્ષની વયે પિતાનું અવસાન થતાં કુટુંબ નિઃસહાય સ્થિતિમાં આવી ગયું હતું. આ સંદર્ભે તેમણે નોંધ્યું છે : 'બચપણના દિવસો યાદ કરું છું. દયણાં - ખાંડણિયાં અને ભેંસ ઉપર અમારું જીવન ચાલતું હતું. એ જમાનામાં કેળવણી પ્રત્યે ભાગ્યે જ કોઈને રુચિ હતી. બોર્ડિંગના કામે કોઈ આવે તો ખાટલો પાથરી આપવો નહિ એવો કડી ગામના કેટલાંક લોકોનો નિર્ણય હતો. પણ મારાં બા બોર્ડિંગના કામે મારે ઘેર આવનારને આવકારતાં, બાએ દુઃખ વેઠીને મને ભણાવ્યો.' તેમણે પ્રાથમિક શિક્ષણ કડીમાંથી લીધા બાદ આર. સી. હાઈસ્કૂલ, અમદાવાદમાંથી માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ગુજરાત કૉલેજ અને લૉ કૉલેજમાંથી મેળવ્યું હતું. તેમણે વકીલાતની પરીક્ષા ૧૯૨૩માં પાસ કરી અને હાઈકૉર્ટમાં વકીલાત કરવા માટેની એચ. પી. હાઈકૉર્ટ પ્લીડરની પરીક્ષા ૧૯૨૮માં પાસ કરી હતી. તેમનાં લગ્ન બાલ્યવયે કાસવા ગામનાં ગંગાબા સાથે થયાં હતાં. તેમના પરિવારમાં ત્રણ દીકરીઓ - સવિતાબહેન, લીલાબહેન, ઇન્દુબહેન અને પુત્ર તનસુખભાઈ. ગંગાબા અભણ હતાં, પરંતુ ભારે કોઠાસૂઝવાળાં અને પ્રેમાળ સ્વભાવનાં હતાં. 'રોટલાનાં રાજા' હતાં. અર્થાત પોતાના ઘેર આવનારને ચા-પાણી-ભોજન અચૂક કરાવે જ. એટલું જ નહીં, પરંતુ સ્વાતંત્ર્યની ચળવળ સમયે 'કડીની ગૌ શાળામાં ક્રાંતિકારીઓ શ્રીધરાણી, ખાવડે, મગનભાઈ અને ત્રિકમભાઈ છુપાયેલા, તેમને હરખથી રોટલા પહોંચાડતાં હતાં.'

દાસકાકાએ કારકિર્દીની શરૂઆત 'પાટીદાર વિદ્યાલય'ની સ્થાપનાના પ્રારંભમાં જ તેના શિક્ષક તરીકે કરી હતી. જોકે સંસ્થાના મંત્રી શ્રી નગીનદાસ પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ સંસ્થાના બંધારણના મુસદ્દામાં કોઈ જોગવાઈનો વિરોધ કરતાં તેમને શિક્ષકપદેથી ફારેગ કરવામાં આવ્યા હતા. થોડોક સમય પોસ્ટમાં નોકરી કર્યા બાદ કડીમાં વકીલાત શરૂ કરી હતી, જે તેમણે પ્રાયઃ ૩૦ વર્ષ સુધી ચાલુ રાખી હતી. કડી પ્રાંતનું મુખ્યાલય કડીથી મહેસાણા ફેરવવામાં આવતાં તેઓશ્રીએ મહેસાણામાં પ્રેક્ટિસ શરૂ કરી અને ત્યાં જ સ્થાયી થયા હતા. વિદ્યાર્થીકાળથી જ તેમનામાં નેતૃત્વના ગુણોનો વિકાસ થયો હોવાથી વકીલાતની સાથે રાજકારણમાં પણ સક્રિય થયા હતા. આ વિશે તેમના શબ્દોમાં જોઈએ : 'અઢાર વર્ષની ઉંમરે કાળા કાયદાના વિરોધમાં (રોલેટ એકટ) સભાઓમાં પ્રવચનો કરવાની શરૂઆત કરી, રાજકારણમાં ભાગ લેવો શરૂ કર્યો હતો અને પૂ. મહાત્મા ગાંધીજીની કૉલેજ હાઈસ્કૂલના બહિષ્કારની હાકલને માન આપી કૉલેજ બી.એ. કલાસમાંથી છોડી હતી. અને ત્યાર પછી મીઠા સત્યાગ્રહ જેવી નાની મોટી આઝાદીની લડતોમાં ભાગ લીધો હતો અને સને ૧૯૩૦ અને ૧૯૩૨ની લડતનું ઉત્તર ગુજરાતનું સુકાન સંભાળ્યું અને ૧૯૪૨ની 'અંગ્રેજો હિંદ છોડો'ની લડતમાં મને મહેસાણા જિલ્લામાં સૌ પહેલો પકડવામાં આવ્યો હતો અને સાત મહિના અટક પછી સૌ છેલ્લો છોડવામાં આવ્યો હતો. વડોદરા રાજ્યમાં પ્રજામંડળની નાની મોટી જનતાની

લડતોમાં ભાગ લીધો છે.' પરિણામસ્વરૂપે સમયાન્તરે તેમણે ૧૯૩૯માં મહેસાણા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ, ૧૯૪૬-૪૭ : વડોદરાની ધારાસભામાં કડી બેઠક ઉપરથી ચૂંટાયા, ૧૯૫૨ની ચૂંટણીમાં કડી બેઠક ઉપરથી મુંબઈ રાજ્યની વિધાનસભામાં ચૂંટાયા, ૧૯૫૭-૬૨-૬૭ દરમિયાન લોકસભાના સભ્ય અને ૧૯૭૧માં ગુજરાત સરકારમાં કેટલોક સમય સિંચાઈ મંત્રી તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રી ખેડૂતોના હિતો માટે, પોતાના મતદાર ક્ષેત્રના પ્રશ્નો અને તેના ન્યાયી ઉકેલ માટે અણથક ઝઝૂમતા રહ્યા હતા. તત્કાલીન સમયના આયારામ - ગયારામના રાજકારણના યુગમાં પણ મૂલ્યનિષ્ઠ રહીને મતદારોને ઉત્તરદાયી બની રહ્યા હતા. તેઓશ્રી સાચા અર્થમાં નિર્દંભ અને પ્રામાણિક વ્યક્તિત્વ સાથે પ્રજાના role model પ્રતિનિધિ-સેવક બની રહ્યા હતા.

શિક્ષક તરીકે તેમને છૂટા કરવામાં આવ્યા હોવા છતાં સર્વ વિદ્યાલયનું હિત સદાય તેમના હૈયે - તેમના જીવનના અંતકાળ સુધી રહ્યું હતું. સર્વ વિદ્યાલય પ્રતિ મમત્વપૂર્ણ અનન્ય આસ્થા ધરાવતા રહ્યા હતા, જેના પાયામાં પૂજ્ય છગનભા પ્રતિ તેમની અતૂટ શ્રદ્ધા-ભાવના રહી છે. પૂજ્ય છગન ભા સાથેનો લગાવ અને સંસ્થાના તેમના પ્રદાન વિશે તેમના જ શબ્દોમાં નવા રતિલાલ અમીન અને તેમના ભત્રીજા ચતુરભાઈના શબ્દોમાં જોઈએ : કડીમાં વકીલાતના પ્રારંભિક દિવસો અને પૂ. છગન ભા સાથેની મુલાકાતોનાં સંભારણાં વિશે તેમણે નોંધ્યું છે : 'તે વખતમાં મેં કડીમાં વકીલાત શરૂ કરેલી. હું નવેનવો, કાયદાની આંટીઘૂંટીની ખબર ન પડે. કચેરીમાં જાઉં અને માથું ચઢે. ઉંમર નાની અને નવો વકીલ, એટલે રડ્યોખડ્યો કોક અસીલ મળે. કચેરીમાં સાંજના સાડા પાંચ સુધી નવરા બેસી રહેવામાં વખત પણ ન જાય. કંટાળો અને દિલની મૂંઝવણ ઓછી કરવા રોજ સાંજનો ફરવા જાઉં. કડીમાં ફરવા પણ કયાં જાઉં ? નહિ બગીચો નહિ બાગ. એટલે સાંજનો એ છાપરીએ જઈ બેસતો. આ છાપરીમાં રહેતા વૃદ્ધ છગનભા સાથે વાતો કરતો. એ વખતે આજના કડીના પાટીદાર આશ્રમના પાયા પુરાતા હતા. ઈંટો આવતી અને ઢગલા થતા. 'પૈસાનું ઠેકાણું ન હતું. પૈસા નથી અને પાયા ખોદાવે જાવ છો, તો મુશ્કેલી ભી નહિ થાય ? એક દિવસે મેં છગનભાને પૂછ્યું...' આ ઉપરાંત આશ્રમના ગૃહપતિ શ્રી રતિલાલ અમીને આશ્રમની સ્થાપના સંદર્ભે લખ્યું છે કે 'સને ૧૯૧૯માં કડી બોર્ડિંગની શરૂઆત દાસભાઈના ઘરમાં થઈ, એમ કહું તો ખોટું નથી. તેઓ આ વખતની ધૂન મનમાં લઈ ફરતા કે આ સમાજનો ઉદ્ધાર કેળવણી વિના નથી. તેમાં છગનભા, રામચંદ્ર અમીન, કુબેરભાઈ, પોપટભાઈ અને દાસભાઈ મુખ્ય હતા. આ બધાંની ઑફિસ દાસકાકાનું ઘર હતું. ત્યાં ચર્ચાઓ થતી, રોટલા ઘરડાં માજી કાશીબાના હાથના ખવાતા. કહોને આપણી આ સંસ્થાનાં બીજ દાસભાઈના ઘેરથી રોપાણાં.' દાસકાકાના મોટાભાઈ શ્રી વિઠ્ઠલભાઈ આશ્રમના હિસાબમાં મદદ કરતા રહેતા હતા. દાસકાકાએ ખેતી માટેની પોતાની જમીન પણ સંસ્થાને ભેટમાં આપી હતી. આ વિશે તેમના ભત્રીજા ચતુરભાઈએ જણાવ્યું છે કે 'તેમણે તેમની જમીનનો એક ભાગ વિદ્યા માટે આપ્યો અને બીજો ભાગ દીન દુઃખી વિધવા મા-દીકરીને આપ્યો. તેમાં તેમણે પોતાના કુટુંબની ચિંતા કરી નહોતી.'

વકીલાત અને રાજકારણમાં વિશેષ સક્રિયતાના કારણે સર્વ વિદ્યાલય માટે પ્રારંભમાં ખાસ સમય ફાળવી શકતા ન હતા, પરંતુ ઉત્તરજીવનમાં પૂર્ણતઃ સમર્પિત બની રહ્યા હતા. પ્રાચાર્ય શ્રી મોહનલાલ પટેલે તેમને 'ઉત્તર **મધ્યકાળના અધિનાયક**' ગણાવ્યા છે. તેમણે ક.પા.કે.ઉ. મંડળના મંત્રી : ૧૯૬૬-૬૭ થી ૧૯૭૦-૭૧ અને ૧૯૭૨-૭૩; ઉપપ્રમુખ : ૧૯૬૩-૬૪ થી ૧૯૬૫-૬૬, ૧૯૭૩-૭૪ થી ૧૯૭૪-૭૫, પ્રમુખ : ૧૯૭૫-૭૬થી ૧૯૭૯-૮૦, સ.વિ.કે.મં. કડી - મંત્રી : ૧૯૬૧-૬૨થી ૧૯૭૨-૭૩, ઉપપ્રમુખ : ૧૯૭૩-૭૪ થી ૧૯૮૩-૮૪, સ.વિ.કે.મં., ગાંધીનગરના ચેરમેન : ૧૯૭૯-૮૦થી ૧૯૮૩-૮૪ તરીકે સેવાઓ આપી હતી.

સંસ્થા સ્થપાયાનાં પ્રારંભિક વર્ષોમાં કડીમાં નિવાસ દરમ્યાન પૂ. છગનભા સાથે ફંડ-ફાળો ઉઘરાવવા તેમજ કુરિવાજો અને અંધશ્રદ્ધામાં ફસાયેલા સમાજને બહાર લાવવા માટે સતત પ્રયત્નશીલ બની રહ્યા હતા. આ સંદર્ભે વિવિધ સામયિકોમાં લેખો લખીને પ્રજાજાગૃતિ આણવામાં તેમણે નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. સંસ્થામાં તેમણે સમયાન્તરે મંત્રીથી ચેરમેન સુધીના વિવિધ હોદ્દાઓ ઉપર રહીને સંસ્થામય બનીને સેવાઓ આપી હતી.

પરિસ્થિતિવશાત પોતે સંસ્થામાં નિયમિત હાજર ન રહી શકતા, પરંતુ શ્રી ધનાભાઈ પટેલ, શ્રી ભાઈલાલભાઈ વગેરેને નિયમિત રીતે પત્રો લખીને માર્ગદર્શન આપતા રહ્યા હતા. તેમણે શ્રી ધનાભાઈને લખેલા કેટલાક પત્રો આજે પણ ડૉ. કનુભાઈ પટેલ પાસે ઉપલબ્ધ છે, જેમાં તેમની સંસ્થાભક્તિ અને નિષ્ઠાનાં સહજમાં દર્શન થાય છે. આગળ ઉપર ઉલ્લેખ કર્યા મુજબ સર્વ વિદ્યાલયના ગાંધીનગર કેમ્પસની સ્થાપના કરવામાં તેમણે અહમ ભૂમિકા નિભાવી હતી. તેમના અણમોલ પ્રદાનને ધ્યાને લઈને મંડળ દ્વારા ગાંધીનગર કેમ્પસમાં તેમનું બાવલુ, પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે, જેમાં સંસ્થાના ઉત્તરકાલીન કર્ણધારોની તેમના પ્રતિ ઋણસ્વીકારની ઉદાત્ત ભાવનાનાં દર્શન થાય છે. આ પૂર્વે સંસ્થા દ્વારા દાસકાકાનો સન્માન સમારોહ યોજીએ તેમના માટે પ્રાપ્ત રૂપિયા એક લાખથી અધિક સન્માનનિધિની રકમ તેમને અર્પણ કરવામાં આવી હતી, જે રકમ તેમણે સંસ્થાના વિકાસ માટે અર્પણ કરી હતી. તેમના આયખાના અંતિમ સમયગાળામાં વયોચિત સુસ્વાસ્થ્ય ન જળવાતાં છેલ્લે તેમણે સંસ્થાના 'અમૃત મહોત્સવ' સમારોહમાં **તા. ૨૫-૨૬** ફેબ્રુઆરી, ૧૯૮૪ના દિવસોમાં હાજરી આપી હતી. ત્યારબાદ **તા. ૧૯ મે ૧૯૮૪ના** રોજ તેમનું અવસાન થયું હતું.

સંસ્થા સંચાલનમાં દાસકાકાની વહીવટીય ક્ષમતા અને નિષ્ઠા પ્રશસંનીય રહી છે. પરંતુ મારે મન આથી પણ વિશેષ તેમનું મહત્ત્વપૂર્ણ પ્રદાન શિક્ષણચિંતનનું રહ્યું છે. પોતે એક સારા વાચક અને પ્રતિભાસંપન્ન રહ્યા હોઈ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' દ્વારા પ્રકાશિત 'સુવર્ણ જયંતી સાપ્તાહિક'ના તંત્રી લેખોમાં સંસ્થા વધુ આગળ આવે તે હેતુસર અને શિક્ષણનાં બહુઆયામી પાસાં, જેમકે કેળવણીનું હાર્દ, સંચાલકોની નફો રળવાની માનસિકતા, સંચાલકો અને શિક્ષકોની ફરજો, શિક્ષકની પસંદગી માટેનાં ધોરણો, શિક્ષણમાં અંગ્રેજી ભાષાનું મહત્ત્વ, ત્રિભાષા ફોર્મ્યુલામાં સંસ્કૃતની થઈ રહેલી ઉપેક્ષા, સ્નાતકો અને બેરોજગારી, યુનિવર્સિટીઓમાં શિક્ષણના વેપારમાં પડેલાઓનું વર્ચસ્વ વગેરે વિશે આજથી ૫૦ વર્ષ પૂર્વે તેમણે કરેલું ચિંતન આજે પણ પ્રસ્તુત બની રહે છે. આ સાથે અહીં નીચે સર્વ વિદ્યાલય વિશેનાં અને શિક્ષણ ચિંતન વિશેના તેમના કેટલાક વિચારો ઉદ્ધૃત કર્યા છે, જે જિજ્ઞાસુઓને ચિંતન કરવા માટે ભાથું પૂરું પાડશે. તેમના શિક્ષણ ક્ષેત્રના પ્રદાનને ધ્યાને લઈને વિસનગરના શિવાભાઈ પટેલે અહોભાવપૂર્વક દાસકાકા વિશે જણાવ્યું છે કે : **'માથું મૂકીને આગેવાની કરવાની હતી એવા જમાનામાં દાસભાઈએ આગેવાની કરી છે. દાસભાઈએ એ બધી જ સેવાઓ શિક્ષણકાર્યને સમર્પી દીધી હોત તો તેમનાં સોનાનાં બાવલાં ગામડે ગામડે હોત.'**

પ્રો. કવિ અનામીએ દાસકાકાના ખમીરને ઉજાગર કરી આપતાં પદ્યમાં આપેલી અંજલિ પણ દ્રષ્ટવ્ય બની રહે છે :

**આનર્તના સપૂત શાર્દૂલ કર્મવીર !**
**કૃતાર્થ નામ-ગુણ, રે સમરે શું ધીર.**
**ધન્યાધરા, જનની જન્મભૂમિ સુ-જન્મે,**
**લાખો ઉરો, નયન, શિર શું ભક્તિ નામે.**

**દાસકાકા સર્વ વિદ્યાલય વિશે :**

● ઉત્તર ગુજરાતની સામાજિક, આર્થિક તેમજ રાજકીય ઉત્ક્રાંતિનું મૂળ સર્વ વિદ્યાલય છે. એમાંથી પ્રેરણા મેળવી એના વિદ્યાર્થીઓ ગુજરાતભરમાં પથરાયેલા છે.

● બધા જૂના વિદ્યાર્થીઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આજીવન સભ્યો હોવા જોઈએ. જૂના વિદ્યાર્થીઓ વાર્ષિકસભા પ્રસંગે હાજરી આપે અને એક બીજાને મળે, પરિચયમાં આવે તે ઇચ્છવા યોગ્ય છે. બાર મહિને નિદાન એક વાર સમય સભા પ્રસંગે પણ સંસ્થામાં આવે તો સંસ્થા સાથેનો એમનો પરિચય રહે અને સંસ્થાની જવાબદારીના ભાગીદાર બને. આમ થાય તો સંસ્થા વિકસે અને સંસ્થામાં જે કોઈ કામ કરતા હોય તેમનામાં ઉત્સાહ રહે.

● નૂતન વર્ષમાં આપણી સંસ્થાને ના ભૂલીયે. અંધકાર દૂર કરવા દીવો પ્રગટાવવાથી દીવો હશે ત્યાં સુધી તેજ મળશે પણ જ્ઞાનદીપ પ્રગટાવવાથી જિંદગીભર તેજ મળશે અને આપણે અને આપણી ભાવી પ્રજા તેજસ્વી બનશે.

● નૂતન વર્ષે આપણે આપણા સ્નેહીઓને, બાળકોને વગેરેને બોણી આપીએ છીએ. નૂતન વર્ષે મંદિરમાં જઈ ભગવાનનાં દર્શન કરી યથાશક્તિ બે પૈસા

આપીએ છીએ. આ પ્રથા સારી છે અને વર્ષની શુભ શરૂઆત સારા કામથી થાય છે. આપણી કડીની શિક્ષણ સંસ્થા - સર્વ વિદ્યાલય કેળવણી મંડળ શિક્ષણક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. ગુજરાતભરમાં એની પ્રતિષ્ઠા છે. એની પ્રતિષ્ઠામાં આપણી સૌની પ્રતિષ્ઠા છે. નૂતન વર્ષે આ આપણી સંસ્થાને કેમ ભુલાય ? એને પણ આપની બોણીની યાદીમાં દાખલ કરવા મારી નમ્ર વિનંતી છે.

● સામાજિક અને આર્થિક ક્રાંતિના મૂળ કડી સર્વ વિદ્યાલયે નાંખ્યાં અને એ વિકસ્યાં.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પુણ્યભૂમિ-સર્વ વિદ્યાલય કેમ્પસમાં આપણી પ્રગતિનાં મૂળ પડેલાં છે તે સિંચન માગે છે. આપણા ત્યાં વર્ષે એક દિવસ પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સમગ્ર સભામાં સૌ હાજરી આપવા નિમિત્ત એકઠા થઈએ. રાત ત્યાં રહીએ અને સમાજમાં કરવા જેવાં કામોનો વિચાર કરીએ અને ઓછુંવત્તું પ્રાપ્ત કરવા - સિદ્ધ કરવા પ્રયાસ કરીએ. આ મારો મનોરથ છે. ભલે તે સ્વપ્નવત હોય પણ તે શિક્ષિત વર્ગ સમક્ષ મૂકવાની મારી ફરજ સમજું છું.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્બ્રિજનો તો દાવો ના કરી શકે. સર્વ વિદ્યાલયની સંસ્થાઓ જરૂર દાવો કરી શકે છે કે તેને ગ્રામ જનતાના ઉત્થાનનું કામ કર્યું છે અને ગ્રામ જનતાના ઉત્થાન માટે કાર્યકરો ઊભા કર્યા છે.

**દાસકાકાનું શિક્ષણચિંતન :**

● શિક્ષણક્ષેત્ર ખૂબ પવિત્ર છે અને તેની પવિત્રતા સાચવવી જોઈએ. શિક્ષકનો વ્યવસાય પસંદ કરનારે તેમજ સંચાલકે શિક્ષણક્ષેત્રની પવિત્રતા અને મર્યાદા સમજી લેવી જોઈએ. દેશની ભાવી પ્રજા ઘડવાની જવાબદારી આપણી શાળાઓ અને કૉલેજો ઉપર છે. એ જવાબદારી અદા કરવા સંચાલક મંડળો છે. એ જવાબદારી એમણે અદા કરવાની ફરજ છે. ધર્મ છે. એ ધર્મ અદા કરવા, નફો કરવા માટે નહિ.

● આપણું કમભાગ્ય છે કે ભાષાની બાબતમાં, માધ્યમની બાબતમાં આપણા દેશના અગ્રણીઓ અને સરકારોની નીતિ ચોખ્ખી નથી. એમને ભાષણો ગુજરાતી માધ્યમનાં કરવાં છે અને એમનાં સંતાનોને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ભણાવવાં છે. તપાસ કરવામાં આવે તો જણાશે કે અંગ્રેજી માધ્યમની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં મોટા ભાગે પ્રધાનો અને એમના સચિવો વગેરેનાં સંતાનો હોય છે. સ્વતંત્ર દેશના શિક્ષણનું માધ્યમ પરદેશી ભાષા હોઈ શકે નહિ-ન હોવું જોઈએ તેવી મારી મક્કમ માન્યતા છતાં અંગ્રેજીનું સારું શિક્ષણ અપાવવું જોઈએ-અંગ્રેજી ભાષાનું શિક્ષણ જરૂરનું છે એવું મારું મકકમ મંતવ્ય છે.

ત્રણ ભાષાની ફોર્મ્યુલાએ શિક્ષણક્ષેત્રમાં અંધાધૂંધી પેદા કરી છે.... આજે તો ત્રણ ભાષાની ફોર્મ્યુલામાં સંસ્કૃત ભાષાને ભારે નુકસાન થયું છે. ભારતની દરેક પ્રાદેશિક ભાષાનું મૂળ સંસ્કૃત ભાષા અને એ જ ભાષા તરછોડાય તો એથી પ્રાદેશિક ભાષાનો વિકાસ નહિ રૂંધાય ?

● અંગ્રેજી ભાષા ભલે બીજી ભાષા તરીકે શીખવાય, ભલે એ લાઇબ્રેરી ભાષા રહે પણ તે સારી રીતે શીખવવી જોઈએ. શિક્ષકોમાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઠીક ઠીક હોવું જરૂરી છે અને વધારવું જોઈએ.

● શિક્ષણનો હેતુ અક્ષરજ્ઞાન કે ઉપાધિ-ડિગ્રી નથી પણ વિદ્યાર્થીનું ઘડતર કરવાનો છે. એના જીવનમાં ઉપયોગી થાય અને વાવાઝોડા સામે ટકી શકે તેવા એનામાં રહેલા ગુણોને વિકસાવવાનો અને એ ગુણોને સુદઢ કરવાનો છે.

● સ્વરાજ પ્રાપ્તિ પછી આપણે-આપણી રાજ્ય સરકારોએ યુનિવર્સિટીઓની સંખ્યામાં વધારો કરી નાંખ્યો અને યુનિવર્સિટીઓ તેમજ રાજ્ય સરકારોએ કૉલેજોની સંખ્યામાં ધરખમ વધારો કરી નાંખ્યો અને દર વર્ષે એમાં ઉમેરો થતો જાય છે. પણ સ્નાતક થયા પછી શું ? એનો વિચાર કર્યો નહિ. સ્નાતકોની રોજગારીનો વિચાર કર્યો નહિ. ઉચ્ચ શિક્ષણ વ્યવસાયલક્ષી કર્યું નહિ. પરિણામે સ્નાતક બેકારોની સંખ્યા લાખ્ખોની થવા આવી. જે રાજ્યમાં સ્નાતક શિક્ષિત બેકારોની સંખ્યા વધારે તે રાજ્યમાં સામ્યવાદને માટે મોકળું મેદાન મળી ગયું. આપણી શિક્ષણ સંસ્થાઓએ શિક્ષણની પ્રથા જે નોકર લક્ષી હતી તે ચાલુ રાખી અને નોકરીઓ આપી શકાઈ નહિ - એની પણ મર્યાદા હોય છે. પરિણામે બેકાર શિક્ષિત સ્નાતકો પેદા કરી આપણે બ્રહ્મ રાક્ષસો પેદા કર્યા.

● યુનિવર્સિટીમાં શિક્ષણના વેપારમાં પડેલાઓનું

મોટા ભાગે વર્ચસ્વ હોય છે. એટલે નવી નવી નફાકારક કૉલેજોને માન્યતા મેળવવામાં મુશ્કેલી નડતી નથી.

● આપણા દેશમાં આપણા અગ્રણીઓ માત્ર સૂત્રોચ્ચારથી ગરીબાઈ હટાવવા માગે છે. માત્ર સૂત્રોચ્ચારથી કોઈ દેશ આગળ આવ્યો નથી. માત્ર સૂત્રોચ્ચારથી કોઈ દેશ આબાદ થયો નથી. હડતાલો અને તોફાનોથી કોઈ દેશે પ્રગતિ સાધી નથી. સખત કામ સિવાય કોઈ પણ દેશ આગળ આવ્યો નથી. આપણા દેશને આ રસ્તે વાળવાની જરૂર છે. બધાએ-ખેડૂતો, કારીગરોથી માંડી સૌએ સખ્ત કામ કરીશું તો આગળ વધાશે. આપણો દેશ આબાદ થશે અને આપણે પણ.

● શિક્ષણ સંસ્થાના સંચાલકોની - આચાર્ય અને શિક્ષકોની મહાન જવાબદારી છે - ભાવી પ્રજાને ઘડવાની એમની કામગીરી છે. રાષ્ટ્રભાવનાથી ભરેલી ભાવી પ્રજાનું ઘડતર એમને કરવાનું છે. ભાવી પ્રજામાં નીતિમત્તા અને ચારિત્ર્ય એમને ઘડવાનું છે. ભાવી પ્રજાને યોગ્ય અને બળપ્રેરક શિક્ષણ એમને આપવાનું છે. આ જવાબદારી જેવી તેવી નથી. દેશની શિક્ષણ સંસ્થાઓ ઉચ્ચ કક્ષાની બને તો જ દેશને ઉપયોગી થાય. ભાવી પ્રજામાં શિસ્ત, સંયમ, શક્તિ અને બુદ્ધિબળ આપનારી શિક્ષણ સંસ્થાઓ છે.

● સમાજમાં ક્રાંતિ લાવવી હશે તો શિક્ષણક્ષેત્રે ક્રાંતિ લાવવી પડશે. એ શિક્ષણ પ્રાપ્ત કરી શિક્ષિત વર્ગ સમાજલક્ષી - રાષ્ટ્રલક્ષી બને તેમ કરવું પડશે.

● નાગરિકના પાયાના - પ્રાથમિક હકોની જાળવણીની તમન્ના પ્રજાસત્તાક દિવસે આપણામાં જાગૃત થવી જોઈએ. આપણા દેશમાં ઉજવણીઓ થાય છે, અનેક થાય છે. ઉજવણીઓ ઔપચારિક બની જાય છે, એ ઉજવણીઓ પાછળનું હાર્દ વિસારી દઈ આપણે માત્ર જલસા કરીએ છીએ. એમાંય પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં એની પાછળનું હાર્દ આપણે વિસ્મરીએ છીએ અને એ ઉજવણી તો હવે પ્રજાની પણ રહી નથી પણ સરકારી બની છે.


● પુસ્તકોમાં રાષ્ટ્રભક્તિના ગમે તેટલા પાઠ રાખવામાં આવે કે રાષ્ટ્રગીતો મૂકવામાં આવે પણ નીતિવાન, આદર્શ ભાવિ પ્રજાનું ઘડતર કરવાની ભાવનાવાળા અને રાષ્ટ્રભક્તિને વરેલા શિક્ષકો જ વિદ્યાર્થીમાં નીતિ, ચારિત્ર્ય અને રાષ્ટ્રભક્તિ પ્રેરી શકે. વિદ્યાર્થીઓમાં દેશને માટે ભોગ આપવાની તમન્ના પેદા કરી શકે.

● આપણે હક્ક માટે જેટલો આગ્રહ રાખીએ છીએ તેટલો જ આગ્રહ આપણી ફરજો વિશે રાખવો જોઈએ. કામચોરીનો રોગ યુવાનોમાં ન પેસે તેની કાળજી યુવાનોએ રાખવાની છે.

● કોઈ પણ જ્ઞાતિનો શ્રીમંત જ્ઞાતિના કારણે લાભ ના ઉઠાવે તે સારુ જ્ઞાતિના ધોરણે વિચાર કરવાનું છોડી દેવું જોઈએ અને કોઈ પણ ગરીબ ભારતીયને સહાયક થવાનું કરવું જોઈએ. આપણા દેશમાં આપણે ભારતીય છીએ તે ભુલાઈ ગયું છે અને હું અમુક જ્ઞાતિનો છું, હું હિન્દુ છું અગર મુસલમાન છું. એ ભાવના જાગૃત થઈ છે. પરિણામે જ્ઞાતિવાદ વધે છે.

(પ્રસ્તુત લેખ 'સુવર્ણજયંતી સાપ્તાહિક' તથા ડૉ. મંગુભાઈ પટેલ કૃત 'કર્મયોગી દાસકાકા' (૧૯૯૦)ના આધારે તૈયાર કર્યો છે, જેની ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લઉં છું.)

# શતાબ્દી વંદના
# ૨. વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ
## (૧૯૨૧-૨૦૨૧)



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરમાં એકાદ દશક પૂર્વે જોડાવાનું થતાં અને ખાસ તો સાહિત્યકાર અને સારસ્વત પ્રાચાર્ય સ્વ. મોહનલાલ પટેલસાહેબ (૧૯૨૭-૨૦૨૦)ના સાંનિધ્યમાં કામ કરવાનો સુયોગ પ્રાપ્ત થતાં સર્વ વિદ્યાલયના કલ્ચર અને સવિશેષતઃ તેના પ્રાદુર્ભાવ અને સાર્થક અસ્તિત્વ પાછળ જેમનાં શિક્ષણ થકી સમાજોદ્ધારની ભાવના, પ્રેરણા, અને ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ રહ્યાં છે તેવા શ્રદ્ધેય પૂજ્ય છગનભા તેમજ આજદિન સુધીના તેમના ઉત્તરાધિકારી સેવકો/કર્ણધારોની પ્રપત્તિભાવપૂર્વકની સમર્પિતતા, સેવાપરાયણતા અને પ્રતિબદ્ધત્તા સાથેની સંસ્થાભકિત અને આ સાથે જ આ કૃતસંકલ્પ સેવકોની દૂરંદેશિતાને પામી જઈને તેમનાં સ્વપ્નોને સાકાર કરનારા અર્થાત્ આ સંસ્થાને પોતાનાં અધીત થકી કીર્તિશિખરે લઈ જવામાં જેમની અહમ્ ભૂમિકા રહી છે તેવા ઋષિકુળ પરંપરાને દીપાવનારા શ્રી પોપટલાલ પટેલ, શ્રી મનુભાઈ પટેલ સુધીના પ્રારંભના પાંચ પ્રાચાર્યશ્રીઓ અને અદ્યાપિર્યંતના આચાર્યો/ શિક્ષકો/ અધ્યાપકો, અધિકારીઓ, સેવકો વગેરેના પ્રદાનથી પ્રભાવિત થતાં કંઈક પામ્યાની સંતુષ્ટિ અનુભવું છું. આ સંસ્થાએ તેની સ્થાપનાનાં (૧૯૧૯) ૧૦૨ વર્ષ પૂર્ણ કર્યાં છે, જેના ઘડતર અને ચણતરમાં તેના સ્થાપનાકાળથી આજપર્યંત સમાજ અને શાસન ભારે મોટું પીઠબળ આપી રહ્યાં છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓની સંસ્થાભક્તિ તો સતત નવપલ્લવિત – પુષ્પિત બની રહી છે. આ સંસ્થા સાથે જોડાયાની સૌ કોઈ ધન્યતા અનુભવી રહ્યું છે.

**આ સંસ્થાના સેવકો પૈકી સૌથી લાંબાકાળ સુધી અર્થાત્ વર્ષ ૧૯૫૬થી ૨૦૦૬ સુધી સતત ૫૧ વર્ષ સુધી સમયાન્તરે મંત્રી, ઉપપ્રમુખ અને ચેરમૅન તરીકે સેવાઓ આપનારા સ્વ. વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (૧૯૨૧-૨૦૨૧) ના જન્મશતાબ્દી વર્ષે તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને સમગ્ર સંસ્થા પરિવાર ઋણસ્વીકારની ભાવના સાથે ધન્યતા અનુભવે છે.**

સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ શ્રી ધનાભાઈ પટેલનો જન્મ તેમના વતનના ગામ ગણેશપુરા, તા. કડીમાં ધર્મ અને સેવાપરાયણ તથા સંસ્કારસંપન્ન તેમજ આર્થિક રીતે સમૃદ્ધ ખેડૂત પરિવારમાં તા. ૨૮ ઑક્ટોબર, ૧૯૨૧ના રોજ થયો હતો. માતા શ્રીમતી રામબાઈ અને પિતા શ્રી હરગોવિંદદાસ ઉમેદદાસ પટેલ. તેમનાં પત્નીનું નામ શ્રીમતી મંગળાબહેન પટેલ. તેમના પરિવારમાં પુત્ર-પુત્રીઓમાં શ્રી કનુભાઈ, જશુમતિબહેન (લીલાબહેન), પ્રભાવતીબહેન, વિજયકુમાર, તારાબહેન અને ઘનશ્યામભાઈ છે. શ્રી ધનાભાઈએ તેમના પોતાના ગામમાં પ્રાથમિક શાળા ન હોવાથી પાસેના કૈયલ ગામમાંથી ધોરણ-૪ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સર્વ વિદ્યાલય, કડીમાં ૧૯૩૨-૩૩ દરમિયાન જોડાઈને અહીંથી મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો, જેની વિગતે નોંધ તેમણે આ સંસ્થા સાથેના ‘સંભારણાં’ લેખમાં કરી છે. મૅટ્રિક થયા બાદ કોમર્સ શિક્ષણ માટે ગુજરાતની લબ્ધપ્રતિષ્ઠ એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં પ્રવેશ મેળવ્યો. અને છાત્રાવાસ ‘કે. પી. વિદ્યાર્થીભવન’માં રાખ્યો. પરંતુ આ અભ્યાસ દરમિયાન ૧૯૪૨ની ‘અંગ્રેજો ભારત છોડો’ ક્રાંતિની આગ પ્રસરી જતાં તેમાં ઝંપલાવ્યું. આ વિશે તેમણે પોતાના ‘સંક્ષિપ્ત આત્મકથન’ (અપ્રગટ)માં નોંધ કરી છે તે તેમના શબ્દોમાં જ જોઈએ : ‘સને ૧૯૪૨ના ઑગસ્ટની આઠમી તારીખે પૂ. મહાત્મા ગાંધીજીએ ક્વિટ ઇંડિયાની હાકલ કરી અંગ્રેજી શાસન સામે લડત ઉપાડી

અને સરદાર વલ્લભભાઈએ આ લડતને ટેકો આપવા તે પહેલાં હાકલ કરેલી એટલે અમે કૉલેજ છોડી દીધેલી અને થોડો વખત છાત્રાલયમાં રહી તે વખતના કૉંગ્રેસના આગેવાનો ગુલામ રસુલ કુરેશી, પુરાતન બૂચ, બાબુભાઈ વગેરેની દોરવણી નીચે પત્રિકાઓ વગેરે વહેંચવાનું કામ કરતા હતા. પરંતુ છાત્રાલયને હરકત ન થાય તે કારણે છાત્રાલય બંધ થવાથી અમે પોતપોતાના ગામ ગયેલા અને ત્યાંથી શક્ય તેવો આઝાદીની લડતનો પ્રચાર ગામડે કરતા હતા. કડી તાલુકાના ડાંગરવા ગામે અંગ્રેજી રાજ્ય અને વડોદરા રાજ્યને વફાદાર રહેવા માટેની સભા પોલીસ પટેલો, મતાદારો અને ગામ આગેવાનોની તે વખતના કડી તાલુકાના વહીવટદારે બોલાવેલી. આવી વફાદારી સામે વિરોધ કરતું અને ભારતમાતાને વફાદાર રહેવાનું પહેલ વહેલું જાહેર પ્રવચન મેં કરેલું. મને પકડવામાં આવશે તેવી દહેશત મારા પિતાશ્રી અને અન્યને હતી. પરંતુ તે વખતના વડોદરા રાજ્યની નીતિના કારણે મને લાગે છે કે મારી ધરપકડ કરાઈ નહીં હોય. અમદાવાદના વિદ્યાર્થી ભવનમાં રહેતા મારા સાથીદારો સાથે રેલવે ગાડી થોભાવવા (ફીશ પ્લેટ કાઢીને) પ્રયત્ન કરવા ગયેલા પરંતુ રેલવેના ચોકીદારોને ખ્યાલ આવવાથી અમારી પાછળ પડેલા. અમે નાસીને ખેતરોમાં થઈ દોડતા છાત્રાલય તરફનો રસ્તો પૂછતા. પાછળના ચોકીદારો ચોર છે, ચોર છે, એવી બૂમો પાડતા, દોડતા અમારી પાછળ લાકડી, ધારિયું લઈને પડેલા. ખેતરોમાંથી ખેડૂતો અમારાં ખાદીનાં કપડાં જોઈ ગાંધીવાળા છો ? એવું પૂછતા, અમે હા કહેતા જેથી અમને છીંડાં બતાવી દોડી જવાની સગવડ આપતા અને પાછળ પડેલાઓને બીજે રસ્તે ચડાવી દીધેલા અને એમ અમે પાંજરાપોળને લક્ષમાં રાખી ત્યાંથી વિદ્યાર્થી ભવન પહોંચી ગયેલા. આ રીતે દોઢેક વર્ષ કૉલેજનો અભ્યાસ છોડી ગામડે રહી શક્ય પ્રચાર કરતા હતા. ઇન્ટર થયા બાદ તત્કાલીન નિયમ અનુસાર અમદાવાદની લૉ-કૉલેજમાં પ્રવેશ મેળવીને એલએલ.બી.ની ડિગ્રી મેળવી. આ દરમિયાન રાષ્ટ્રીયતાના રંગે રંગાતાં તેમણે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાની 'કોવિદ'ની પરીક્ષા પણ પાસ કરી લીધી હતી.

એલએલ.બી. થયા બાદ વકીલ તરીકેની સનદ મેળવીને પ્રાયઃ ૧૯૪૭ આસપાસના સમયગાળામાં કડીમાં જ વકીલાતની શરૂઆત કરી અને કડીમાં જ સ્થાયી થયા હતા. આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે પ્રારંભથી જ ધર્મશાસ્ત્રોના વાંચનમાં પ્રીતિ રહી હોવાથી તેના પ્રભાવ હેઠળ ૫૦ વર્ષની વય પછી વ્યવસાયિક નિવૃત્તિ લેવાનો મનોમન નિર્ણય કરી બેઠા હતા. અને યોગાનુયોગ પરભવનો ઋણાનુબંધ પૂરો થતાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી મંગળાબહેને તા. ૩ ફેબ્રુઆરી, ૧૯૬૭ના રોજ આ લોકમાંથી વિદાય લીધી. તેઓશ્રી ૪૫ વર્ષની ભરયુવાનીમાં વિધુર થતાં ઘરમાં પોતાની ઉપસ્થિતિની આવશ્યકતા અનુભવતાં તેમણે ૫૨ વર્ષની વયે વકીલાતના વ્યવસાયમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને પોતાના પુત્ર ડૉ. કનુભાઈની સાથે અમદાવાદમાં રહેવાનું શરૂ કર્યું અને આયખાના અંતિમ દિન સુધી તેમની સાથે જ રહ્યા હતા. અલબત્ત, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને અન્ય સમાજસેવી સંસ્થાઓ વગેરેમાં પૂર્ણતઃ સમર્પિત બની રહ્યા હતા. આ સંદર્ભે તેમના અનોખા વ્યક્તિત્વને ઉજાગર કરતી બાબત એ છે કે ભરયુવાની અને ૬ બાળકોનાં પાલન-પોષણની જવાબદારી તેમના શિરે આવી પડી હોઈ પુનર્લગ્ન કરવા માટે વડીલોનો આગ્રહ હોવા છતાં તે ન સ્વીકારવામાં વિવેકપૂર્વક મક્કમ બની રહ્યા હતા. આટલું જ નહીં આ બાળકોનાં વહાલસોયાં મા અને બાપની જવાબદારી ભારે કાળજીથી નિભાવતા રહ્યા હતા. પોતાની વ્યવસાયિક કારકિર્દી અને કીર્તિની લાલસાનો ત્યાગ કરીને કૌટુંબિક જવાબદારીઓના ઉત્તરદાયિત્વની સભાનતા સાથે 'મૂછાળી મા' બનીને નિર્વાહ કર્યો હતો તેનું સ્મરણ આજે પણ તેમનાં બાળકો અને પરિવારજનો અશ્રુમિશ્રિત વદને કરે છે. આવા મૂઠી ઊંચેરા પિતા/ભાઈ/દાદા મેળવીને કોણ ધન્યતા ન અનુભવે ? અને તેથી જ તેમનાં સ્વજનો આજે પણ તેમનો સતત સહવાસ અનુભવતાં કવિ હરીન્દ્ર દવે ના શબ્દોમાં સ્મરી રહ્યાં છે -

**"નથી એવી એકે ક્ષણ પણ પિતા યાદ મુજને**
**તમારો હૂંફાળો પરસ નવ જ્યારે અનુભવ્યો."**

આઝાદી બાદ દેશના સુસ્થિર શાસન અને વિકાસ માટે અનેક પ્રશ્નો અને પડકારો હતા. વકીલાતની સાથે દાસકાકાના પગલે પગલે કૉંગ્રેસમાં જોડાયા તેમજ

ખેડૂતોની સમસ્યાઓના ઉકેલ માટે તેમના સાથીદાર બની રહ્યા. કડી તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી તરીકે તેમજ મહેસાણા જિલ્લા કૉંગ્રેસ સમિતિમાં કડી તાલુકાના ડેલિગેટ તરીકે પણ સેવાઓ આપી હતી. નાસિક કૉંગ્રેસ અધિવેશનમાં પણ ડેલિગેટ તરીકે હાજરી આપી હતી. આ સાથે જ કડી તાલુકા ખેડૂત મંડળના પ્રમુખ તરીકે ખેડૂતોના પ્રશ્નો ઉકેલવામાં તેમજ ખેડૂત વિરોધી નીતિઓનો વિરોધ કરવામાં તેઓશ્રી અગ્રેસર રહ્યા હતા. આ સંદર્ભે ખાસ નોંધપાત્ર બાબત એ છે કે કોઈ કારણોસર ગુજરાત સરકારે ૧૯૬૫માં વાગડ કપાસના વાવેતર ઉપર પ્રતિબંધ મૂકતાં કડી તાલુકા તરફથી કલ્યાણ કપાસની સાથે વાગડ કપાસના વાવેતરની છૂટ આપવા માટે ભારે સંઘર્ષ કરવામાં આવ્યો હતો, જેની આગેવાની કડી તાલુકાના ખેડૂત મંડળના પ્રમુખ તરીકે તેમણે લીધી હતી. આ સંબંધી થયેલો પત્રવ્યવહાર, પ્રકાશિત ચોપાનિયાં વગેરે આજે પણ ડૉ. કનુભાઈ પાસે ઉપલબ્ધ છે. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ ખેડૂત સંગઠનોની રચનાના વિરોધમાં રહેતાં દાસકાકા, ધનાભાઈ વગેરેને કૉંગ્રેસ પક્ષે શિસ્તભંગનાં પગલાં ભરવાની નોટિસ આપી હતી ત્યારે આ સૌએ કૉંગ્રેસમાંથી રાજીનામાં આપી દીધાં હતાં. જોકે સમયાન્તરે કૉંગ્રેસ સમિતિ દ્વારા શિસ્તભંગ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. કડી મતદાર ક્ષેત્રની ધારાસભાની બેઠક માટે કડી તાલુકો (તાલુકાના આગેવાનો) શ્રી ધનાભાઈ માટે આગ્રહી બની રહ્યો હોવા છતાં દાસકાકાએ શ્રી છોટાલાલ મગનલાલ પટેલ ઉપર પસંદગી ઉતારી હતી, તે તેમણે ખેલદિલીપૂર્વક સ્વીકારીને ચૂંટણી સંચાલનની જવાબદારી સ્વહસ્તક રાખીને શ્રી છોટાલાલને જીત પણ અપાવી હતી.

મુંબઈ રાજ્યમાંથી ગુજરાતને અલગ કરવા માટેના આંદોલનમાં પણ કડી તાલુકાને ભારે સરાહનીય નેતૃત્વ પૂરું પાડતાં અને ખેડૂતોના પક્ષે ઊભા રહેતાં કડી તાલુકાના લોકપ્રિય નેતા અને વકીલ તરીકેની ખ્યાતિ પામ્યા હતા. વકીલ તરીકેની કારકિર્દીમાં હાથ ઉપર લીધેલા તમામ કેસોમાં વિજયી નીવડ્યા હતા. આ સંદર્ભે કડીની ઝવેરી હાઈસ્કૂલમાં પ્રવચન આપતાં તેમણે કહ્યું હતું કે ''હું કદીએ ખોટા કેસ લડ્યો નથી. કોર્ટમાં હારથી અભડાયો નથી.'' કેસ સ્વીકારતાં પહેલાં તેની સચ્ચાઈની ખાતરી કરીને જ સ્વીકારવાનું તેમનું વલણ રહ્યું હતું. શક્ય બને ત્યાં સુધી બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવાનું તેમનું વલણ રહેતું. વકીલ તરીકે ગાંધી આદર્શ તેમનો મૂલમંત્ર બની રહ્યો હતો, પરિણામે તેઓશ્રી અસીલોનો ભારે મોટો વિશ્વાસ સંપાદન કરી શક્યા હતા. આ સમયગાળામાં ચક્રવર્તી રાજગોપાલાચારીના નેતૃત્વમાં સ્વતંત્ર પક્ષની સ્થાપના થતાં તેમાં જોડાઈ જતાં 'સ્વતંત્ર પક્ષ'ના મહેસાણા જિલ્લાના પ્રમુખની જવાબદારી પણ તેમને સોંપવામાં આવી હતી. ૧૯૬૨ની ચૂંટણીમાં તેમને સ્વતંત્ર પક્ષ દ્વારા કડી બેઠક ઉપર ઊભા રાખવામાં આવ્યા હતા, જોકે ફક્ત ૪૨૨ મતોથી કૉંગ્રેસના ઉમેદવાર શ્રી નટુભાઈ (ભાણાભાઈ) સામે હારી ગયા હતા. આમ છતાં બંને વચ્ચેના સંબંધોની મીઠાશમાં આંચ આવવા દીધી ન હતી. સર્વ વિદ્યાલયનું સંચાલન હોય કે સમાજજીવનનાં અન્ય કોઈ કાર્યો હેતભાવથી સંપન્નકરતા રહ્યા હતા. ૧૯૬૭ની ચૂંટણીમાં આ બેઠક અનામત જાહેર કરવામાં આવતાં પક્ષના ઉમેદવાર શ્રી પાલાભાઈ પરમારનું ચૂંટણી વ્યવસ્થાતંત્ર સંભાળીને તેમને ૧૦,૦૦૦થી અધિક મતોથી વિજય અપાવવાના શ્રેયના અધિકારી બની રહ્યા હતા. આ કાર્ય તેમણે એવા સમયે સંભાળ્યું હતું કે જ્યારે તેમનાં ધર્મપત્ની ગંભીર બીમારીનો સામનો કરી રહ્યાં હતાં. જેની પ્રતીતિ આ સંદર્ભે સ્વયં શ્રી પાલાભાઈએ શ્રી ધનાભાઈનો ગદ્‌ગદિત કંઠે ઋણસ્વીકાર કરતાં પાઠવેલ-પત્ર દ્વારા થાય છે. આમ કૌટુંબિક પ્રશ્નો કે અંગત મહત્ત્વાકાંક્ષાઓને આડે લાવ્યા સિવાય સિદ્ધાંત અને પરહિત કાજે સમર્પિત બની રહેવું એ તેમની પ્રકૃતિ બની રહી હતી. પોતાના દાદા અને પિતા પાસેથી પ્રાપ્ત સેવાપરાયણતાના સાંસ્કૃતિક વારસાનો નિર્વાહ સ્વધર્મ તરીકે સંપન્ન કરતા રહ્યા હતા. સમયનાં વહેણો સાથે રાજકારણમાં નૈતિકમૂલ્યોનું ધોવાણ થતું જોઈને વ્યથિત થતાં સક્રિય રાજકારણમાંથી અલવિદા લઈ લીધી.

કડીમાં વકીલાત અને રહેઠાણ શરૂ કરવાની સાથે જ માતૃસંસ્થા - સર્વ વિદ્યાલયની પ્રવૃત્તિઓમાં શ્રી દાસકાકા, શ્રી રામચંદ્ર અમીનસાહેબ વગેરેની સાથે સક્રિયપણે રસ લેવાનું ચાલુ રાખતાં ક્રમશઃ મંત્રી, ઉપપ્રમુખ અને ચૅરમૅનની જવાબદારીઓ પૂર્ણતઃ સમર્પિત

બની રહીને આયખાના અંતિમ દિન સુધી નિભાવતા રહ્યા હતા. તેમણે હોદ્દાગત રીતે સ.વિ.કે.મં., કડી - મંત્રી : ૧૯૫૬-૫૭થી ૫૮-૫૯; ૭૧-૭૨થી ૯૬-૯૭; ચૅરમૅન (ગાંધીનગર શાખા) : ૧૯૮૪-૮૫થી ૧૯૯૭-૯૮; ક.પા.કે.ઉ.મં., કડી - મંત્રી : ૧૯૫૮-૫૯થી ૬૦-૬૧, ૬૨-૬૩થી ૬૫-૬૬; ૬૭-૬૮થી ૭૦-૭૧; ઉપપ્રમુખ : ૧૯૮૦-૮૧થી ૨૦૦૬-૦૭ (તા.૨૨-૧૧-૨૦૦૬ સુધી) સેવાઓ આપી હતી. આ કાર્યકાળ દરમિયાન સૌના સ્નેહપૂર્ણ સાથ-સહકારથી મંડળની પરંપરાગત ઉદાત્ત પ્રણાલીઓનો નિર્વાહ કરતા રહેવાની સાથે દિશાસૂચક કેટલીક પ્રવૃત્તિઓ પણ હાથ ધરી હતી, જેની નોંધ તેમણે આત્મકથા (અપ્રગટ)માં કરી છે. તેમણે નોંધ્યું છે કે 'મેં અને મારા મિત્ર વકીલ છગનલાલે સાથે મળીને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી મકાન યોજના ફંડ કરવું એવું નક્કી કર્યું હતું.' ખાસ, તો પોતે ખેડૂત પરિવારનું સંતાન હોઈ ગાયો પ્રત્યે મમત્વ રહે તે સ્વાભાવિક છે અને તેથી જ દાસકાકાના અવસાન પછી 'ગૌ શાળા'ના સંચાલનની જવાબદારી તેમને સંભાળવાની આવી ત્યારે ખોટમાં ચાલતી 'ગૌ શાળા'ને પગભર કરવાના હેતુસર કાયમી તિથિદાન યોજના શરૂ કરાવી તેમજ પોતાના મિત્ર/પડોશી શ્રી મનુભાઈ પટેલને આગ્રહપૂર્વક 'ગૌ શાળા'ની જવાબદારી સાંપીને તેને આર્થિક રીતે આત્મનિર્ભર કરવામાં સફળ રહ્યા હતા. શ્રી મનુભાઈ પટેલે આ જવાબદારી જિંદગીપર્યંત ભારે નિષ્ઠા સાથે અદા કરીને ગૌ શાળાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત ધનાભાઈએ દેશ/વિદેશમાં ભણવા જવાની ઇચ્છા ધરાવતા વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદ કરવાના હેતુસર 'શ્રી વિદ્યાર્થી સહાયક સહકારી મંડળ લિ.'ની સ્થાપના અને તેને ક્રિયાન્વિત કરવામાં તેમની ભૂમિકા સરાહનીય રહી હતી.

મંડળ સંચાલિત શાળા/કૉલેજોના વિકાસ માટે આવશ્યક નાણાભંડોળ ઊભું કરવા હેતુ તેમણે અમેરિકા પ્રવાસ માટે મંડળની સહમતિથી પ્રાચાર્ય શ્રી મોહનલાલ પટેલ સાથે અમેરિકા યાત્રાનું આયોજન કરીને રૂપિયા ૩ લાખના ટાર્ગેટ સામે રૂપિયા ૧૨ લાખનું દાન મેળવી આપ્યું હતું. આ પ્રવાસની સફળતાને અભિનંદતાં શ્રી દાસકાકાએ તેમના તા. ૧૦ ઑગસ્ટ, ૧૯૮૨ના પત્રમાં શ્રી ધનાભાઈને લખ્યું હતું કે 'અમેરિકાનો મહોત્સવ ફંડનો પ્રવાસ કરી સફળતા મેળવી તે માટે આપને તથા શ્રી મોહનલાલને ધન્યવાદ. સંસ્થાની સારી સેવા કરી અને બાર લાખ ઉપરાંત અમૃત મહોત્સવનું ફંડ મેળવ્યું જાણીને આનંદ થયો... અમેરિકા અને અન્ય દેશોમાં આપણા વિદ્યાર્થી ઘણા છે. તેમને સંસ્થા માટે પ્રેમ છે. એમને ભેગા કરવાની જરૂર છે તેવી આપની લાગણી સાથે સંમત થાઉં છું.'

આ મંડળમાં અને રાજકીય ક્ષેત્રે એક સમાન નીતિ અને વિચારસરણીના કારણે શ્રી ધનાભાઈનો શ્રી દાસકાકા સાથે અંતરંગ ઘરોબો રહ્યો હતો. જેની પુષ્ટિ દાસકાકાના પુત્ર શ્રી તનસુખભાઈ પટેલના તા. ૭ મે, ૧૯૯૦ના પત્રથી થાય છે : ''જીવનમાં મૂલ્યો ખૂબ બદલાઈ ગયાં છે. આપણે બદલાયા નથી. આપણા સંબંધો બદલાયા નથી. તમે ઘણું કામ કર્યું છે. દાસકાકાનાં બધાં કામ તમે પૂરાં કર્યાં છે... તમે મહેસાણા રહેવા આવો. મઝા આવશે...'' દાસકાકાએ મહેસાણા તેમજ પોતાના સંસદસભ્યકાળ દરમિયાન દિલ્હીથી શ્રી ધનાભાઈને મંડળના વિકાસ, રાજકીય પ્રશ્નો અને અન્ય આનુષંગિક બાબતો વિશે ઘણા પત્રો લખ્યા હતા. આ બધા પત્રો આજે પણ તેમના પુત્ર અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વર્તમાન પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પાસે સંગૃહીત છે. આ પૈકી કેટલાક પત્રો ડૉ. મંગુભાઈ પટેલે દાસકાકાના ચરિત્ર ગ્રંથ 'કર્મયોગી દાસકાકા' (૧૯૯૦) માં મુદ્રિત કર્યાં છે. દાસકાકા સાથેના સંબંધો સંદર્ભે પોતાની ભાવના તેમજ મિત્રવર્તુળમાં કેવી લાગણી પ્રવર્તી હતી તે વિશે ધનાભાઈએ સ્વયં નોંધ્યું છે કે ''સંસ્થાઓના સૂત્રધાર અને ઉ. ગુજરાતના ખેડૂતોના પ્રખર નેતા શ્રી દાસકાકા સાથે હું સક્રિયપણે કેળવણી ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે કામ કરતો હતો. મહેસાણા મુકામે એક મિત્રના ત્યાં લગ્નપ્રસંગે બધા કાર્યકરો એકત્ર મળેલા અને અમે બધાં વાતો કરતાં બેઠાં હતાં તેવામાં દાસકાકા આવ્યા એટલે શ્રી હરગોવિંદભાઈ ધનાભાઈ એ કહ્યું, કે 'ધનાભાઈના આ ગુરુ આવ્યા' તે તકનો લાભ લઈ મેં કહ્યું કે મારા ગામ ગણેશપુરા ગુરુને ચાદર ઓઢાડવાનો કાર્યક્રમ રાખું અને તમે બધાં ત્યાં આવો, એટલે સંસ્થામાં મંત્રી તરીકે ફરજ બજાવતા મારા

મુરબ્બી વકીલ શ્રી છગનભાઈ રા. પટેલે કહ્યું કે આપણે બધાં સંસ્થામાં જ દાસભાઈને ચાદર ઓઢાડીએ. [આ પૂર્વે] શ્રી રામચંદ્ર જ. અમીનનું સન્માન થઈ ગયેલું. અને શ્રી પૂ. ર. પટેલ (દાસકાકા)નું બાકીમાં હતું. તે પ્રસંગ માટે તેમનું સન્માન કરવાનો ઠરાવ કડીની સંસ્થામાં મિટિંગ બોલાવી કર્યો. સન્માન ફંડ એકત્ર કરવા સમિતિની રચના કરી શરૂ કર્યું... લગભગ ૧ લાખ ૧૧ હજાર જેવી રકમ સન્માનફંડની એકત્ર થઈ તેમાંથી ખર્ચ જતાં ૧ લાખ અને ૩૫૦૦ની રકમ સન્માન થેલી તરીકે તા. ૧૬-૪-૭૮ ના રોજ દાસકાકાને અર્પણ કરી. અને તેમનો સન્માનગ્રંથ સંસ્થાએ પ્રસિદ્ધ કર્યો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના કૅમ્પસ નિર્માણ થવામાં આ સન્માન ફંડથી સક્રિય સહયોગ પ્રાપ્ત થયો તો હતો. હું અને મોહનભાઈ અમેરિકાનો સફળ પ્રવાસ કરી આવવાથી શ્રી જી. જી. પટેલ વગેરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં અમારા સન્માનનો કાર્યક્રમ ઉપસ્થિત કર્યો તેમાં મારું પ્રવચન સાંભળી દાસકાકાનું જીવનચરિત્ર લખાય તો પ્રેરણારૂપ બને તેવું મંતવ્ય વ્યક્ત કરતાં તે ઉપરથી પૂ. છગનભા અને દાસકાકાનાં જીનવનચરિત્રો લખાવવાનો ઠરાવ કડીની સંસ્થાઓ પાસે કરાવ્યો. અને તે માટેની સમિતિ રચવામાં આવી. અને મુખ્યત્વે ડૉ. શ્રી મંગુભાઈએ દાસકાકાનું જીવનચરિત તૈયાર કર્યું અને શ્રી મોહનભાઈએ "છગનભાનું જીવનચરિત્ર તૈયાર કર્યું." સર્વ વિદ્યાલયની અહર્નિશ ચિંતા સેવતા દાસકાકાએ ધનાભાઈની કાર્યશક્તિ અને ઉપસ્થિતિની આવશ્યકતા પિછાણીને મંડળની બેઠકોમાં અચૂક હાજર રહેવાનું જણાવતાં નોંધ્યું હતું કે "મને સીતોત્તેર વર્ષ થયાં. હું ક્યાં સુધી ખેંચી શકીશ ? બે ચાર માણસો સંસ્થાનો વિચાર કરતા નહીં થાય તો સંસ્થા તો ટકશે પણ તેનો પ્રાણ નહીં રહે. પ્રગતિ સાધી શકાશે નહીં..." આ શબ્દો દાસકાકાની દૂરંદેશિતાના પ્રતીતિકારક બની રહે છે.

વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલનું વિશેષ ગૌરવપૂત, શ્લાઘનીય અને સ્મરણીય પ્રદાન છે તા. ૨૫-૨૬ ફેબ્રુઆરી, ૧૯૮૪ના દિવસોમાં આયોજિત 'શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' અને 'શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડીના સંયુકત અમૃત મહોત્સવની ઉજવણી માટેની 'અમૃત મહોત્સવ સમિતિ'ના અધ્યક્ષપદે આપેલી સેવાઓ, જેમાં તેમનાં દષ્ટિપૂત નેતૃત્વ, આયોજનશક્તિ, કર્તવ્યનિષ્ઠા અને સંસ્થાભક્તિનાં સહજમાં દર્શન થાય છે. આ સંસ્થાની સ્થાપના બાદ ખાતમુહૂર્તથી શરૂ કરી અમૃત મહોત્સવ સુધી વિવિધ સમારોહોનાં આયોજનો હાથ ધરવામાં આવ્યાં હતાં, પરંતુ આ પૈકી 'અમૃત મહોત્સવ' સમારોહ સર્વાંગી રીતે ચિર સ્મરણીય બની રહે તેટલો ખરા અર્થમાં ભવ્ય હતો. આ સંદર્ભે પ્રકાશિત કરવામાં આવેલી 'સ્મરણિકા'ના સંપાદક આચાર્યશ્રી મોહનલાલ બા. પટેલ અને ભાઈલાલભાઈ જી. પટેલે 'સંપાદકીય'માં કરેલ નોંધ "... અમૃત મહોત્સવનાં મધુર સંભારણાંને શબ્દ અને છબીના રૂપમાં આકૃત કરીને આ 'સ્મૃતિ ગ્રંથ' દ્વારા એ સંભારણાંને સ્થાયી બનાવવાનો પ્રયાસ છે, જેથી હવે પછીની પેઢી અને પેઢીઓ એ માણી શકે એટલું જ નહીં પણ એમાંથી પ્રેરણા લઈને સંસ્થાના ઇતિહાસમાં બીજાં-એથીયે ગરવાં પ્રકરણો ઉમેરે જેથી હવે પછીનો મહોત્સવ વધારે ગૌરવવંતો અને વધારે ઉજ્જ્વળ બની રહે...." આ મહોત્સવ તો ખરા અર્થમાં 'અમૃત મહોત્સવ' બન્યો તેની આ નોંધ સુચિંતનીય પ્રતીતિકારક બની રહે છે. આ સાથે જ મહોત્સવ પ્રસંગે 'અમૃત મહોત્સવ સમિતિ'ના અધ્યક્ષ તરીકે તેમણે કરેલું ઉદ્‌બોધન સર્વગ્રાહી અને અભ્યાસપૂત હતું કે જે સંસ્થાના ઇતિહાસ-લેખન માટે કાચી સામગ્રીના ખજાના સમાન છે.

'સર્વ વિદ્યાલય'ને સમર્પિત બની રહેવાની સાથે તેઓશ્રી સમાજજીવનની બહુવિધ સમાજસેવી સંસ્થાઓના વિકાસમાં પણ પ્રસંગોપાત્ત યોગદાન આપતા રહ્યા હતા. આ પૈકી કડી સુધરાઈના સભ્ય તરીકે સરકાર દ્વારા નિયુક્ત થતાં કડીના વિકાસમાં તેમજ મહેસાણા જિલ્લા સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે ચૂંટાઈ આવતાં શિક્ષણક્ષેત્રે જિલ્લાની કાયાપલટ કરવામાં ભાગીદાર બન્યા હતા. કડીના 'પટેલ ભુવન'ના મંત્રી તરીકેનો તેમનો સેવાકાળ પણ યશોદાયી રહ્યો હતો. આટલી વ્યસ્તતા વચ્ચે પણ પોતાના વતન ગણેશપુરાનું હિત સદાય તેમના હૈયે રહ્યું હતું. તેમની આ જન્મભૂમિ 'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी' સમાન બની રહેતાં પોતાના ગામમાં પ્રાથમિક શાળા અને સમયાન્તરે

માધ્યમિક શાળા શરૂ કરવામાં, અન્ય આવશ્યક જરૂરિયાતોની પૂર્તિ કરવી વગેરે કાર્યોમાં તેઓશ્રી પોતાના પરિવારના આર્થિક સહયોગ સાથે સૌ ગ્રામજનોનો સહકાર મેળવી સૌને સાથે રાખીને વિવિધ કાર્યો સંપન્ન કરીને 'નમૂનેદાર ગ્રામ રચના' કરવામાં સફળ રહ્યા હતા. ગ્રામ વિકાસ સંબંધી તેમના પ્રયાસોની જાણકારી તેમના દ્વારા તત્કાલીન જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રિખવદાસ શાહ, ઈફકોના ચૅરમૅન બ્રહ્મકુમાર ભટ્ટ, કડીની આર્ટ્સ કૉમર્સ કૉલેજના એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઑફિસર વગેરેને લખેલા પત્રો દ્વારા થાય છે.

ડૉ. કનુભાઈ પાસેથી પ્રાપ્ત સાહિત્ય = archivesના આધારે પ્રતીત થાય છે કે તેઓશ્રી એક સારા પત્રલેખક અને પત્રસંગ્રાહક પણ હતા. તેમના સંગ્રહમાં ૧૯૫૦ થી ૨૦૦૬ સુધીના ઠીક ઠીક સંખ્યામાં પત્રો સંગૃહીત છે, જેમાં તત્કાલીન સમયના રાજકારણ, સમાજજીવન અને સર્વ વિદ્યાલય સંબંધી માહિતી મળી રહે છે. સ્વ. ધનાભાઈ સાહેબે લખેલા પત્રો તો આજે ઉપલબ્ધ નથી, પરંતુ તેમણે તત્કાલીન વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ, નાણામંત્રી શ્રી એચ. એમ. પટેલ, શ્રી ભાઈલાલભાઈ પટેલ, શ્રી રામચંદ્ર અમીન, શ્રી દાસકાકા, શ્રી સાંકળચંદ પટેલ, શ્રી પોપટભાઈ, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, શ્રી દ્વારકાદાસ જોશી, શ્રી વાડીલાલ લલ્લુભાઈ વગેરેને લખેલા પત્રોના અનુસન્ધાનમાં આ સૌ તરફથી તેમને પ્રાપ્ત થયેલા પત્રો સુલભ છે. આ પત્રો પૈકી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે તેમના તા. ૧૭ જુલાઈ, ૧૯૯૨ ના પત્રમાં ડૉ. મંગુભાઈ પટેલ કૃત 'કર્મયોગી દાસકાકા' વિશે વિગતે પોતાનો પ્રતિભાવ ૪ પૃષ્ઠોમાં આપીને પત્રના સમાપનમાં નોંધ્યું છે કે ''આ કેટલાક મુદ્દાઓ ધ્યાન દોરવા જેવા લાગ્યા એટલે એનો ઉલ્લેખ કર્યો છે. પણ એકંદરે મારી દષ્ટિએ દાસકાકાને સમજવા માટે આ પુસ્તક ઘણું ઉપયોગી છે.'' આ સાથે જ શ્રી મોહનલાલ પટેલ કૃત 'પ્રજ્ઞાદીપ છગનભા' પુસ્તક સંદર્ભે શ્રી મોહનભાઈ સાહેબને લખેલ પત્રમાં કરેલ નોંધ સર્વ વિદ્યાલયીઓ માટે ધ્યાનાર્હ બની રહે છે : ''આ પુસ્તકમાં એક અત્યંત પ્રેરક જીવનની ભવ્ય સિદ્ધિઓનો સરસ ઉલ્લેખ છે, એક વ્યકિત નિશ્ચય કરે તો, શૂન્યમાંથી કેવું સર્જન કરી શકે તેનો આ પુસ્તકમાં ઘણો જ ઉત્સાહપ્રેરક ખ્યાલ અપાયો છે. જે સંસ્થાના જનક શ્રી છગનભા છે, તે સંસ્થાના વિવિધ અંગોમાં પરોવાયેલા, સૌ આ જીવનમાંથી પ્રેરણા મેળવે અને ચિંતનપૂર્વક પોતાના જીવનનું ઘડતર કરીને એમની જેમ સમર્પણની ભાવના કેળવે અને ગમે તેવી કઠણાઈઓ હોય તોપણ પાછા ન પડે અને સુખી જીવનની વાંછના જતી કરીને, અત્યંત કઠિન, કરકસર ભર્યું સમર્પિત જીવન જીવે તો, આપણા ઘણા પ્રશ્નોનો ઉકેલ આવી જાય. આ કાર્ય કરવાની અંદર સૌને પ્રેરણા મળે એવી આશા છે. આ સર્જન માટે આપને હાર્દિક અભિનંદન. નકલ આપવા માટે આભારી છું.'' રાજકારણની વ્યસ્તતા વચ્ચે શ્રી બાબુભાઈ પટેલના આ પત્રો તેમની અધ્યયનશીલતાના દ્યોતક બની રહે છે. સમગ્રતયા સ્વ. ધનાભાઈ સાહેબનો આ પત્રખજાનો અભ્યાસુઓ માટે માહિતીની ખાણ બની રહેશે.

સ્વ. ધનાભાઈ સાહેબનું અપ્રગટ સંક્ષિપ્ત આત્મકથન અને ડાયરીમાંથી પસાર થતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે તેઓશ્રી ધાર્મિક અને સદ્બોધપ્રેરક સાહિત્યના સારા વાચક રહ્યા હતા. તેઓશ્રી 'મનુસ્મૃતિ', 'ભગવદ્ગીતા', 'ભાગવતપુરાણ', ઉપનિષદો 'ગાંધીસાહિત્ય', 'ગંગેશ્વરાનંદજીના ગ્રંથો', ડાંગરેજી મહારાજનું ભાગવત, સદ્વિચાર પરિવારની પુસ્તિકાઓ, પ્રજાપિતા બ્રહ્માકુમારીની 'મોરલી', ભજનો વગેરેના વાંચનમાં વિશેષ દિલચસ્પી ધરાવતા રહ્યા હતા. પ્રસંગોપાત્ત કોઈ કૃતિના સ્પર્શી ગયેલા અંશોનું અને તે વિશેના પ્રતિભાવો પણ પોતાની રોજનીશીમાં નોંધતા રહ્યા હતા. આ ઉપરાંત સ્પર્શી ગયેલાં કેટલાંક સૂક્તિવચનો, મંત્રો, ભજનો વગેરે પણ તેમણે નોટબુક/છૂટા કાગળોમાં ઉતારી લીધાં છે. વિદ્યાર્થી આશ્રમમાં સાંધ્ય પ્રાર્થના ટાણે પ્રસંગોપાત્ત ઉપસ્થિત રહીને સત્સાહિત્યના વાંચન વિશે વિદ્યાર્થીઓને ઉદ્બોધન પણ કરતા હતા. તેમની ડાયરીમાં તા. ૨૩-૯-૨૦૦૦ ના રોજ નોંધ કરી કે આ ૧૦ સૂક્તિઓનું છાત્રાલયમાં પ્રાર્થના સમયે વાંચન કરવું. આમ તેઓશ્રી કોરા સંચાલક ન બની રહેતાં શિક્ષકની ભૂમિકા પણ અદા કરતા રહ્યા હતા.

ઉપલબ્ધ પત્રાદિસાહિત્ય, સન્માન સમારોહ પ્રસંગેનો પ્રતિભાવ વગેરેના આધારે કહેવું રહ્યું કે તેમણે

જીવનવ્યવહારમાં 'શ્રીમદ્ ભગવદ્ગીતા' ને સાચા અર્થમાં પચાવી હતી. વ્યવસાયે વકીલ હોવા છતાં મતાગ્રહી ન બનતાં જૈન ધર્મના અનેકાન્તવાદને આત્મસાત કરીને સમાધાનકારી વલણના પક્ષધર બની રહ્યા હતા. તેઓશ્રીનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું હતું કે 'કાન ઉઘાડા રાખવા, આંખ ઉઘાડી રાખવી, અને મોઢું બંધ રાખવું – તો પ્રેમથી બધાંને જીતી લઈ શકાય. કોઈની ભૂલ હોય તો સમજીને કામ લેવું. માણસ પાત્ર ભૂલને પાત્ર છે. તેમની જીવનશૈલી-આચાર-વિચારમાં ધર્મગ્રંથોનો ભારે મોટો પ્રભાવ રહ્યો હતો. અણીશુદ્ધ પારદર્શી વ્યવહાર અને સેવાપરાયણતા તેમના જીવન સાથે વણાઈ ગયાં હતાં. તેમના વ્યક્તિત્વની એક અન્ય વિશેષતા એ રહી છે કે કડીથી અમદાવાદ સ્થાનાન્તરિત થયા ત્યારે જ્યારે જ્યારે સંસ્થાની મુલાકાતે કડી આવે ત્યારે ઘેરથી પોતાનું ટિફિન લઈને જ આવવાનું રાખતા. તે દિવસોમાં પોતાની પાસે કાર કે અન્ય કોઈ સાધન ન હોવાથી એસ.ટી. બસમાં જ મુસાફરી કરીને કડી આવવાનું રાખતા. પૂ. દાસકાકાએ પણ તેમનાં સંભારણાંમાં ઘેરથી ટિફિન લઈને મહેસાણાથી ગાંધીનગર/કડી બસ દ્વારા મુસાફરી કરવા વિશે જણાવ્યું છે. પ્રથમ દૃષ્ટિએ નાની સરખી જણાતી આ વાત સંસ્થાના સેવકોની સંસ્થાભકિત અને તેના કલ્ચરને ઉજાગર કરનાર બની રહે છે. સર્વ વિદ્યાલય એટલે શું ? તેનો ઉત્તર અહીં મળી રહે છે.

વર્ષ ૨૦૦૨ થી તેમના કથળેલા સ્વાસ્થ્ય વચ્ચે પણ ડાયરી લખવાનું ચાલુ રાખ્યું હતું, જેમાં જે-તે દિવસે વાંચેલ પુસ્તક, લેખ, વર્તમાનપત્ર વગેરેમાંથી નોંધવા જેવી વિગતોની નોંધ, દેશના પ્રવાહો, પોતાની શારીરિક સ્થિતિ, કોણ-કોણ મળવા આવ્યું વગેરે વિગતો નોંધતા રહ્યા હતા.

ડાયરીમાં નોંધેલાં કેટલાંક મંતવ્યો સુચિંતનીય બની રહે છે :

- માણસે સારા થવું જોઈએ. જો માણસ સારો થાય તો કોઈને દુઃખ ના પડે અને પોતે સુખી થવા માટે બીજાને દુઃખ ના કરવું જોઈએ. (૨૮-૬-૨૦૦૨)
- ''ધર્મશાત્ર તરીકે મનુસ્મૃતિ અજોડ છે. હિંદુ ધર્મ અજોડ છે. પણ ખોટા વ્યવહારથી જ્ઞાતિઓ ઊભી થઈ.'' (૭/૭/૨૦૦૨)
- ''ઇસ્લામ ધર્મમાં સુન્નતની વાત પણ વૈજ્ઞાનિક છે. વિચારમાં લેવા જેવી છે.'' (૭/૭/૨૦૦૨)
- ''આઝાદીની પ્રાપ્તિનો દિવસ. અન્ય તહેવારોમાં પ્રજામાં જે ઉમંગ જણાય છે તેવો આજના દિવસનો આનંદ કેમ જણાતો નથી. સરકારી તહેવાર જાણે કે થઈ ગયો હોય તેવું લાગે છે.'' (૧૫/૮/૨૦૦૨)

આવા મૂલ્યનિષ્ઠ શ્રી ધનાભાઈ પટેલસાહેબનું અવસાન અમદાવાદ મુકામે તેમના પુત્ર ડૉ. કનુભાઈ પટેલના નિવાસસ્થાને તા. ૨૨ નવેમ્બર, ૨૦૦૬ના રોજ અવસાન થયું હતું. તેમણે આ મંડળને અને સમાજને માનવીય ફરજ ગણીને નિઃસ્વાર્થભાવે આપેલ સદાચારયુક્ત સેવાઓ સદૈવ સ્મરણીય બની રહેશે. જન્મશતાબ્દીના પર્વે તેમને શત્ શત્ અભિવંદના. (આ શ્રદ્ધાંજલિ-લેખ સ્વ. ધનાભાઈ સાહેબની અપ્રગટ આત્મકથા, ડાયરી, પત્રસાહિત્ય અને પ્રાપ્ત આનુષંગિક સાહિત્યના આધારે તૈયાર કર્યો છે, જેનો ઋણસ્વીકાર કરું છું.)

# ૩. સ્વ. માણેકલાલ પટેલસાહેબ

## (૧૯૨૯-૨૦૧૨)



કડી નગરમાં 'સાહેબ'ના હુલામણા નામથી ઓળખાતા સ્વનામધન્ય સદ્‌ગત માણેકલાલ એમ. પટેલસાહેબ (૧૯૨૯-૨૦૧૨) એટલે ગુજરાતના સમાજજીવનનું એક ગૌરવશિખર. તેઓશ્રી વ્યવસાયે કર્મઠ, સાહસિક અને સફળ ઉદ્યોગપતિ હતા. સમાજજીવનનાં વિવિધ પાસાંઓ જેમ કે સમાજસેવા, આરોગ્ય, સાહિત્ય અને સંસ્કૃતિ, કડીનો ઔદ્યોગિક વિકાસ, એખલાસતા અને સામાજિક સદ્‌ભાવના, જાહેર સંસ્થાનું નેતૃત્વ વગેરેમાં પોતાની આગવી સૂઝ અને સમજ સાથેનાં માઈલ સ્ટોન સમ પદ્‌ચિહ્નનો અંકિત કરવા ગયા છે. આચાર્ય વિનોબા ભાવેને અભિપ્રેત એવા ખરાઅર્થમાં કાર્યકર તરીકેનું જીવન તેઓશ્રી જીવી ગયા છે. આ સંબંધી વિનોબાના શબ્દો દ્રષ્ટવ્ય બની રહે છે : "જે ખરો કાર્યકર્તા છે, તે એકધારો સતત કામ કરતો રહેશે... કાર્યકરમાં દ્યુતિ અને ઉત્સાહ બંને જોઈએ. ઉત્સાહ એવો હોય કે મારું કામ હું ઓછામાં ઓછા સમયમાં પૂર્ણ કરી નાખીશ. પણ સાથે સાથે ધગશ એવી હોય કો જિંદગીના અંત સમય સુધી મારે મારા મિશન માટે કામ કરવું પડશે તોયે હું તૈયાર છું." માણેકલાલ સાહેબ વિનોબાની આ ભાવનાનું મૂર્તિમંત સ્વરૂપ હતા. તેનું તાદશ ઉદાહરણ એ કે પોતાની અંતિમયાત્રાના અંતિમ દિવસે પણ યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓનું કામ પ્રાયઃ બપોરના ચાર વાગ્યા સુધી આટોપતા રહ્યા હતા ! અરે, સર્વ વિદ્યાલય પરિવારના એક કર્મચારીના પુત્રનું આકસ્મિક અવસાન થતાં તેના નિયત બેસણાના એક દિવસ પૂર્વે એટલે કે તા. ૧૨ જાન્યુઆરીએ તેના નિવાસસ્થાને દિલાસો આપવા પહોંચી ગયા હતા, એટલા માટે કે કદાચ તા. ૧૩ જાન્યુઆરીએ ન આવી શકાય તો ! મહાકવિ ભવભૂતિના શબ્દોમાં 'लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति' અર્થાત્ મહાપુરુષોના અગાધ મનનો તાગ મેળવવા કોણ સમર્થ છે ? સ્વ. માણેકલાલ સાહેબ પણ એક મૂઠી ઊંચેરું વ્યક્તિત્વ ધરાવનાર ગીતાને અભિપ્રેત એવા કર્મયોગી હતા.

સ્વ. માણેકલાલ સાહેબનું વતન કડી પાસેનું ઊંટવા ગામ, જ્યાં તેમનો જન્મ તા. ૧ ફેબ્રુઆરી, ૧૯૨૯ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ માધવલાલ પટેલ અને માતાનું નામ દિવાળીબા. પ્રાથમિક છ ધોરણ સુધીનું શિક્ષણ ગામની શાળામાં મેળવીને ૭મું ધોરણ અર્થાત્ વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા કડીની સરકારી શાળામાંથી સમગ્ર વડોદરા રાજ્યમાં બીજા નંબરે આવીને પાસ કરી હતી. ત્યાર બાદ મૅટ્રિક સુધીનો અભ્યાસ સર્વ વિદ્યાલયમાંથી કર્યો. અહીં રાષ્ટ્રભાષા, વર્ધાની 'કોવિદ'ની પરીક્ષા પણ કેન્દ્રમાં દ્વિતીય નંબર આવીને પાસ કરી હતી. આમ ભણવામાં પ્રારંભથી મેધાવી છાત્ર રહ્યા હતા. તેમના જીવનની નોંધપાત્ર ઘટના એ કે પ્રાથમિક શિક્ષક બનવા માટે વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા સમગ્ર વડોદરા રાજ્યમાં દ્વિતીય નંબર મેળવીને પાસ કરી હોવા છતાં શારીરિક દુર્બળતાના કારણે પ્રાથમિક શાળાના શિક્ષકોની પસંદગી સમિતિએ તેમને પ્રાથમિક શિક્ષક તરીકે પસંદ કર્યા ન હતા. વિધિએ તેમને પ્રાથમિક શિક્ષક ન બનાવીને આ પ્રદેશ ઉપર – સમગ્ર ગુજરાત ઉપર કેટલો બધો અપરંપાર ઉપકાર કર્યો છે તેની પ્રતીતિ સર્વ વિદ્યાલયના વિકાસમાં તેમના પ્રદાનથી થાય છે. તેમણે અર્થશાસ્ત્ર સાથે બી. એ. (ઑનર્સ) અને એલએલ.બી.ની ડિગ્રીઓ ગુજરાત યુનિવર્સિટીમાંથી મેળવી હતી. થોડોક સમય અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં સર્વિસ કર્યા બાદ કડી નગરપાલિકાના ચીફ ઑફિસર તરીકે ૧૯૫૮માં જોડાયા હતા. આ પદ ઉપર તેમણે પ્રાયઃ ૧૫ વર્ષ સુધી સેવાઓ આપી હતી. નગરપાલિકા સાથેનો તેમનો સમગ્ર કાર્યકાળ તેમના જીવનઘડતરનો અને વ્યક્તિત્વ વિકાસનો નિર્ણયકાળ સાબિત થયો. કડીને પોતાનું વતન માનીને કડીના સર્વાંગી

વિકાસ અર્થે કડીને પોતાની જાત સમર્પિત કરી દીધી. તેજસ્વી પ્રતિભાના કારણે મોટા ગજાના એડવોકેટ કે માત્ર ઉદ્યોગ/ધંધામાં વ્યસ્ત રહીને અબજોપતિ બની શક્યા હોત તેવી તેમની ક્ષમતાનાં આજે આપણ સૌ કોઈને દર્શન થાય છે ! પરંતુ તેમ ન કરતાં પોતાની સૂઝબૂઝ અને કાબિલેદાદ વહીવટીય શક્તિને કડીના વિકાસમાં જ ખર્ચી નાખીને કડી નગરપાલિકાને સંગીન વહીવટનો આદર્શ નમૂનો પૂરો પાડ્યો તેમજ તેને આર્થિક રીતે સધ્ધર પણ કરી હતી. કડીને સ્વચ્છ નગર બનાવવા તેમજ સમાજજીવનમાં સામાજિક સમરસતા અને સદ્ભાવના જાળવવા હંમેશાં કર્મશીલ નગરસેવક બની રહ્યા હતા.

અર્થશાસ્ત્ર અને કાનૂનના સ્નાતક હોવાથી પ્રાપ્ત જ્ઞાનને ખપમાં લાવીને પ્રાયઃ ખેતીના વ્યવસાય ઉપર નભતા ગ્રામજનોને વ્યાજની ચુંગાલમાંથી બચાવવા કડીના અગ્રણીઓનો સાથ સહકાર મેળવીને ‘કડી નાગરિક સહકારી હબેંક’ની સ્થાપના કરવામાં અહમ ભૂમિકા નિભાવી અને આ બેંકના સ્થાપનાકાળથી તેના એમ.ડી. કે ચૅરમૅન તરીકે તેમણે સાંબા સમય સુધી દષ્ટિવંત સેવાઓ આપી હતી. બેંકની સ્થાપના કર્યા બાદ નાના-મોટા ઉદ્યોગોની સ્થાપના કરવા વેપારીઓને તેમજ ખેડૂતોને લોન આપવાની સરળ સગવડ ઊભી કરી શક્યા હતા. ઉદ્યોગો સ્થાપવાના પ્રોત્સાહન અર્થે નાના-મોટા કાનૂની ગૂંચવાડા દૂર કરવા હંમેશાં અગ્રેસર રહેતા હતા. પરિણામસ્વરૂપે ‘કડી સોનાની દડી’ કે એક ઉદ્યોગ નગરી તરીકે ઝડપભેર વિકસવા લાગી. આરોગ્યની સુખાકારી માટે તેમણે કડીના અગ્રણીઓના સહકારથી ‘ભાગ્યોદય હૉસ્પિટલ’ની સ્થાપના કરી, જે આજે પણ સતત કાર્યરત છે. નગરપાલિકાના સી. ઓ. – તરીકે સ્વેચ્છાએ રાજીનામું આપી છૂટા થઈ ઉદ્યોગ-ધંધામાં ઝંપલાવ્યું અને ભારે મોટી સફળતા મેળવતાં એક કર્મઠ ઉદ્યોગપતિ અને દાનવીર તરીકે ખ્યાતિપ્રાપ્ત થયા હતા. દાન આપવામાં કદાપિ ખચકાટ અનુભવતા જોવા મળ્યા નથી. આ દરમિયાન તેમણે પોતાની ગણેશ ઓઈલ એન્ડ જિનિંગ ફૅક્ટરી તથા અંબિકા કોટન પ્રેસિંગ ફૅક્ટરીની સ્થાપના કરી હતી.

પોતાનું ઋણ અદા કરવાની ભાવના સાથે સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હોવાના નાતે આપદ્ધર્મ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તરીકેની જવાબદારી તેમણે ૧૯૭૩થી ૨૦૦૦ સુધી અને વર્ષ ૨૦૦૦થી છેલ્લા શ્વાસ સુધી તેનું ચૅરમૅન પદ તથા કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગરનું પ્રેસિડેન્ટપદ તેના સ્થાપનાકાળથી તેમની અંતિમ યાત્રા સુધી ન કેવળ શોભાવ્યું પણ ઉજ્જ્વળ કર્યું હતું. આમ, પ્રાયઃ ૪૦ વર્ષ સુધી તેમના દૂરંદેશિતાપૂર્ણ નેતૃત્વનો લાભ સર્વ વિદ્યાલયને મળ્યો. આ સમયગાળો કેળવણી મંડળના વિકાસનો સુવર્ણયુગ સાબિત થયો – સંસ્થાનો અભૂતપૂર્વ વિકાસ થયો અને તેની કીર્તિ દિક્દિગંત પ્રસરી. કડી-ગાંધીનગરને બહુવિદ્યાશાખાકીય શિક્ષણધામોમાં પરિવર્તિત કરી નાખ્યાં. તેમણે પૂજ્ય છગનભાના આદર્શો અને ધ્યેયોને તથા તેમનો જીવનમંત્ર ‘કર ભલા હોગા ભલા’ને સતત નજર સમક્ષ રાખીને તેને ચરિતાર્થ કર્યો છે. પ્રાયઃ હાઈસ્કૂલ સુધી (સાયન્સ કૉલેજ, કડીના અપવાદને બાદ કરતાં) શિક્ષણ પૂરું પાડતા કેળવણી મંડળે તેમના કૃતસંકલ્પ અને દૂરંદેશી નેતૃત્વના પરિણામે કડી અને ગાંધીનગરમાં પ્રવર્તમાન સમયની જરૂરિયાતોને ધ્યાને લઈ ટેકનોલોજિકલ અને રોજગારલક્ષી વિવિધ વિદ્યાશાખાઓ ઉદા. તરીકે ફાર્મસી (B.Pharm, M. Pharm), મેનેજમેન્ટ (B.BA., M.B.A) કમ્પ્યૂટર વિજ્ઞાન (B.C.A. M.C.A. M.Sc.(C.A) etc), નર્સિંગ (B.P.N. etc) શિક્ષણશાસ્ત્ર (P.T.C., B.Ed., M.Ed.), કૉમર્સ (B.Com, M.Com), વિનયન (B.A., M.A.), બાયો ઇન્ફોર્મેટિક્સ, બાયોટેકનોલોજી વગેરેની ઉચ્ચશિક્ષણની કૉલેજોની સ્થાપના કરી હતી, તેમજ અનુદાનિત તથા સ્વનિર્ભર કૉલેજોએ A કે B++ કે B ગ્રેડ મેળવીને ગુજરાતમાં આગવી ઓળખ ઊભી કરી છે. આ પૈકી ગાંધીનગરની ઉમા આર્ટ્સ એન્ડ કડીની પ્રમુખ સ્વામી સાયન્સ કૉલેજો અનુક્રમે ૨ અને ૩ વખત સતત ‘એ’ ગ્રેડ મેળવતાં યુજીસીની સેન્ટર ફોર પોટેન્સિયલ એક્સલેન્સ સ્કીમ હેઠળ ખાસ અનુદાન મેળવવા યશભાગી નીવડી રહી છે, જેનું શ્રેય સ્વ. સાહેબની પ્રેરણા, પ્રોત્સાહન, પર્યાપ્ત માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી અને આચાર્યશ્રીઓને આપેલ સ્વાયત્તતાને જાય છે. ફાર્મસી કૉલેજ પણ AICTEમાંથી સંશોધન માટે ઘણુંમોટું અનુદાન મેળવે છે. કડી તથા ગાંધીનગરના શિક્ષણના ઇતિહાસમાં તેમના યોગદાનની સુવર્ણાક્ષરે

નોંધ લેવાઈ રહી છે અને ભવિષ્યમાં પણ લેવાશે તેમ નિ:શંક કહી શકાય. કન્યા-શિક્ષણના પ્રોત્સાહન અર્થે અલગ શાળાઓ તેમજ પ્રશિક્ષણ કૉલેજો, અંદાજિત ૭૦૦૦ વિદ્યાર્થીઓ – વિદ્યાર્થિનીઓ નિવાસ કરી શકે તેટલાં છાત્રવાસો અને તે પણ અન્ય સંસ્થાઓની તુલનાએ ઘણી ઓછી ફી લઈને ચલાવવામાં આવે છે. આ ઉપરાંત હોબી સેન્ટર, ફાઇન આર્ટ્સ તથા આઈ. એ. એસ. માટે ખાસ પ્રશિક્ષણની વ્યવસ્થા પણ ઊભી કરી. યુનિવર્સિટી સ્થાપવાનું સ્વપ્ન પણ તેમણે પૂરું કર્યું. ગુજરાત વિધાનસભાએ કડી સર્વ વિશ્વવિદ્યાલય એક્ટ વર્ષ ૨૦૦૭માં પસાર કરતાં, આ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી. ૨૦ જેટલા વિષયોમાં Ph.D અભ્યાસની વ્યવસ્થા કરવામાં આવી. આજ દિન સુધી ૫૩૦ વિદ્યાર્થીઓ પીએચ.ડી.ની ડિગ્રી મેળવવા યશભાગી નીવડ્યા છે. તેમની દૂરંદેશિતાનું દ્યોતક ઉદાહરણ એ કે તેમણે સર્વ વિદ્યાલયના એક અદના કર્મયોગી અને છેલ્લાં ૬૦ વર્ષથી તેની સાથે જોડાયેલા તથા સંસ્થા સાથે આટલો લાંબો ઘરોબો જાળવનાર શીલભદ્ર સારસ્વત સ્વ. મોહનલાલ પટેલ પાસે સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો ઇતિહાસ પણ તૈયાર કરાવ્યો, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા સ્થાપિત નર્સરીથી ઉચ્ચશિક્ષણ સુધીના શિક્ષણની ૬૦થી અધિક સંસ્થાઓ કે જેમાં ૫૨,૦૦૦થી અધિક છાત્ર-છાત્રાઓ અભ્યાસ કરે છે, તેનું દષ્ટિવંત નેતૃત્વ સાહેબે પૂરું પાડ્યું હતું.

આજે જ્યારે સરકાર ઉચ્ચશિક્ષણની જવાબદારીમાંથી પારોઠનાં પગલાં ભરી રહી છે ત્યારે ઠેર ઠેર શિક્ષણની હાટડીઓ સ્થપાઈ રહી છે તેવા સમયમાં મંડળ દ્વારા સરકારી નીતિનિયમોના ચુસ્ત અમલ સાથે સ્વનિર્ભર શિક્ષણસંસ્થાઓ શરૂ કરાવી અને તે પણ સરકાર દ્વારા નિયત કરેલ ફીનો અમલ, મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોનો સ્વેચ્છાએ ત્યાગ, કોઈ જાતિનો ભેદભાવ રાખ્યા સિવાય ગુણવત્તાના આધારે શિક્ષકોની ભરતી, ભરતી માટે કોઈ ડોનેશન નહીં, જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ફી માફી આપવી, કેન્દ્ર સરકારે નિયુક્ત કરેલ ફી વિવર કમિટીની ભલામણો અનુસાર ૧૦% વિદ્યાર્થીઓને કોઈ જાતની ફી વગર પ્રવેશ આપવો, અધ્યાપકોને ચાલુ પગારે વધુ અભ્યાસ માટે મોકલવા, પારદર્શી વહીવટ, સંસ્થા પાસે ઉપલબ્ધ સગવડો-સભાખંડ ઇત્યાદિ સરકાર કે અન્ય સમાજસેવી સંસ્થાઓને વિનામૂલ્યે પૂરી પાડવી વગેરે બાબતોનો મંડળ દ્વારા સ્વેચ્છાએ અમલ એ તેમના દૂરંદેશિતાપૂર્ણ અને દષ્ટિવંત નેતૃત્વને આભારી છે. તેમની આ ઉદારનીતિની સમાજજીવનના અનેક અગ્રણીઓએ મુક્તકંઠે પ્રશંસા કરી છે. તેઓશ્રી હંમેશાં મૂલ્યનિષ્ઠ શિક્ષણના આગ્રહી રહ્યા હતા. તેમની પ્રામાણિકતા અને બે-મિશાલ પારદર્શી વહીવટના પરિણામે દાતાશ્રીઓએ પણ દાનગંગા સતત વહેવડાવે રાખી હતી. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ – સવિશેષતઃ અમેરિકા નિવાસીઓ અને દાનવીરો હરહંમેશાં તેમનો બોલ ઝીલીને તેમનામાં વિશ્વાસ મૂકીને ઉદારભાવે દાન આપતા રહ્યા છે. પોતે દાતા પણ રહ્યા છે અને સંસ્થાની અકિંચન ભાવે સેવા કરતા રહ્યા હતા. તેમનું સ્નેહાળ આતિથ્ય સૌના માટે અવિસ્મરણીય બની રહેશે. રાજ્યના શાસકો અને અધિકારીઓ પણ તેમના વહીવટી જ્ઞાનથી અભૂભૂત થઈ જતા અને તેમના કથનને આપ્તવિધાન ગણીને સ્વીકારી લેતા હતા અને પ્રસંગોપાત્ત તેમનું માર્ગદર્શન પણ મેળવતા હતા. ગુજરાત સરકારે પણ તેમની સેવાઓ કાજે પ્રસંગોપાત્ત વિવિધ સમિતિઓના સભ્યપદે નિમણૂક કરી હતી. ફી રેગ્યુલેટરી કમિટીના સભ્ય હોવા છતાં પોતાની સંસ્થાની ફી ન્યાયપુરસરઃ જ સૂચવતા. સમાન અભ્યાસક્રમો અને સગવડો ધરાવતી બીજી સંસ્થાઓ ઘણી મોટી ફી સૂચવે તોપણ પોતાની સંસ્થા માટે સમાજના નીચલા વર્ગને ધ્યાને લઈ ઓછી ફી જ સૂચવતા. આ છે તેમનું કેરેક્ટર. શ્રી રઘુવીર ચૌધરી પ્રસંગોપાત્ત જણાવે છે કે માણેકલાલ એક કર્મઠ શિક્ષણમંત્રીને સાજે તેવી દષ્ટિ અને સજ્જતા ધરાવતા હતા.

પોતાના ગુરુજનો અને સર્વ વિદ્યાલય કેળવણી મડળ સંચાલિત શાળા-કૉલેજોના શિક્ષકો અને આચાર્યશ્રીઓ પ્રત્યે સાહેબ વિશેષ આદર ધરાવતા હતા. શાળા-કૉલેજોના વિકાસમાં શિક્ષકો/આચાર્યશ્રીઓની આધારભૂત ભૂમિકાને ધ્યાને લઈ તેમનું ગૌરવ જળવાય તેના હંમેશાં તેઓશ્રી આગ્રહી રહ્યા હતા. સર્વ વિદ્યાલયના વિકાસમાં પાયાનું યોગદાન આપનાર વિદ્યાર્થી વત્સલ આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈના શાળામાંથી છૂટા થયા

બાદ તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ નાથાભાઈ સાહેબની કાયમી સ્મૃતિ શાળામાં જળવાય તે માટે રૂપિયા બે લાખ જેટલી રકમ એકઠી કરી હતી. પરંતુ આ રકમ ભવન બનાવવા માટે અપર્યાપ્ત ગણાય ! આમ છતાં, નાથાભાઈ સાહેબ પ્રત્યે વિશેષ આદરની લાગણીના કારણે મંડળે રૂપિયા સાડા સાત લાખ ઉમેરીને પ્રાથમિક શાળાનું મકાન બંધાવીને આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈ નામકરણ કર્યું. તેમજ શાળાનું નામ આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈ પ્રાથમિક શાળા આપ્યું હતું. આચાર્યશ્રી મોહનભાઈ પ્રત્યે અનન્ય આદર અને સન્માનની લાગણી ધરાવતા હોવાથી સાહેબે શ્રી મોહનભાઈની નિવૃત્તિ બાદ તેમનો ભવ્ય અમૃત મહોત્સવ પાટણ યુનિવર્સિટી પરિસરમાં વર્ષ ૨૦૦૧માં યોજવામાં આવતાં તેનું નેતૃત્વ સંભાળીને રૂપિયા સાત લાખ દાન મેળવ્યું હતું. આ રકમમાંથી રૂપિયા પાંચ લાખનું દાન પાટણ યુનિવર્સિટીમાં **'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'** સ્થાપવા માટે આપ્યું હતું. શ્રી મોહનભાઈના અનુગામી આચાર્યશ્રી મનુભાઈ પટેલ પ્રત્યે પણ સાહેબ ઊંડી આસ્થા અને માન ધરાવતા હતા. શ્રી મનુભાઈ પણ સર્વ વિદ્યાલય પ્રત્યે પૂર્ણતઃ સમર્પિત રહ્યા છે. તેમણે નિવૃત્તિનાં કેટલાંક વર્ષો બાદ સ્વેચ્છાએ સર્વ વિદ્યાલયને રૂપિયા ૧૧ લાખનું દાન આપ્યું હતું. ચૅરમૅન સાહેબે આ દાનની કદર કરતાં સૌની સંમતિ મેળવી કડીની એમ. એડ્. કૉલેજનું નામકરણ, 'આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ એમ. એડ્. કૉલેજ' કરી દીધું. કેળવણી મંડળ સંચાલિત શાળા-કૉલેજના શિક્ષકો/ આચાર્યશ્રીઓને અન્ય સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત કરવામાં આવે તેવા પ્રસંગોએ પણ સાહેબ તેમનું અભિવાદન કરતા અને તેમને જાહેરમાં બિરદાવતા હતા. શાળા-કૉલેજો શિસ્તમય વાતાવરણ તથા વિદ્યાકીય અને અન્ય આનુસંગિક પ્રવૃત્તિઓથી સભર બની રહે તેમજ પ્રાકૃતિક પર્યાવરણથી કૅમ્પસ હરિયાળાં રહે તેની વિશેષ કાળજી રાખતા હતા.

સાહેબના વર્ષ ૨૦૧૧માં યોજાયેલા અભિવાદન સમારોહ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે જણાવેલ કે 'મને શ્રી માણેકલાલભાઈની કામ કરવાની પદ્ધતિ બહુ ગમે છે. તે બોલે તે લખી લેવાનું મન થાય, આવે ત્યારે બધી જ તૈયારી સાથે આવે. બધું જ કંઠસ્થ. પ્રશ્નની સાથે તેનો ઉકેલરૂપ જવાબ પણ આપી દે. અમને લાખોનાં દાન મેળવતાં ફાંફાં પડે છે, ત્યારે તેઓશ્રી કરોડોનાં દાન સરળતાથી મેળવી લાવે છે. ધન કમાવાથી દૂર રહી તેમણે લોકસેવા શરૂ કરી છે.' **ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત નર્સિંગ કૉલેજના ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્ઘાટકીય પ્રવચનમાં કહ્યું હતું કે **'સામાન્ય રીતે સંસ્થાઓ ચલાવનારા લોકો મુખ્યમંત્રી પાસે આવે તો રોદણાં રડતાં આવતા હોય કે આ થતું નથી ને પેલું થતું નથી-ની ફરિયાદો લઈને આવતા હોય છે કે પછી માગણીઓ લઈને આવતા હોય, પરંતુ એક જ અપવાદ જોઈએ તો શ્રી માણેકભાઈ સતત નવાં આયોજનો લઈને આવે છે. માણેકભાઈ સમય માગે ત્યારે સમજી જવાનું કે બે-પાંચ એકર જમીન આપવાની આવી. આ એક માત્ર એવી સંસ્થા છે કે જે નવા વિચારો અને આયોજનો સાથે આવે છે. ખૂબ સારી બાબત છે. તેમનું ટીમવર્ક પણ સારું છે. સારી રીતે તેઓ પ્રબંધન કરી રહ્યા છે.'** આવાં હતાં સ્વ. માણેકલાલ પટેલ સાહેબનાં વ્યક્તિત્વ, છબિ અને આભા.

પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન અનેકવિધ સામાજિક અને વ્યવસાયિક સંગઠનો સાથે સક્રિય રીતે જોડાયેલા રહ્યા હતા. જેમ કે કડી ઓઈલ મિલ એસોસિયેશનના પ્રમુખ, ગુજરાત વેપારી મહામંડળની કારોબારી સમિતિના સભ્ય, ગુજરાત ગૌશાળાના ટ્રસ્ટી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રારંભમાં મંત્રી અને ત્યારબાદ ચૅરમૅન, ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાની કારોબારી સમિતિના સભ્ય, ભાગ્યોદય હૉસ્પિટલના સ્થાપનાકાળથી માનદ્મંત્રી, ગ્રામોત્થાન અને ગ્રામ સ્વરાજ્ય નિર્માણમાં સક્રિય ભાગીદારી, સંકટ નિવારણ સોસાયટીના સભ્ય, આપત્તિ નિવારણ, કુદરતી હોનારતો જેમ કે રેલ, દુષ્કાળ અને ભૂકંપમાં સેવાકાર્યો વગેરે અનેકવિધ સેવાની પ્રવૃત્તિઓમાં તન-મન અને ધનથી સક્રિય રહેવું એ તેમનો સ્વભાવ હતો. સંત, કવિ તુલસીદાસની પંક્તિ 'परहित सरिस सुख नाहि भाई'ને ખરા અર્થમાં તેમણે આત્મસાત્ કરી હતી.

આવા ગૌરવપુરુષ અને સંસ્કારમૂર્તિ સ્વ. માણેકલાલ સાહેબની માનવીય ગૌરવને ઉજ્જ્વળ કરે

તેવી સેવા-પ્રવૃત્તિઓ અને ઉદાહરણસ્વરૂપ, અનુકરણીય તેમજ પ્રેરણદાયી કાર્યોના કારણે સમાજજીવનની વિવિધ સંસ્થાઓએ તેમને અનેકવિધ પુરસ્કારો અને એવૉર્ડ્સથી અલંકૃત કર્યા છે. કોઈ ચિંતકે સાચે જ કહ્યું છે કે જે સમાજ પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વનું યથાયોગ્ય સન્માન કરતો નથી તે સમાજની પ્રગતિ રૂંધાઈ જાય છે, પરંતુ, આપણા ચરિત્રનાયકના કિસ્સામાં સમાજ સદૈવ તેમની સાથે રહ્યો અને જાગ્રત પણ રહ્યો હતો. તેમને કડવા પાટીદાર સમાજ, અમદાવાદ દ્વારા સમાજ ઉત્કર્ષની સેવાઓ માટે પૂ. સ્વામી સચ્ચિદાનંદના હસ્તે 'પાટીદાર શ્રેષ્ઠ શિરોમણિ એવૉર્ડ', કડી શહેરની સામાજિક, શૈક્ષણિક, સાહિત્યકલા, વ્યાપાર અને ઉદ્યોગક્ષેત્રે કરેલ વિશિષ્ટ સેવાઓ માટે કડી નગરપાલિકા દ્વારા માનનીયા શ્રીમતી આનંદીબહેન પટેલના વરદ્ હસ્તે સન્માન અને એવૉર્ડ, આનર્ત ટ્રસ્ટ દ્વારા 'આનર્ત એવૉર્ડ' એનાયત સમારોહ પ્રસંગે પૂ. સ્વામી સત્યમિત્રાનંદગિરિજી અને પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રી દ્વારા ભારે દબદબાપૂર્વક અભિવાદન સાથે સન્માનિત, ઉમિયા માતાજી મંદિર સંસ્થાન, ઊંઝા દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપવા બદલ એવૉર્ડ અને સન્માનપત્ર દ્વારા અભિવાદન અને કડીમાં કોમી એકતા અને એખલાસતા જાળવીને બંધુત્વ અને કોમી ભાઈચારાની ભાવના પરિપૂર્ણ કરવા બદલ ભારત સરકારના તત્કાલીન રાષ્ટ્રપતિ જ્ઞાની ઝેલસિંગજીના શુભહસ્તે કડી કોટના મેદાનમાં યોજાયેલ જાહેર કાર્યક્રમમાં તેમને સન્માનિત અને અભિનંદિત કરવામાં આવ્યા હતા. આમ, તેઓશ્રીને અનેકવિધ સંસ્થાઓ તેમની સમાજસેવાની કદર કરીને વિવિધ એવૉર્ડ્સથી વિભૂષિત કર્યા હતા. તેમના ૮૨મા જન્મદિન પ્રસંગે (તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૧) શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા તેમને ભારે દબદબાપૂર્વક જાહેર અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. પદ્મશ્રી પ્રો. ભોળાભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાયેલા આ સમારોહમાં માનનીય શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રીમતી આનંદીબહેન પટેલ, શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી અનિલભાઈ પટેલ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી પ્રવીણ લહેરી ઉપરાંત વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, શિક્ષણવિદ્દો તથા મહેસાણા – ગાંધીનગર – અમદાવાદ જિલ્લાઓના શૈક્ષણિક – સામાજિક અને રાજકીય ક્ષેત્રના ૩૦૦૦થી અધિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમને શ્રી મોહનલાલ પટેલ વગેરે દ્વારા સંપાદિત ગ્રંથ **'કર્મચૂડામણિ માણેકલાલ'** તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. આ સન્માનનો ભાવવિભોર સ્વરે પ્રતિભાવ આપતા તેમના શબ્દો જાહેર સંસ્થાના વહીવટકર્તાઓ માટે દ્રષ્ટવ્ય બની રહે છે : **'આ મારું સન્માન નથી, પણ મારી સંસ્થાનું સન્માન છે. વ્યક્તિ મહાન નથી, પરંતુ સંસ્થા મહાન છે... આજે અહીં ઘણા દાતાઓ હાજર છે. તેમને હું ખાતરી આપું છું કે તમે આપેલ દાનનો ઉપયોગ સંસ્થા યોગ્ય રીતે કરી રહી છે... સરકાર મહાત્મા મંદિરની બાજુમાં જમીન આપશે તો અમે ભવ્ય યુનિવર્સિટી ભવન બનાવીશું કે જેથી મહાત્મા મંદિર જોવા આવે તે યુનિવર્સિટી જોવા આવશે જ તેની હું ખાતરી આપું છું... આ સંસ્થાનાં મૂળિયાં મજબૂત છે, તે પાતાળમાં ગયાં હોવાથી તેને પાણી પાવાની જરૂર નથી. આવી સંસ્થાને પોષવી જોઈએ... મારી રગેરગમાં સર્વ વિદ્યાલય છે.'**

આવા સંનિષ્ઠ **'કર્મચૂડામણિ'**નું આકસ્મિક અવસાન હૃદયરોગના હુમલાના કારણે સ્વામી વિવેકાનંદ જન્મજયંતીના દિને તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૨ની રાત્રે ૧૧.૩૦ કલાક આસપાસ થયું હતું. આ મૂઠી ઊંચેરા સ્વનામધન્ય લોકનાયકના દિવંગત થયા બાદ આચાર્ય શ્રી મોહનલાલ પટેલ કૃત **'ધ્રુવતારક શ્રી માણેકલાલ પટેલની જીવનકથા'** (૨૦૧૩) શીર્ષક હેઠળના ચરિત્રગ્રંથનું પ્રકાશન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા કરવામાં આવ્યું છે.

## ૪. સ્વ. નરસિંહભાઈ પટેલ

## (૧૯૨૬-૨૦૧૦)



ભારતમાં પ્લાસ્ટિક પ્રોસેસિંગ મશીનરી ઉત્પાદન ક્ષેત્રમાં **'ભીષ્મપિતામહ' / 'પિતા'** ના બિરુદથી સન્માનિત સ્વ. નરસિંહભાઈ પટેલ તેમની નવનવોન્મેષશાલિની પ્રજ્ઞા, ઉદ્યમશીલતા અને હાંસલ કરેલ અભૂતપૂર્વ સફળતા તેમજ સંવેદનશીલ સમાજાભિમુખતાથી અનુપ્રાણિત હોઈ સુપ્રસિદ્ધ સંસ્કૃત સૂકિત **'कुलं पवित्रं, जननी कृतार्था, वसुन्धरा च पुण्यवती तेन'** ખરા અર્થમાં તેમને લાગુ પડે છે. વિદ્યા-અભ્યાસમાં પ્રારંભથી જ તેજસ્વી રહેતાં તેમને સ્કૉલરશિપ મળતી રહી હતી. સર્વ વિદ્યાલયમાંથી મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યા બાદ એન્જિનિયરિંગ વિદ્યાક્ષેત્રની ભારતની સુખ્યાત ફર્ગ્યુસન કૉલેજ, પૂનામાંથી બી.ઈ. (મિકેનિકલ અને ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગ)ની ડિગ્રી પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે રહીને વર્ષ ૧૯૪૯માં ઉત્તીર્ણ કરી હતી. આ ડિગ્રી મેળવ્યા બાદ મહેન્દ્ર એન્ડ મહેન્દ્ર કંપનીમાં જોડાઈને વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ કર્યો. પરંતુ એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે આ ક્ષેત્રમાં ઉચ્ચ તજજ્ઞતા કેળવવા સતત ચિંતિત રહેતા હતા. આ દરમ્યાન ભારતમાં કાર્યરત ઇંગ્લૅન્ડની ગ્રીવ્સ કોટન એન્ડ કું.માં જોડાયા અને આ કંપનીએ ઇંગ્લૅન્ડમાં એપ્રેન્ટિસશિપ ઑફર કરી અને આ સાથે જ ટાટા સ્કૉલરશિપ મળતાં ૧૯૫૦માં તેઓશ્રી ઇંગ્લૅન્ડ ગયા, જ્યાં તેમણે રસ્ટન હોર્નબેમાં એપ્રેન્ટિસશિપ કરવાની સાથે લંડન યુનિવર્સિટીમાંથી પાર્ટટાઈમ ધોરણે મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી બી.એસસી. ઑનર્સ) ની ડિગ્રી મેળવી. ઇંગ્લૅન્ડ અભ્યાસ-યાત્રા સંદર્ભે ગર્વરૂપ ઘટના એ છે કે તત્કાલીન સમયમાં ઉત્તર ગુજરાતમાંથી સૌ પ્રથમ વિદેશમાં અભ્યાસ કરવા માટે જવાનું શ્રેય તેમના જાય છે. તેઓશ્રી જ્યારે અભ્યાસ પૂર્ણ કરીને સ્વદેશ પરત થયા હતા ત્યારે મહેસાણા રેલવેસ્ટેશન ઉપર તેમના સ્વાગત-સન્માન માટે અડધા માઈલ જેટલી લાંબી લાઈન લાગી હતી. ઇંગ્લૅન્ડથી પરત આવ્યા બાદ ૧૯૬૨-૬૩ સુધી ગ્રીવ્સ કૉટન કંપનીમાં સેવાઓ આપી હતી. આ કંપનીમાં સિંચાઈ માટેની મશીનરીના ઉત્પાદનમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. આ પછી તેમણે વિદેશી કંપની આરએસ. વિન્ડસર સાથે ભાગીદારીમાં પ્લાસ્ટિક પ્રોસેસિંગ મશીનરીનું ઉત્પાદન શરૂ કર્યું. આ ખૂબ જ ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ ઉદ્યોગ હોવાથી આ ફૅકટરીના ઉદ્‌ઘાટન માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી નાઈક આવ્યા હતા. નરસિંહભાઈના કર્મઠ ધ્યેયનિષ્ઠ પુરુષાર્થથી 'વિન્ડસર' અને 'એનકે' એક બીજાના પર્યાય બની ગયા હતા. આ સંદર્ભે તેમના પુત્ર મહેન્દ્રભાઈએ નોંધ્યું છે કે **'For his highly effective promotion of high technology plastics processing machinery and his singal contribution to the growth of the plastics industry in India, NK, as he is known in the industry, is rightfully respected as the 'Pitamah' (the Father) of Indian Plastics Industry, because he 'fathered' innumerable entrepreneurs in the Indian Plastics Industry. This was his chosen field for his life's work. And remained so till his last breath.'** તેમના આ કાર્યકાળ દરમિયાન તેઓશ્રીએ અનેક ઉદ્યમવીરોને પોતાની આગવી ફૅક્ટરી સ્થાપવા માટે પ્રોત્સાહન પૂરું પાડવાની સાથે મદદરૂપ નીવડતા રહ્યા હતા. ઉદ્યોગ સાહસિકો ઉપરાંત જરૂરતમંદ વિદ્યાર્થીઓને મદદ કરતા રહેવું એ તેમના સ્વભાવ સાથે વણાઈ ગયું હતું. આ ઉપરાંત પોતાના વતનના સરેરાશ બે વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ આર્થિક સહાય આપતા રહ્યા હતા. અરે ! પોતાને મળેલ ટાટા સ્કૉલરશિપની રકમ પણ તેમણે પગભર થયા બાદ ઋણસ્વીકાર સાથે પરત કરી દીધી હતી. આ કંપનીના ભાગીદાર અને મિત્ર Mr. Peter Windsor નરસિંહભાઈને **'Epitome of a True Gentleman'** તરીકે નવાજતા રહ્યા હતા. તેમની આગવી લાક્ષણિકતા એ હતી કે 'Old is Gold'ના પારંપરિક ખ્યાલોથી પોતાની જાતને દૂર રાખી અદ્યતન ટેક્નોલૉજિકલ સંશોધનોથી સતત સુપરિચિત રહેવાની

સાથે તેને અપનાવી લેતા રહ્યા હતા. પોતાના વ્યવસાયિક ક્ષેત્રની અસાધારણ ઉપલબ્ધિઓના કારણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે 'થાણે મેન્યુફેક્ચર્સ એસોસિયેશન' દ્વારા તેમને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. વધુમાં તેમણે 'Indian Plastic Industry Association'ની Apex body 'Plastindia Foundation'નું પ્રેસિડેન્ટ પદ વર્ષ ૧૯૯૪-૧૯૯૭ સુધી શોભાવ્યું હતું.

શ્રી મહેન્દ્રભાઈએ પોતાના પિતાના અવસાનના એકાદ સપ્તાહ બાદ તા. ૨૮ માર્ચ, ૨૦૧૦ ના રોજ પિતા નરસિંહભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરતો ભાવવાહી સંસ્મરણાત્મક લેખ **'Celebrating Life' = 'જીવન એક ઉત્સવ'** શીર્ષક હેઠળ લખ્યો છે, જેમાં નરસિંહભાઈના જીવનની પ્રમુખ ઘટનાઓ, કૌટુંબિક વિગતો, ક્રમિક વિકાસગાથા વગેરે વણી લેવાની સાથે નરસિંહભાઈની એક મૂઠી ઊંચેરા માનવ તરીકેની આંતરગુણસમૃદ્ધિને લાઘવતા સાથે સાધાર ઉજાગર કરી આપવામાં આવી છે જે ખરે જ કાબિલેદાદ છે. લેખકનાં સંવેદનશીલતા અને ભાષાભિવ્યકિત બંને ધ્યાનાર્હ બની રહે છે. અહીં નરસિંહભાઈને મન **'Celebrating Life'** અર્થાત **'જીવન એક ઉત્સવ'** એટલે શું તે સ-રસ રીતે સમજાવ્યું છે. પોતે કેવી કેવી પરિસ્થિતિમાંથી પસાર થયા અને ભૂતકાળને આડે લાવ્યા સિવાય કેવું હકારાત્મક વલણ અપનાવ્યું અને તેનો જીવનબોધ, જેમકે પડકારનો સ્વીકાર અને તેનું તકમાં પરિવર્તન, ત્યાગભાવના, ક્ષમા આપો અને ભૂલી જાઓ, વિદ્યા-અર્થી બની રહો, મેદાન ન છોડતાં ઊભા રહેવું અને પરિસ્થિતિનો સામનો કરવો, સમૃદ્ધિની વહેંચણી, કૌટુંબિક સંબંધો જાળવવા, અન્યને મદદરૂપ નીવડવું, ગ્રાહકો પ્રતિ સંવેદનશીલ બની રહેવું, કર્તવ્યનિષ્ઠા અને પ્રતિબદ્ધત્તા વગેરે વાચકને સ્પર્શી જાય તેવો રહ્યો છે. વિદ્યાર્થીકાળમાં એન્જિનિયરિંગમાં પ્રવેશ ટાણે મિત્ર સીસી પટેલ કાજે સિવિલ એન્જિનિયરિંગનો ત્યાગ કરીને મિકેનિકેલ એન્જિનિયરિંગના વિષયને અગ્રતા આપવી કે જેથી મિત્રની ઇચ્છા મુજબ તેને સિવિલ એન્જિનિયરિંગમાં પ્રવેશ મળી શકે અને તે પણ એવા કે જ્યારે સિવિલ એન્જિનિયરિંગની Top Most Demand હતી. તેમની કિશોરાવસ્થાની આ એક ઘટના જ તેમના ઉમદા અને પરિહિત ચિંતક વ્યક્તિત્વની **'પરહિત સરિસ સુખ નાહિ ભાઈ'**ની પરિચાયક બની રહે છે.

શ્રી મહેન્દ્રભાઈએ આ બધી ગુણરાશિ ઉજાગર કરી આપ્યા બાદ પોતાના પિતા વિશે પ્રતિભાવ આપતાં નોંધેલ શબ્દો : **Such humility and simplicity is only possible in a character with strength of conviction and life-long disciplined behavior. That was my Papa. I have not yet met anyone equal to his fine character, his hyper energy levels, his dedication to the accepted cause, his hunger for knowledge, his willingness to help anyone worthy of help and his silent charitable contributions. He was not one who sought praise in public. Papa's celebration of life can be captured best in the quote : 'The beauty of life does not depend on how happy are you. It depends on how happy others are because of you !'** નરસિંહભાઈને ઓળખવા માટે - પામવા માટે પર્યાપ્ત બની રહે છે.

જે કોઈ સ્વ. નરસિંહભાઈના સંપર્કમાં આવ્યું હશે તે સૌ કોઈ ખુલ્લા દિલે એકરાર કરશે કે હા ! નરસિંહભાઈ સાહેબ આવા જ હતા.

સ્વ. નરસિંહભાઈએ પોતાના ઉદ્યોગ-વ્યવસાયમાંથી વર્ષ ૧૯૯૪માં સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવીને પોતાની જાતને સમાજસેવા-શિક્ષણ માટે સમર્પિત કરી દીધી હતી. અને તે પણ ઉચ્ચ અદ્યતન વ્યવસાયિક શિક્ષણની સંસ્થાઓનો અભાવ જોતાં તેની સ્થાપના અને વિકાસ માટે. પ્રારંભમાં તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરમાં 'હાયર એજ્યુકેશન' ચૅરમૅન તરીકે વર્ષ ૧૯૯૭ થી ૨૦૦૪ સુધી સેવાઓ આપી. તેમની પ્રેરણાથી મંડળ દ્વારા મેનેજમેન્ટ અને કમ્પ્યૂટર વિદ્યાક્ષેત્રની સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ માટેની કૉલેજો કડી અને ગાંધીનગરમાં સ્થાપવામાં આવી. આ ઉપરાંત ગાંધીનગર કેમ્પસમાં આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર અને લલિત કલા કેન્દ્ર પણ સ્થાપના કરવામાં આવી. લલિતકલા અંતર્ગત વૈવિધ્યપૂર્ણ પ્રશિક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પછી તેમણે કેટલાંક વર્ષ સુધી વિસનગરના નૂતન કેળવણી મંડળમાં જોડાઈને ફાર્મસી કૉલેજ અને ડેન્ટલ કૉલેજ શરૂ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. અને નોંધપાત્ર બાબત એ છે કે નરસિંહભાઈએ માત્ર પ્રેરણા/માર્ગદર્શન જ નહીં,

પરંતુ આ બધી સંસ્થાઓ ઊભી કરવા માટે કડી અને વિસનગરનાં મંડળોને રૂપિયા બે કરોડથી અધિકની રકમનું દાન પણ આપ્યું છે અને અન્યત્ર પણ દાનગંગા વહાવે રાખી હતી. તેમના વ્યક્તિત્વની આગવી ખાસિયત એ કે માત્ર દાન કે સલાહ-સૂચન આપી છૂટી ન જતાં જે તે સંસ્થાના સુચારુ સંચાલન અને ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ માટે પણ સતત ખેવના રાખતા રહ્યા હતા. પરિણામસ્વરૂપે આ બધી સંસ્થાઓ પોતપોતાની વિદ્યાશાખામાં ગુજરાતમાં આગવી ઓળખ ધરાવે છે.

ઉલ્લેખનીય છે કે સ્વ. નરસિંહભાઈ પટેલનું વતન રણુંજ, તા. જિ. પાટણ છે. આ એ ગામ છે કે જે આઝાદીના આસપાસના સમયગાળામાં ગોળના વ્યાપારનું પીઠું - વ્યાપારી કેન્દ્ર તરીકે પ્રસિદ્ધ હતું; પરંતુ આજે આ ક્ષેત્રના નકશામાંથી સાવ ભૂંસાઈ ગયું છે  આ પણ સમયની બલિહારી છે. તેમનો જન્મ તા. ૫ માર્ચ, ૧૯૨૬ના રોજ કૃષક પરિવારમાં થયો હતો. પિતાનું નામ કલ્યાણદાસ પટેલ. પ્રાથમિક શિક્ષણ વતનમાંથી મેળવ્યા બાદ માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય, કડીમાંથી મેળવ્યું હતું. અહીંના અભ્યાસ દરમ્યાન ૧૯૪૨માં અંગ્રેજો ભારત છોડો ચળવળમાં ભાગ લેતાં થોડાક સમય માટે જેલવાસ પણ વેઠ્યો હતો. તેમનાં પત્નીનું નામ શ્રીમતી રાઈબહેન પટેલ. તેમના પરિવારમાં બે પુત્રો શ્રી મહેન્દ્રભાઈ તથા શ્રી અનિલભાઈ અને પુત્રી ભાર્ગવી છે. તેમના મોટા પુત્ર મહેન્દ્રભાઈએ પણ પિતાના પગલે પગલે ઇંગ્લેંડમાંથી એન્જિનિયરિંગનો ઉચ્ચ અભ્યાસ અને અનુભવ મેળવ્યા બાદ પ્લાસ્ટિક પ્રોસેસિંગ મશીનરી ઉત્પાદન ક્ષેત્રે સમગ્ર ભારત અને વિશ્વમાં પોતાની ઉચ્ચ ગુણવત્તાશીલ મશીનરી અને ઉપભોક્તા કેન્દ્રી સંવેદનશીલ વલણના કારણે પોતાની આગવી ઓળખ ધરાવે છે. આ ક્ષેત્રનું તેમનું ઔદ્યોગિક સામ્રાજ્ય ઘણું વિશાળ છે. શ્રી નરસિંહભાઈ પટેલનું અવસાન હાર્ટ ઍટેકના કારણે અમદાવાદમાં તા. ૨૧ માર્ચ, ૨૦૧૦ ના રોજ થયું હતું.

સ્વ. નરસિંહભાઈ પ્રતિભાસંપન્ન ટેકનોક્રેટ હોવાની સાથે સાહિત્યપ્રીતિ પણ ધરાવતા હતા. Voracius reader હોવાની સાથે પોતાના રસ ક્ષેત્રનાં ઉત્તમ પુસ્તકોનું અંગત ગ્રંથાલય પણ ધરાવતા હતા તેમજ પુસ્તકો વહેંચતા રહ્યા હતા. ખાસ તો આપણા આર્ષગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા' ના આકંઠ અભ્યાસી, સંસ્કૃતના જ્ઞાતા અને સંસ્કૃત સુભાષિતો કંઠસ્થ રાખવાના શોખીન પણ હતા. હાડે શિક્ષકનો જીવ હતા. ઉચ્ચશિક્ષણની સંસ્થાઓના ચૅરમૅન તરીકે તેમણે વિદ્યાર્થીઓને આપેલ સંદેશ : 'યુવાનોએ ઉત્તમ અભ્યાસ અને  ઊંચી મેરિટ સાથે અન્ય આવડતો, શક્તિઓ અને કૌશલ્યો પણ વિકસાવવાં પડશે. સફળ જીવન માટે અને સુંદર કારકિર્દી માટે મજબૂત ચારિત્ર, સુંદર સ્વાસ્થ્ય, હકારાત્મક વ્યક્તિત્વ વિકાસ અને પ્રગતિશીલ જીવન વિકાસ કરવાની હોંશ અને ક્ષમતા હોવી જરૂરી છે. તેને માટે અભ્યાસ ઉપરાંત દઢ આત્મવિશ્વાસ, સારી ટેવો, અસરકારક, વાણી, વર્તન અને વ્યવહાર, મિત્રો બનાવવાની અને હળીમળીને કામ કરવાની આવડત, ઇંગ્લિશ સ્પિકિંગ તથા કમ્પ્યૂટરનો ઉપયોગ અને અસરકારક રીતે કાર્ય કરવાની શકિતઓ પણ ખીલવવી પડશે. તમારી સર્જનાત્મક શકિતઓ અને રચનાત્મક વૃત્તિઓનો વિકાસ કરવો જ પડશે, જે તમે કરી શકો એવા સક્ષમ છો. આ બધી બાબતો તમે સારી રીતે વિકસાવશો તો જ તમે એક સફળ વ્યકિત ને સારા નાગરિક બની શકશો ને પ્રગતિશીલ ઉત્તમ જીવનશૈલીથી જીવી શકશો. ધ્યાને રાખવું રહ્યું કે સમાજનું પરિવર્તન અને રાષ્ટ્રનું નિર્માણ વ્યક્તિઓના ઘડતર થકી જ થાય છે', તેમજ વ્યકિતત્વ વિકાસ વિશેનાં 'અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોશિયેશન' દ્વારા પ્રકાશિત તેમનાં ૯ મૌલિક પુસ્તકો તેમજ તેમના દ્વારા સંપાદિત અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રકાશિત **'સંસ્કાર સોપાન', ભાગ ૧ થી ૪** (૨૦૦૩) તેમને દૃષ્ટિપૂત સંચાલક અને મૂઠી ઊંચેરા શિક્ષણવિદ્ તરીકે પ્રસ્થાપિત કરવા પર્યાપ્ત થઈ પડે છે. તેમણે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને ધ્યાને લઈને તેમજ તેનામાં આત્મગૌરવ અને આત્મશ્રદ્ધાની ભાવના સતત પ્રજ્વલિત થતી રહે અને પોતાનાં ધ્યેયોની પ્રાપ્તિ અર્થે કૃતસંકલ્પ બને તે હેતુસર આપણા આર્ષગ્રંથો-વેદો, ઉપનિષદો, ગીતા વગેરેમાંથી તેમજ લલિતસાહિત્યના બહુવિધ ગ્રંથોમાંથી જે વાચન-ચિંતન સામગ્રી રજૂ કરી છે તે તેમજ આ ચારેય ગ્રંથોનાં અલગ અલગ આમુખોમાં આ સાહિત્યસામગ્રીની વિદ્યાર્થી કે વ્યક્તિમાત્રના જીવનમાં ઉપયોગિતા વિશે સમજાવ્યું છે - નૈતિકતા, મૂલ્યનિષ્ઠા, સમાજભાવના, રાષ્ટ્રભકિત, કારકિર્દી ઘડતર વગેરે વિશે સમજાવ્યું છે તે હૃદ્ય થઈ પડે છે.

**'સંસ્કાર સોપાન'**ના પ્રથમ ભાગના 'આમુખ'માં પ્રસ્તુત ગ્રંથશ્રેણીની મહત્તા સ્પષ્ટ કરી આપતું મંતવ્ય :

'આ સાહિત્ય ઉચ્ચ શ્રેણીના અભ્યાસ સાથે સાથે વિદ્યાર્થીઓના વ્યકિતત્વનો વિકાસ કરે, એમનામાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવે, તેઓ એક જવાબદાર નાગરિક બને અને રાષ્ટ્રના અદના સેવકો બને એ માટેનું હોય. આવા સાહિત્યથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનું સિંચન થાય, એમને કેટલુંક મૂલ્યનિષ્ઠ વાચન મળે અને એ સામગ્રીથી સંસ્કાર અને સંસ્કૃતિનો પણ વિકાસ થાય. ટી.વી.નાં દૂષણોથી જ્યારે આજનાં યુવક-યુવતીઓનાં મન દૂષિત અને વિકૃત બની રહ્યાં છે અને સમાજ અધોગતિ ગર્તામાં ધકેલાઈ રહ્યો છે ત્યારે ચારિત્રનિર્માણ કરે એવું સાહિત્ય એમના હાથમાં મુકાવું જોઈએ' સુચિંતનીય બની રહે છે. આ જ મતલબના વિચારોનું સંતર્પક ભાથું પ્રત્યેક આમુખમાં પીરસવામાં આવ્યું છે, જેમાં લેખકનું શિક્ષકત્વ ઉજાગર થવાની સાથે વિદ્યાર્થીઓ/નાગરિકોના ઘડતર થકી સુદૃઢ અને સ્વસ્થ સમાજ અને રાષ્ટ્રનિર્માણની ચિંતા પણ દૃષ્ટિગોચર થાય છે. આ ગ્રંથશ્રેણીનો પરિચય કરાવતાં સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત આચાર્ય અને કેળવણીવિદ્ શ્રી મનુભાઈ પટેલે, સર્વ વિદ્યાલયનું પ્રાણદાન પ્રકાશન ગણાવતાં નોંધેલ શબ્દો : 'આજે શાળા/ મહાશાળાઓમાં બાળકોને વિવિધ વિષયોમાં નિયત પાઠ્યક્રમનું શિક્ષણ આપવામાં આવે છે. આજનું શિક્ષણ અજાગલ આંચળ જેવું માત્ર ઔપચારિક જ બની રહે છે. બાળકને આપણે આદર્શ નાગરિક, સાચુ ભાવુક અને ઉત્તમ નાગરિક બનાવવાનો છે. વ્યક્તિ આદર્શ અને કર્તવ્યનિષ્ઠ બને તે માટેના તેના ચારિત્ર્યનું પણ ઘડતર કરવાનું છે. આ માટે 'સંસ્કાર સોપાન' સંપુટ ૧થી ૪માં રજૂ કરેલા વિચારો અને લખાણોને સમજણપૂર્વક, ધીરજ અને ચિંતનથી વાંચવા સૌને અનુરોધ છે. જીવનમાં શાંતિ, પ્રસન્નતા અને સુખ દ્વારા મળી શકે તેમ છે. આ સંપુટને શાળાના શિક્ષણક્રમમાં સમાવિષ્ટ કરીને સાચા અર્થમાં સમાજ ઘડતરનું સુંદર કાર્ય થઈ શકે તેમ છે. આવું પ્રકાશન ખૂબ જ પ્રેરક અને માર્ગદર્શક બની શકે તેવું છે.'' સુચિંતનીય બની રહે છે.

આ બધાં આમુખોમાં તેમનાં કેટલાંક વિધાનો વિચારગર્ભ મૌકિતકો સમાન છે, જેમ કે, 'સારા વિચારો માણસના ઉત્તમ મિત્ર છે', 'વિચારો જ જીવનને દૃષ્ટિ અને દિશા આપે છે', 'વિચાર એ જ કાર્યનો રાજા', 'ચારિત્ર એ એવી માટી છે જેના ઉપર સર્વ કાંઈ સારું નીપજે', 'ચારિત્રની કેળવણી એટલે સદ્‌વિચાર અને સદાચારની કેળવણી' વગેરે.

સ્વ. નરસિંહભાઈ કૃત વ્યક્તિત્વ વિકાસ સંબંધી મૌલિક પુસ્તક **'Seven Steps to Success'** (૨૦૦૫) એ સફળતાના રાજમાર્ગોની ચાવી દર્શાવે છે. તેમણે અહીં એક ઉદ્યોગપતિ તરીકે પોતાની સુદીર્ઘ કારકિર્દી દરમિયાન પ્રાપ્ત અનુભવો તેમજ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓના દૃષ્ટિસંપન્ન અને કુશળ સંચાલક તરીકે કેળવેલ પરિપકવ શૈક્ષણિક અભિગમનો સુભગ સમન્વય કરીને જીવનમાં સફળતા હાંસલ કરવા માટે વ્યવહારુ દિશા-નિર્દેશ કર્યો છે, જેમાં એક નીવડેલા કેળવણીકારનો જીવ ધબકતો દૃષ્ટિગોચર થાય છે. આ ગ્રંથની કેટલીક આગવી વિશેષતાઓ જેમકે તેની લાઘવતા, ટૂંકાં ટૂંકાં વાકયોમાં સ્પષ્ટ, સરળ અને પ્રવાહી ભાષાભિવ્યક્તિ અને મુદ્દાસર રજૂઆત. એકી બેઠકે વાંચન પૂરું કરવા બાધ્ય કરે તેટલું મનભાવંત. આ ઉપરાંત કેટલાક મુદ્દાઓની પ્રત્યક્ષ સમજૂતી માટે તદ્‌રૂપ સુરેખ ઘટનાઓ તેમજ સુપ્રસિદ્ધ ચિંતકોનાં વિચાર મૌકિતકોની ગૂંથણી વિશેષ ધ્યાનાર્હ બની રહે છે. આમ, તેમનાં પુસ્તકોમાં વિચારગાંભીર્યની સાથે સર્જકતાનો પણ સુભગ સમન્વય સધાયેલો જોવા મળે છે.


જાણીતા સારસ્વત અને સર્વ વિદ્યાલય તથા વડોદરાની કૉલેજનાં અભ્યાસકાળ દરમિયાનના તેમના સારસ્વત સન્મિત્ર શ્રી રતિલાલ સાં. નાયકે કાવ્યમાં મૂઠીભર શબ્દોમાં આપેલ અંજલિ નરસિંહભાઈ વિશે આપણને ગાગરમાં સાગર સમાન પ્રબોધન કરે છે. આ રહ્યા તેમના શબ્દો :

**કેવો 'પર્વત' તું થયો ? જ્ઞાની - દાની બુદ્ધિશાળી**
**પ્લાસ્ટિક પ્રણેતા સાહસી માનમમતા ઘણાં પામ્યો,**
**કડી ગાંધીનગર વીસનગર તારાં દાનોથી શોભિયાં**
**લખ્યાં તે 'વહીવટીય' પુસ્તક અંગ્રેજી 'પ્રેરક' ગુજરાતીમાં**
**ભકત નરસિંહ રળ્યો મુક્તિ નાચી ભકિતઉમંગમાં,**
**મિત્ર નૃસિંહ રળ્યો તુંયે રાચી ભુક્તિપ્રદાનમાં,**
**પડયું છેટું હું ને તુંનું સ્મૃતિએ ઘાવ રૂઝવું,**
**ધન્ય મિત્ર ! સર્વ વિદ્યાલય કેરી શિક્ષા તેં ઊજળી કરી.**

(પ્રસ્તુત ચરિત્ર-ચિત્રણ શ્રી મહેન્દ્રભાઈ પટેલ કૃત શ્રદ્ધાંજલિ લેખ 'Celebrating Life'ના આધારે તૈયાર કરવામાં આવ્યું છે, જેની ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લઉં છું.)

# ૫. શ્રી વલ્લભભાઈ એમ. પટેલ

## (૧૯૬૯ - )



સર્વ વિદ્યાલયના આદ્ય પ્રેરણાપુરુષ આર્ષદ્રષ્ટા કેળવણીવિદ્ પૂજ્ય છગનભાનાં શિક્ષણ થકી સમાજોદ્ધારની ભાવના અને તેને ક્રિયાન્વિત કરવા માટેનો ધ્યેયનિષ્ઠ કર્મઠ પુરુષાર્થ અને તેમણે આપેલો ધ્યેયમંત્ર **'કર ભલા હોગા ભલા'** અને આ સંસ્થાના બહુઆયામી સંવર્ધનમાં સિંહફાળો આપનાર સદ્ગત ચૅરમૅન શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ પ્રદત્ત ધ્યેયમંત્ર **'શિક્ષણ એ જ સાચી સેવા'** સર્વ વિદ્યાલયનાં પરિસરોમાં તેની સુવાસ પ્રસરાવી રહ્યા છે. આ સંસ્થા આજે એક શતાબ્દી વટાવી ચૂકી હોવા છતાં ઋષિવર્ય પૂ. છગનભા પ્રદત્ત માત્ર ધ્યેયમંત્ર જ નહીં, પરંતુ તેમનું સમગ્ર જીવન આ સંસ્થાના ઉત્તરોત્તર કર્ણધારો/સેવકો અને તેમના સહયોગીઓ માટે role model બની રહ્યાં છે. પૂજ્ય છગનભાથી માણેકલાલ પટેલસાહેબ સુધીની કેટકેટલીય કર્મયોગી પ્રતિભાઓ પોતપોતાના વ્યવસાય-ધંધા/ ઉદ્યોગમાંથી ક્રમશઃ મુકત થઈને ભક્ત-કવિ તુલસીદાસને અભિપ્રેત એવા **'સ્વાન્તઃ સુખાય રઘુનાથ ગાથા'**ની ભાવનાને આત્મસાત કરીને સર્વ વિદ્યાલય કાજે સમર્પિત બની છે. એક 'વિદ્યાર્થી આશ્રમ'થી શરૂ કરીને 'વિશ્વવિદ્યાલય'સુધીની સફરમાં તેના દૂરંદેશિતાશીલ અને સમર્પિત કર્ણધારોની સાથે જ પ્રાચીન ભારતીય ગુરુકુળપરંપરાનું નિર્વહણ કરનારા શ્રી પોપટલાલ પટેલથી શરૂ કરીને શ્રી મનુભાઈ પટેલ સુધીના કુલપતિ સમ આદ્ય પ્રાચાર્યશ્રીઓ અને સર્વ વિદ્યાલયનો આજદિન સુધીનો બૃહ્દ પરિવાર (આચાર્યશ્રીઓ, શિક્ષકો/અધ્યાપકો, અધિકારીઓ, કર્મચારીઓ, સેવકો અને વિદ્યાર્થીઓ સહિત) સહયોગી રહ્યાં છે. આ સાથે ખાસ નોંધવું રહ્યું કે આજે પૂ. છગનભા સદેહે નથી, પરંતુ ઋષિકુળ પરંપરાના પ્રાચાર્યશ્રી સ્વ. મોહનલાલ પટેલ કૃત ચરિત્રગ્રંથ **'પ્રજ્ઞાદીપ છગનભા'** સર્વ વિદ્યાલયીઓની **'ભગવદ્ગીતા'**ના સ્થાને છે. આ કોરો ચરિત્રગ્રંથ નથી, પરંતુ શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક છે, કે જે સદાકાળ માર્ગ પ્રશસ્ત કરતો રહે છે. સમાજના ઉદારચેતા શ્રેષ્ઠીઓ અને વખતોવખતના સુજ્ઞ શાસકોનો સહયોગ પણ અસાધારણ રહ્યો છે, જેની નોંધ લેતાં સર્વ વિદ્યાલય પરિવાર ગર્વની લાગણી અનુભવે છે.

આ પ્રોજ્જ્વલ, ઉદાહરણસ્વરૂપ અને અનુકરણીય પરંપરાની પ્રવર્તમાન સમયમાં ધુરા શ્રી વલ્લભભાઈ એમ. પટેલ (જન્મ તા. ૬ જાન્યુઆરી, ૧૯૬૯) વહન કરી રહ્યા છે. આમ તો તેઓશ્રી સમાજમાં **'સરદાર'**ના હુલામણા નામથી ઓળખાય છે. તેમનાં વ્યક્તિત્વ, સંપન્ન કરેલાં કાર્યો અને એક વિશાળ વટવૃક્ષ સમાન બાલમંદિરથી યુનિવર્સિટી સ્તર સુધીનું બહુઆયામી શિક્ષણ પૂરું પાડતી અનેકવિધ સંસ્થાઓ કે જેમાં ૫૨૦૦૦+ વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરી રહ્યા છે અને જેમાં ૨૫૦૦+ શિક્ષકો/અધ્યાપકો અને સહાયક કર્મચારીઓ સેવાનિયુક્ત છે તેનું વ્યવસાયિક સજ્જતા અને પ્રતિબદ્ધત્તા (Commitment) સાથે દષ્ટિપૂત સંચાલન કરી રહ્યા છે તે જોતાં 'સરદાર' ઉપનામ સાર્થક અનુભવાય છે. ધ્યાને રાખવું રહ્યું કે અહીં સંચાલન એટલે માત્ર સુચારુ વહીવટીય સંચાલન જ અભિપ્રેત નથી, પરંતુ સમયના વહેણો સાથે સમાજની માંગ અનુસાર વૈશ્વિક સ્તરે કરાવવામાં આવતા અવનવા અભ્યાસક્રમો શરૂ કરવા, કુશળ અને વિદ્વત્ત અધ્યાપકો/શિક્ષકોની નિમણૂક કરવી, આ હેતુ આવશ્યક પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો અને અન્ય આનુષંગિક જરૂરિયાતો ઊભી કરવી, ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવું અને શૈક્ષણિક પ્રયોગો હાથ ધરવા, હરિયાળાં પરિસરો ઊભાં કરવાં અને તેને સતત સંવર્ધિત કરતાં રહેવું વગેરે અનેકાનેક બાબતોમાં તેમનાં ઉત્સાહ, ઉદ્યમતા અને ગણતરીપૂર્વકનું સાહસ ખેડવાની ક્ષમતા ધ્યાનાર્હ બની રહે છે. તેમના કર્મઠ અને દષ્ટિપૂત નેતૃત્વ હેઠળ મંડળ દ્વારા કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં

બાલમંદિરથી ઉચ્ચશિક્ષણ સુધીના અભ્યાસ માટે કેટલીક નવતર સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે, જેમ કે કડીમાં 'વિદુષ સોમાણી ઇન્સ્ટિટયૂટ ઑફ ટેક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ', 'પ્રમુખ સ્વામી સાયન્સ કૉલેજ' અંતર્ગત બેચલર અને માસ્ટર્સ ઑફ વોકેશનલ કોર્સિસ શરૂ કરવા, 'ભવકુંજ સીબીએસઈ સ્કૂલ', 'ડૉ. રામભાઈ સ્કૂલ', 'ટૉય હાઉસ', ગાંધીનગરમાં 'સી. એમ. પટેલ ફિઝિયોથેરાપી કૉલેજ' (સ્નાતક અને અનુસ્નાતક), 'એમ. એમ. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સિસ' (આ અંતર્ગત વિજ્ઞાનના બહુવિધ વિષયોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસની જોગવાઈ), ગ્રીન કેએસવી સીએનસી/વીએમસી સ્કિલ ડેવલપેન્ટ સેન્ટર્સ, યામાહા અને ડાઈકિન વ્યવસાયિક તાલીમ કેન્દ્ર, 'ટૉય હાઉસ' વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

ધ્યાને રાખવું રહ્યું કે આ સંસ્થાની સ્થાપનાના પાયામાં જ **'કર ભલા હોગા ભલા'**ની ભાવના રહી હોવાથી સમયે સમયેના કાર્યવાહકો સમાજ સાથે ભારે નિસબત ધરાવતા આવ્યા છે - પ્રાકૃતિક કે માનવસર્જિત આપત્તિ સમયે સમાજની પડખે ઊભા રહેવામાં સ્વધર્મ ગણ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન અકલ્પ્ય ભયાવહ કોરોના મહામારીમાંથી માનવજાતને ઉગારવા માટે સરકાર અને સમાજને મદદરૂપ નીવડવાના હેતુસર શ્રી વલ્લભભાઈના નેતૃત્વ હેઠળ સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા પ્રશસ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી, જેમ કે, લૉકડાઉન દરમિયાન ઝૂંપડપટ્ટી વિસ્તાર તેમજ વતન જતા પદયાત્રીઓને ભોજન અને અન્ય આવશ્યક જરૂરિયાતો પૂરી પાડવી, શ્રમિકો માટે શેલ્ટર હોમ, વિદેશથી અમદાવાદ ઍરપૉર્ટ પર આવતા નાગરિકો માટે ક્વોરન્ટાઈનની સુવિધા, મેડિકલ-પૅરામેડિકલ સ્ટાફ માટે ક્વોરન્ટાઈન હોમની વ્યવસ્થા, અમદાવાદ સિવિલ હૉસ્પિટલના કોવિડ વિભાગમાં નર્સિંગ અને ફિઝિયોથેરાપી કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા સેવાઓ આપવી વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. આ સાથે જ ખાસ નોંધપાત્ર બાબત તો એ છે કે સંસ્થાના જે વિદ્યાર્થીઓએ કોવિડ વિભાગમાં સેવાઓ આપી હતી તેમને રૂ. ૫૦૦૦-૫૦૦૦નો પુરસ્કાર આપીને તેમને પુરસ્કૃત કરવાની સાથે જ તેમની યુનિવર્સિટીની માર્કસીટમાં કોરોના કાળમાં આપેલ સેવાઓની નોંધ પણ કરી આપી છે. લૉકડાઉનના સમયગાળાની એક અન્ય નોંધપાત્ર સેવા એ છે કે સર્વ વિદ્યાલયના કેમ્પસમાં સ્થિત સ્ટાફ ક્વાર્ટર્સમાં નિવાસ કરતા સઘળા વર્ગોના કર્મચારીઓને જીવનજરૂરિયાતની આવશ્યક ચીજવસ્તુઓ, જેમ કે, શાકભાજી, દૂધ, કરિયાણું ઇત્યાદિની પરિવારના વડા તરીકેની ઉમદાભાવનાથી પ્રેરાઈને કરવામાં આવેલી પૂર્તિ. આ ઉપરાંત આંગણવાડીઓ કે જેમાં પ્રાયઃ સમાજના નીચલા વર્ગનાં બાળકો પ્રવેશ મેળવે છે તેવી પેથાપુર નગરપાલિકા વિસ્તારની ૧૪ અને ઊંટવા, તા. કડીની ૩ આંગણવાડીઓ મંડળ દ્વારા વર્ષ ૨૦૧૨થી દત્તક લેવામાં આવી છે. આ આંગણવાડીઓને શિક્ષણનાં ધરુવાડિયાં તરીકે આત્મસાત્ કરીને સૌ પ્રથમ તો બાળકોની શારીરિક તંદુરસ્તી જળવાય તે માટે સપ્તાહમાં બે વખત પૌષ્ટિક આહાર પૂરો પાડવાની સાથે સમયાન્તરે નિષ્ણાત ડૉક્ટરો દ્વારા નિયમિત રીતે આરોગ્ય તપાસ કરાવવામાં આવે છે. વધુમાં તેમનામાં સર્જનાત્મકતા વિકસે, શિક્ષણમાં રસ લેતાં થાય અને સર્વાંગી વિકાસ થાય તે હેતુસર આવશ્યક શૈક્ષણિક સાધન-સામગ્રી પણ પૂરી પાડવામાં આવે છે. આ બધી સેવા મૂઠી ઊંચેરી માનવીય સંવેદનશીલતાની દ્યોતક બની રહે છે.

તેમનું નેતૃત્વ ઉત્તરદાયિત્વની સભાનતા સાથેનું રહ્યું છે. સંસ્થાના વડા તરીકે તેમનાં આચાર-વિચાર ધ્યાનાર્હ બની રહે છે. આ દૃષ્ટિએ આપણા આર્ષગ્રંથ **'શ્રીમદ્ ભગવદ્ગીતા'**માં નેતૃત્વનો જે આદર્શ સૂચવવામાં આવ્યો છે તે તેમણે પચાવ્યો છે :

**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।**
**यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते स ३.२१ ॥**

(શ્રેષ્ઠ પરુષ જે જે આચરે છે, અન્ય માણસો પણ તેને તેને જ આચરે છે; તે જે કંઈ પ્રમાણ કરી આપે છે, સકળ માનવ-સમૂહ તે પ્રમાણે વર્તવા લાગે છે)

ઉલ્લેખનીય છે કે ચૅરમૅનશ્રી માણેકલાલ પટેલસાહેબના દિવંગત થયા બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા શ્રી વલ્લભભાઈને સર્વાનુમતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ચૅરમૅન તરીકે અને

કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ તરીકેની જવાબદારી તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૨થી સોંપવામાં આવતાં તેઓશ્રી આ જવાબદારી હૃદયની પ્રસન્નતા અને ઉત્તરદાયિત્વની સભાનતા સાથે વહન કરી રહ્યા છે. આટલું જ નહીં, પરંતુ માત્ર ૪૩ વર્ષની વયે આ જવાબદારી સંભાળતાં જ અંગત વ્યવસાયિક/ઔદ્યોગિક ફરજોમાંથી મુકત થઈને સર્વ વિદ્યાલયને અહર્નિશ સમર્પિત બની રહ્યા છે. આશ્ચર્યકારક તો એ છે કે કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં નિર્ધારિત દિવસોએ પૂરા સમયની અચૂક હાજરી આપવાની સાથે તેના શૈક્ષણિક તેમજ સંચાલકીય સંબંધી રજેરજની માહિતીથી વાકેફ રહે છે. પોતે આર્થિક રીતે સુખી પરિવારનું સંતાન છે, પરંતુ ગર્ભશ્રીમંત નથી. આમ છતાં પણ પોતાના વ્યવસાયમાંથી સદંતર નિવૃત્તિ મેળવીને સર્વ વિદ્યાલય માટે સમર્પિત બની રહ્યા છે. આવા ઉમદા અને સમાજજીવનમાં ભાગ્યે જ જોવા મળતા પગલાનું શ્રેય તેમનાં માતા-પિતા (માતા સ્વ. વિજયાબહેન અને પિતા સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબ) દ્વારા પ્રદત્ત ઉદાત્ત સંસ્કારકા વારસાને શિરે રહે છે. સંપત્તિ એકઠી કરવાની આંધળી દોટના આજના યુગમાં ઈશાવાસ્ય ઉપનિષદને અભિપ્રેત **'तेन त्यक्तेन भुन्जीथाः'** એવી આ ત્યાગભાવના કલ્પનાતીત છે. સ્વ. માણેકલાલ સાહેબના પગલે પગલે વલ્લભભાઈની આ ત્યાગભાવના શત્ શત્ વંદનીય અને અભિનંદનીય બની રહે છે. તેઓશ્રી ખરા અર્થમાં સંસ્થામય બની ગયા છે. આ સંસ્થાનું હિત તેમના હૈયે અને હોઠે વસેલું સૌ કોઈ સહજતાથી અનુભવી શકે છે. આ સંસ્થા સંબંધી સ્વ. માણેકલાલ સાહેબનાં સ્વપ્નોને - તેમનાં કથ્ય અને અકથ્ય કાર્યોને - સાકાર કરવા કૃતસંકલ્પ છે.

આ સંસ્થા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમાજ તરફથી દાનનો અજસ્ર સ્રોત વહ્યા કરે છે. ઉલ્લેખ કરવો રહ્યો કે પ્રાયઃ ત્રણેક વર્ષ પૂર્વે (ઑગસ્ટ ૨૦૧૮માં) મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને કુલસચિવશ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલાનું પ્રતિનિધિ મંડળ અમેરિકાની દાનયાત્રા દરમિયાન રૂપિયા ૩૫ કરોડનું દાન/દાનના પ્રસ્તાવો મેળવી લાવ્યું હતું. ગર્વ સાથે નોંધવું રહ્યું કે નવાં શૈક્ષણિક સાહસો શરૂ કરવામાં પૂજ્ય છગનભાના શબ્દો : 'ખર્ચની ચિંતા તમે શું કામ કરો છો ? આવો મોટો યજ્ઞ આદરીશું અને પૈસા માટે ઊભા રહેશે ? પૈસા હું મેળવી આપીશ. એના વિના અટકી પડવાનું નથી. તમતમારે નિશાળ શરૂ કરવા કેડ બાંધો' આજે પણ આશીર્વાદની હેલી બને રહે છે. અરે ! આ શબ્દો જ નહીં, પરંતુ સર્વ વિદ્યાલયીઓ આસ્થા ધરાવે છે કે સ્વયં પૂ. છગનભા સ્વર્ગવાસમાં રહે રહે અમારો માર્ગ પ્રશસ્ત કરતા રહે છે અને રહેશે.

શ્રી વલ્લભભાઈનાં પ્રત્યુત્પન્નમતિ, વિચક્ષણતા અને ફરજનું સ્વધર્મ તરીકે આત્મસાત કરીને તેના હાર્દની જાળવણી સાથે પાલન કરવાની ધ્યેયનિષ્ઠા અને પ્રતિબદ્ધત્તાને ધ્યાને લેતાં સમાજજીવનની અનેકવિધ સંસ્થાઓએ પોતાના ઉચ્ચ કાર્યવાહક તંત્રના સભ્ય/સલાહકાર તરીકે નિયુકત કર્યા છે. જેમાં વિશેષ ઉલ્લેખનીય છે રાજ્ય સરકાર દ્વારા તેમની સેવાઓ લેવી. આપણે જાણીએ છીએ કે છેલ્લાં કેટલાંક વર્ષોથી અનેકવિધ ક્ષેત્રે ખાનગીકરણનો પવન ફૂંકાયો છે. આ પૈકી સમાજના છેવાડાની વ્યક્તિને પણ અસર કરતી કોઈ બાબત હોય તો તે શિક્ષણ છે. આજે મહાનગરોથી ગામડાં સુધી ખાનગી શાળા/કૉલેજોની સ્થાપના સરકારની મંજૂરી મેળવીને શરૂ કરવામાં આવી રહી છે. આ મંજૂરીની સાથે જ સરકારની નિસબત રહી છે કે આ બધી સંસ્થાઓ સુયોગ્ય માળખાગત સુવિધાઓ અને ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડે અને તેને અનુરૂપ ફી વસૂલ કરે. આ હેતુ સરકાર દ્વારા ઝોન અનુસાર ફી નિર્ધારણ માટેની સ્ટેચ્યૂટરી કમિટિઓની રચના કરવામાં આવી છે. જેમાં સંબંધિત ક્ષેત્રના દૃષ્ટિપૂત વિશેષજ્ઞો કે જેઓ તળવાસ્તવિકતા (ground reality)થી સુપરિચિત હોય તેમની નિયુક્તિ સમિતિના સભ્ય તરીકે કરવામાં આવે છે. આ પૈકી અમદાવાદ ઝોનની શાખાઓની શાળાઓની ફી નિર્ધારણ માટેની સમિતિના સભ્ય તરીકે શ્રી વલ્લભભાઈ પટેલની વર્ષ ૨૦૧૭થી નિમણૂક કરવામાં આવતાં તેઓશ્રી ઉત્તરદાયિત્વની સભાનતા સાથે પોતાની ફરજો વહન કરી રહ્યા છે. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા અભૂતપૂર્વ પગલું એ ભરવામાં આવ્યું કે શ્રી

વલ્લભભાઈના નેતૃત્વને પારખીને તેમનામાં વિશ્વાસ મૂકીને ગાંધીનગરની ૬ સરકારી માધ્યમિક/ ઉચ્ચમાધ્યમિક શાળાઓના સંચાલનની જવાબદારી વર્ષ ૨૦૧૫ થી 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ને સોંપવામાં આવી. આ વિશ્વાસ તેમણે સવાયો સાબિત કરી બતાવ્યો છે. અર્થાત્ આ શાળાઓના વ્યવસ્થાતંત્રમાં અને શૈક્ષણિક પરિણામોમાં ભારે મોટી ક્રાંતિ આણીને. આ શાળાઓ પૈકીનો એક વિદ્યાર્થી મેડિકલમાં પ્રવેશ મેળવી શકયો છે, જે કલ્પનાતીત પરિણામ છે. અન્ય સંસ્થાઓ પૈકી કાલુપુર કૉમર્શિઅલ કો-ઓપરેટિવ બૅન્ક લિ., ગાંધીનગરના સલાહકાર બોર્ડના સભ્ય (વર્ષ ૨૦૧૨થી), ગુજરાત કોટન જિનિંગ ઍસોસિએશનની કારોબારી સમિતિના સભ્ય (વર્ષ ૨૦૦૧થી), ગુજરાત કોટન સીડ ક્રશર ઍસોસિએશનની કારોબારી સમિતિના સભ્ય (૧૯૯૭થી), ભાગ્યોદય જનરલ હૉસ્પિટલ, કડીની સલાહકાર સમિતિના સભ્ય (વર્ષ ૨૦૧૨થી), સદભાવના ટ્રસ્ટ, કડીની કારોબારી સમિતિના સભ્ય (વર્ષ ૨૦૦૦થી) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. આ પૂર્વે તેમણે કડી નાગરિક સહકારી બૅન્કના વાઇસ પ્રેસિડેન્ટ (૨૦૦૨-૦૫), રોટરી ઇન્ટરનેશનલ, કડી રિજિઅનના ચાર્ટર પ્રેસિડેન્ટ (૧૯૯૮), જાયન્ટસ ગ્રૂપ ઑફ કડીના ચાર્ટર પ્રેસિડેન્ટ (૧૯૮૯) વગેરેમાં પણ સેવાઓ આપી હતી.

આ બધી માનદ્ નિયુક્તિઓ પૈકી સર્વ વિદ્યાલયના ઇતિહાસની અને શ્રી વલ્લભભાઈની અંગત ઉપલબ્ધિઓની ગૌરવપૂર્ણ ઘટના એ છે કે તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રેલવે મંત્રાલય અંતર્ગત કેન્દ્રિય જાહેર ક્ષેત્રના ઉપક્રમ **'ઇન્ડિયન રેલવે ફાઈનાન્સ કૉર્પોરેશન',** (IRFC) નવી દિલ્હીમાં નોન-ઑફિશિયલ ઇંન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે તા. ૯ નવેમ્બર, ૨૦૨૧થી ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી તે છે. અને ખાસ તો આ કોર્પોરેશનની ત્રણ મહત્ત્વપૂર્ણ પેટા સમિતિઓના ચેરમેન નિયુકત કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે **'ઇન્ડિયન રેલવે ફાઈનાન્સ કૉર્પોરેશન'** (IRFC)ની સ્થાપના ભારતીય રેલવેના એક સમર્પિત નાણાકીય સ્રોત તરીકે ભારતીય અને વિદેશી બજારોમાંથી નાણાભંડોળ એકત્ર કરવા માટે વર્ષ ૧૯૮૬માં કરવામાં આવી હતી. IRFCનો મૂળભૂત ઉદ્દેશ ભારતીય રેલવેની આવશ્યકતાઓની પૂર્તિ કરવા માટે ફાળવેલ અંદાજપત્રીય સંસાધનો ઉપરાંત કંપની દ્વારા બજારમાંથી સ્પર્ધાત્મક દરે અને શરતે નાણાભંડોળ ઊભો કરવાનો છે. વધુમાં, રાષ્ટ્રની માંગને પહોંચી વળવા માટે IRFC અસક્યામતોના સર્જન અને તેને ભારતીય રેલવેને લીઝ આપવામાં મદદરૂપ થાય છે.

શ્રી વલ્લભભાઈ એમ. પટેલ નોન-ઑફિશિયલ ઇન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે કંપનીના બોર્ડનો હિસ્સો હશે અને IRFCને તેના સંસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં મદદરૂપ નીવડી એક માર્ગદર્શક પરિબળ બની રહેતાં કૉર્પોરેશનને ગૌરવ શિખરો સર કરવા માટે સક્ષમ બનાવશે. આમ, તેઓશ્રી બોર્ડના અન્ય સભ્યો સાથે ૨૧મી સદીમાં 'નવા ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે.

વહીવટીય કાર્યકુશળતા અને એજ્યુકેશનલ અભિગમ (Managerial Skill and Educational Approach)થી અનુપ્રાણિત શ્રી વલ્લભભાઈના વ્યક્તિત્વની એક આગવી વિશેષતા છે - તેમનાં વિદગ્ધ વક્તવ્યો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પ્રસંગોપાત્તની સભાઓમાં તેમનાં ઉદ્‌બોધનો સભાજનોને વિચારોત્તેજક (thoughtprovoking) ભાથું પૂરું પાડતાં અનુભવ્યાં છે, જેમાં નરી શિક્ષણદષ્ટિ અને અભ્યાસનિષ્ઠા જોવા મળ્યાં છે. સભા-મનોરંજન જેવું કોઈ વિધાન શોધે પણ જડે નહીં. અને આ સાથે જ પોતાના અસ્તિત્વ કે ઉપલબ્ધિનું શ્રેય વિનમ્રભાવે સર્વ વિદ્યાલયને આપતા રહે છે. તાજેતરના દિવસોમાં તેમની આપણા રાષ્ટ્રપતિ દ્વારા 'ઇન્ડિયન રેલવે ફાઈનાન્સ કૉર્પોરેશન'ના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવતાં કડીના નગરજનો દ્વારા તેમનો નાગરિક અભિવાદન સમારોહ યોજવામાં આવતાં તેનો પ્રતિભાવ ગદ્‌ગદિત સ્વરે આપતાં કહ્યું હતું કે **મારી આ નિમણૂક સંસ્થા થકી થઈ છે. આ કોઈ હોદ્દાનું સન્માન નથી. આ નિમણૂક એ મારું વ્યક્તિગત સન્માન નથી. કડી નગરનું સન્માન છે. સર્વ વિદ્યાલયનું સન્માન છે. વ્યક્તિ સંસ્થા થકી જ ઊજળી બને છે. અને તે જ તેની ઓળખ અપાવે છે. આ સન્માન હું સર્વ વિદ્યાલયના ચરણે ધરું છું.**

આવો ઉમદા ભાવ વ્યક્ત કરતી લાગણી તેમની વિનમ્રતા અને ઓળખની પર્યાય બની રહે છે. તેમની આ નિયુક્તિ અને કર્તવ્યનિષ્ઠ ઉમદા સેવાપરાયણ વ્યક્તિત્વને ધ્યાને લઈ ગુજરાતની અનેકવિધ સમાજસેવી સંસ્થાઓ અને વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો દ્વારા તેમને અભિનંદિત / સન્માનિત કરવામાં આવ્યા છે, જેમાં તેમના પ્રતિ વ્યાપકસમાજની અહોભાવપૂર્વકની લાગણીનો પડઘો સંભળાય છે.

શ્રી વલ્લભભાઈની ઉત્તરોત્તર વિકસતી પ્રતિભા અને ક્રિયાશીલ નેતૃત્વ હેઠળ સંપન્ન થતાં કાર્યોથી સર્વ વિદ્યાલયીઓ અને બૃહદ્ સમાજ ગર્વપૂર્વક પ્રસન્નતા અનુભવે છે. આ સાથે જ આપણા આર્ષદ્રષ્ટા સદ્ગત ચેરમેન માણેકલાલ પટેલસાહેબ પણ પોતાના ઉત્તરાધિકારીનાં કાર્યોથી **'પુત્રાત્ શિષ્યાત્ પરાજયેત્'** પુત્ર અને શિષ્યની મૂઠી ઊંચેરી ઉપલબ્ધિઓથી પરાજિત થઈને પ્રસન્નતા અનુભવતા પિતા/ગુરુની ભાવનાને આત્મસાત કરીને સ્વર્ગમાં રહે રહે પ્રસન્નવદને આશીર્વાદ વરસાવતા હશે. આ ઉપરાંત સર્વ વિદ્યાલયના સેવા-નિવૃત્ત આચાર્ય, સાક્ષર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સદ્ગત પ્રમુખ મોહનલાલ પટેલે શ્રી વલ્લભભાઈ વિશે જોયેલું સ્વપ્ન : **''સંસ્થાના ચેરમેનપદની ધુરા ધારણ કર્યા પછી બે વર્ષના ટૂંકા ગાળામાં એમણે દાખવેલી વહીવટી કુનેહ અને સંસ્થાના વિકાસ અર્થે અખત્યાર કરેલી નીતિના આધારે જરૂર કહી શકાય કે હવે પછીના જૂજ સમયમાં તો એ સંસ્થાના એક સમર્થ અધિનાયક સિદ્ધ થઈ ચૂક્યા હશે.''** આજે સાર્થક થતું અનુભવી રહ્યા છીએ. પુરાણકથિત સુપ્રસિદ્ધ સૂક્તિમાં અંશતઃ ફેરફાર કરીને વિનમ્રભાવે નોંધી રહ્યો છું કે આપશ્રીના નેતૃત્વથી **'કુલં પવિત્રં, जननी कृतार्था, सर्व विद्यालयो भाग्यवान च तेन'.**

**- મણિભાઈ પ્રજાપતિ**

*ધર્મની પરાકાષ્ઠા માનવતાવાદ છે. શું ધર્મ માનવમાત્રની સેવા કરવાની પ્રેરણા આપે છે ? જો ધર્મ, માત્ર કર્મકાંડો, યજ્ઞો, હોમ, હવનો, સપ્તાહો, પાઠ-પૂજાઓ જેવામાં જ અટકી જશે તો તેનાથી પરાકાષ્ઠાની પ્રાપ્તિ નહિ કરી શકાય. આપણે આપણા જ દલિત, વનવાસી, પીડિત, અનાથ, વૃદ્ધ, બીમાર, દરિદ્ર ભાઈઓની સેવા નથી કરતા, એટલે વિદેશી અને વિધર્મી સંસ્થાઓ આવે છે, સેવા કરે છે અને પછી ધર્માંતરણ કરાવે છે. આવું માનવતાવાદી કાર્ય આપણને સૂઝતું નથી. આપણે મંદિરો બાંધવાની સ્પર્ધામાં તો ખૂબ દોડીએ છીએ પણ સેવા કરવાની વાત કરતા નથી. એટલે ધર્માંતરણથી આપણી બાદબાકી થાય છે, જે પ્રજાની સતત બાદબાકી થતી હોય તે દુર્બળ જ થાય. એટલું યાદ રહે કે આપણામાંથી જે આપણો ભાઈ આપણને છોડીને બીજામાં ભળે છે તેનાથી માત્ર સંખ્યા જ ઘટતી નથી, પણ સામે જઈને તે આપણો શત્રુ પણ થાય છે. આ રીતે આપણે આપણા જ ભાઈઓને શત્રુ બનાવી રહ્યા છીએ. ઘટતા જવું અને ઘણા વિરોધીઓ ઊભા કરતા જવું, આવું બધું આપણને વધુ ને વધુ કમજોર બનાવે છે.*

*આ બધાની તારવણી આટલી છે : આપણે દુર્બળ છીએ કારણ કે સંગઠિત નથી, સંગઠિત ન હોવાથી શક્તિ ઉત્પન્ન કરી શકતા નથી. આપણે અહિંસાવાદ જેવા વાદોથી વીરતા વિનાના બની ગયા છીએ. એટલે આક્રાન્તાઓને હમેશાં ફાવતું થયું છે. આપણે ત્યાગ-વૈરાગ્યના નામે ભૌતિક વિકાસ અને ભૌતિક શક્તિ તથા સુખોના વિરોધી બન્યા છીએ. એના કારણે આપણે વિકાસવિરોધી થયા છીએ. આપણે ધર્મને જીવનના પ્રશ્નો ઉકેલવાની જગ્યાએ પ્રશ્નો ઊભા કરનારો બનાવી દીધો છે. એટલે વણઉકેલાયા પ્રશ્નોના ઢગલામાં આપણે દુઃખી થઈએ છીએ. આપણે ધર્મને માનવતાવાદી બનાવવાની જગ્યાએ વર્ણવાદી, કર્મકાંડવાદી બનાવી દીધો છે જેથી ધર્મના દ્વારા થનારી સેવાપ્રવૃત્તિ કાં તો થતી જ નથી અથવા ઘણી ઓછી થાય છે.*


*આ છે આપણી દુર્બળતાનાં કારણો. વિધર્મ કે વિધર્મીઓને માત્ર ગાળો દેવાથી આપણે બળવાન થઈ જવાના નથી. આ નકારાત્મક પ્રવૃત્તિ બંધ કરવી જોઈએ. વિધર્મો પાસેથી તેમની શક્તિનાં કારણો જાણવાં જોઈએ તથા શીખવાં જોઈએ. જો આવું કરી શકાશે તો આપણે ફરીથી પાછા બળવાન થઈ શકીશું. જરૂર છે પરિવર્તનની.*

**– સ્વામી સચ્ચિદાનંદ**

# ઋષિકુળ પરંપરાને દીપાવનારા સર્વ વિદ્યાલય, કડીના આદ્ય આચાર્યશ્રીઓ

૮

મણિભાઈ પ્રજાપતિ



## ૧. સ્વ. પોપટલાલ પટેલ
(૧૮૯૮-૧૯૮૬)

સ્વ. પોપટલાલ પટેલનો જન્મ વતન લાંઘણજમાં તા.૧૭ જૂન, ૧૮૯૮ ના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ લાંઘણજમાં, અંગ્રેજી ચાર ધોરણ સુધીનો અભ્યાસ મોસાળ ચાણસ્મામાં અને ત્યાર બાદ મૅટ્રિક સુધીનું શિક્ષણ અમદાવાદમાંથી લીધું હતું. જુનિયર બી.એ. ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી પાસ કર્યા બાદ મુંબઈની વિલ્સન કૉલેજમાં દાખલ થયા હતા, પરંતુ એકાદ સત્રના અભ્યાસ બાદ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ લીધો. ફાઈનલ બી.એ. ના વર્ષમાં સ્વદેશી ચળવળે જોર પકડતાં રાષ્ટ્રીયતાના રંગે રંગાઈને મહાત્મા ગાંધીની હાકલને માન આપી કૉલેજ છોડી દીધી હતી. ત્યાર બાદ ગૂજરાત વિદ્યાપીઠમાંથી અર્થશાસ્ત્ર વિષય સાથે સ્નાતક (બી.એ.) ની પરીક્ષા ઈ.સ. ૧૯૨૨માં પાસ કરી હતી.

વ્યવસાયિક કારકિર્દીની શરૂઆત વડોદરા કેળવણી ખાતામાં મહેસાણામાં શિક્ષક તરીકે રૂપિયા ૧૯ ના પગારથી કરી હતી; પરંતુ માંડ ૨૦ - ૨૫ દિવસની નોકરી બાદ પ્લેગ ફાટી નીકળતાં શાળાઓ બંધ થતાં પુનઃ અભ્યાસમાં પ્રવૃત્ત થયા હતા. સ્વદેશી આંદોલન દરમ્યાન કૉલેજ છોડ્યા બાદ મુંબઈની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે પણ જોડાયા હતા. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના અગ્રણીઓ સર્વશ્રી પૂજ્ય છગનભા અને અન્ય જ્ઞાતિહિતચિંતકોએ કડીમાં ઈ.સ.૧૯૨૨માં હાઈસ્કૂલની સ્થાપના કરી હતી. આ શાળામાં માસિક રૂ. ૫૦/- ના પગારથી આચાર્ય તરીકે જોડાવા માટે શ્રી પોપટભાઈને આમંત્રિત કરવામાં આવતાં તેમાં જોડાયા અને સર્વ વિદ્યાલયના પાયામાં રહેલાં તપ, ત્યાગ અને સાદગીને આત્મસાત કરી લીધાં. તેમની સાથે શિક્ષકો તરીકે શ્રી પુરુષોત્તમદાસ પટેલ (દાસકાકા), શ્રી છગનભાઈ કા. પટેલ, શ્રી ચુનીભાઈ પટેલ અને ગૃહપતિ-શિક્ષક તરીકે શ્રી કુબેરભાઈ જોડાયા હતા. સ્નાતક થયા બાદ રૂ. ૪૦૦/- ના પગારની મુન્સફ ની સરકારી ઑફિસર તરીકેની નોકરીની ઓફર મળી હોવા છતાં

રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને કડીને કાર્યક્ષેત્ર બનાવ્યું. શ્રી બાપુભાઈએ આ સંસ્થાના આચાર્ય તરીકે (૧૯૨૫) ચાર્જ સંભાળ્યા બાદ શ્રી પોપટભાઈએ શિક્ષક, સંસ્થાના મંત્રી અને કર્મનિષ્ઠ સેવાપરાયણ કાર્યકર તરીકે સેવાઓ આપી અને ૧૯૪૩ માં છૂટા થઈ ધંધાર્થે મુંબઈ ગયા હતા. પુનઃ શ્રી બાપુભાઈના આકસ્મિક નિધનથી સંસ્થાની વિનંતીને ગ્રાહ્ય રાખી એકાદ વર્ષ આચાર્ય તરીકે સેવાઓ આપી હતી. આ ઉપરાંત વડોદરા કેળવણી ખાતામાં પ્રાથમિક શાળાઓના 'કેળવણી ઇન્સ્પેક્ટર' તરીકે નિયુક્ત કરવામાં આવતાં શિક્ષણનું સ્તર સુધારવા માટે તેમણે રચનાત્મક ભૂમિકા અદા કરી હતી. ઈ.સ. ૧૯૪૪માં સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે શ્રી નાથાભાઈ દેસાઈની નિમણૂક બાદ શ્રી પોપટભાઈ સ્વચ્છાએ રાજીનામું આપી છૂટા થયા અને પોતાના ભાઈઓની સાથે મુંબઈમાં ધંધામાં જોડાયા અને ભારે સફળતા હાંસલ કરી હતી.

શ્રી પોપટભાઈએ શાળાના એક આચાર્ય કે શિક્ષક કર્મચારી તરીકે પોતાને સીમિત ન રાખતાં કર્તવ્યનિષ્ઠા અને શાળા તથા સમાજ પ્રત્યેના લગાવથી સંસ્થાનો એક અંતરંગ હિસ્સો બની ગયા હતા. પૂજ્ય છગનભા સાથે ફંડ ઉઘરાવવા જવું, સંસ્થાના મંત્રી તથા ગૃહપતિ તરીકેની જવાબદારી તેમજ જરૂર પડે વિદ્યાર્થીઓના રસોઇયાની જવાબદારી પણ પ્રેમપૂર્વક સંભાળી હતી. શ્રી પોપટભાઈ તથા પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ સંસ્થા માટે ફંડ મેળવવા સને ૧૯૨૭ માં રંગૂન પણ ગયા હતા. શાળા માટે ફંડ અને બાળકોને બૉર્ડિંગમાં મોકલવા માટે ગામડાંઓની મુલાકાતો દરમ્યાન સામાજિક કુરિવાજોની નાબૂદી તેમજ શિક્ષણના મહત્ત્વ વિશે ગ્રામજનોને સમજાવતા તેમજ શાળાનાં બાળકો દ્વારા સમાજ સુધારણા સંબંધી નાટિકાઓની ભજવણી તથા ગ્રામ સફાઈ વગેરે પ્રવૃત્તિઓ કરતા હતા. ચાણસ્મા જેવાં કેટલાંક ગામોમાં આવી પ્રવૃત્તિઓ સામે ગ્રામજનોનો રોષ પણ વેઠવો પડ્યો હતો. કન્યા કેળવણીના તેઓશ્રી વિશેષ હિમાયતી હતા, તેમજ ગૃહિણી તાલીમ શિબિરના પ્રેરક હતા. અમદાવાદમાં શાળા-કૉલેજના શિક્ષણ દરમિયાન કોચરબ આશ્રમમાં મહાત્મા ગાંધીની પ્રાર્થનાસભાઓમાં હાજરી આપવી એ તેમનો નિત્યક્રમ બની ગયો હતો. આ ઉપરાંત સંસ્કૃત અને ભૂમિતિ શીખવા માટે વિનોબા પાસે જતા હોવાથી તેમનાં ચિંતન, વાણી અને વર્તનમાં ગાંધીજીવન દર્શનનો મોટો પ્રભાવ રહ્યો છે. સાદગી અને સત્યનિષ્ઠા તેમના આગવા ગુણો હતા. વિદ્યાર્થીઓ પ્રતિ અનન્ય પ્રીતિભાવ ધરાવતા હોવાથી વર્ગખંડ કે અન્યત્ર વિદ્યાર્થીઓની સમસ્યાઓ વાત્સલ્યભાવે હલ કરતાં પ્રસન્નતા અનુભવતા હતા. શાળા અને સમાજના સર્વતોમુખી વિકાસમાં તેમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે.


શ્રી પોપટભાઈના વિદ્યાર્થી રહી ચૂકેલા ગુજરાતીના સુપ્રસિદ્ધ કવિ અને વિવેચક પ્રો. અનામીએ પોતાના ગુરુનાં સંસ્મરણો વર્ણવતાં નોંધ્યું છે કે 'અન્ય વિષયોની તુલનાએ ગણિતશાત્રનો વિષય પ્રમાણમાં નીરસ અને શુષ્ક ગણાય છતાંયે શ્રી પોપટભાઈ એમના વિષયને સરળ અને રસિક બનાવવા નિત્ય જાગ્રત રહેતા. સ્વભાવેએ અત્યંત અલ્પભાષી, મિતભાષી પણ વર્ગમાં વિષયના અમૂર્ત ધ્યર્થને (Concept) વિશદને સ્પષ્ટ કરવા ભાષાનો વધુમાં વધુ ઉપયોગ કરતા. ગણિતના વિષયમાં જે દૃષ્ટાંતો આપે તેમાં પણ વ્યવહાર-જીવનની એમની સૂઝ અને શુદ્ધિ પ્રગટ થતાં. વર્ગમાં એ મિનિટે મિનિટ જીવંત લાગતા. એમની તીક્ષ્ણ દૃષ્ટિ પ્રત્યેક વિદ્યાર્થીના પ્રતિભાવની (Response) નોંધ લેતી. વ્યવહાર જીવનમાં સામાન્ય રીતે ગંભીર રહેતા ને લગતા પોપટભાઈ, શિક્ષણ-વિતરણની જીવંત ક્ષણોમાં પ્રસન્ન-મુદ્રામાં લાગતા. કોઈ પણ વિદ્યાર્થીની મૂંઝવણને તે આશ્ચર્યકારક રીતે સમયસર પકડી પાડતા અને એ મૂંઝવણ સો ટકા ટળે નહીં ત્યાં લગી અસામાન્ય ધીરજથી સમજાવ્યે જતા.'

રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા શ્રી પોપટભાઈએ ૧૯૩૨ના અસહકાર આંદોલન, ૧૯૪૨ની હિંદ છોડો ચળવળ અને મહાગુજરાત આંદોલન (૧૯૫૭) સમયે જેલવાસ પણ વેઠ્યો હતો. સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાન પ્રેરિત લાલ ખમીશવાળા (Red shirts) સ્વયંસેવકોની ગુજરાતની એક ટુકડીના નાયક તરીકે પણ તેમણે નોંધપાત્ર સેવાઓ આપી હતી. તેમણે એક સંનિષ્ઠ અને વિદ્યાર્થી વત્સલ શિક્ષક, કેળવણીકાર અને સમાજસુધારક તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપવા ઉપરાંત મહેસાણા લોકલ બોર્ડ, મહેસાણા સહકારી બેંકના ડાયરેક્ટર, વડોદરા રાજ્યની ધારાસભાના સભ્ય અને મુંબઈ રાજ્યની વિધાનસભા (૧૯૫૭-૬૨) માં મહેસાણા

મતદાર ક્ષેત્રમાંથી ભારે મોટી સરસાઈથી ચૂંટાઈ આવીને યશસ્વી સેવાઓ આપીને તેઓશ્રી ખરા અર્થમાં એક જાગરૂક લોકશિક્ષક તરીકે ઊભરી આવ્યા હતા. આ અદના સ્વાતંત્ર્ય સેનાનીએ ન તો ભારત સરકારનું તામ્રપત્ર સ્વીકાર્યું કે ન પેન્શન સ્વીકાર્યું અને રાષ્ટ્રભાવનાના ખમીર સાથે જણાવ્યું કે ''દેશને ગુલામીમાંથી મુકત કરવા હું લડેલો, મેં મારી રાષ્ટ્રીય ફરજ અદા કરી હતી, તેના બદલા સ્વરૂપે દેશ પાસેથી મારે કશું ના ખપે''. તેઓશ્રી એક પ્રેરણાદાયી જીવન જીવી ગયા. આચાર્ય ચાણક્યની ઉકિત 'શિક્ષક કદાપિ સાધારણ હોતો નથી'.... ને સાર્થક કરી ગયા.

(પ્રસ્તુત લેખ માટે અત્ર-તત્ર પ્રકાશિત નોંધો ઉપરાંત આચાર્યશ્રી પોપટભાઈ પટેલના સુપુત્ર શ્રી હર્ષદભાઈ અને શ્રીમતી હંસાબહેનની વર્ષ ૨૦૧૧માં રૂબરૂ મુલાકાત લેતાં તેમણે ઘણી ખરી માહિતી પૂરી પાડી હતી, જેની સાભાર નોંધ લઉં છું.)

## ૨. સ્વ. બાપુભાઈ ગામી
## (૧૮૯૬-૧૯૪૩)



સ્વ. બાપુભાઈ ગામીનું વતન પાટણ. તેમનો જન્મ પાટણ (જવાળામુખીનો પાડો, માતાવાળી શેરી)માં તા. ૧૩ ફેબ્રુઆરી, ૧૮૯૬ના રોજ થયો હતો. પરિવારની આર્થિક સ્થિતિ સાધારણ. મૅટ્રિક સુધીનો અભ્યાસ પાટણમાં કર્યો. મૅટ્રિક બાદ માસિક રૂ. ૭ સ્કૉલરશિપ મળતાં ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી B.A. ની ડિગ્રી સંસ્કૃત (ઓનર્સ) વિષય સાથે મેળવીને વ્યવસાયિક કારકિર્દીની શરૂઆત કોઠારી હાઈસ્કૂલ, કડીમાં જોડાઈને કરી હતી. પ્રાયઃ એકાદ વર્ષ બાદ આ શાળા સરકારી શાળા થવાની હોવાથી રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા શ્રી બાપુભાઈએ સ્વેચ્છાએ શાળા છોડીને ઓડ ગામમાં રાષ્ટ્રીય શાળા 'વિનય મંદિર'ની શરૂઆત કરી. અહીંથી શિક્ષકો માટે એક ચોપાનિયાનું સંપાદન-પ્રકાશન પણ શરૂ કર્યું હતું. આ શાળામાં સતત પાંચ વર્ષ સુધી ધ્યેયનિષ્ઠ સેવાઓ આપી હતી. પુનઃ કડીમાં ત્યાગ અને સેવાની ભાવનાના ધ્યેય સાથે રાષ્ટ્રીય શાળાના ધોરણે સ્થપાયેલ સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે તા. ૧ એપ્રિલ, ૧૯૨૫ના રોજ જોડાયા અને જીવનપર્યંત કાર્યરત રહ્યા હતા. તેમનું અવસાન તા. ૩૧ મે, ૧૯૪૩ ના રોજ થયું હતું.

મહાત્મા ગાંધીની જીવનશૈલીથી પ્રભાવિત સ્વ. બાપુભાઈ ગામીએ સર્વ વિદ્યાલયના આચાર્ય અને ગૃહપતિની બેવડી જવાબદારી ભારે સભાનતાપૂર્વક અદા કરીને તેની સ્થાપનાના ખૂબ જ ટૂંકાગાળામાં આ શાળાને પૂજ્ય છગનભા અને સંસ્થાપકોનાં હૂંફ અને સાથ-સહકારથી રાષ્ટ્રીય શાળા તરીકે ખ્યાતિ અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. અહીં નિયત પાઠ્ય પુસ્તકીય શિક્ષણ ઉપરાંત સુથારી, લુહારી, વણાટ, રંગાટ, સંગીત વગેરેના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. બાળકોના ઘડતર માટે શાળાની સાથે સંલગ્ન છાત્રાલયની અનિવાર્ય આવશ્યકતા અને તેમાં શાળાનાં બધાં જ બાળકો અને શિક્ષકો નિવાસ કરે તેવું દઢ મંતવ્ય ધરાવતા હતા. તેઓશ્રી એક વત્સલ શિક્ષક-આચાર્ય તરીકે આશ્રમનાં બાળકોની કાળજી લેતા હતા. આશ્રમ જીવન-છાત્રાલય જીવન, શ્રમનું મહત્ત્વ, સ્વાશ્રયી કેળવણી, કન્યા કેળવણી, કુરિવાજોની નાબૂદી, શિક્ષણના પ્રચાર-પ્રસાર, શિક્ષક અને કેળવણી, વેદ વગેરે વિષયક તેમના લેખો 'કેળવણી' ત્રૈમાસિક, 'ચેતન', 'કડવા વિજય' વગેરેમાં પ્રગટ થયેલા છે. આ બધા લેખોનું સંકલન ડૉ. મંગુભાઈ પટેલે તેમના દસ્તાવેજી ગ્રંથ 'બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી : એક અલગારી આચાર્ય' (૨૦૦૯)માં કર્યું છે. આ બધા લેખોમાં પ્રસ્ફુટિત ચિંતન આજે પણ પ્રાસંગિક બની રહે છે. સ્વ. બાપુભાઈ ગામી, શ્રી અરવિંદ અને શ્રી માતાજીના પરમ ઉપાસક હતા. તેઓશ્રી પ્રસંગોપાત્ત લાંબી રજાઓ દરમિયાન શ્રી અરવિંદ આશ્રમ, પાંડિચેરીમાં સાધના માટે જતા હતા. શ્રી અરવિંદે સ્વ. બાપુભાઈના કેટલાક પત્રોના ઉત્તરો પણ આપ્યા હતા. સ્વ. બાપુભાઈએ શ્રી

ગિરધરલાલ સાથે કરેલ પત્રવ્યવહાર તેમજ શ્રી અરવિંદ અને શ્રી માતાજીને મોકલેલાં કાવ્યોનું સંકલન ડૉ. મંગુભાઈએ ઉપર નિર્દેશિત તેમના ગ્રંથમાં કર્યું છે.

સ્વ. બાપુભાઈ ગામીના કાર્યકાળ દરમિયાન સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, મહાત્મા ગાંધી, કસ્તૂરબા, પ્યારેલાલ, ડૉ. હરિપ્રસાદ દેસાઈ, વડોદરા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ, નાનાભાઈ ભટ્ટ, ઉમાશંકર જોશી વગેરે દ્વારા આ શાળાની મુલાકાત લેવામાં આવી હતી. આ સૌએ અહીંની શિક્ષણ પ્રણાલીથી પ્રભાવિત થઈ હૃદયનો રાજીપો વ્યકત કર્યો હતો. ડૉ. મંગુભાઈના ગ્રંથ ઉપરાંત 'ઉમિયાદર્શન' સામયિક દ્વારા બાપુભાઈ ગામી વિશે એક વિશેષાંક પ્રકાશિત કરવામાં આવ્યો છે.

સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી, શિક્ષક અને એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના ગુજરાતીના પ્રોફેસર સદ્ગત ડૉ. રણજિત પટેલ 'અનામી' એ પોતાના ગુરુ આચાર્યશ્રી બાપુભાઈ ગામી અને અન્ય શિક્ષકોને આપેલી અંજલિ : 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ એમનું જીવનસૂત્ર હતું... શિષ્યોનો ઉત્તરોત્તર વિકાસ એ જ એમનો પરમ ને સાત્ત્વિક આનંદ હતો. સંસ્કૃત અને અંગ્રેજી શીખવતાં એમને પણ આત્માભિવ્યકિતનો આનંદ આવતો. શિષ્યોને જોતાં જ એમને શીખવવાનો પ્હાનો ચઢતો... એમના આચાર-વિચારમાં અદ્ભુત એકતા હતી. એમની જ્ઞાનમર્યાદાઓને અતિક્રમવા એ નિત્યજાગ્રત રહેતા. એમને અને દંભને આડવેર હતું.... મારા અંતઃકરણના ઊંડાણમાં પ્રવેશ કરી નાનકડી ઉંમરે પણ આધ્યાત્મિક જ્ઞાન માટે ધકેલનાર પૂ. બાપુભાઈ ગામીનો ફાળો સામાન્ય રીતે બોલાતી ભાષામાં વર્ણવી શકાય તેમ નથી. આ ભણેલા પણ ભક્તિ તરફ ઢળેલા માનવને બહુ ઓછી વ્યક્તિઓ ઓળખી શકી છે. પ્રાથમિક શિક્ષકમાંથી સીધા પિલવાઈ હાઈસ્કૂલમાં આચાર્યપદે મને મૂકનાર એ ગુપ્ત સાધુએ પિલવાઈ આવી વારંવાર મારી ગુપ્ત-શક્તિને જગાડવાનું કામ કર્યું છે એમાં પૂ. રામચંદ્ર અમીનનો પણ સાથ અને સહકાર મળતો રહ્યો છે. મારા આંતરિક જીવનને જાગ્રત કરનાર પૂજ્ય બાપુભાઈ અંતરના અગાધ ઊંડાણમાં ગુપ્ત રીતે વ્યાપ્ત છે. આ સંસ્થાના વિકાસમાં વિદ્વત્તાને લીધે મળતી સરકારી અમૂલ્ય નોકરીને ફગાવી દઈ જન કલ્યાણનું કાર્ય કરનાર પૂ. પોપટભાઈ, પૂ. છગનભા અને અન્યાય સામેના લડવૈયા શ્રી પરુષોત્તમદાસ જેવી વ્યક્તિઓનો પણ પ્રશંસનીય ફાળો છે. કાર્યક્ષમ અને મૌનવતી-કર્મનિષ્ઠ પૂ. નાથાભાઈ દેસાઈએ શૈક્ષણિક ક્ષેત્રે સાધેલી પ્રગતિ ન ભુલાય તેવી છે.' ધ્યાનાર્હ બની રહે છે.

આ ઉપરાંત બાપુભાઈના વિદ્યાર્થીઓ પૈકી ડૉ. પ્રહ્લાદભાઈ કસવેકર, ર. ડા. અમીન, પ્રા. રતિલાલ નાયક, માધવલાલ પ્ર. પટેલ વગેરેએ ગામીસાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા લેખોમાં એક કર્તવ્યનિષ્ઠ વિદ્યાર્થી-વત્સલ તપઃપૂત શિક્ષક-આચાર્ય, સાદગી, સરળતા, અધ્યાપનનિષ્ઠા વગેરેની મુક્તકંઠે નોંધ લીધી છે. આ બધાં સંસ્મરણો ડૉ. મંગુભાઈ પટેલે બાપુભાઈ ગામી વિશેના પુસ્તકમાં ગંથસ્થ કર્યાં છે. તેમના સહ-આચાર્ય અને પ્રબુદ્ધશિક્ષક શ્રી ડાહ્યાભાઈ જાનીએ જણાવ્યું છે કે 'પ્રથમ મિલને જ મને શ્રી બાપુભાઈની સાલસાઈ, અને સાદાઈએ મ્હાત કર્યો અને મારાં પ્રલોભનો પીંગળી ગયાં અને મેં સંસ્થાને ચરણે મારી સેવા ધરી દીધી'.

આવો, આપણે બાપુભાઈના કેળવણી વિશે થોડાક વિચારો જોઈએ :

● સમાજને સ્વતંત્ર અને સ્વાવલંબી બનાવવાના મનોરથ હશે તો કેળવણીનો આશ્રય લેવો જ પડશે. કેળવણી એ આ જમાનાનું કલ્પવૃક્ષ છે (પૃ. ૬૨).

● છાત્રાલય એ એક કેળવણીની સંસ્થા હોઈ તેનો વિચાર કેળવણીના દૃષ્ટિબિન્દુથી થવો જોઈએ. જીવનનું ઘડતર એ આંતરકાર્ય છે અને છાત્રાલય એ જીવન ઘડનાર સંસ્થા છે, બીજી સંસ્થાઓની માફક બહારની વસ્તુઓથી તેનું કામ માપી શકાતું નથી. છાત્રાલયની કિંમત પરીક્ષાનાં પરિણામો ઉપરથી નક્કી થઈ શકે નહિ, તેનાં મકાનો અને બહિર્વ્યવસ્થાથી તેની કિંમત આંકી શકાય નહિ, પણ છાત્રાલયના વિદ્યાર્થીઓએ જીવન-ઉપયોગી કેટલી તાલીમ લીધી છે, સ્વાશ્રય, સ્વતંત્રતા, સેવા અને સ્વાવલંબનના કેટલા અંશો તેના જીવનમાં ઊતર્યાં છે, જીવનશકિતનો વિકાસ કેટલા પ્રમાણમાં સાધાયો છે તેના ઉપરથી જ છાત્રાલયની કિંમત આંકી શકાય છે. (પૃ. ૪૨-૪૩)

● બાળકોનો તેનો સાચો મિત્ર અને સલાહકાર ગૃહપતિ નહિ હોય, તો બાળકોની આંતરશકિતઓ ઠૂંઠવાઈ જશે. બાળકના જીવનના દરેકેદરેક ખૂણાનો

વિચાર કરનાર, બાળકને હૂંફ અને પ્રકાશ આપી તેના જીવનને ઉન્નત અને ઉલ્લાસિત કરનાર ગૃહપતિને બાળક માંગે છે. (પૃ. ૪૨)


● 'બાપુનું બારમું અને સ્ત્રીનું સીમંત' ફરીફરીને આવતું નથી એ કહેવત હવે તો ભૂલી જાઓ. 'બાળકોને જ્ઞાન આપવાનો અમૂલ્ય બાલ્યકાળ ફરીફરીને આવવાનો નથી'. એ નવી કહેવત પાડો અને તે પ્રમાણે વર્તો (પૃ. ૪૪).

● આપણે બધાય ગરીબો છીએ, એટલે જરૂર આપણે ગરીબોની હાય સમજીએ છીએ. રેંટિયો ફેરવી દિવસના ત્રણ પૈસા કમાઈ પેટનો ખાડો પૂરતા હાડપિંજર માનવી પાસેથી આપણે રોટલાનું બટકું ઝૂંટવી લઈ દેશી અને પરદેશી મિલોના ધનિક માલિકોનાં નિર્દય ખિસ્સામાં હજારો રૂપિયા ફેંકતાં આપણા દિલમાં જરા પણ અરેરાટી કેમ થતી નથી ? ખાદી આપણે છોડતા જઈએ છીએ અને મિલનું કાપડ આપણા આશ્રમમાં ધુસમુસ ઘૂસતું જાય છે. અટકો, થોભો અને વિચારો. મોટાં થોથાંનાં થોથાં વાંચી શું મેળવ્યું ? નહિ સમજો ? સંસ્થામાં ખાદી જ પહેરાય એવો કાયદો કરીએ તો ? (પૃ. ૭૨)

● સંસ્થાને ન ભૂલતા, સંસ્થા તમોને નહિ ભૂલે. ઉચ્ચ સ્વપ્નાં સેવતાં શીખજો. વિચારોમાં વૃદ્ધ હરગિજ ન બનતા. (પૃ. ૯૦).

(આ ચરિત્ર-લેખ ડૉ. મંગુભાઈ પટેલ કૃત 'બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી...' (૨૦૦૯) ના આધારે તૈયાર કરવામાં આવ્યો છે, જેની ઋણસ્વીકાર સાથે નોંધ લઉં છું.)

## ૩. સ્વ. નાથાભાઈ દેસાઈ
## (૧૯૦૯-૧૯૭૧)



સ્વ. નાથાભાઈ દેસાઈનો જન્મ તેમના વતન સાણંદ તાલુકાના ચાચરાવાડી વાસણા ગામમાં તા. ૧૭ માર્ચ, ૧૯૦૯ના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ વતનમાં, માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં અને ઉચ્ચશિક્ષણ ગુજરાત કૉલેજમાં અને બરોડા કૉલેજમાં લીધું હતું. એક વિદ્યાર્થી તરીકે તેમની કારકિર્દી મેધાવી છાત્ર તરીકેની રહી હતી. પ્રત્યેક વર્ગમાં તેઓ પ્રાયઃ પ્રથમ કે દ્વિતીય નંબરે ઉત્તીર્ણ થતા હતા. ૧૯૩૦ માં બરોડા કૉલેજમાંથી B.A.ની પરીક્ષા પાસ કરતાં મુંબઈ યુનિવર્સિટીની 'પ્રાગજી ઠાકરશી મૂલજી સાયન્સ સ્કૉલરશિપ ઈન આર્ટ્સ' મેળવી હતી. આ જ કૉલેજમાંથી ૧૯૩૧ માં ભૌતિકશાસ્ત્ર વિષય સાથે B.Sc. ની ડિગ્રી મેળવી હતી. ત્યાર બાદ ૧૯૩૭માં S.T.C. અને B.T. ની ડિગ્રીઓ મેળવી હતી. કારકિર્દીની શરૂઆત ૧૯૩૧માં ટ્યૂટોરિયલ હાઈસ્કૂલ, અમદાવાદમાં શિક્ષક તરીકે કરી અને સતત ૧૩ વર્ષ સેવાઓ આપી. આ દરમિયાન તેઓ કર્મઠ અને પ્રયોગશીલ શિક્ષક તેમજ ગાંધીવિચારદર્શનથી પ્રભાવિત અદના સમાજસેવક તરીકે ખ્યાતિ પામ્યા હતા. સર્વ વિદ્યાલય, કડીના સ્વનામધન્ય આચાર્ય શ્રી બાપુભાઈ ગામીના આકસ્મિક અવસાનથી જગ્યા ખાલી પડતાં કેળવણી મંડળે તેમને સાદર નિમંત્રણ પાઠવતાં તેઓશ્રીએ ૧૯૪૪ થી ૧૯૬૧ સુધી પથપ્રદર્શક આચાર્યત્વ શોભાવ્યું હતું. આ. કે. વિદ્યાલય, બાવળા તરફથી નિમંત્રણ મળતાં ૧૯૬૧ થી ૧૯૭૧ સુધી ભારે નિષ્ઠાથી સફળતાપૂર્વક આચાર્યની ધુરા વહન કરી હતી.

સ્વ. નાથાભાઈ દેસાઈ એક સમર્પિત અને શીલભદ્ર શિક્ષક, વત્સલ ગૃહપતિ અને શિસ્તના આગ્રહી એવા કુશળ પ્રશાસક - ઋષિકુળ પરંપરાના આચાર્ય તરીકે આજે પણ લોકજીભે જીવંત છે. કડીમાં શાળાના આચાર્ય અને છાત્રાલયના ગૃહપતિની ઉભય જવાબદારી અદા કરતા હોવાથી અનિવાર્ય સંજોગો સિવાય કૅમ્પસ છોડતા નહીં. દિવસ દરમ્યાન વર્ગખંડોની અવારનવાર મુલાકાત લેવા ઉપરાંત રાત્રી દરમ્યાન વિદ્યાર્થીઓની ઓરડીઓમાં જઈ પ્રેમપૂર્વક તેમના અભ્યાસ તેમજ આર્થિક સ્થિતિ વિશે માહિતી મેળવતા અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને સહાય પણ કરતા હતા. સર્વ વિદ્યાલયનું ગ્રંથાલય તેની સમૃદ્ધિ

માટે આજે પણ વખણાય છે, જેનું શ્રેય તેના આચાર્યશ્રીઓના શિરે જાય છે. વર્ગ શિક્ષણ દરમ્યાન ઉત્તમ ગ્રંથો અને સામયિકોમાં પ્રગટ થતા લેખોથી માહિતગાર કરવા એ આ આચાર્યોની પ્રકૃતિ રહી છે અથવા કહો કે નિજાનંદની મસ્તી રહી છે. આચાર્યશ્રી નાથાભાઈ સાહેબ સારા વાચક હોવાની સાથે જ ગ્રંથાલય-પ્રેમી હતા. પ્રતિદિન શાળાની અચૂક મુલાકાત લેવી એ તેમનો નિત્યક્રમ રહ્યો હતો. આ વાત્સલ્યમૂર્તિ આચાર્યશ્રી વ્યવસાયે ગણિત - વિજ્ઞાનના શિક્ષક, અંગ્રેજી પણ તેટલું જ અધિકારથી ભણાવી શકે. આમ છતાં વર્ગખંડમાં તેમનું અધ્યાપન માત્ર વિષય પૂરતું મર્યાદિત ન રાખતાં એક કેળવણીકાર તરીકે સર્વગ્રાહી અધ્યાપન કરતા. તેમની અધ્યાપન શૈલી પણ સ-રસ અને તેથી સુપથ્યકારક.

વર્ગશિક્ષણને પોષક એવી વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ જેમ કે વિદ્યાર્થીઓની સર્જકતા પોષવા હસ્તલિખિત સામયિક કાઢવું, અભ્યાસલક્ષી ફિલ્મો બતાવવી, વ્યાખ્યાનો ગોઠવવાં, વસ્તુલક્ષી કસોટીઓ તૈયાર કરવી, શ્રમદાન, અખાડા પ્રવૃત્તિ, ગ્રામ સંપર્ક અંતર્ગત ગ્રામ સફાઈ, કુરિવાજો અટકાવવા હળવાં નાટકો, અનાજ ઉઘરાવવું વગેરે, શૈક્ષણિક પ્રવાસ, વધારાના અંતિમ તાસમાં કલા, વિજ્ઞાન, સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધનની પ્રવૃત્તિઓ હાથ ધરવી વગેરે તેમની આગવી ખાસિયતો હતી. તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલાં ગણિત-વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકો તત્કાલીન સમયમાં ભારે વખણાયાં હતાં. કન્યા કેળવણીને પ્રોત્સાહન અને કુરિવાજો બંધ કરવા તેઓશ્રી સતત પ્રયત્નશીલ રહ્યા હતા. કડીને ખરા અર્થમાં શિક્ષણની તીર્થભૂમિ બનાવી દીધી. કડીની મુલાકાત દરમિયાન શિક્ષણ પ્રણાલીથી પ્રભાવિત થઈ શ્રી ઝવેરચંદ મેઘાણીએ પોતાનાં બે બાળકોને અહીં ભણવા મૂક્યાં હતાં. તેમના વિરલ શિક્ષકત્વ વિશે તેમના વિદ્યાર્થીઓ અને ચાહકોનાં સંસ્મરણીય સંસ્મરણો ડૉ. મંગુભાઈ પટેલ અને પ્રા. ત્રિકમભાઈ પટેલ સંપાદિત ગ્રંથ **'અનોખા આચાર્ય નાથાભાઈ ના. દેસાઈ'** (૨૦૦૯) માં સંગૃહીત થયેલાં જોવા મળે છે. તેમના વ્યક્તિત્વનું એક વિરલ ઉદાહરણ એ કે તેમણે તેમના અવસાનના સમયપૂર્વે પોતાની ડાયરી ફાડી નાખવી તે છે. ડાયરી ફાડવાનું કારણ એટલું જ કે આ ડાયરીમાં જરૂરતમંદ વિદ્યાર્થીઓ કે સ્નેહીજનોને આર્થિક મદદ કરી હતી તેની નોંધો હતી. વ્યવસાયિક કારકિર્દી દરમિયાન તેમણે મહેસાણા જિલ્લામાં જિલ્લા શિક્ષક સંઘ, જિલ્લા આચાર્ય સંઘ, જિલ્લા શાળા સંઘ, જિલ્લા વ્યાયામ સંઘ તથા અમદાવાદ જિલ્લા આચાર્ય સંઘ, જિલ્લા વ્યાયામ સંઘ વગેરેના પ્રમુખ તરીકે દષ્ટિસંપન્ન નેતૃત્ત્વ પૂરું પાડી ભારે લોકચાહના મેળવી હતી.

'વિશ્વવિદ્યાલયના કુલપતિપદને શોભાવે એવી પ્રતિભા અને સર્વદેશીય વિદ્વત્તા ધરાવતા શ્રી નાથાભાઈ દેસાઈને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકના ઍવૉર્ડથી ૧૯૬૩માં પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ નિમિત્ત તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો દ્વારા ભારે દબદબાપૂર્વક તેમના જાહેર સન્માનનો કાર્યક્રમ ગુજરાત રાજ્યના તત્કાલીન રાજ્યપાલ શ્રી મહેંદી નવાઝ જંગના પ્રમુખપદે અને અગ્રગણ્ય કેળવણીકારોની ઉપસ્થિતિમાં એચ. કે. આર્ટ્સ કૉલેજ અમદાવાદના સભાખંડમાં યોજવામાં આવ્યો હતો. ત્યાર બાદ ૧૯૮૨માં શ્રી નાથાભાઈની કાયમી યાદગારી માટે રૂ. બે લાખ એકઠા કરી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને સોંપવામાં આવતાં કેળવણી મંડળે તેનો સ્વીકાર કરી રૂપિયા ૭.૫ લાખ ઉમેરી પ્રાથમિક શાળાનું મકાન બાંધીને તેને 'શ્રી નાથાભાઈ દેસાઈ પ્રાથમિક શાળા' નામ આપીને તેમની સેવાઓની કદર કરી. આ છે તપોનિષ્ઠ આચાર્ય અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આગવી ઓળખ.

શ્રી નાથાભાઈ દેસાઈનું કેન્સરની બીમારીથી અમદાવાદમાં તા. ૬ નવેમ્બર, ૧૯૭૧ના રોજ અવસાન થયું હતું.

**કેટલાક અભિપ્રાયો :**

● શાળાની મોંઘી અને ઉજ્જ્વળ મિરાત એટલે નાથાભાઈ દેસાઈ સાહેબ. એ વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ હતા. શાંત અને પ્રસન્ન મુખમૂર્તિ. ધીરજ એમનો એક ખાસ ગુણ. ક્ષમા અને સહનશીલતાની મિશ્ર લાગણી એમના સ્વભાવનું એક વિશિષ્ટ લક્ષણ. કોઈ અણઘટતી ટીકા કરે કે ઘસાતું બોલે તોપણ એવી વ્યકિત પ્રત્યે કશો અભાવ નહિ કે એની પ્રત્યે પ્રતિકારાત્મક વલણ નહિ. નાથાભાઈસાહેબ પોતાના વિષયો - ગણિતશાત્ર અને વિજ્ઞાનમાં નિષ્ણાત. કયારેક શાળાના સમય બહાર

વિદ્યાર્થીઓને સામટા બેત્રણ કલાક ભણાવે. ઉત્તમ શિક્ષક હોવાના કારણે તેમ જ વિદ્યાર્થીવત્સલ હોવાથી વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય. (પૃ. ૧૧૨)

**- મોહનલાલ પટેલ**

● ભલે હું સી.એન.ના આચાર્ય સ્નેહરશ્મિના સંસર્ગમાં આવ્યો છું, ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના વિભાગીય વડા - કવિ ઉમાશંકર જોશીના સંપર્કમાં આવ્યો છું, બી.ડી. કૉલેજના વિદ્વાન ને અસાધારણ વક્તા એસ.આર. ભટ્ટના પરિચયમાં આવ્યો છું, પણ મને નાથાભાઈ સાહેબના જીવનની જે ઊંચાઈ જોવા મળી છે - એક સર્વશ્રેષ્ઠ કાર્યકર આચાર્યની મૂરત દેખાઈ છે - એ મારે મન અજોડ છે. (પૃ. ૧૩૧)

**- રતિલાલ સાં. નાયક**

● સાંજની પ્રાર્થનામાં કોઈ કોઈ વખતે પૂ. નાથાભાઈસાહેબ પ્રસંગને અનુરૂપ ઘણુંબધું કહેતા. તેમનું બોલવાનું મધુર અને સ્પષ્ટ હતું. તેમને સાંભળવા તે પણ જિંદગીનો લહાવો હતો. કોઈ કોઈ વખત અમારા શિક્ષક આવ્યા ન હોય તો તે શિક્ષકની જગ્યાએ એ શીખવતા. એટલું સરસ શીખવતા કે ન પૂછો વાત. તેમની ભણાવવાની રીત, બોલવાની રીત વિદ્યાર્થીને શીખવાનું ખૂબ જ સરળ બનાવી દેતી. (પૃ. ૧૩૮)... પૂ. નાથાભાઈ સાહેબ જેવા આચાર્ય સર્વ વિદ્યાલય, કડીને મળ્યા અને તેના કારણે જે વિદ્યાર્થીઓ તેમના હાથ નીચે ભણીને ઇજનેરો, દાકતરો, પ્રોફેસરો, શિક્ષકો, લેખકો, વકીલો, વેપારીઓ, ખેડૂતો, સમાજસેવકો બન્યા તેમણે ગુજરાતના વિકાસમાં ખૂબ જ અગત્યનો ફાળો આપ્યો છે. આ સંસ્થા સ્થાપવા માટે પૂ. છગનભાના અને આ સંસ્થાને સર્વ વિદ્યાલય બનાવવા માટે પૂ. નાથાભાઈ સાહેબના સિંહફાળા માટે આપણે સર્વે તેમના ઋણી છીએ. પૂ. નાથાભાઈ સાહેબ ઉત્તમ પ્રકારના શિક્ષક હતા. (પૃ. ૧૪૦)

**- વિઠ્ઠલભાઈ અં. પટેલ**

● નાથાભાઈ સાહેબના શીખવેલા સંસ્કારો અને અમે તેમને જે રીતે જોયેલા અને નજીકથી અનુભવેલા તે સંસ્કારો જિંદગીપર્યંત અમારી સાથે રહેશે. તેમના જેવા શિક્ષકના હાથ નીચે અમો ભણેલા તેનો મને ગર્વ છે. આદર્શ શિક્ષક કેવા હોવા જોઈએ તેનું જીવંત દૃષ્ટાંત એટલે પૂ. શ્રી નાથાભાઈ દેસાઈસાહેબ. (પૃ. ૧૬૦)

**- ડૉ. નારાયણ એમ. પટેલ**

● સર્વ વિદ્યાલયના આચાર્ય નાથાલાલ દેસાઈ કોઈ પણ વિશ્વવિદ્યાલયના કુલપતિપદને શોભાવે એવી પ્રતિભા ધરાવતા હતા. ભાષાસાહિત્ય હોય કે વિજ્ઞાન-ગણિત હોય - એમની સર્વદેશીય વિદ્વત્તા અને સાથે સાથે શિક્ષણ સંસ્થાનું કુશળ પ્રબન્ધન બહુ ઓછા શાળાના આચાર્યોમાં જોવા મળે. વર્ગખંડમાં શિક્ષક તરીકે તો એમના હાથ નીચે ભણનાર સૌ ભાગ્યવાન વિદ્યાર્થીઓ ગણાય. વિદ્યાર્થીઓ માટેની એમની જેવી પ્રીતિ એવી એમના જીવનઘડતરની વ્યગ્ર ચિંતા સેવનાર નાથાભાઈ શિસ્તના નિયમનમાં બાંધછોડ ન થવા દે. પ્રેમ સાથે કડપ પણ એટલો જ અનુભવાય. (પૃ. ૧૬૪) ... કેવા મહાન આચાર્ય ! કેવા ઉમદા મનુષ્ય ! કવિ ન્હાનાલાલના શબ્દો યાદ આવે છે. (પૃ. ૧૬૯)

શી શી સંભારું ને શી શી પૂજું પુણ્ય વિભૂતિઓ
પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે !

**- ભોળભાઈ પટેલ**

● હું સર્વ વિદ્યાલયમાં છાત્ર તરીકે ભણતો હતો તે સમયે તેમણે પ્રગટાવેલી જ્ઞાન-સંસ્કારની જ્યોતની લકીર આજે પણ માનસપટ ઉપર અંકિત થયેલી અનુભવાય છે. તેમણે પોતાની વિશિષ્ટ સંસ્કારસંપન્ન કે જ્ઞાન-ભક્તિની સાધના એવી નિષ્ઠાથી પ્રગટાવી કે જેથી તેની આબોહવા જ પલટાઈ ગઈ.
(પૃ. ૧૭૩)

**- માણેકલાલ મા. પટેલ**

● એક શિક્ષણકાર તરીકે આચાર્યશ્રી નાથાભાઈની ઊંચાઈને આંબી શકે એવા શિક્ષણકારો - આચાર્યો કેટલા ?


(પૃ. ૧૯૨)

**- ત્રિકમભાઈ ના. પટેલ**

(પ્રસ્તુત લેખ ડૉ. મંગુભાઈ પટેલ અને પ્રા. ત્રિકમભાઈ પટેલ કૃત 'અનોખા આચાર્ય શ્રી નાથાભાઈ ના. દેસાઈ' (૨૦૦૯)ના આધારે તૈયાર કરવામાં આવ્યો છે, જેનો ઋણસ્વીકાર કરું છું. અવતરણો સાથેના પૃષ્ઠ નંબરો સદર પુસ્તકનાં છે.)

# ૪. સ્વ. મોહનલાલ પટેલ

## (૧૯૨૭ - ૨૦૨૦)



પ્રાજ્ઞ અને શીલવંત શિક્ષક, આચાર્ય તથા મૂલ્યનિષ્ઠ સાહિત્ય સર્જક શ્રી મોહનલાલ પટેલે ૧૯૫૦ થી ૧૯૮૪ (નિવૃત્તિપર્યંત) સુધી સર્વ વિદ્યાલયના શિક્ષક - ગૃહપતિ અને આચાર્ય તરીકે ઋષિકુળ પરંપરાની યાદ તાજી કરાવે તેવી ઉમદા અને ઉદાહરણસ્વરૂપ સેવાઓ આપીને સર્વ વિદ્યાલયને સાચા અર્થમાં શિક્ષણતીર્થમાં પ્રસ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. આ સમયગાળા દરમ્યાન પોતાની ઉચ્ચ કારકિર્દી માટે પાર્થિવ પ્રલોભનોથી વિચલિત થયા સિવાય કડીને પોતાની સાધનાભૂમિ બનાવીને સર્વ વિદ્યાલય સાથે પ્રપત્તિભાવપૂર્વક જીવનપર્યંત જોડાયેલા રહ્યા હતા. તેઓશ્રી બહુશ્રુત વાચક - અધ્યેતા અને ચિંતક પણ હતા. શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રની સેવાઓ માટેનો 'આનર્ત ઍવૉર્ડ' સ્વીકારતાં પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે **'શિક્ષણ એ મારો જીવનરસ છે તો સાહિત્ય હૃદયરસ છે'.** તેમના આ ભાવની પ્રતીતિ આપણને તેમનાં શિક્ષક-આચાર્ય-ગૃહપતિ, સાહિત્યકાર અને ગાંધીજીવન-શૈલીથી અનુપ્રાણિત એક સૌજન્યશીલ ઉમદા માનવી તરીકેનાં કાર્યો અને આચરણ થકી સહજમાં થાય છે. તેમની સાહિત્યિક કૃતિઓમાં પણ તેમનો શિક્ષકજીવ સતત ધબકતો જોવા મળે છે. મૃદુભાષી અને કોઈ વિદ્યાર્થીને પણ 'તું' ન કહે, છતાં શિસ્ત અને શિષ્ટાચારના ભારે આગ્રહી રહ્યા હતા. તેમની સેવાઓની નોંધ લેતાં આપણા ચિંતક મનીષી કવિ ઉમાશંકર જોશીએ તેમને જાહેરમાં બિરદાવતાં કહ્યું હતું કે 'મોહનલાલ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.'

મોહનલાલ પટેલનો જન્મ વતન પાટણમાં તા. ૩૦ એપ્રિલ, ૧૯૨૭ના રોજ થયો હતો. માતાનું નામ શ્રીમતી જેઠીબહેન અને પિતાશ્રીનું નામ બાભાઈદાસ પટેલ. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પાટણમાં લીધું. અહીં ઇતિહાસવિદ્ - પુરાતત્ત્વવિદ્ સ્વ. રામલાલ ચુનીલાલ મોદી જેવા શિક્ષકોનું સાંનિધ્ય સાંપડ્યું. મુંબઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન બરોડા કૉલેજમાંથી ઇતિહાસ અને અર્થશાત્ર સાથે B.A. (૧૯૪૭) થયા. કૉલેજમાં અભ્યાસ દરમ્યાન ૧૯૪૨માં 'અંગ્રેજો ભારત છોડો' ચળવળ અને મહાત્મા ગાંધી પ્રેરિત રચનાત્મક કાર્યોમાં ભાગ લીધો હતો. કારકિર્દીનો પ્રારંભ ન્યૂ હાઈસ્કૂલ, અમદાવાદમાં (૧૯૪૭) શિક્ષક તરીકે કર્યો; પરંતુ, મિત્ર રામભાઈ પટેલ (એબટ લેબોરેટરી) ના આગ્રહથી ૭ જુલાઈ, ૧૯૫૦માં સર્વ વિદ્યાલય, કડીમાં શિક્ષક તરીકે જોડાયા. ૧૯૫૫માં એ. જી. ટીચર્સ કૉલેજમાંથી બી.એડ્.નો અભ્યાસ કરી ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થતાં આ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાવાને પ્રસ્તાવ આ કૉલેજના તત્કાલીન પ્રિ. ડૉ. આર. એસ. ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યો હતો, જેની નોંધ સ્વયં પ્રિ. ત્રિવેદીએ મોહનભાઈ સાથેનાં સંસ્મરણોમાં કરી છે. આમ છતાં આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક થવાનો મનસુબો હોવાથી આ પ્રસ્તાવનો સ્વીકાર ન કર્યો. ૧૯૬૦-૬૧ના વર્ષમાં સર્વ વિદ્યાલયમાંથી છૂટા થઈ M.A. કરવા માટે ગુજરાત યુનિવર્સિટીના ભાષા-ભવનમાં જોડાયા અને અહીં ઉમાશંકર જોશીના પ્રીતિપાત્ર વિદ્યાર્થી બની ગયા. શાળા છોડવાનો મૂળભૂત હેતુ એમ.એ. થયા બાદ કૉલેજમાં અધ્યાપક થવાનો અને સાહિત્ય-સર્જન પાછળ સમય ફાળવવાનો રહ્યો હતો. તેમનું પ્રથમ ધ્યેય M.A. ના પરિણામ પૂર્વે જ પ્રકાશ કૉલેજ, અમદાવાદમાં અધ્યાપક તરીકે જોડાવાનો ઑડર મેળવી સિદ્ધ કર્યું હતું. પરંતુ, આ બાજુ સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈએ રાજીનામું આપતાં વિદ્યાર્થીઓમાં ભારે અજંપાભરી સ્થિતિ પેદા થતાં સંસ્થા પ્રત્યેના લગાવ અને કેળવણી મંડળ તથા આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈના આગ્રહથી અધ્યાપક બનવાનો મનસૂબો ત્યજીને પુનઃ સર્વ વિદ્યાલયમાં ૧૯૬૧માં આચાર્ય તરીકે જોડાયા અને નિવૃત્તિપર્યંત (૧૯૮૪) સેવાઓ આપી. નિવૃત્તિબાદ

પ્રારંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના મંત્રી તરીકે અને વર્ષ ૨૦૧૧ થી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ તરીકે જીવનના અંતિમ સમય (તા. ૧૩ માર્ચ, ૨૦૨૦) સુધી સેવાઓ આપતા રહ્યા હતા. તેમનું વયોચિત અવસાન અમદાવાદમાં તેમના નિવાસસ્થાને તા. ૧૩ માર્ચ, ૨૦૨૦ના રોજ થયું હતું.

તેઓશ્રી સર્વ વિદ્યાલયના પ્રાણ એવા પૂજ્ય છગનભાના જીવનદર્શન અને પોતાના બે પુરોગામી સમર્થ આચાર્યોની રીતિ-નીતિથી પૂર્ણ પ્રભાવિત હતા. આ સંસ્થાના આદર્શો અને ધ્યેયોને આત્મસાત કરીને પૂર્ણ ધ્યેયનિષ્ઠા સાથે તેમણે એક આદર્શ આચાર્ય અને ગૃહપતિની જવાબદારી પૂર્ણ સભાનતા સાથે સંભાળી અને દીપાવી હતી. છાત્રાલયને 'શિક્ષણનું ધરુવાડિયું' સ્વીકારીને બાળકોનાં શિક્ષણ અને સંસ્કાર ઘડતરને પ્રાથમિકતા આપી હતી. અરે ! તેમણે તો વિદ્યાર્થીઓ ઉપર કોઈ માઠી અસર ન થાય તે હેતુસર નવલકથા લેખન બંધ કરી દીધું હતું, જે પાછળથી પીતાંબર પટેલની સલાહથી શરૂ કર્યું હતું. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન કડીમાં 'સાહિત્ય વર્તુળ'ની સ્થાપના કરી ઘણા વિદ્યાર્થીઓ અને  સાથી શિક્ષકોને સાહિત્યનું ઘેલું લગાડ્યું, સાહિત્યમાં રસ લેતા કર્યા - લખતા કર્યા. બીજા શબ્દોમાં કહીએ તો, કડીની સારસ્વત ચેતનાનો પ્રાણ બની રહ્યા હતા. મહેસાણા જિલ્લા શાળા સંઘને વર્ષો સુધી દૃષ્ટિવંત નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના સલાહકાર અને ગુજરાતી પાઠ્યપુસ્તકોના સંપાદક અને લેખક તરીકે પણ ઉદાહરણ સ્વરૂપ કાર્ય કર્યું છે. સર્વ વિદ્યાલયને ગુજરાતની એક આગવી હરોળની શાળા તરીકે અને એક શિક્ષણતીર્થ તરીકે પ્રસ્થાપિત કરવામાં તેમ જ તેને એક માધ્યમિક શાળામાંથી વિશ્વવિદ્યાલય સુધી વિકસવાના પાયામાં એક સંનિષ્ઠ શિક્ષક - ગૃહપતિ અને ઋષિકુળ પરંપરાના આચાર્ય તરીકે તેમનું ઘણું મોટું યોગદાન રહ્યું છે.

એક સમર્પિત આચાર્યશ્રી ઉપરાંત તેઓશ્રી ગુજરાતી સાહિત્યના એક જાણીતા સર્જક તરીકે ખ્યાતિ પ્રાપ્ત છે. તેમણે ગુજરાતી ટૂંકીવાર્તા, નવલકથા, લઘુકથા, નિબંધ, ચરિત્ર, આત્મકથા, પ્રવાસ, વિવેચન, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં માતબર પ્રદાન કર્યું છે. આ બધાં ક્ષેત્રોમાં તેમણે આજપર્યંત ૭૦ જેટલા ગ્રંથોનું સર્જન કર્યું છે. તેઓશ્રી સામાજિક સંપ્રજ્ઞતાના સર્જક હતા. તેમની કૃતિઓમાં સામાજિક સંવેદના રસપ્રદ અને કલાત્મક રીતે અભિવ્યકત થયેલી જોવા મળે છે. આજીવન શિક્ષક, કેળવણીકાર અને ગાંધીદર્શનથી પ્રભાવિત હોવાના કારણે તેમની રચનાઓમાં સામાજિક આદર્શનું ભરપૂર ચિત્રણ જોવા મળે છે. સ્વયં એક વિવેચક હોવાથી કલાત્મક કૃતિનાં ધોરણો સ્વભાવતઃ નજર સમક્ષ રહેતાં હોઈ તેમની કૃતિઓમાં વિષય વૈવિધ્ય, કથાવસ્તુ સંયોજન, પાત્રો અને ભાષા, વાતાવરણ વગેરેનું સંયોજન જોવા મળે છે. વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પ્રદાન પૈકી ટૂંકી વાર્તા અને લઘુકથા ક્ષેત્રે તેમનું મહત્ત્વપૂર્ણ અને બળૂકુ પ્રદાન રહ્યું છે. ગુજરાતી લઘુકથાના જનક, પ્રસ્થાનકાર - પ્રવર્તક અને તેના વ્યાખ્યાકાર તરીકેનું શ્રેય તેમના શિરે જાય છે. આયખાના નવમા દાયકાના ઉત્તરાર્ધમાં આપણને સત્ત્વશીલ અને સંતર્પક વાંચન પૂરું પાડતી આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ' (૨૦૧૨; સંવર્ધિત આવૃત્તિ ૨૦૧૯)ના શીર્ષક હેઠળ આપી જેમાં તેમના ત્રિવિધ વ્યકિતત્વ-શિક્ષણકાર, સાહિત્યકાર અને ઇતિહાસકાર-ની છબિ અંકિત થયેલી જોવા મળે છે. પ્રસ્તુત ગ્રંથ પાટણના પ્રાચીન તેમજ સામ્પ્રતકાલીન ઇતિહાસની સામગ્રીનો એક મહત્ત્વપૂર્ણ આધારસ્રોત બની રહે છે. આ કૃતિ ૨૦મી સદીના કૃષક સમાજ, શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રની ગતિવિધિઓને વાચા આપતો એક સાંસ્કૃતિક દસ્તાવેજ છે, જે ગુજરાતી આત્મકથામાં પોતાની આગવી ઓળખ ઊભી કરશે તેમ તેના કળાસૌંદર્ય અને વસ્તુતત્વની ઉદાત્તતાને ધ્યાને લેતાં કહી શકાય.

ગુજરાતી સાહિત્યની સાથે સાથે ઇતિહાસ અને ભૂગોળ તેમના રસ અને અધ્યયનના વિષયો રહ્યા હતા. ઇતિહાસ અંતર્ગત પ્રાચીન રોમ અને ગ્રીસ ઉપરાંત સવિશેષતઃ ગુજરાતના સોલંકીકાળના અને પાટણ તળભૂમિના  ઊંડા અભ્યાસી અને જ્ઞાતા હતા. માદરે વતન પાટણ પ્રતિ તેમને અસાધારણ લગાવ હતો, જેની પ્રતીતિ પાટણને કેન્દ્રમાં રાખીને તેમના દ્વારા લખવામાં આવેલ બે ઐતિહાસિક નવલકથાઓ 'અંતિમ દીપ' અને 'લાંછન' ઉપરાંત નિબંધસંગ્રહ 'યક્ષકદર્મ' તથા આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ'નાં પ્રારંભિક પ્રકરણોમાં પાટણના પ્રાચીન ઇતિહાસ અને સવિશેષતઃ પોતે જોયેલા વીસમી સદીના પાટણ વિશેનાં વર્ણનો તેમજ 'રાણીની વાવ', 'નવું પાટણ ક્યારે વસ્યું', 'આનર્તની શિલ્પસમૃદ્ધિ',

'પુરાણોમાં ઇતિહાસ' વગેરે લેખોના માધ્યમથી થાય છે. તેમણે ઉપર ઉલ્લેખિત બે ઐતિહાસિક નવલકથાઓના માધ્યમથી પાટણના અંતિમ રાજપૂત રાજવી કરણ વાઘેલાના પાત્રને ઐતિહાસિક સંસાધનોના સઘન અભ્યાસના આધારે ન્યાય આપવા પ્રયાસ કરવા ઉપરાંત તત્કાલીન સમયના સામાજિક ઇતિહાસનું ભરપૂર આલેખન કર્યું છે. આત્મકથામાં સમાવિષ્ટ વીસમી સદીના પાટણ સંબંધી વિગતોની પ્રાપ્તિ પ્રાયઃ અન્યત્ર દુર્લભ છે. આ જ રીતે 'રાણકી વાવ' વિશેનો લેખ તેના શિલ્પવિધાન, ઇતિહાસ વગેરે દૃષ્ટિએ એક ઉત્તમ લેખ તરીકે ખ્યાત છે. પ્રાચીન સમયમાં સહસ્રલિંગ સરોવર મધ્યેની ટેકરી 'વિંધ્યવાસિની મંદિર' કે 'બકસ્થળ' તરીકે ઓળખાતી હતી કે જેની વિગતો તત્કાલીન સમયમાં રચાયેલ સાહિત્યમાં જોવા મળે છે, તે હવે 'માયા ટેકરી' - 'માયા સ્થાનક' તરીકે ઓળખાવવામાં આવે છે તેની ઐતિહાસિકતા સંદર્ભે પણ ચિંતિત હતા. પાટણનો પ્રાચીન ઇતિહાસ જેમાં ધરબાયેલો છે તેવા ગ્રંથો 'દ્વયાશ્રય મહાકાવ્ય', 'કીર્તિ કૌમુદી', 'કુમારપાળ પ્રબંધ', 'મોહરાજપરાજ્ય', 'વસ્તુપાલપ્રશસ્તિ', 'સરસ્વતીપુરાણ' વગેરેના તેઓ ઊંડા અભ્યાસી રહ્યા હતા.

સર્વ વિદ્યાલય સંબંધી તેમના દ્વારા રચાયેલા ગ્રંથો 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૯), 'ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલ (૨૦૧૩) અને 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો સંક્ષિપ્ત ઇતિહાસ' (૨૦૧૫) એક સર્જક, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પ્રત્યેની ભક્તિભાવ સહિતની કર્તવ્યનિષ્ઠા અને સર્વ વિદ્યાલયના જ્ઞાનકોશ રૂપી ત્રિવેણી સંગમના દ્યોતક બની રહ્યા છે.

આવા ગરવા શ્રી મોહનલાલ પટેલ 'ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ' (૧૯૮૪), 'ધનજી કાનજી સુવર્ણચંદ્રક' (૨૦૦૪), 'દર્શક ફાઉન્ડેશન ઍવૉર્ડ' (૨૦૦૮), 'આનર્ત ગુર્જરી ઍવૉર્ડ', 'સંસ્કાર ઍવૉર્ડ' વગેરેથી વિભૂષિત હોવા ઉપરાંત 'પ્રત્યાલંબન', 'ઝાકળમાં સૂરજ ઊગે', 'લાંછન', 'ડેડ એન્ડ', 'હાસ્યમર્મર' વગેરે તેમની કૃતિઓ ગુજરાત સરકાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી વગેરે દ્વારા પુરસ્કૃત થઈ છે. ખાસ ગર્વરૂપ બાબત એ કે ૭૫ વર્ષ પૂરાં થતાં તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સ્નેહીજનોએ તેમનું અમૃતપર્વ પાટણમાં યુનિવર્સિટી પ્રાંગણમાં ડિસેમ્બર, ૨૦૦૧માં ઊજવ્યું. આ નિમિત્ત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી માણેકલાલ પટેલના હાર્દિક સહયોગથી રૂ. ૭ લાખ જેટલી રકમ એકઠી કરવામાં આવી હતી. આ રકમમાંથી રૂ.૫ લાખનું દાન ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને **'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'**ની સ્થાપના માટે આપવામાં આવ્યું હતું.

તેમના સર્જકત્વ વિશે શોધપ્રબંધ તૈયાર કરીને ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી ત્રણ વિદ્યાર્થીઓએ Ph.D.ની ડિગ્રી અને ગુજરાત યુનિવર્સિટીમાંથી એક વિદ્યાર્થીએ M.Phil ની ડિગ્રી મેળવેલ છે. આ ઉપરાંત તેમના વિશે 'મોહનલાલ પટેલ અધ્યયન ગ્રંથ'. સંપા. મણિભાઈ પ્રજાપતિ, રંગદ્વાર પ્રકાશન (૨૦૦૧), 'મોહનલાલ પટેલ અમૃતપર્વ.' સંપા. મણિભાઈ પ્રજાપતિ, મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ વતી રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ (૨૦૦૧). 'મોહનલાલ પટેલ : સર્જન વિશેષ'. સંપા. રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ (૨૦૦૫), અને આચાર્યશ્રી મોહનલાલ પટેલ સ્મૃતિ અંક - સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત કડી, સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર, વર્ષ ૧૦, અંક : ૨-૩, માર્ચ - જૂન, ૨૦૨૦ પ્રકાશિત છે.

**કેટલાક અભિપ્રાયો :**

શ્રી મોહનભાઈ બી.એડ્.ની તે સમયની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા. પછી તો વર્ષો પસાર થતાં ગયાં અને એક સમયે જે કૉલેજનો હું આચાર્ય હતો તેવે સમયે મેં મોહનભાઈને મારી કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે આવવા નિમંત્રણ પાઠવ્યું; પરંતુ નિષ્ઠાવાન શિક્ષક પોતાની માતૃસંસ્થા - કડી સર્વ વિદ્યાલયને છોડવા તૈયાર ન હતા. હોદ્દા પ્રલોભનને વશ થયા વિના મોહનભાઈએ મારા નિમંત્રણને સ્વીકાર્યું નહિ. સાચા અર્થમાં સાહિત્ય અને શિક્ષણના સુભગ મિલનને મોહનભાઈએ ઊજળું બનાવ્યું.

**- આર. એસ. ત્રિવેદી**

શ્રી મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાની સમાજનાં ઊછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.

**- ઉમાશંકર જોશી**

એમનાં સ્મરણો વાંચીને પ્રસન્નતા અનુભવી મૌનભાવે એકાગ્રચિત્તે અને અનાસકતવૃત્તિથી કર્તવ્ય બજાવવું એ મોહનલાલભાઈના સ્વભાવમાં છે : રાગ કે દ્વેષથી અળગા રહીને એમણે પોતાની રીતે શિક્ષણ અને સાહિત્યમાં કામ કર્યું છે. એમના વ્યક્તિત્વમાં નમ્રતાનો અનુભવ હંમેશાં થતો રહ્યો અને શિક્ષણ હોય કે સાહિત્ય, પણ એમણે ઝાકઝમાળ વિના શાંત કર્મયોગ સાધ્યો છે. 'ટાઇમ કેપ્સ્યૂલ'માં એમના અમૃતમય જીવનના પ્રામાણિક આલેખની હૃદયસ્પર્શી અનુભૂતિ થાય છે. એમની આત્મકથા દ્વારા એ સમયની ઘણી પ્રમાણભૂત વિગતો પ્રાપ્ત થાય છે અને સાથોસાથ એમના સાહિત્યસર્જનની વિગતો મળે છે.

**- કુમારપાળ દેસાઈ**

કોઈ પૂછે કે આદર્શ શિક્ષક કેવા હોય ? તો શ્રી મોહનભાઈને ઓળખનાર અવશ્ય કહેશે, 'મોહનભાઈ જેવા !' અમારા ચર્ચાવર્તુળ -બુધવારીઓમાં તેમના અગાધ સામાન્ય જ્ઞાનથી અને શિક્ષણનાં કૌશલ્યોથી એ વિદ્યાર્થીઓને પ્રેરતા રહ્યા. પોતે એટલા વિનયી અને મિતભાષી કે એમની સિદ્ધિઓની જાણ તો મને રફતેરફતે થયેલી. કડીના વિદ્યાલયમાં અને તેની મારફત ઉત્તર ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે તેમનું મોટું પ્રદાન રહ્યું.

**- કુલીનચંદ્ર યાજ્ઞિક**

અમે તો દશમા ધોરણના છાત્ર, પણ કોઈને 'તું' ન કહે, બધા છાત્રોને 'તમે' કહે. આ પણ નવો અનુભવ. વર્ગમાં ફરતાં કયાંક કોઈને પણ અડકી જાય તો તરત બોલે 'સોરી'. ઉજ્જડ એવા અમને આ વિવેક, આ રીતભાત વણકહે કેટલું બધું કહેતાં હતાં - શિક્ષા કહો તો શિક્ષા અને દીક્ષા કહો તો દીક્ષા. એ પાટીદાર આશ્રમમાં નહિ, પણ કડી ગામમાં રહેતા એટલે શરૂઆતમાં એમનો સંપર્ક ઓછો રહેતો, પણ અમારી સાથે એમ વર્તે જાણે અમે આત્મીય છીએ. પછી તેઓ કિશોરકુંજમાં ગૃહપતિ તરીકે રહેવા આવ્યા. જે દિવસથી એ કાર્યભાર સંભાળ્યો, તે દિવસથી પેલાં પેન્ટ-શર્ટ અને કોટ અદશ્ય થઈ ગયાં, ખાદીનાં વસ્ત્રો આવી ગયાં હતાં. આચારવાન તે આચાર્ય - એ સૂત્ર અમને એમના આ વેશ પરિવર્તનથી સમજાયું. છાત્રોને સાદગી કેવી રીતે શીખવી શકાય ? આવા સાહિત્યગુરુ મળવા એ આપણું ઉત્તમ ભાગ્ય હોય તો જ બને.... હું જાણું છું આજે સર્વ વિદ્યાલયમાં જે કંઈ રહ્યું છે, તેમાં તમે એક મોટું બળ છો. તમે ન હોત તો - સર્વ વિદ્યાલય આજે જે છે તે તો ન જ હોત. મારો એ વ્યક્તિગત ભાવ હું તમને જણાવું છું તો તેમાં તમને પ્રસન્ન કરવાની વાત નથી.

**- ભોળાભાઈ પટેલ**

કોઈ પૂછે કે આદર્શ શિક્ષક કેવા હોય ? તો શ્રી મોહનભાઈને ઓળખનારા અવશ્ય કહેશે, મોહનભાઈ જેવા. કડીના વિદ્યાલયમાં અને તેની મારફતે ઉત્તર ગુજરાત શિક્ષણ ક્ષેત્રે તેમનું મોટું પ્રદાન રહ્યું. સંસ્થાના છેલ્લાં ૮૫ વર્ષના ઇતિહાસમાં જે આચાર્યો આવ્યા સદ્‌ગત બાપુભાઈ ગામી, પોપટભાઈ પટેલ, નાથાભાઈ દેસાઈ, મોહનલાલ પટેલ અને મનુભાઈ પટેલ એ બધા જ ગુરુકુળોની પરંપરાને દીપાવે તેવા.

**- માણેકલાલ પટેલ**


મોહનભાઈની સાહિત્યિક કૃતિઓ ઉત્તર ગુજરાતના ભાવકોને પહોંચી છે એથી વધુ એમની શૈક્ષણિક સેવાઓ પહોંચી છે. એમ કહેવામાં અતિશયોકિત નથી. ગૃહપતિ તરીકે લોકપ્રિય રહેવું અઘરું, આચાર્ય તરીકે લોકપ્રિય રહેવું એથીય અઘરું, પણ મોહનભાઈની લોકપ્રિયતામાં કદી ઓટ આવી નથી. મોહનભાઈનું વર્તન અભિજાત છે અને એમની સાહિત્યિક રુચિ પ્રશિષ્ટ કૃતિઓના વાચનથી ઘડાયેલી છે.... વળી, ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના પ્રવર્તક અને વ્યાખ્યાકાર તરીકે પણ એમની પ્રતિષ્ઠા છે.

**- રઘુવીર ચૌધરી**

'સાચું કહું તો, એક પ્રતિષ્ઠિત સાહિત્યકાર કમિટેડ સમાજસુધારક 'મોહનલાલ કરતાં પણ એક નિષ્ઠાવાન, પ્રાજ્ઞને શીલવંત આચાર્યશ્રી મોહનલાલનું મૂલ્ય મારે મન સ-વિશેષ છે. પૂ. બાપુભાઈ ગામી, પૂ. પોપટભાઈ પટેલ, પૂ. છગનભાઈ પટેલ, પૂ. નાથાલાલ એન. દેસાઈ જેવાઓએ, એમનાં પ્રજ્ઞા ને શીલ દ્વારા, કડી સર્વ વિદ્યાલયની જે ઉજ્જ્વલ પરંપરા ઊભી કરી તેનું સાતત્ય આચાર્ય શ્રી મોહનલાલે જાગૃતિપૂર્વક જાળવી રાખ્યું છે, જે હજારોનાં હૃદયમંદિરમાં સ્થાન નિશ્ચિત કર્યું છે. એમનું સાહિત્ય શતાયુ બને વા ન બને પણ શુદ્ધ આચાર અને પવિત્ર વિદ્યા દ્વારા એમણે અનેકોનું જે જીવનઘડતર કર્યું છે તે કદી ભુલાવાનું નથી.'

**- ડૉ. રણજિત પટેલ (અનામી)**

## ૫. શ્રી મનુભાઈ પટેલ
## (૧૯૩૭-)



શ્રી મનુભાઈ પટેલ હાડે શિક્ષકનો જીવ. એક મૂલ્યનિષ્ઠ, ધ્યેયનિષ્ઠ અને વિદ્યાવ્યાસંગી શિક્ષક અને આચાર્ય. શિસ્ત અને નિયમપાલનના ચુસ્ત આગ્રહી છતાં પ્રસન્ન મુદ્રામાં જોવા મળે. તેમનામાં વહીવટીય કોઠાસૂઝ પણ ભારે, જેથી પોતાની શાળાના સંચાલન ઉપરાંત જિલ્લા અને રાજ્ય સ્તરે તેમની સેવાઓ વિસ્તરતી રહેલી જોવા મળે છે. તેમના ઉપર ગાંધી જીવનદર્શનનો પ્રભાવ ઘણો મોટો રહ્યો છે, જે તેમની વાણી અને વર્તનમાં સ્પષ્ટ પરિલક્ષિત થાય છે. તેઓશ્રી ભગવદ્‌ગીતાના કર્મયોગને આત્મસાત કરીને કર્તવ્યપાલન કરતા રહે છે. પોતાના સેવાકાળ દરમિયાન અને ત્યાર બાદ પણ શિક્ષક - આચાર્ય તરીકેની મૂળભૂત ફરજો ઉપરાંત સામાજિક ઉત્તરદાયિત્વ પણ પૂર્ણ સભાનતા સાથે નિભાવ્યું છે. 'સર્વનો સાથ, સમન્વય અને સંકલન' એ એમનો જીવનમંત્ર રહ્યો છે, જે તેમના જીવનની આગવી વિશેષતા બની ને મ્હોરી ઊઠી છે. એક આચારવાન આચાર્ય શિક્ષક તરીકેની સેવાઓને ધ્યાને લઈ તેમને ભારત સરકાર દ્વારા ૧૯૯૩માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાષ્ટ્રીય એવૉર્ડથી તેમજ પાટણ જિલ્લાના યશસ્વી કેળવણીકાર તરીકે ૧૫ ઑગસ્ટ, ૨૦૦૩ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તામ્રપત્રથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેઓશ્રી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના 'બેસ્ટ ટીચર' એવૉર્ડથી પણ અલંકૃત છે. આ બધા ઍવૉર્ડ / પારિતોષિકો પૈકી સર્વોચ્ચ એ ઍવૉર્ડ કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળે તેમની ઋષિકુળ પરંપરાના આચાર્ય સમ સેવાઓને ધ્યાને લઈ મંડળ દ્વારા કડીમાં સંચાલિત એમ. એડ્. કૉલેજનું નામાભિધાન **'આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન'** કર્યું. મંડળ અને તેની સાથે આચાર્યશ્રી મનુભાઈના વ્યક્તિત્વની પરિચાયક એવી આ એક અસાધારણ ઘટના છે.

શ્રી મનુભાઈ પટેલ (M.A., S.T.C., B.Ed.) નું વતન, ચાણસ્મા, જિ. પાટણ. તેમનો જન્મ વતન ચાણસ્મામાં ૧૪ જાન્યુઆરી, ૧૯૩૭ના રોજ થયો હતો. પ્રારંભિક શિક્ષણથી જ તેઓશ્રી એક પ્રતિભાશાળી વિદ્યાર્થી તરીકેની ખ્યાતિ ધરાવતા હતા. તેમની **તેજસ્વી પ્રતિભાનું ઉદાહરણ એ કે તેમણે S.T.C. ની પરીક્ષા સમગ્ર બૃહદ મુંબઈ રાજ્યમાં સર્વ પ્રથમ ક્રમે ઉત્તીર્ણ કરી હતી.** તેમણે શેઠ સી. જી. હાઈસ્કૂલ પિલવાઈમાં શિક્ષક તરીકે ૧૯૫૮ થી ૧૯૬૭ સુધી સેવાઓ આપ્યા બાદ આદર્શ વિદ્યાલય, સિપોર, તા. વડનગરમાં ૧૯૬૭થી ૧૯૮૫ સુધી સતત ૧૮ વર્ષ ઋષિકુળ પરંપરાના આચાર્ય સમ યશસ્વી સેવાઓ આપી હતી. સિપોરની શાળાને તેમણે એક મૂલ્યનિષ્ઠ શિક્ષણધામ તરીકે વિકસાવી હતી. તેમના કાર્યકાળ દરમિયાન ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, સુંદરમ્, પન્નાલાલ પટેલ, સ્નેહરશ્મિ, પી. સી. વૈદ્ય, પુરુષોતમ માવલંકર, બબલદાસ મહેતા, બાબુભાઈ જશભાઈ પટેલ, ડૉ. દ્વારકાદાસ જોશી, ડૉ. વસંત પરીખ વગેરે પ્રતિભાપુરુષો સિપોરની શાળામાં પ્રસંગોપાત્ત પધારતા રહ્યા હતા. જેના પરિણામે આ શાળા પોતાની આગવી ઓળખ ઊભી કરી શકી હતી. તેમણે પોતાની સેવાઓ શાળા-પરિસર સુધી મર્યાદિત ન રાખતાં સિપોરના સર્વાંગી વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો હતો. ખરા અર્થમાં તેમણે આચાર્યધર્મનું પાલન કર્યું હતું. આ સેવાઓ દરમિયાન તેઓશ્રી એક અદના શિક્ષક - આચાર્ય કેળવણીકાર તરીકે ખ્યાતિ પામ્યા હતા. ઈ.સ. ૧૯૮૫માં સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્ય તરીકે જોડાયા અને ૧૯૯૫ માં વયમર્યાદાના કારણે અહીંથી સેવાનિવૃત્ત થયા હતા. તેમણે પોતાની વ્યવસાયિક ફરજોનું પ્રપત્તિભાવથી પાલન કરવાની સાથે સાથે ૧. ગુજરાતી / હિન્દી વ્યાકરણ-ધોરણ - ૧૧, ૨. શાળા સંચાલન, ૩. પ્રતિભા

વંદના - ૧. (૧૯૯૮) અને ૨. (૨૦૧૮) પુસ્તકોના લેખન / સંપાદન ઉપરાંત ૪. 'સારસ્વત' સામયિકનું ૧૦ વર્ષ સુધી સંપાદન પણ કર્યું છે.

સર્વ વિદ્યાલયના આચાર્યશ્રીની જવાબદારી ઉપરાંત તેમણે મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ, મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા-સંઘના પ્રમુખ તથા મંત્રી, મહેસાણા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ તથા મંત્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ અને મહેસાણા જિલ્લાના માધ્યમિક શિક્ષણના વિવિધ સંઘોની સંકલન સમિતિના પ્રમુખ (૧૯૭૬-૧૯૯૫) તરીકે ભારે નિષ્ઠા અને ખંતપૂર્વક સેવાઓ આપી હતી. સાથે સાથે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરમાં શૈક્ષણિક સમિતિના સભ્ય તરીકે ૧૦ વર્ષ સભ્ય તથા બોર્ડની કારોબારી સમિતિના સભ્ય (૧૯૮૧-૧૯૮૯), હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સેનેટ સભ્ય (૧૯૮૯-૧૯૯૩), પૂર્વ વડાપ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીના ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં શિક્ષણના પ્રતિનિધિ તરીકે ત્રણ વર્ષ સુધી નોંધપાત્ર સેવાઓ આપી હતી.

સર્વ વિદ્યાલય, કડીના આચાર્ય તરીકે નિવૃત્ત થયા બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રેમાગ્રહને વશ થઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તરીકે વર્ષ ૨૦૦૦-૨૦૦૧થી ૨૦૧૯-૨૦ સુધી અને વર્ષ ૨૦૨૦-૨૧થી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. મંડળ દ્વારા પ્રતિવર્ષ આયોજિત કરવામાં આવતી સાધારણ અને કારોબારી સભાઓનું તેમના દ્વારા કરવામાં આવતું સંચાલન એ શૈક્ષણિક સંસ્થાઓની સભાઓના સંચાલન માટે શ્રેષ્ઠ નમૂના સ્વરૂપ બની રહે તેવું હોય છે, કે જેમાં એક નીવડેલ શિક્ષણવિદની કોઠાસૂઝ અને પ્રજ્ઞાનાં દર્શન થાય છે. આચાર્યશ્રીપદેથી નિવૃત્ત થયા બાદ વતન ચાણસ્મામાં સ્થાઈ થઈ ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી તથા મેડિકલ એન્ડ સોશ્યલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ચાણસ્માના મંત્રી તરીકે પણ યશસ્વી સેવાઓ આપી. તેમના બહુમૂલ્ય અને દષ્ટિવંત પ્રદાનથી ચાણસ્મામાં શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવાઓ વધુ દઢ અને અર્થપૂર્ણ બનવા પામી છે. અત્રે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે ચાણસ્માની વિવિધ શૈક્ષણિક - સામાજિક સંસ્થાઓના એક યા બીજા હોદ્દા ઉપર પ્રાયઃ દોઢ દસકા સુધી સક્રિયપણે કાર્યરત રહી પોતાની ૭૫ વર્ષની વય સુધી જોડાઈ રહ્યા બાદ આ બધી સંસ્થાઓના હોદ્દાઓનો સ્વેચ્છાએ ત્યાગ કરીને તેના વિકાસ માટે જરૂર પડે તો માર્ગર્શન આપતા રહે છે. ડૉ. દ્વારકાદાસ જોશી અને ડૉ. વસંત પરીખ જેવા અગ્રણી સર્વોદય કાર્યકરો તેમના પ્રેરણાસ્રોત રહ્યા હતા. પરિણામસ્વરૂપે તેઓશ્રી સ્વયં સર્વોદયના આદર્શોનું મૂર્તિમંત સ્વરૂપ બની રહ્યા છે. અર્થાત્ સર્વોદયના આદર્શોને વિશુદ્ધ આચરણ થકી ચરિતાર્થ કરી રહ્યા છે. તેમની આ ઉદાત્ત ભાવના અને વ્યકિતત્વને ઉજાગર કરતી બાબત એ કે પોતાના દ્વારા સ્થાપિત / સંચાલિત 'ચંચળબા જેકીશનદાસ મેમોરિઅલ ટ્રસ્ટ' અને 'શાંતાબહેન શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ ચેરિટેબલ ટ્રસ્ટ' અને પોતાના ગામની અન્ય સંસ્થાઓના સહયોગમાં ચાણસ્માના ૨૧+૪૪ પ્રતિભાપુરુષોની વંદના કરવાનું કાર્ય (૧૯૯૮-૨૦૧૮) એ તેમની અનુકરણીય, શ્લાઘનીય અને દૂરંદેશિતાપૂર્ણ દષ્ટિ તેમ જ પોતાના વતન ચાણસ્માનું હિત તેમના હૈયે કેટલું અગાધ છે તેનું દ્યોતક બની રહે છે. આ બધી પ્રતિભાઓની સૌના સહકારથી સંપન્ન કરેલ પસંદગી, જીવનચરિત્રોનું લેખન / સંપાદન, પ્રકાશન અને સમારોહના ગૌરવપૂર્ણ આયોજનમાં તેમનાં તપઃપૂત પુરુષાર્થ અને પ્રેરણા આપણા વંદનનાં અધિકારી બની રહે છે. આ સાથે જ ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે સમગ્ર ગામના ઉપક્રમે હાથ ધરેલ 'પ્રતિભા વંદના' માટે પોતે આ સન્માન મેળવવા માટે આગલી હરોળના હકદાર હોવા છતાં પોતાની જાતને આ સન્માનથી દૂર રાખી. અહીં તેમણે ઈશાવાસ્ય ઉપનિષદનો મંત્ર **'તેન ત્યક્તેન ભુંજીથાઃ'** અર્થાત્ 'ત્યાગીને ભોગવી જાણ'ને આત્મસાત કરીને વાસ્તવમાં તેનું પાલન કરી બતાવ્યું તેની સહજમાં પ્રતીતિ થાય છે. વધુમાં, નોંધવું રહ્યું કે વિવિધ સમાજસેવી સંસ્થાઓને સમર્પિત બની રહી સમય આપવા ઉપરાંત ઉદારચેતા હૃદયે સમયે સમયે આર્થિક સહયોગ પણ આપતા રહ્યા છે. તેમણે ચાણસ્મા કેળવણી મંડળ, કે. બી. જનરલ હૉસ્પિટલ, ચાણસ્મા, પટેલ લા. લ. સદાવ્રતી સંસ્થા ટ્રસ્ટ, ચાણસ્મા, રામજી મંદિર શતાબ્દી મહોત્સવ, ચાણસ્મા, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વગેરે

સંસ્થાઓને દાન આપેલ છે. આ ઉપરાંત પોતાના દ્વારા સ્થાપિત / સંચાલિત બે ટ્રસ્ટોમાં પ્રતિ વર્ષ એક લાખ રૂપિયા વ્યાજ મળે તેટલી રકમ બૅંકમાં સ્થાયી ભંડોળ તરીકે જમા કરાવેલ છે. વ્યાજ પેટેની આવક આરોગ્ય અને શિક્ષણ માટે વાપરવામાં આવે છે. તેમની આ બધી ગુણરાશિના કારણે જ સ્વામી સચ્ચિદાનંદે કહ્યું હતું કે 'મનુભાઈ બનવા માટે સતત તલવારની ધાર ઉપર ચાલવું પડે.' શ્રી મનુભાઈના વ્યક્તિત્વને ઉજાગર કરી આપતું ઋષિપુરુષનું આ વિધાન આપણને ઘણી બધી શીખ આપે છે. આ સાથે જ પૂર્વ-આચાર્યશ્રી સ્વ. મોહનલાલ પટેલનું શ્રી મનુભાઈ પટેલ વિશેનું અવલોકન : 'સંસ્થાને સમયે સમયે ભેખધારી કાર્યકરો મળતા રહ્યા છે. એમાંના એક શ્રી મનુભાઈ જે. પટેલ (ચાણસ્મા) છે. એમની શક્તિપરીક્ષા તો એ સિપોરની માધ્યમિક શાળાના આચાર્ય હતા ત્યારથી થઈ ચૂકી હતી. એટલે ૧૯૮૪માં સર્વ વિદ્યાલયના આચાર્ય નિવૃત્ત થતાં, સિપોરના કેળવણી મંડળને સર્વ વિદ્યાલયના હિત ખાતર વિનવીને મનુભાઈની સેવાઓ મેળવી. શ્રી મનુભાઈ વયના કારણે સેવાનિવૃત્ત થયા એટલે એમની સેવાઓને સંસ્થાના મંત્રી તરીકે અંકે કરી લીધી. શ્રી મનુભાઈ પાસે કેળવણીકારની દૃષ્ટિ છે. એમની વિચારસરણી સ્વસ્થ છે. ચિંતન સાહિત્યના ચાહક છે. વહીવટ માટેનો ઉત્તમ વિવેક એમની પાસે છે. સંતુલિત સભાસંચાલન એમનો આગવો વિશેષ છે. એજન્ડા પરથી સર્વ આઇટમો અંગેની ઝીણામાં ઝીણી વિગતોથી એ એટલા બધા વાકેફ હોય છે કે સભાનું કાર્ય કશા અવરોધ વગર, વેગીલું અને પ્રમુખશ્રીને યશ આપનારું બની રહે છે. આ કાર્ય કૌશલયુક્ત કલા છે એ કોઈ શ્રી મનુભાઈ પાસેથી જાણી શકે.'' બહુવિધ રીતે સુચિંતનીય બની રહે છે. શ્રી મનુભાઈનાં પત્ની સ્વ. પુષ્પાબહેન પણ પતિના આદર્શોને ચરિતાર્થ કરવામાં ખરા અર્થમાં સહધર્મચારિણી બની રહ્યાં હતાં. તેમના પુત્ર શ્રી અરવિંદભાઈ (બી. ઈ. ગોલ્ડમેડાલિસ્ટ, એમ. એસ. યુનિવર્સિટી) છેલ્લાં ૨૦ વર્ષથી કેનેડામાં સ્થાયી થયેલ છે અને નાના ભાઈ શ્રી મહેન્દ્રભાઈ બૅંક ઑફ બરોડા, પાટણ શાખામાંથી મેનજરપદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવીને છેલ્લા ૧૦ વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલા છે. શ્રી મનુભાઈ હાલમાં વતન ચાણસ્મામાં નિવાસ કરીને **'સ્વાન્તઃ સુખાય રઘુનાથગાથા'**ની ભાવના સાથે સમાજ સેવાનાં કાર્યોમાં વ્યસ્ત રહે છે.

(સરનામું : રૂપાણીનો માઢ, ખાડિયા ચોક
પાસે, ચાણસ્મા-૩૮૪૨૨૦, જિ. પાટણ
મો. ૭૮૭૪૭૬૧૯૨૯)


*ભૌતિક વિકાસનું મૂળ વિજ્ઞાન છે. વિજ્ઞાનનું મૂળ તાજું શિક્ષણ છે. તાજું શિક્ષણ ધર્મ તથા રાજ્ય એમ બંનેથી કચડાયા વિનાના વાતાવરણમાં પ્રગટતું હોય છે. ધર્મ, જો પ્રજાના ભૌતિક અભિગમને દબાવે અથવા ઢીલો પાડે તો પ્રજાની બુદ્ધિ વિજ્ઞાનવિરોધી બની જશે. રાજ્ય જો પ્રજાના ઉત્કર્ષને પોતાની પકડ ઢીલી કરનારું તત્ત્વ સમજે તોપણ વિજ્ઞાન અવરુદ્ધ થશે. જ્યાં જ્યાં વૈજ્ઞાનિક વિકાસ સધાયો છે ત્યાં ત્યાં જોશો તો જણાશે કે ધર્મ અવરોધક નથી બન્યો અને રાજ્યસહાયક બન્યું છે. ધર્મ તથા રાજ્યનો નાશ કરી ન શકાય. માત્ર તેમની દૃષ્ટિ બદલી શકાય. જો યોગ્ય રીતે બન્નેની દૃષ્ટિ બદલાયેલી હોય તો ધર્મ તથા રાજ્ય પ્રજા માટે પરમ કલ્યાણકારી બની શકે છે. પ્રજાને ભૌતિકતાથી વિમુખ બનાવવાની જરૂર નથી. ભૌતિકતા અભિશાપ નથી પણ આશીર્વાદ છે, જો તેમાં આધ્યાત્મિકતાને પણ ભેળવવામાં આવે તો. આધ્યાત્મિકતા માનવજીવનના ઉત્કર્ષ માટે મહત્ત્વનો ફાળો આપી શકે છે. લોકો જેમ સુખસગવડોની ઝંખના કરતાં હોય છે, તેમ આંતરશાન્તિ, તૃપ્તિ તથા ઉચ્ચ મનોભૂમિકાની પણ ઇચ્છા કરતાં હોય છે. જીવન માટે સુખસગવડો જરૂરી છે. વાણીમાં સુખસગવડોને મિથ્યા કહેનારા અને એલર્જી રાખનારા પણ સુખસગવડો શોધતા હોય છે. પણ સુખસગવડોથી જ જીવન કૃતકૃત્ય નથી બની જતું. જીવનમાં બીજું પણ કાંઈક ખૂટતું હોય છે. તે છે આંતર્-પ્રસાદ, આંતર્તૃપ્તિ. એની પ્રાપ્તિ અધ્યાત્મક્ષેત્રથી થતી હોય છે.*

**– સ્વામી સચ્ચિદાનંદ**

૯

# મારા મોટા ભાઈ ઈશ્વરભાઈ

વિઠ્ઠલભાઈ અં. પટેલ



મારા મોટા ભાઈ ઈશ્વરભાઈનો કોઈ વિરોધી કે વેરી હું જાણતો નથી. સત્યાશી વર્ષની ઉંમરે પણ કોઈનું દુઃખ જોઈને હચમચી જાય. જાણીજોઈને છેતરાય, જમણા હાથે આપે અને ડાબા હાથને ખબર પણ પડવા ન દે તે જ મારા મોટા ભાઈ ઈશ્વરભાઈ.

હું એમનાથી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ કડીમાં એક ધોરણ પાછળ. તેમનો જન્મ ડિસેમ્બર ૨૬, ૧૯૩૪ના રોજ થયેલો લાગે છે. માતાનું નામ લક્ષ્મીબેન અને પિતાનું નામ અંબાલાલ. શેરથા પ્રાથમિક શાળામાં ભણતર પૂરું કરીને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી ભણવા ગયેલા. તેમની સાથેના રૂમમાં રહેનારા અને મિત્રો ચીનુભાઈ જી. પટેલ, ડરણ; ડૉ. ભાઈલાલભાઈ, પ્રો. રતિભાઈ, પ્રો. ભોળાભાઈ, પ્રો. પી. સી. પટેલ, અમારા ભાણા કનુભાઈ રામદાસ, પીતાંબરભાઈ વગેરે. આ બધા તેમના સહાધ્યાયીઓ. રજાઓમાં ઘેર આવીએ ત્યારે ખેતીનું કામ હોય જ, હોય જ અને હોય જ. અમે હોંશથી કરતા. ડાંગર વાઢતા, પુરીઆં બાંધતા, પુરીઆં ઝૂડતા, ડાંગર ઊપણતા. રાતના મોડું થાય તો મોડું પણ ડાંગર ગાડામાં ભરીને ઘેર લાવતા અને પુરીઆં સરસ રીતે ગોઠવતા. આ દિવાળીની રજાઓમાં બનતું. અમને બંને ભાઈઓને લાઇબ્રેરીનાં પુસ્તકો વાંચવાં ખૂબ ગમતાં આથી આ બધાં કામ વચ્ચે હાથમાં કોઈ કોઈ વખત પુસ્તક હોય.

અમારા ઘરનો તે સમયે સરસ નિયમ હતો. જમ્યા પછી સાંજના અગાશીમાં બેસીને પ્રાર્થના કરતા. અમે બધાં ભાઈઓ, બહેનો અને મારા પિતાજી. પ્રાર્થના પછી મારા પિતાજી આવતી કાલના કરવાના કામની વહેંચણી કરતા. સવારમાં કોઈને પૂછવાનું ન રહેતું. સૌ સૌના કામે વળગી જતા. એ દિવસો પ્રાથમિક શાળામાં મજાથી ભણવાના હતા અને ઘરનાંને બધા જ પ્રકારની મદદ કરવાના હતા.

અમારું આંબાવાડિયું હતું અમદાવાદ-મહેસાણાના ટોલનાકા પાસે. તે સમયે આ રોડ ન હતો. ઉનાળાની રજાઓમાં આંબાવાડિયું સાચવનાર મોહનબાપાને સાંજના તેમને જરૂરી લોટ, છાશ, મસાલા વગેરે આપવા જતા. પવનના કારણે પડેલી નાની કેરીઓ ઘેર લાવતા અને ચટણી બનાવતા. સાંજના જમવામાં સામાન્ય રીતે ખીચડી, ભાખરી કે બાજરીના રોટલા અને ચટણી કે અથાણું. તે સમયે હાલમાં

શાકભાજી મળે છે તે રીતે મળતાં ન હતાં. એક મહિનાનાં બટાકાં વેચાતા લાવીને સંઘરતા. સમય આવે આંબાઓ વેઢતા. એ સમયે ખેતી કરતા ન હોઈને, ગાડું અને બળદ ન હોઈને અમે માથે ઉપાડીને ઘેર કેરીઓ લાવતા. શા કારણે બનેલું તે યાદ નથી, પણ મેં ઝાડ ઉપર કેરીઓ તોડતા ઈશ્વરભાઈને નીચેથી કેરીઓ મારેલી અને વજન કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં લોખંડના ત્રાજવાની દાંડીના વચ્ચે રહેલો કાંટો ઈશ્વરભાઈને ઘોંચી દીધેલો. જાણે કે તેમની સહનશક્તિના લીધે વાગેલું કોઈને જણાવેલું નહિ. સાખ પડ્યા પછી કેરીઓ તોડેલી હોઈને પકવવા માટે ત્રીજે માળે ડાંગરનાં પુરીઆં અથવા ડુરમાં પાકવા માટે બે ત્રણ દિવસ રાખી મૂકતા. બાર આંબા હોઈને ઢગલાબંધ કેરીઓ ભાગમાં આવતી. ઉનાળો હોઈને પ્રમાણમાં મહેમાનોની અવરજવર પણ વધારે. આથી આવનાર મહેમાનને રસરોટલી કે બપોરના આરામ કરીને ઊઠે તે પછી કેરીઓ છોલીને કાપીને મરચું, મીઠું નાખીને ખવરાવતા. એ સમયે અમારા ઘરની મહેમાનગતિ વખણાતી.

પ્રાથમિક શાળામાં હતા ત્યારે મિત્રો પાસેથી બીડીઓ પીવાનું શીખેલા. નીચે પડેલાં ઠૂંઠાં બધાંની જોડે પીતા. એક દિવસ હું, ઈશ્વરભાઈ અને કૌટુંબિક મોટા ભાઈ બાબુભાઈ ત્રણે જણ આખી મળેલી બીડી વારાફરતી પીતા હતા. એ જ વખતે મારા પિતાજી ત્યાં થઈને નીકળ્યા. બાબુભાઈના ભાગનું બીડી પીવાનું પતી ગયેલું હોઈને એ બીડી પીતા ન હતા. જ્યારે અમે બંને ભાઈઓ પીવાનો વારો આવે તેની રાહ જોતા હતા કે બીડી પીતા હતા. બાબુભાઈએ તો મારા પિતાજીને કહ્યું કે, ‘જુઓ ઈશ્વર અને વિઠ્ઠલ બીડી પીવે છે.’ મારાથી બોલાઈ ગયું કે, ‘અમને બાબુભાઈએ બીડીઓ પીતાં શીખવેલું.’ અમારું ત્રણેનું આવી બન્યું. ત્યારથી મારા પિતાજી અમારી બરાબર કાળજી રાખવા માંડ્યા કે જેથી અમે એવા વિદ્યાર્થીઓની સોબતમાં ન આવીએ.

શેરથામાં એ સમયે હાઈસ્કૂલ ન હોઈને, ઘણા બધા વિદ્યાર્થીઓ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાં ભણવા જતા. બાબુભાઈ અને ઈશ્વરભાઈ મારા પહેલાં ગયા. ઈશ્વરભાઈના ગયા પછીના વર્ષે હું પણ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાં ભણવા ગયો. અમે બોર્ડિંગમાં જ રહેતા. ઈશ્વરભાઈની આંખો પહેલેથી જ ખૂબ નબળી હોઈને ચશ્માં પહેરવાં પડતાં. આના કારણે એમને રમતગમતમાં ઘણી તકલીફ પડતી. કોઈ પણ કારણ હોય પણ તેમનાં ચશ્માં વારંવાર તૂટી જતાં. તુરત જ ગામમાં જઈને હું સરખા કરાવી લાવતો. ક્યાં જતો તે યાદ આવતું નથી.

દિવાળીની રજાઓમાં અમે બીજું અગત્યનું કામ કરતા. તે સમયે જ્યાં હોય ત્યાં બહેનોને ભૂત વળગતાં. અત્યારે તો એવું જોવા મળતું નથી. બહેનોના શરીરનો કબજો મૃત પામેલી વ્યક્તિઓએ લીધો હોય તેમ બહેનો વર્તતી. એવું માનતા કે મૃત પામેલી વ્યક્તિ ભૂત થઈને તે બહેનના શરીરમાં પ્રવેશે છે. સામાન્ય માન્યતા તે સમયે એવી હતી કે ભૂતો સ્મશાનમાં રહે છે અને કાળીચૌદશના દિવસે બધાં ભૂતો મળે છે અને રમે છે. આથી અમે બંને ભાઈઓ અને બીજા એકબે મિત્રો કાળી ચૌદશની રાતે સ્મશાનમાં ભૂતોને જોવા બેસી રહેતા, પણ ખેદ સાથે જણાવવાનું કે અમને કોઈ દિવસ ભૂત દેખાયું નથી.

અમારા વાસના છેડે આવેલી ઓરડીનું સમારકામ થતું હતું, ત્યારે અમે બંને ભાઈઓ કડિયા અને સુથારને મદદ કરતા. એ બધા જમવા જાય, ત્યારે ઈશ્વરભાઈ અને અમારા બાબુભાઈ અમારા બીજા મોટા ભાઈ નટુભાઈની નોટની મદદથી ભૂમિતિ ભણતા. ઈશ્વરભાઈએ જ મને ભૂમિતિ શીખવી છે અને એના જ કારણે જ મને ભૂમિતિમાં રસ પડ્યો. અને ભૂમિતિના કારણે જ ગણિતનાં બધાં જ દ્વાર ખૂલી ગયાં. ઈશ્વરભાઈને ભૂમિતિમાં ૯૯/૧૦૦ અને મને એલજિબ્રામાં ૯૯/૧૦૦ મળેલા. અમને એ સમયે એવી ખબર હોત કે વધારે પ્રશ્નોના જવાબો આપીએ તો વધારે માર્ક્સવાળા જવાબો ગણાય. આ ખબર ન હોઈને અમે થોડા ઘણા ગુણો ખોયા તે ન ખોયા હોત. તે વખતે ગણિતમાં સારો સ્કોર લાવનારને ‘સ્વામિનારાયણ સુવર્ણચંદ્રક’ મળતો. તે બનાવનાર ચોકસી ધરમચંદ શિવદાસને મારા સૌથી મોટા ભાઈ ત્રિભોવનભાઈ કહેતા કે, ‘‘હવેના બે સુવર્ણચંદ્રકો અમારા ત્યાં જ આવવાના છે.’’ મારા મોટાભાઈની આશા ન ફળી.

ઈશ્વરભાઈની નબળી આંખોના લીધે વિજ્ઞાનને બદલે કૉમર્સ પસંદ કર્યું અને વલ્લભવિદ્યાનગર બી.જે. કૉમર્સ કૉલેજમાં દાખલ થયા. હું સર્વ વિદ્યાલય

હાઈસ્કૂલમાંથી વલ્લભવિદ્યાનગર જોવા અને ઈશ્વરભાઈને મળવા વલ્લભવિદ્યાનગર ગયેલો. અમે બધા ખેતીવાડીથી કૉલેજ જોવા ગયેલા. વલ્લભ વિદ્યાનગરથી આણંદની બસમાં વચ્ચે ઊતરીને ચાલતા ચાલતા ખેતીવાડીના કૅમ્પસમાં ફરેલા. તે સમયે ખેતીવાડીની કૉલેજનું બિલ્ડિંગ ખૂબ જ ભવ્ય લાગેલું. ખરેખર મારા માટે એ યાદગાર ટૂર હતી. પ્રથમ વર્ષ પૂરું કરીને ઉનાળાની રજાઓમાં ઈશ્વરભાઈ ઘેર આવ્યા અને મારા પિતાજીએ તેમના લગ્નની તૈયારી કરીને તેમનાં લગ્ન પણ કરાવી દીધાં. ઈશ્વરભાઈનાં લગ્ન કડી ભાઉપરામાં સ્વ. ઈશ્વરદાસ રણછોડદાસની પુત્રી મંગુબેન સાથે થયેલાં. મંગુબેનને ત્રણ ભાઈઓ તુલસીદાસ, ગુલાબદાસ અને બચુભાઈ અને એક બહેન સવિતાબેન હતાં. અમારા જ કુટુંબી ભુદરભાઈ બબાભાઈ પટેલનાં લગ્ન મંગુભાભીનાં બહેન સવિતાબેન જોડે થયા. શેરથાથી એક જ દિવસે બે જાનો ગયેલી. બંને બહેનોના લગ્ન તે જ દિવસે અને તે જ સમયે થયેલાં. ઈશ્વરભાઈએ લગ્ન પછી વિદ્યાનગરથી અમદાવાદ આવવાનો વિચાર કર્યો અને એચ. એલ. કૉમર્સ કૉલેજમાં દાખલ થયા. ઈશ્વરભાઈ અમદાવાદ હોઈને મેં પણ અમદાવાદ ગુજરાત કૉલેજમાં ભણવા જવાનો વિચાર કર્યો. ગુજરાત કૉલેજમાં ફૉર્મ ભરવા માટે અમે બંને ભાઈઓ શેરથાથી ગુજરાત કૉલેજ પૈસા બચાવવા ચાલતા ગયેલા. કૉલેજનો મુખ્ય દરવાજો ન મળતાં બીજી કોઈ રીતે પેઠેલા અને મારા નવા પાટલૂનને તેની કિંમત ચૂકવવી પડી. અણીદાર તાર પાટલૂનમાં ઘૂસ્યો અને હું ચાલ્યો આથી પટલૂનના કાપડામાં ચીરો પડી ગયો.

મેં દરબાર બૉર્ડિંગમાં રહેવાનો વિચાર કર્યો, પૈસા બચાવવા. હૉસ્ટેલમાં વધારે ખર્ચ થતું. ચાલતા જ બધે જવાનું. એ સમયે ટેલિફોન ન હતા. રવિવારે બપોરે સામાન્ય રીતે ઈશ્વરભાઈની હૉસ્ટેલે જવા નીકળતો કોઈ કોઈ વખત ઈશ્વરભાઈ પણ મળવા ચાલતા નીકળતા. બંને જણ ગુજરાત કૉલેજ અને એચ. એલ. કૉલેજ વચ્ચે મળતા. તે સમયે બધી ખુલ્લી જગ્યાઓ જ હતી. આ બધી કૉલેજો અને અધ્યાપકો જોયા પછી ઈશ્વરભાઈના મગજમાં કૉલેજમાં પ્રોફેસર બનવાનું બરાબર બેસી ગયું. ઈશ્વરભાઈનો ખ્યાલ કૉલેજમાં પ્રોફેસર બનવાનો હોઈને B. Com. થયા પછી M. Comની તૈયારી કરવા મંડ્યા. સાથે સાથે B. A. અને LL.Bના વર્ગો પણ ખરા. કોઈ પણ રીતે જોઈએ તો એકીસાથે આટલું બધું કરવું તે ખૂબ જ વધારે પડતું મહત્ત્વાકાંક્ષી હતું. તેમણે B.A. અને M.Com.ની પરીક્ષાઓ આપી. હું વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં ટ્યૂટર (Tutor) હતો અને મેં પણ M. Sc.ની પરીક્ષા આપેલી. અમારું પરિણામ તેમના પહેલાં જાહેર થયું. હું પ્રથમ વર્ગમાં પાસ થયો હોઈને મને માસિક રૂ. ૨૪૫ના પગારથી લેક્ચરર બનાવ્યો. મેં ભણાવવાનું પણ શરૂ કરી દીધું.

આ પછી ઈશ્વરભાઈનાં M.Com અને B.A.નાં પરિણામો જાહેર થયાં. કશું જ ધારવા પ્રમાણે ન હતું, ઈશ્વરભાઈ એકેમાં પાસ ન થયા. જિંદગીમાં પહેલી વખત અણધાર્યું બન્યું. તેમનાં સ્વપ્નાં ભાંગી પડ્યાં, બધું નિરાશામાં ફેરવાયું. ત્રીજા માળથી નીચે અઠવાડિયા સુધી ન ઊતરેલા. ઘણી જગ્યાએ નોકરી માટે અરજીઓ કરી, ઇન્ટરવ્યૂ આપ્યા પણ કોઈ જગ્યાએ નોકરી મળે તેવું ન લાગ્યું. હવે શું કરવું ? ધંધો કઈ જાતનો કરવો તેની બરાબર સમજ ન હતી. મારા મોટા ભાઈ અને પિતાજીની કપાસિયા, ગોળ, ખાંડ, તેલ વગેરેની દુકાન હતી. મારા સૌથી મોટા બનેવી નાથાલાલ હરગોવિંદદાસ પટેલને ટી.બી. થયેલો હોઈને મારા મોટા ભાઈ ત્રિભોવનભાઈને મારા બનેવીને સારવાર માટે મીરજ લઈ જવા પડેલા. પાંચ છ મહિના પછી પાછા આવ્યા ત્યારે કોઈ ખાસ ગરાક રહ્યા ન હોઈને દુકાન બંધ કરવી પડી. મારી બા તો એમ કહે, ''નપાસ થયો એમાં શું થયું ? અહીંયાં દુકાન કર.''

અમદાવાદ જ ગમે તેનો વેપાર કરવો તેવું ઈશ્વરભાઈએ નક્કી કર્યું, પણ નિરાશ થયેલા હોઈને હિંમત ન ચાલતી. આથી ઈશ્વરભાઈએ કહ્યું, ''વિઠ્ઠલ તું અમદાવાદ આવે તો મને સારું ફાવે.'' મારે અમદાવાદ આવવું કઈ રીતે ? એ વખતે અને હાલમાં પણ ગણિતના શિક્ષકને ટ્યૂશન મળતાં હોઈને, કોઈ ગણિતનો શિક્ષક અમદાવાદ છોડીને બહાર જતો નથી. નવી કૉલેજો સ્થપાતિ ન હતી. આથી અમદાવાદમાં એ જ સમયે તુરત જ નોકરી મેળવવી અઘરી હતી. મેં મુંબઈ Tata Fundamental Research Instituteમાં અરજી કરેલી અને ઇન્ટરવ્યૂમાં ગયેલો. મારો ઇન્ટરવ્યૂ લેનાર પ્રો. ચંદ્રશેખરે જણાવેલું કે ડૉ. પી. સી. વૈદ્યના હાથ નીચે

Ph.D. કરો. આથી મેં તે તપાસ શરૂ કરી. હું વિદ્યાનગરમાં ડૉ. પી. સી. વૈદ્યનો વિદ્યાર્થી હતો, પણ છ મહિનામાં તો તે ગુજરાત કૉલેજમાં ચાલ્યા ગયા. તદ્‌ઉપરાંત તેઓ મારા M. Sc.ના પરીક્ષક પણ હતા. આથી તપાસ કરતાં ડૉ. પી. સી. વૈદ્ય ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં પ્રોફેસર બનેલા. જ્યારે તેઓ ગુજરાત કૉલેજમાં ભણાવતા હતા ત્યારે તેમના હાથ નીચે Ph.D. કરનાર વિદ્યાર્થીને માસિક રૂ. ૨૦૦ની research scholarship મળે તેવી તેમની અરજી મંજૂર થયેલી. ડૉ. પી. સી. વૈદ્યને મળ્યો. અને જણાવ્યું કે મારે M.Sc.માં Relativityનાં પેપરો ન હોઈને ફાવશે ? તેમણે કહ્યું કે પહેલા છ મહિના relativityનું વાંચીને તૈયાર થઈ જઈશ અને મને તેમના હાથ નીચે Ph.D. કરવા પ્રોત્સાહન આપ્યું. મારે આથી વધારે શું જોઈએ ? મને ગુજરાત કૉલેજની માસિક રૂ. ૨૦૦ની રિસર્ચ સ્કૉલરશિપ મળશે તે નક્કી લાગતાં વિદ્યાનગર જઈને રાજીનામું આપ્યું. વધારેમાં વધારે એક-દોઢ મહિનો Lecturer રહ્યો. Ph.D. કરવા જવાનો હોઈને કોઈએ કોઈ જાતનો વાંધો ન ઉઠાવ્યો. મેં શેરથા ઘેર બધા જ સમાચાર લખ્યા અને સાથે સાથે લખ્યું કે સારું થયું કે ઈશ્વરભાઈ પાસ ન થયા, નહિતર નોકરી કરતા જ રહેત અને હવે કંઈક ધંધો કરવાનો જ રહ્યો. મારા પિતાજીના માટે મેં સારી નોકરીમાંથી રાજીનામું આપ્યું, જ્યારે ઈશ્વરભાઈને નોકરી મળતી નથી તે પચાવવું અઘરું હતું. મેં ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં અભ્યાસ પણ શરૂ કરી દીધો, નિયમિત વૈદ્ય સાહેબ મારા માટે સમય કાઢતા હતા. હું તેમનું સૂચવેલું કામ કરીને બીજા દિવસે મળતો. અમારા શેરથાના મિત્ર જયંતીભાઈ સોમનાથનું કુટુંબ શાહપુરમાં વનમાળી વાંકાની પોળમાં રહેતું હતું અને ત્યાં બે રૂમો ખાલી હતા જે અમે ભાડે રાખ્યા.

શેરથાની સીમમાં અમારી જમીનો છૂટીછવાયી છે, પણ જ્યાં અમારી વધારેમાં વધારે જમીનો છે તેને અમે 'વાડા'થી ઓળખીએ છીએ. હું હાલમાં જ્યાં રહું છું તે વાડાનો ભાગ છે. ૧૯૫૦ની આસપાસ રીતસર ખોદીને કૂવો બનાવેલો તે અમે બનતો જોયો છે અને તે માટે જરૂરી ચીજો લાવવા લઈ જવા માટે કામ પણ કર્યું છે. અમારા સૌથી મોટા ભાઈ ત્રિભોવનભાઈ સાહસિક અને અખતરા કરનારા. કૂવામાંથી ઉપર પાણી લાવવા માટે એન્જિન અને પંપ ઈ. સ. ૧૯૫૩ની આસપાસ લાવેલાં. એન્જિન કૂવા ઉપર અને પંપ પાણીની સપાટીની ઉપર મજબૂત લાકડું ચોંટાડીને તેના ઉપર (પંપ) રાખતા. એન્જિનના પૈડાંને અને પંપના પૈડાંને પટ્ટાથી જોડવામાં આવે. એન્જિન ચાલે એટલે પૈડાં ફરે અને પૈડું ફરે એટલે પંપ ફરે. અને પંપના ફરવાથી તેને જોડેલી પાઇપમાંથી પાણી કૂવા ઉપર બહાર આવે. પંપ નીચે હોઈને ત્યાં જવા માટે સીડી જેવું કંઈ હોવું જોઈએ. લોખંડની સીડી તે સમયે મોંઘી પડતી હોઈને બે મજબૂત લાંબા દોરડાં લઈને દર ફૂટે એરંડાના મજબૂત ટુકડાઓ બાંધી દેતા અને સરસ સીડી ઉપર-નીચે જવા તૈયાર કરેલી.

ઉનાળાની રજાઓમાં કચ્છ અને કાઠિયાવાડથી રબારીઓ ઘેટાંનાં ટોળાં લઈને ઘાસ ખવરાવવા ઉત્તર ગુજરાતમાં આવતા. આવું એક ટોળું વાડાની આસપાસ આવેલું. બધે ઘેટાંઓ ઘાસ ચરતાં હતાં. એન્જિનવાળા કૂવાથી લગભગ ૨૦૦-૩૦૦ ફૂટ દૂર બીજો અવાવરો કૂવો છે. આજુબાજુ સરસ ઘાસ ઊગેલું. એક ઘેટું ચરતું ચરતું તે કૂવાની નજીક આવી ગયું અને એ અવાવરું કૂવામાં પડી ગયું. એક કલાક પછી માલિકને ખબર પડી કે ઘેટું કૂવામાં પડી ગયું છે. અમે બંને ભાઈઓ તે સમયે ત્યાં હતાં. આથી રોતાં રોતાં શું બન્યું છે તે અમને કહ્યું. હવે આ ઘેટાને એ કૂવામાંથી બહાર કાઢવું શી રીતે ? ઈશ્વરભાઈની નજર સીડી ઉપર પડી અને મને કહ્યું કે સીડી ત્યાં લઈ જઈએ. કૂવાની નજીક ઝાડ હોઈને ઝાડના થડે બાંધીને સીડીને કૂવામાં ઉતારીએ. બીજાં દોરડાંઓ હતાં તે કૂવામાં લટકાવીએ. ઊતરેલો ભાઈ ઘેટાને આ દોરડાથી બાંધે. ઉપરવાળા ધીરે ધીરે દોરડું ખેંચીને ઘેટાને ઉપર ખેંચી લાવે. એ સમયે એ સવાલ ન ઊપડ્યો કે અંદર સાપ હોય તો શું ? અમે બધા દોરડાની સીડી અને દોરડાં ત્યાં લઈ ગયા. સીડીને ઝાડે બરાબર બાંધી. હવે કૂવામાં ઊતરે કોણ ? પેલા રબારીઓ તો ખૂબ જ પોચા નીકળ્યા. ઈશ્વરભાઈ ઊતર્યા. નસીબજોગે એકલું ઘેટું જ દેખાયું. લટકાવેલું દોરડું ઈશ્વરભાઈએ ઘેટાના પેટે બાંધ્યું.

અમે બધાએ દોરડાને ખેંચીને ઘેટાને ઉપર લાવ્યા અને જેવું દોરડું છોડ્યું કે તેવું જ તે ખૂબ જ આનંદથી દોડ્યું તે જોવા જેવું હતું. પછી તો બધું પાછું લઈ જઈને હતું ત્યાં બધું મૂકી દીધું.

ચોમાસામાં વરસાદના પાણીના કારણે કૂવામાં આવતું પાણી વધે એટલે કે પાણીની સપાટી અધ્ધર આવે. આ કારણે પંપને રાખવા બે માળ જોઈએ. ઉનાળા માટે નીચેનો અને શિયાળા અને ચોમાસા માટે ઉપરનો. આ બધું કામ સૌથી મોટા ભાઈ ત્રિભોવનભાઈ કરતા. ૧૯૫૭માં જ તેમને ભગંદર થયેલું. આથી વજન ન ઉપાડાય અને વાંકા ન વળાય. બધા પાકો માટે એન્જિન ચાલુ કરવું જરૂરી હતું. ઈશ્વરભાઈએ હજુ બરાબર ધંધો ચાલુ કર્યો ન હતો. અને હું વિદ્યાનગરથી છૂટો થઈને આવેલો. અમે બે ભાઈઓ અને જમીનો વાવનારાઓના બે પુત્રો. આ બંને પ્રજાપતિ. અમારી ચાર જણાની ટીમ. સૌથી પહેલા પંપ છૂટો કરવા માટે ચાર બોલ્ટ કાઢવા પડે. આ બધા કૂવાના પાણીમાં. મહામહેનતે ખૂલ્યા. આ ખોલેલા પંપ સૌથી ઉપરના માળે લઈ જવાનો. દોરડાંઓ બાંધીને ખેંચીએ પણ કોઈ જાતની મચક જ ન આપે. કોઈ એકાદ જણ આવે તો સરળ થાય પ્રભુએ કોઈને ન મોકલ્યો. આખરે ઉપાડીને ઉપલા માળે મૂકીને બોલ્ટ ચઢાવી દીધા. મહામહેનત માંડ બન્યું. એ દિવસે એવું લાગ્યું કે ખેતી કરતાં કોઈ બીજો ધંધો સારો !!

શરૂઆતમાં મારા પિતાજીના ઓળખીતા સંતના કહેવાથી તેમના ઓળખીતા સાથે મિલોનો લોખંડનો ભંગાર એકઠો કરીને વેચવાનો ધંધો શરૂ કર્યો, પણ ન ફાવ્યું. એટલામાં ઈશ્વરભાઈના બે મિત્રો મળ્યા. એમાંના દલસુખભાઈ મિસ્ત્રી (લોખંડના વેપારી)ના ત્યાં નોકરી કરતા હતા. તેમણે કોઈ વેપારી પાસેથી ૬ બાજુવાળા સળિયા ખરીદી લાવવા જણાવ્યું. ઈશ્વરભાઈના ત્રીજા ભાગીદાર ડરણના ઈશ્વરભાઈ. આ બંને એચ.એલ. કૉમર્સ કૉલેજમાં સાથે ભણતા. તદ્ઉપરાંત મારા મોટા ભાઈ કડીના ખાસ મિત્ર ચીનુભાઈના (ડરણના) મિત્ર. ડરણવાળા ઈશ્વરભાઈ ઉત્તર ગુજરાત પાટીદાર સોસાયટીમાં રહેતા. તેમની રૂમ ઉપર ધાબું હતું. આથી બંને ઈશ્વરભાઈઓ મારા પિતાજી અને મોટા ભાઈના પૈસાથી માલ ખરીદી લાવ્યા અને ડરણવાળા ઈશ્વરભાઈના ધાબા ઉપર માલ ચઢાવી દીધો. દલસુખભાઈ ડરણવાળા ઈશ્વરભાઈની સામે રહે અને આથી મિત્રો બનેલા.

મારા પિતાજી અને મારા મોટા ભાઈ ત્રિભોવનભાઈ ખેતી કરાવતા અને સાથે સાથે દૂધ માટે ત્રણ ભેંસો રાખતા. ખાતાં ખાતાં વધે તે દૂધ વેચાતું અને તેમાંથી પૈસા મળતા. ઘરનાં બધાં મહેનત કરતાં. મરચાંની ખરી પણ ખરી. રૂની દલાલી પણ ખરી. એટલે અમારા ઘરનાં બધાં મહેનત કરતાં. સાથે સાથે નાણાં ધીરધારનો પણ ધંધો. નસીબજોગે શેરથાના રબારી મંદિરના મહંત ગોરધનભાઈ મારા પિતાજીના મિત્ર અને સાચા હિતેચ્છુ. અમે ભણવાનું પૂરું કરવાની તૈયારીમાં હતા ત્યારે મહંતે મારા પિતાજીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, ‘‘અંબાલાલભાઈ, ઈશ્વર અને વિઠ્ઠલને પરદેશ ભણવા જવા માટે કે વેપાર માટે પૈસાની જરૂર પડશે. આથી પૈસા ધીરવાના બદલે પૈસા તમારી જોડે જ રાખજો.’’ મારા પિતાજીને મહંત ઉપર ખૂબ જ વિશ્વાસ, આથી ઈ. સ. ૧૯૬૦ની આસપાસ તેમની બચત ૨૦ હજાર રૂપિયા જે તે સમયે અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં ૪૦૦ ચો. વા.ના પ્લોટમાં ૨૫૦૦ ચો. ફૂ.ના બાંધકામનો બંગલો સરળતાથી ખરીદી શકે. જેમ જેમ જરૂર પડે તેમ તેમ આ પૈસા મળી શકે. પણ ધંધો બરાબર ન ચાલ્યો તો શું ? અમને પૈસા લેતાં ડર લાગતો હતો. પણ છપેલું (૬ બાજુવાળા સળિયા) તો આ પૈસાથી ખરીદી લાવેલા. દલસુખભાઈએ જણાવ્યું તેમ વેચ્યું અને ૨૦૦૦ રૂ. નફો થયો.

## ડી. ઈશ્વરલાલની કંપની

આ ૨૦૦૦ રૂ.નો નફો દિલ્હી દરવાજા બહાર સિંધી માર્કેટમાં ૩૭ નંબરની દુકાનની પાઘડી આપવામાં ગયા. આ ૨૫ x ૧૨ની દુકાનો અમદાવાદ મ્યુનિસિપાલિટીએ હિંદુસ્તાનના ભાગલા પડ્યા ત્યારે પાકિસ્તાનથી આવેલા નિરાશ્રિતો માટે હતી. કોઈ નિરાશ્રિતે અમને વેચી. ત્રણ ભાગીદારો અને માલસામાન માટે ઘણી નાની જગ્યા ગણાય. પણ છ મહિના પછી બીજે ગોડાઉન ભાડે રાખ્યું. શેરથાથી બધું અનાજ આવતું. મને સ્કૉલરશિપના રૂ. ૨૦૦ મળતા અને હું બેત્રણ ટ્યૂશન પણ કરતો. અમારાં લગ્ન થયાં અને લતિકા પણ હાઈસ્કૂલમાં ભણાવતી. માસિક પગાર રૂ. ૧૫૦ હતો પણ રૂ. ૫૦ આપતા. શેરથા પણ મારા પિતાજી, બા, મોટા ભાઈ, મોટાં ભાભી જે કંઈ ખેતીવાડીમાં કમાય તે બધું જ ડી. ઈશ્વરભાઈમાં જતું. મારા મોટા ભાઈ જેમ અમારી જરૂરિયાત જુએ તેમ પૈસા લાવીને આપે જ જાય. ત્રણે ભાગીદારોએ અમારી મૂડી

માટે મારા મોટા ભાઈ ત્રિભોવનભાઈને ૧૬ પૈસા ભાગ આપ્યો અને દરેક ભાગીદારનો ૨૮ પૈસા ભાગ. ધારવા કરતાં પ્રમાણમાં સરસ ધંધો ચાલવા માંડ્યો. ચાર વર્ષે અસારવા હાઈસ્કૂલની જોડે ૬૦૦ ચો. વા. પ્લોટ ગોડાઉન માટે ખરીદ્યો.

અમે જ્યાં ભાડે રહેતા હતા તેમનાં મોટાં બહેન ડઈબેન અમદાવાદ મ્યુનિસિપાલિટીની પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતાં. તેમણે બધા ભાઈઓને અમદાવાદ લાવીને ભણાવ્યા અને દરેકને મકાન પણ બનાવી આપ્યાં. બહુ જ સરસ સ્વભાવ. તેમણે તેમના ભાઈ માટે સાબરમતીના કિનારે બંધાતી માસ્તર કૉલોનીમાં ટેનામેન્ટ નોંધાવેલું અને એમણે અમને પણ જણાવ્યું. ડી. ઈશ્વરલાલની કંપનીથી દૂર ન હોઈને અમે પણ નોંધાવ્યું. કૉન્ટ્રાક્ટનું નામ માસ્તર હોઈને કૉલોનીનું નામ 'માસ્તર કૉલોની'. મારા પિતાજીને ખબર પડી એટલે એમને ચિંતા થઈ કે આ બધા મકાનોમાં પૈસા રોકશો તો ધંધો કઈ રીતે કરશે ? તેમને સમજાવ્યું કે, ''આપણે ફક્ત ૨૦૦૦ રૂ. આપવાના છે. મકાનની કિંમત રૂ. ૧૨,૦૦૦ જરીયે ખોટી ન ગણાય. દશ હજાર રૂપિયાની બૅન્કની લોન મળશે. વ્યાજ અને મુદ્દલનો થોડોક ભાગ ગણીને આપણે માસિક ૬૫ રૂ. બૅન્કને ભરવાના જે લગભગ ભાડા જેટલું જ થાય.'' જ્યારે બરાબર ખબર પડી ત્યારે ખૂબ જ ખુશ થયા. સમજ્યા પછી તેમને આનંદ થયો. અમે ૧૯૬૩માં માસ્તર કૉલોનીમાં રહેવા આવ્યા. ઉપર બે માળ કમાતાં કમાતાં બાંધ્યા. અને સમયાન્તરે બાગ બગીચાની થોડીક જમીન સાથેનું સરસ મકાન મિહિરે તેમના માટે બાંધ્યું અને ૨૦૦૦માં ઈશ્વરભાઈ અને મંગુભાભી જીવનદીપમાં રહેવા આવ્યાં.

બધુ પ્રમાણમાં સારું ચાલતું હોઈને ઈશ્વરભાઈએ જોયું કે પૈસાની ખાસ તકલીફ નથી આથી મને કહ્યું, ''અમેરિકા કે બ્રિટનમાં ભણવા જઈને Ph.D. થા અથવા મુંબઈ જઈને લોખંડની દુકાન કર.'' મુંબઈનું નામ જ મને ટ્રેનોની યાદ આપે છે. ટ્રેનમાં ઘૂસવું અને ટ્રેનમાંથી બહાર નીકળવું મને ધ્રૂજાવી નાખે છે. એટલે કે મુંબઈ જવાનું વિચારવું અઘરું હતું. ઈશ્વરભાઈને અમેરિકા ભણવા જવાનું અને ભણવાનું ખર્ચ આપવાનું હોય તો કેટલું થાય તેની બરાબર ખબર ન હતી.

ધીરે ધીરે સારું કમાતા થયા એટલે ઈશ્વરભાઈ પહેલા રૂ. ૫૦૦૦ લઈને પહોંચ્યા શેરથાની હાઈસ્કૂલે. તે સમયે અમારા બાબુભાઈ શેરથા કેળવણી મંડળના પ્રમુખ હતા. તેમણે ઈશ્વરભાઈને કહ્યું કે, '' ઈશ્વર તને જ ઈશ્વરે મોકલ્યો છે. અમારી પાસે શિક્ષકોને પગાર આપવાના પૈસા જ નથી. આમાંથી અમે પગાર આપી શકીશું. તું અમારો 'ભામાશા' છે.'' ત્યારથી ઘણા લોકો ઈશ્વરભાઈને 'ભામાશા' તરીકે ઓળખે છે. પ્રમુખ બન્યા અને ઘણાં વર્ષ પ્રમુખ રહ્યા. ઈશ્વરભાઈને મન બધા જ માણસો સરખા. માણસ માણસ વચ્ચે કોઈ ભેદભાવ નહિ. ઠાકોરો ભણે નહિ તે ઈશ્વરભાઈને ખૂબ જ રગડ્યા કરે. ઈશ્વરભાઈને ઘણી વખત કંઈક કરવાની ઇચ્છા થાય પણ શું કરવું છે તેની ખબર ન પડે. એક દિવસ હિંમતથી શેરથા કેળવણી મંડળને જણાવ્યું કે ઠાકોરવાસમાં જ બાલમંદિર, ૧ અને ૨ના વર્ગો ચલાવશે જેથી બાળકો ઠાકોરવાસમાં જ ભણી શકે. ઠાકોરવાસમાં જમીન મળતાં જ બે સરસ મજાના રૂમો બાંધી દીધા. છોકરાંને કપડાં યુનિફૉર્મ આપતા. ઈશ્વરભાઈ દર શનિવારે આ બાળકો માટે ભાત ભાતનો નાસ્તો લઈને જતા. બધાં બાળકોને પ્રેમથી ખવરાવતા. આના કારણે છોકરાંની સંખ્યા વધતી જ રહી. આ બાળકો પ્રાથમિકશાળા અને હાઈસ્કૂલમાં ભણવા માંડ્યા. શેરથાની હાઈસ્કૂલમાં પહેલાં ત્રણ જ ટકા ઠાકોરો હતા અને તેના બદલામાં હાલમાં હાઈસ્કૂલમાં ઠાકોરોના ત્રીસથી ચાલીશ ટકા બાળકો છે.

આ મકાનનો ઉપયોગ શનિ કે રવિવારે દવાખાના તરીકે થાય છે. ઈશ્વરભાઈ ડૉક્ટર લાવવા-લઈ જવાનું ખર્ચ, મહેનતાણું તથા જરૂરી દવાઓનો ખર્ચ આપે છે. સોથી દોઢસો દરદીઓ દર અઠવાડિયે આનો લાભ લે છે.

### નવનિર્માણ બૅન્ક

નવનિર્માણ બૅન્ક લોખંડના વેપારીઓને સરળતાથી ઓછા વ્યાજના દરે ધિરાણ મળે અને ડિપોઝિટનું વ્યાજ વધારે મળે તે આશયથી સહકારી બૅન્ક સ્થાપેલી. શરૂઆતના વર્ષોમાં ખાધ કરતી હતી. ઈશ્વરભાઈ ૧૯૭૨માં ચૅરમૅન તરીકે ચૂંટાયા અને જ્યારે ૨૦૦૭માં ઉંમરના કારણે નિવૃત્ત થયા ત્યારે ૧૪ શાખાઓ હતી. કરોડો રૂપિયાનો નફો પણ ખરો.

અમેરિકાથી આવતો ત્યારે ઈશ્વરભાઈની સાથે બૅન્કોમાં જતો. રાણીપની બૅન્કમાં સેફ ડિપોઝિટ વૉલ્ટનું કામ ચાલતું હતું તે જોવા ગયેલા. બધું જોયા પછી ઘેર

આવવા નીકળતા હતા ત્યાં મૅનેજરે જણાવ્યું કે, ''સાહેબ, ચા પીને જાવ.'' ઈશ્વરભાઈએ જણાવ્યું કે, ''સાહેબ, આજે તો સમય નથી. ફરીથી આવીશું ત્યારે જરૂરથી ચા પીશું. અમે આવ્યા છીએ એટલે આ રૂ. ૩૦૦ આપું છું તેનો આઇસક્રીમ લાવીને ખાજો.'' મૅનેજરે કહ્યું, ''આ પૈસા તો ઘણા વધારે છે.'' ઈશ્વરભાઈએ કહ્યું કે, ''બે વખત લાવીને ખાજો.''

ઈશ્વરભાઈને ચૅરમૅન તરીકે બૅન્કે ગાડી અને ડ્રાઇવર આપવાનો ઠરાવ પાસ કર્યો. ઈશ્વરભાઈએ બૅન્કની ગાડી વાપરી જ નથી. ઈશ્વરભાઈ બૅન્કના ધિરાણ માટે ઘણાના સાક્ષી બન્યા હતા. તે લોકો કોઈ કારણસર ભરી શક્યા ન હોય તો ઈશ્વરભાઈ તે રકમ ભરી હોય તો મને નવાઈ લાગશે નહિ. ધ્યાને લેવું રહ્યું કે જ્યાં સુધી પોતાના માટે સહકારી મંડળીના પૈસાનો ઉપયોગ કરવામાં ન આવે ત્યાં સુધી સહકારી મંડળીઓને કોઈ પણ જાતની આંચ આવતી નથી.

## સિમેન્ટના પ્લાન્ટ અને પેપરમિલની મશીનરી

ઈશ્વરભાઈ કોઈ કોઈ વખત મિત્રોને જરૂરિયાત હોય અને તેમની પાસે ફાજલ પૈસા પડ્યા હોય (સામાન્ય રીતે ઘરના) તો પૈસા ધીરતા અથવા ઉછીના આપતા. આવા એક મિત્ર શેલાવીના પ્રહ્‌લાદભાઈ. મારી રીતે આ ગુજરાતનું ચીંથરે બાંધેલું રત્ન. ફક્ત ને ફક્ત ગુજરાતી ચાર ચોપડી ભણેલા. સિમેન્ટના પ્લાન્ટની અને પેપરમિલની મશીનરી બનાવીને વેચનાર. કુલ્લે પાંચ ભાઈઓ : અંબાલાલભાઈ, પ્રહ્‌લાદભાઈ, ડૉ. ગોવિંદભાઈ, કાન્તિભાઈ અને નારણભાઈ. કાન્તિભાઈ અમેરિકામાં મોટલોનું સામ્રાજ્ય બનાવીને બેઠા છે. બાકીના ચાર ભાઈઓ તે સમયે આને લગતી મશીનરી બનાવતા. આ મશીનરી માટેનું લોખંડ ઈશ્વરભાઈની કંપની ડી. ઈશ્વરલાલની કંપની લાવી આપતી. લાંબા ગાળા માટે આડકતરી રીતે પૈસા ધીરતી. થોડાક વખત પછી ડી. ઈશ્વરલાલની કંપની પ્રહ્‌લાદભાઈની બધી કંપનીઓમાં ભાગીદાર બની.

મોટી ભારે પ્લેટોનું રોલરો બનાવવા વાળવી પડે. જર્મની આ માટેનું મશીન ખરીદવા ઈશ્વરભાઈ અને પ્રહ્‌લાદભાઈ ગયેલા. આ મશીન ખૂબ જ મોંઘું લાગતાં ખરીદ્યા વગર પાછા આવ્યા. અને પ્રહ્‌લાદભાઈએ તેવું જ મશીન તેમની ફૅક્ટરીમાં બનાવ્યું અને વાપરતા હતા. સિમેન્ટ પ્લાન્ટની મશીનરીના ઑર્ડરો મળતા અને સરસ રીતે પ્લાન્ટ બાંધી આપતા. પેપરમિલની મશીનરીના અનુભવ માટે કડીના રોડ ઉપર છત્રાલ નજીક 'શેલાવી પલ્પ અને પેપરમિલ' બનાવી. બધી જ મશીનરી પ્રહ્‌લાદભાઈની કંપનીઓમાં બનેલી.

ચારે ભાઈઓએ દર મહિને નિયમિત પગાર લેવાની પ્રથા ન રાખી હોઈને ઉઘરાણીના આવેલા પૈસા લાવનાર લઈ જતો. આના કારણે કંપનીઓ વહેંચવાની થઈ. ડી. ઈશ્વરલાલના ઘણા પૈસાનું રોકાણ આ કંપનીઓમાં થયેલું હોઈને ડી. ઈશ્વરલાલને પણ તેમના પૈસા માટે આમાંની કોઈ કંપની ખરીદવાની તૈયારી રાખવી પડે. એ જ સમયે મિહિર અમેરિકાથી પાછો આવેલો. તે Electronics અને communicationsનું ભણેલો અને તે દિશામાં બધું ઘણું વિચારીને આવેલો, પણ બધા પૈસા બચાવવા માટે ઈશ્વરભાઈએ અને મિહિરે 'શેલાવી પલ્પ અને પેપરમિલ્સ' લેવાનો વિચાર કર્યો અને એના માટે હરાજી બોલીને ખરીદી. આજે પણ તે મિલ મિહિર ચલાવે છે.

## લિન્કન ફાર્માસ્યુટિકલ્સ (Lincoln Pharmaceutical)

મંગુભાભીના ભાઈ ગુલાબદાસના દીકરાને ફાર્મસીમાં ભણવા જવું હતું. અમદાવાદ જગ્યાઓ ભરાઈ ગઈ હતી. ખંભાતમાં કદાચ કોઈની ઓળખાણ હોય તો ફાર્મસીમાં ઍડ્‌મિશન મળે. મારા M.Sc.ના સાથીદાર અને ખાસ મિત્ર સી. એચ. પ્રજાપતિ ખંભાત સાયન્સ કૉલેજના આચાર્ય. ઈશ્વરભાઈને ચતુરભાઈ સારી રીતે ઓળખતા હતા. ઈશ્વરભાઈ રજનીભાઈને લઈને પ્રજાપતિને મળ્યા અને પ્રજાપતિના કારણે રજનીભાઈ ખંભાત ફાર્મસી કૉલેજમાં ભણવા ગયા. પછી ખંભાતથી અમદાવાદ એલ. એમ. ફાર્મસી કૉલેજમાંથી ગ્રેજ્યુએટ થયા. રજનીભાઈને સારી નોકરી મળેલી, પણ ઈશ્વરભાઈના કહેવાથી એ નોકરી ન સ્વીકારી. અને નાના પાયે ધંધાની શરૂઆત કરી. બંને ઈશ્વરભાઈઓએ શરૂઆતના વર્ષોમાં લીન્કનમાં મોટાં રોકાણ કરેલાં. જેમ જેમ ધંધાનો વિકાસ થતો ગયો તેમ તેમ પૈસાની ઘણી

મોટી જરૂરિયાત રહેતી. ઈશ્વરભાઈ નવનિર્માણ બૅન્કના ચૅરમૅન હોઈને ઘણી બૅન્કોવાળા ઓળખતા હતા અને ઈશ્વરભાઈને પૈસા ધીરવા માટે ના ન પાડતા. શરૂઆતના ઘણાં વર્ષો બંને ઈશ્વરભાઈઓ બૉર્ડ ઑફ ડિરેક્ટર્સમાં હતા.

ડી. ઈશ્વરલાલે બીજાં બે મોટાં ગોડાઉનો ખરીદ્યાં. ત્રણે ભાગીદારો પ્રમાણિકતાથી મહેનત કરતા હતા. હું નથી માનતો કે કદીએ જાણીજોઈને વજન ઓછું આપ્યું હોય. હું પણ મારી જિંદગીમાં અગત્યનાં પાંત્રીસ વર્ષ અમેરિકા રહ્યો. ૧૯૬૫માં હું અમેરિકા ભણવા ગયો. સ્કૉલરશિપ કે ટીચિંગ આસિસ્ટન્ટશિપ વગર ત્યાં ગયા પછી ટીચિંગ આસિસ્ટન્ટશિપ મળી પણ તેમાં મારાં પત્ની અને બાળકોનો ગુજારો ન થઈ શકે. આથી મારાં બે બાળકો અને મારાં પત્ની મારા પિતાજીની સાથે શેરથા રહેતાં. Ph.D. માટે ચારથી પાંચ વર્ષ જોઈએ. ઈશ્વરભાઈને લતિકા શેરથા રહે તે ગમતું ન હતું. આથી તેમણે મારાં બંને બાળકોને તેમની સાથે અમદાવાદ રાખ્યાં અને લતિકાને અમેરિકા મોકલી. મારું ભણવાનું પૂરું થતાં મને હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીમાં ભણાવવાનું મળ્યું. ત્યારે હું ઘેર પાછો આવ્યો અને મારી પુત્રી હેમાક્ષીને લઈ ગયો. જ્યારે મિહિર ઈશ્વરભાઈ સાથે રહીને અગિયારમું ધોરણ પૂરું કરીને અમેરિકા આવ્યો.

ડી. ઈશ્વરલાલની કું. એ શેરથા કેળવણી મંડળ, સરસ્વતિ કેળવણી મંડળ, નાની કડીના માટે ઘણુંબધું કર્યું છે. આખરે ત્રણે ભાગીદારો યુવાન ન રહેતાં ૨૦૦૨ કે ૨૦૦૪માં ભાગીદારી છૂટી કરવાનો વિચાર કર્યો. ૧૯૬૦માં ડી. ઈશ્વરલાલથી કંપની શરૂ થયેલી. ત્રણ મોટાં ગોડાઉનો હતાં. જેવો વિચાર થયો કે તુરત જ ફક્ત ચાર જ કલાકમાં બધું વહેંચી લીધું. જે જે ગોડાઉનો પર જે હતા તેમના ભાગ તે આવ્યાં. હજુ સુધી ત્રણે ભાગીદારોનાં કુટુંબો કુટુંબીજનો કરતાં ઘણી સારી રીતે સંબંધો રાખે છે. એકબીજાના સારા-ખોટા પ્રસંગે બધા હાજર હોય.

ઈશ્વરભાઈ ૨૦૨૦ સુધી તેમની ઑફિસે નિયમિત જતા. હવે ખરેખર ચાલવાનું અઘરું થયું છે. પહેલાં ૨૦૧૦ સુધી શેરથા આવે તો ખેતરમાં ફરતા. હવે શેરથા, બેસવા અને જૂની વાતો યાદ કરવા આવે છે. તેમનો ધંધો મારા મોટા ભાઈ ત્રિભોવનભાઈના પુત્ર ભગીરથભાઈ અને ભગીરથભાઈના પુત્ર સિદ્ધાર્થે ઉપાડી લીધો છે.

ઈશ્વરભાઈને સમાજસેવા કરવાનો જિંદગીનો ધ્યેય હતો તે શેરથા કેળવણી મંડળના પ્રમુખ, નવનિર્માણ બૅન્કના ચૅરમૅન થઈને પૂરો કર્યો છે. અઠવાડિયામાં એક દિવસ દાકતરનું ખર્ચ અને દવાઓ આપીને તેમણે સમાજની સારી સેવા કરી છે.

છેલ્લે સીધેસીધી વાત : અમે જ્યારે સર્વ વિદ્યાલયમાં ભણતા ત્યારે કોઈ દિવસ પૈસા કમાવાનો વિચાર કરેલો નથી. બહુ જ મોડા ખ્યાલ આવ્યો કે પૈસા હોવા એ અગત્યનું છે, પણ સમય ગયો. જે સમય મળ્યો તેનો બરાબર ઉપયોગ કરીને ઈશ્વરભાઈએ ડી. ઈશ્વરલાલની કંપની, શેલાવી પલ્પ ઍન્ડ પેપરમિલ્સ અને લીન્કન ફાર્માસ્યુટિકલ્સ ઊભાં કરવામાં ખૂબ જ અગત્યનો ફાળો આપ્યો છે. પરિવારના લગભગ બધાંને સામાજિક રીતે તેમનાથી થાય તેટલી મદદ કરી છે. આ સિવાય તેમના માટે કામ કરનારાઓને પણ ઉદાર હાથે મદદ કરી છે.

સર્વ વિદ્યાલય, કડીને પણ ઘણું આપ્યું છે.

(૧) I. A. Patel University Bhavan, Gandhinagar
(૨) Amablal H. Patel Indoor Games and Multipurpose Hall
(૩) MIPLVL School of Social Sciences

અને જો KSV કામ કરી બતાવે તો ઈશ્વરભાઈ તરફથી ઘણું મળી શકે.

આ સિવાય ઈશ્વરભાઈએ યથાશક્તિ બીજી ઘણી જગ્યાએ જરૂરી મદદ કરી છે.

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,
મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર
મો. ૯૪૨૮૦૧૯૦૪૨

૧૦

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ



**Seven Steps to Success : Pathways for Better, Richer and Quicker Results in Life / by Narsinbhai K. Patel.** Ahmedabad : Mamata-AMA Centre for Indian Wisdom for Management, 2010. 97p. + 5p. Rs. 40. First Published in 2005.

જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવવા માટે - વ્યક્તિત્વ વિકાસ માટે દેશ - વિદેશના લેખકો જેમકે નેપોલિઅન હીલ, ડેલ કાર્નેગી, નોર્મન વિન્સન્ટ પિલ, ઝિગ ઝિગ્લર, શિવખેરા, વનરાજ માળવી, જિતેન્દ્ર અઢિયા, વગેરેનાં ઢગલાબંધ પુસ્તકો ઉપલબ્ધ છે. આ બધાં પુસ્તકોમાં ચીંધેલ માર્ગે પ્રવૃત્ત થઈ પ્રયાસ કરવામાં આવે તો સંભવ છે કે સફળતા મળી પણ શકે; પરંતુ, આ માટે જરૂર છે ચીંધેલ માર્ગને સમજવાની, આત્મસાત કરવાની અને વિજેતાપૂર્ણ આત્મવિશ્વાસ - હકારાત્મક વલણ સાથે સંકલ્પબદ્ધ બની આજે જ કઠોર પરુષાર્થ શરૂ કરી ક્ષમતાઓ કેળવવાની. સમીક્ષિત પુસ્તક એ આ બધા માર્ગોની ચાવી બતાવે છે કે જેના કર્તા ભારતમાં પ્લાસ્ટિક ઉદ્યોગની મશીનરીના પ્રણેતા, લબ્ધપ્રતિષ્ઠ ટેકનોક્રેટ, આપણી જ વચ્ચે જીવી ગયેલા અને આપણા જ પ્રદેશમાં જન્મેલા - પલ્લવિત - પુષ્પિત થયેલા મૂઠી ઊંચેરા માનવ એવા ટાટા સ્કોલર શ્રી નરસિંહભાઈ કે. પટેલ છે. અહીં તેમણે એક ઉદ્યોગપતિ તરીકે પોતાની સુદીર્ઘ કારકિર્દી દરમિયાન પ્રાપ્ત અનુભવો તેમજ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓના દષ્ટિસંપન્ન અને કુશળ સંચાલક તરીકે કેળવેલ પરિપકવ શૈક્ષણિક અભિગમનો સુભગ સમન્વય કરીને જીવનમાં સફળતા હાંસલ કરવા માટે વ્યવહારુ દિશા-નિર્દેશ કર્યો છે, જેમાં એક નીવડેલા કેળવણીકારનો જીવ ધબકતો દષ્ટિગોચર થાય છે. આ ગ્રંથની કેટલીક આગવી વિશેષતાઓ જેમ કે તેની લાઘવતા, ટૂંકાં ટૂંકાં વાકયોમાં સ્પષ્ટ, સરળ અને પ્રવાહી ભાષાભિવ્યકિત અને મુદ્દાસર રજૂઆત. એકી બેઠકે પૂરું કરવા બાધ્ય કરે તેટલું મનભાવંત. આ ઉપરાંત કેટલાક મુદ્દાઓની પ્રત્યક્ષ સમજૂતિ માટે તદ્દ્રૂપ સુરેખ ઘટનાઓ તેમજ સુપ્રસિદ્ધ ચિંતકોનાં વિચાર મૌકિતકોની ગૂંથણી વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

અહીં ગ્રંથારંભે 'Pathways to Success' - સફળતાનો રાજમાર્ગ ચીંધી આપતાં 'Suceess and happiness Start with self and are achieved by training and not by the position of the time of one's birth' ને પાયાનો મંત્ર જણાવીને અર્થાત્ આપણી પરંપરાગત માનસિકતાનો ભ્રમ ભાગીને 'The Journey of Life' અંતર્ગત સફળતા એટલે વ્યક્તિગત વિકાસ, વધુમિત્રો, સંપત્તિ, સારુ આરોગ્ય, સુખશાન્તિ અને સુરક્ષા, મનની શાંતિ, પ્રેમ અને માનવજાત માટે કરી છૂટવાની ભાવનાને ગણાવીને જ્ઞાન એ જ શકિત છે તે આર્ષવિધાનને નજરસમક્ષ રાખીને ઊંચા આદર્શો, ઊંચા ધ્યેયો અને પ્રામાણિક પુરુષાર્થને આવશ્યક - essential ગણાવીને સફળતાના ૭ સોનેરી માર્ગો ચીંધી બતાવ્યા છે. તે આ રહ્યા : ૧. આત્મવિશ્વાસ અને આત્મપ્રતિમાનો વિકાસ કરવો (Developing Self Confidence and Self image), ૨. મજબૂત વૈયકિતક કૌશલ્યોનો વિકાસ કરવો (Developing Strong Interpersonal Skills), ૩. વૈયકિતક પ્રત્યાયન કૌશલ્યોનો વિકાસ કરવો (Developing Interpersonal Commnication Skills), ૪. અભિલાષા અને મહત્ત્વકાંક્ષાનો વિકાસ કરવો (Developing Desire & Ambition), ૫. મજબૂત ધ્યેય અભિમુખતાનો વિકાસ કરવો (Developing a Strong Goal Orientation), ૬. સાચા મનોવલણનો વિકાસ કરવો (Developing the Right Mental Attitude), ૭. કાર્ય-કૌશલ્યોનો વિકાસ કરવો (Developing Work Skills). આ માર્ગોની નિસરણીઓ ચઢવા માટે પ્રત્યેક માર્ગના હેતુઓ, માર્ગની વિભાવના, હેતુઓ સિદ્ધ કરવાની કાર્ય-પ્રણાલિ, સંભવિત સમસ્યાઓ અને ઉકેલ વગેરે વિશે સંક્ષેપમાં છતાં સોદાહરણ સમજણ આપવામાં આવી છે. ઉદાહરણ તરીકે પ્રકરણ-૫ 'મજબૂત ધ્યેય અભિમુખતા'માં તેના હેતુઓ જણાવી ધ્યેય નિર્ધારણને વિકાસની નિસરણી - No goals, No progress – ગણાવી છે. ત્યાર બાદ મોટા ભાગના લોકો કેમ ધ્યેય નકકી કરતા નથી તેનાં કારણો જેમ કે તેમને કોઈના દ્વારા કહેવામાં આવ્યું નથી, ધ્યેય નિશ્ચિત કરવાનું જ્ઞાન નથી, નિષ્ફળતાનો ભય, નબળી આત્મપ્રતિમા, નિરાશાવાદી વલણ, મહત્વકાંક્ષાનો અભાવ અને કાર્ય મુલતવી રાખવાની ટેવ વિશે સમજૂતી આપીને ધ્યેયના પ્રકારો, ધ્યેયની લાક્ષણિકતાઓ જેમ કે ઊંચા ધ્યેયો, લાંબાગાળાના ધ્યેયો, ધ્યેયોની પૂર્તિ માટે દૈનિક ધોરણે સતત કામગીરી કરવી અને ધ્યેયો ચોક્કસ હોવા, ધ્યેયો કઈ રીતે નિર્ધારિત કરવા અને હાંસલ કરવા, ખુલ્લા મને વિચારવું અને છેલ્લે કાર્ય કર્યા સિવાય કશું જ મેળવી શકાતું નથી તે ગુરુમંત્રની સમજણ આપવામાં આવી છે. આ સાથે તેમણે અમેરિકામાં સૌથી મોટી આયર્ન મિલના સ્થાપક Charles M. Schwab દ્વારા પ્રદત્ત સફળતાની ૧૦ આજ્ઞાઓ - કઠોર પરિશ્રમ, ધ્યેયનિષ્ઠ અભ્યાસ, પહેલવૃત્તિ, કામને ચાહો, ચોક્કસ બનો, વિજેતા માનસિકતા ધરાવો, વ્યકિતત્વ કેળવો, બીજાઓને મદદ કરો તથા બીજાઓ સાથે વિચાર-વિમર્શ કરો, લોકતાંત્રિક બની રહો અને બધાં જ કાર્યો ઉત્તમોત્તમ રીતે સંપન્ન કરો - ઉદધૃત કરી છે, જેને આત્મસાત કરવી રહી.

સફળતા મેળવવા માટે આ ૭ રાજમાર્ગોનો વિગતે વિચાર-વિમર્શ કર્યા બાદ માનવજીવનમાં નીતિનું મહત્ત્વ સમજાવતાં મહાત્મા ગાંધી દ્વારા નિર્દેશિત ૭ પાપો - કાર્ય કર્યા વગર સંપત્તિ મેળવવી, ચારિત્રવિહીન જ્ઞાન, વિવેકવિહીન સુખ, નૈતિકતા વિહીન વ્યાપાર, માનવતા વિહીનવિજ્ઞાન, બલિદાન વિહીન ધર્મ અને સિદ્ધાંતવિહીન રાજનીતિ - ને નજરસમક્ષ રાખીને પ્રત્યેક કાર્ય કરવાનું જણાવીને સમૃદ્ધિ હાંસલ કરવા માટે ૧૨ પગથિયાં : સમસ્યા ઉપર ધ્યાન ન આપતાં તેના ઉપાયો વિશે વિચારો, ઊર્જાશીલ વિચારો વિશે વિચારવું, કઠિન સમયમાં વિશ્વાસ ન રાખો (Change your state of mind and you can change the quality of your life, immaterial of the state of economy), એક દિશામાં ન વિચારતાં જીવન, લાગણીઓ અને ભાવનાને નિયંત્રિત કરો, મારી સમૃદ્ધિ સૌના ભલા માટે, કોઈ સમસ્યા સમયે અટકી ન જતાં અંતરાત્માના અવાજને અનુસરો, કોઈ પણ સ્થિતિમાં મેદાન છોડીને ભાગવું નહીં, ઉદારતાપૂર્વક આશ્વાસન આપો અને તેથી અધિક તેની પૂર્તિ કરો - સંતુષ્ટિ આપો, યોગ્ય કારકિર્દી મેળવો, પૈસા બનાવવા માટેના પાંચ ઉપાયો, ઊંચા ધ્યેયો રાખો અને પોતાનાં કાર્યો સમયસર સંપન્ન કરવામાં

આગ્રહી બની રહો -નું પાલન કરવા વિશે સમજણ આપીને ઉપસંહારમાં માનવજીવનના સાર્થક અસ્તિત્વનો રાજમાર્ગ ચીંધી આપતાં નોંધેલ શબ્દો : 'The youth of today should, in addition to achieving personal success, help in building an enlightened, morally strong nation. All social changes start at the individual level. You should set yourself high standards of values and ethics. With this you can change the social environment for the better. Believe in yourself, develop a passion for success and put in total efforts, you will succeed in your life. Always remember there are no short cuts Suceess and happiness Start with self and are achieved by training and not by the position of the time of one's birth Lead a positive life full of harmony, enjoy what you are doing, learn every step of the way and be good to others. You will achieve success and prosperity.' આર્ષદૃષ્ટા ચિંતક - પાયાના કેળવણીકાર - રાષ્ટ્રભકતના દ્યોતક બની રહે છે. અને તેથી જ તે દિશામાં અગ્રેસર થવું રહ્યું.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના લેખક ટાટા સ્કોલર શ્રી નરસિંહભાઈ કે. પટેલ - NK (૧૯૨૬ - ૨૦૧૦) નું વતન રણુંજ (તા. પાટણ) છે કે જેઓશ્રી ભારતમાં 'પ્લાસ્ટિક ઉદ્યોગના પિતા' / 'ભીષ્મપિતામહ' તરીકેના ગૌરવવંતા બિરુદથી ઓળખવામાં આવે છે. અભ્યાસમાં અત્યંત મેધાવી એવા તેમણે પુનાની ફર્ગ્યુસન કૉલેજમાંથી એન્જિનિયરિંગની ડિગ્રી (૧૯૪૯) બે સુવર્ણચંદ્રકો સાથે મેળવ્યા બાદ ટાટા સ્કોલરશિપ મેળવતાં વિશ્વ વિખ્યાત 'યુનિવર્સિટી ઑફ લંડન' માંથી B.Sc. (Engineering)ની ડિગ્રી મેળવી હતી. કારકિર્દીના પ્રારંભમાં થોડાંક વર્ષો સુધી નોકરી કર્યા બાદ 'R. H. Windsor of England'ના સહયોગમાં ભારતમાં પ્લાસ્ટિક મશીનરી બનાવવાના ઉદ્યોગની શરૂઆત કરી હતી. આ પછી સ્વતંત્રરીતે આ ઉદ્યોગમાં અસાધારણ સિદ્ધિ અને પ્રગતિ હાંસલ કરવાની સાથે સાથે અન્ય ઉદ્યમશીલોને પણ આ કાર્યમાં આગળ વધવા મદદરૂપ નીવડ્યા હતા. તેમની સેવાઓને ધ્યાને લઈને 'થાણે મેન્યુફેકચર્સ એસોસિએશન' દ્વારા મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે 'Life Time Achievement Award'થી નવાજવામાં આવ્યા હતા. પોતાનાં વ્યવસાયિક કાર્યોમાંથી સ્વેચ્છાએ નિવૃત્તિ મેળવ્યા બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ઉચ્ચશિક્ષણના ચૅરમૅન (૧૯૯૭-૨૦૦૪) તરીકે પૂર્ણતઃ સમર્પિત બની રહીને દૃષ્ટિપૂત સેવાઓ આપી હતી. આ મંડળ ઉપરાંત વિસનગરની 'સાંકળચંદ પટેલ એજ્યુકેશન સોસાયટી'ની કારોબારી સમિતિના સભ્ય તરીકે પ્રશસ્ય સેવાઓ આપવાની સાથે આ બે સંસ્થાઓ ઉપરાંત અન્ય સમાજસેવી સંસ્થાઓને કરોડો રૂપિયાનાં દાન આપ્યાં છે. આ બંને સંસ્થાઓના વિકાસમાં - સવિશેષતઃ મેનેજમેન્ટ, કમ્પ્યૂટર, કૉમર્સ, ફાર્મસી, ડેન્ટલ વગેરે જેવી વ્યવસાયિક શિક્ષણની સ્નાતક / અનુસ્નાતક કૉલેજો શરૂ કરવામાં તેમનું સ્મરણીય પ્રદાન રહ્યું છે. તેમણે નિર્દેશિત પુસ્તક ઉપરાંત અન્ય કેટલાંક પુસ્તકો સહિત 'સંસ્કારસોપાન' (૪ ભાગ)નું સંપાદન પણ કર્યું છે. પ્રસ્તુત ગ્રંથની આંતરસમૃદ્ધિને ધ્યાને લઈ તેને આવકારતાં AMA ના તત્કાલીન પ્રેસિડેન્ટ શ્રી મહેન્દ્રભાઈ પટેલે નોંધેલ શબ્દો : 'The Seven Steps of Success is a must read for all who want to excel in life, and crave out a niche for themselves in this world' ધ્યાનાર્હ બની રહે છે. આ દિશાપ્રેરક ગ્રંથ અને સાથે સાથે તેના લેખક શ્રી નરસિંહભાઈની આગળ ઉપર ઉદ્ધૃત કરેલ શીખની વિચારસમૃદ્ધિને સ્વયં માટે અને અંતતઃ રાષ્ટ્રના ઉજ્જ્વળ ભાવિ માટે આત્મસાત કરવી રહી.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## આઝાદીનો અમૃત મહોત્સવ

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં તા. ૪ ઓકટોબરના રોજ આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સ્વચ્છ ભારત કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા શાળા મેદાનની સફાઈ કરવામાં આવી હતી. સાથે સાથે પ્લાસ્ટિકનો ઉપયોગ ન થાય અને ગ્રીન ઈન્ડિયાના મંત્રને સાકાર કરી શકાય તે હેતુને પાર પાડવા વિવિધ સૂત્રો-સ્લોગનો દર્શાવતાં પ્લે કાર્ડ બનાવવામાં આવ્યાં હતાં. પૂ. દાસકાકાના સ્ટેચ્યૂને વિદ્યાર્થીઓ દ્વારા સૂતરની ત્રિરંગી આંટી પહેરાવવામાં આવી હતી. સાથે સાથે સ્વચ્છતા સંબંધી વિવિધ મંત્રોનું ગાન કરવામાં આવ્યું હતું. પૂ. ગાંધીજીના જન્મદિન નિમિત્તે રાષ્ટ્રની આઝાદીની લડાઈમાં મહાત્મા ગાંધી દ્વારા અપાયેલ યોગદાન વિશે વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યાશ્રી ડૉ. ચેતના બુચે વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાના ગુણ ખીલે તે માટે પ્રેરણાદાયક વાતો કરી હતી.

## ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૪/૧૨/૨૧ ના રોજ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને શાળાના સંયુકત ઉપક્રમે ઊર્જા રક્ષક દળનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં નિસર્ગ કોમ્યુનિટી સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ તથા કો-ઓર્ડિનેટર શ્રી હાર્દિકભાઈ તથા શિવાંગભાઈ પટેલે ઉપસ્થિત રહીને વર્તમાન સમયમાં ઊર્જાની કટોકટી વિશે વિસ્તારપૂર્વક સમજ આપી હતી. વિદ્યાર્થિનીઓનું ત્વરિત લેખિત કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવતાં પ્રથમ સ્થાને - નિત્યા (૮-અ), બીજા સ્થાને પાઠક કૃપાલી (૮-બી) અને ત્રીજા સ્થાને - ખેદરા કીર્તિ (૮-સી) વિજેતા થતાં તેમને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી તથા નિસર્ગ કોમ્યુનિટી સેન્ટર દ્વારા ૨૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આચાર્યાશ્રી નીરૂબેન જે. પટેલે વિજેતા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવી ઊર્જા બચત માટે સમાજમાં વધારેમાં વધારે પ્રયત્ન કરવાની શીખ આપી હતી.

● તા. ૨૭/૧૧/૨૦૨૧ ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથિમક શાળા ખાતે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના માર્ગદર્શક શ્રી હાર્દિકભાઈ મકવાણા દ્વારા ધોરણ-૮ ની વિદ્યાર્થીઓને ઊર્જાના રોજિંદા જીવનમાં ઉપયોગ, પરંપરાગત ઊર્જાના સ્રોત, વિદ્યુત ઉત્પન્ન કરવાની રીતો અને વીજબચત માટે વિવિધ ઉપાયો વિશે તેમજ The Green, Clean, Cool, Endless Source of Energy - બિન પરંપરાગત ઊર્જાના સ્રોતોનો સૌર ઊર્જાથી ચાલતાં ઉપકરણો જેવાં કે પેરાબોલિક સૂર્યકુકર, કોમ્યુનિટી કૂકર, સોલર સ્ટીમ કુકિંગ સિસ્ટમ, સોલર વોટર હિટર, સોલર વોટર પંપ, સોલર રૂફ ટોપ યોજના, પવન ઊર્જા, બાયોગેસ વગેરે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી. જ્ઞાનની ચકાસણી માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં પ્રથમ ક્રમે પંડયા હરીઓમ એચ. (૮-બી), દ્વિતીય ક્રમે પટેલ વ્રજ એ. અને તૃતીય ક્રમે વિજેતા ચાવડા સિદ્ધરાજ એચ. (૮-એ)ને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રૂપિયા ૨૦૦૦નો રોકડ પુરસ્કાર આપીને નવાજવામાં આવ્યાં.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૬/૧૧/૨૧ ના રોજ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી ગાંધીનગરના સહયોગથી નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર તરફથી ચિર સ્થાયી ઊર્જા વિષે જાગૃતિ સેમિનાર યોજાયો. જેમાં ધોરણ ૭ અને ૮ નાં કુલ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રોજેકટર દ્વારા ઊર્જા બચત વિષે માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓની લેખિત કસોટી લેતાં ૩ વિદ્યાર્થીઓ પ્રથમ નંબર : સથવારા યુગ સચીનભાઈ, દ્વિતીય નંબર : ઠક્કર માધવ જયંતિભાઈ અને તૃતીય નંબર : પ્રજાપતિ દર્શનને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર તરફથી કુલ રૂપિયા ૨૦૦૦/-નાં રોકડ ઈનામો આપવામાં આવ્યાં. પ્રસ્તુત વિષય સંદર્ભે શિક્ષકો સર્વશ્રી શ્રી વિક્રમભાઈ કે. પટેલ અને શ્રી નિમેષ એસ. પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

### ચિત્ર સ્પર્ધા

● તા. ૧૪/૧૨/૨૦૨૧ ના રોજ શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા, એસ. વી. કેમ્પસ, કડીના આચાર્યશ્રી ડૉ. બાબુભાઈ આર. પટેલ અને લાયન્સ કલબ ઓફ કડીના પ્રમુખશ્રી પિનાકીન પટેલ અને ઉત્તર ગુજરાત વીજ કંપનીના એક્ઝિક્યુટિવ એન્જિનિયર ડૉ. એસ. આર. પટેલના માર્ગદર્શન હેઠળ વિજબચત દિન નિમિત્તે શાળામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિજ બચત વિષયને અનુરૂપ ચિત્રો બનાવ્યાં હતાં. આ ચિત્ર સ્પર્ધામાં ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પ્રથમ નંબર પ્રાપ્ત વિદ્યાર્થિની પટેલ ક્રિશા રાકેશભાઈ અને દ્વિતીય નંબર પ્રાપ્ત વિદ્યાર્થી મલેક મો. સુફિયાન સબ્બીરભાઈને ઈનામ આપી સન્માનિત કરાયાં અને સાથે સાથે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો પણ આપવામાં આવ્યાં હતાં.

● તા. ૨૭/૧૧/૨૦૨૧ ના રોજ શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા, એસ. વી. કેમ્પસ, કડીના આચાર્યશ્રી ડૉ. બાબુભાઈ આર. પટેલ અને શિક્ષકશ્રી જીતેન્દ્રકુમાર અને લાયન્સ કલબ ઓફ કડીના પ્રમુખશ્રી પિનાકીન પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના ચાર વિદ્યાર્થીઓએ 'Lions Club of Kadi' દ્વારા મીઠાખળી, અમદાવાદ ખાતે 'We are all connected' વિષય પર આયોજિત ઈન્ટરનેશનલ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં જુદા-જુદા જિલ્લાના અંદાજિત ૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આ શાળાના ધોરણ-૬ ના વિદ્યાર્થી મલેક મો. સુફિયાન સબ્બીરભાઈએ ત્રીજો નંબર અને ધોરણ-૮ ની વિદ્યાર્થિની પ્રજાપતિ દામિની મનુભાઈ એ પાંચમો નંબર પ્રાપ્ત કર્યા. અભિનંદન.

### રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન

● તાજેતરમાં જિલ્લા કક્ષાની 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ઓન એર' યોજાઈ ગઈ, જેમાં ધોરણ ૯ ની વિદ્યાર્થિની પારેખ હીર લલિતકુમારે ટકાઉ જીવનનિર્વાહ માટે પરંપરાગત જ્ઞાન પ્રણાલી અપનાવવા વિષય ઉપર P.P.T.ના માધ્યમથી રજૂઆત કરી હતી. જેની રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. કુ. હીરનો આ પ્રોજેકટ તૈયાર કરવામાં શાળાના શિક્ષકો શ્રી વિજયભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી ગણેશભાઈ પટેલ અને શ્રી અલ્પેશભાઈ પટેલ મદદરૂપ નીવડયા હતા. અભિનંદન.

### સાયબર સ્માર્ટ સ્કૂલ

● એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલે ગાંધીનગર જિલ્લાની પ્રથમ 'સાયબર સ્માર્ટ સ્કૂલ'નું સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યું, જેમાં ૧૦૦% શિક્ષકોએ અને ૯૨% વિદ્યાર્થીઓએ આ મોડયુલ પૂર્ણ કર્યું અને સાયબર સ્માર્ટ સ્કૂલના સહભાગી બન્યા. આ અંતર્ગત વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તાલીમ લઈ ૧. સોશ્યિલ મિડિયા સેફટી, ૨. સાયબર બુલિંગ, ૩. સાયબર સ્કોટીંગ, ૪. ફાઈનાન્સિયલ સિક્યોરિટી, ૫. પબ્લિક ઈન્ટરનેટ અને ૬. સાયબર ગ્રુમિંગ જેવા મુદ્દાઓ વિશેનાં મૉડયુલ સંપન્ન કર્યાં, જ્યારે 'સાયબર સ્માર્ટ સ્કૂલ'ના મોડયુલમાં મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓ હતી : ૧. ટેઈડ પાસવર્ડ સિર્યસલી, ૨. ઈનવેસ્ટ ટાઈમ, મની એન્ડ એકટ ઈન એનહાઉન્સિંગ, ૩. વિશ્વાસ સાથેનું ડાઉનલોડિંગ અને ૪. પોસ્ટ સમયની વિશેષ

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૧, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૧, સળંગ અંક : ૬૬**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



સ્વ. પોપટલાલ પટેલ
(૧૮૯૮-૧૯૮૬)



સ્વ. બાપુભાઈ ગામી
(૧૮૯૬-૧૯૪૩)



સ્વ. નાથાભાઈ દેસાઈ
(૧૯૦૯-૧૯૭૧)



સ્વ. મોહનલાલ પટેલ
(૧૯૨૭ - ૨૦૨૦)



શ્રી મનુભાઈ પટેલ
(૧૯૩૭-)

ઋષિકુળ પરંપરાને દીપાવનારા સર્વ વિદ્યાલય, કડીના આદ્ય આચાર્યશ્રીઓ

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 11, Issue No. 6 November-December 2021
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



**નીકુંજ પટેલ**
નાયબ કલેક્ટર
(GAS)



**હર્ષ ઠાકર**
નાયબ કમિશન રાજ્યવેરા
(AC-STAX)



**અક્ષય ઝરે**
મદદનીશ કમિશનર
આદિજાતી વિકાસ
(ACTD)



**ભૂમિકા પટેલ**
તાલુકા વિકાસ અધિકારી
(TDO)



**મનસ્વી કથીરિયા**
શ્રમ અધિકારી
(GLO)



**નિર્મલ કાપડીયા**
શ્રમ અધિકારી
(GLO)



**પ્રતીક રાવ**
જિલ્લા નિરીક્ષક લેન્ડ રેકોર્ડ
(DILR)



**હર્ષલ વણિક**
જિલ્લા નિરીક્ષક લેન્ડ રેકોર્ડ
(DILR)

જી.પી.એસ.સી. દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં લેવામાં આવેલી વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષા
મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરના ૮ વિદ્યાર્થીઓએ ઉત્તીર્ણ કરી તેમની તસ્વીરો

